

# આગમ મનીષી
# શ્રી તિલોકચંદ જૈન દ્વારા
# સંપાદિત
# જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર
# ભાગ – ૪

# શ્રી ભગવતી સૂત્ર : ભાગ–૨

## શતક–૧૩ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આમાં ૧૦ ઉદ્દેશક છે. તેમાંથી ચાર ઉદ્દેશકોમાં સંક્ષિપ્ત સૂચના માત્ર છે, શેષ ૬ ઉદ્દેશકોમાં અનેક પ્રકીર્ણ વિષયોની સમજ છે. શતકના પ્રારંભમાં ઉદ્દેશકના નામ–વિષય સૂચક એક સંગ્રહણી ગાથા છે, તે અનુસાર ઉદ્દેશકોના નામ અને વિષય આ પ્રમાણે છે–

**(૧) પૃથ્વી–** ૭ નરકના નરકાવાસોમાં ઉત્પન્ન થતા સમયે, મરતા સમયે અને સ્થાનમાં સ્થિત એ ત્રણે અવસ્થાઓના જીવોમાં સંખ્યા, લેશ્યા આદિ ૧૪ દ્વારોના ૩૯ બોલોની વિચારણા કરવામાં આવી છે.

**(૨) દેવ–** ચાર જાતિના દેવોની ત્રણે અવસ્થાઓમાં ૩૯ બોલોની વિચારણા કરવામાં આવી છે.

**(૩) અનંતર–** આહાર, શરીર, નિષ્પત્તિ આદિ ક્રમનું વર્ણન ભલામણ યુક્ત છે.

**(૪) પૃથ્વી–** નરકાવાસોના વિસ્તાર, દિશા-વિદિશા, લોકમધ્ય, પંચાસ્તિકાયની સ્પર્શના, અવગાહના આદિ અનેક વિષય છે.

**(૫) આહાર–** નારકોના આહાર સંબંધી સંક્ષિપ્ત પાઠ છે.

**(૬) ઉપપાત–** જીવોની સાંતર-નિરંતર ઉત્પત્તિ, ચમરેન્દ્રના આવાસ, ઉદાયન રાજા અને અભિચિકુમારનું વૃત્તાંત વગેરે વિષય છે.

**(૭) ભાષા–** ભાષા, મન અને કાયા સંબંધી અનેક વિચારણાઓ તથા પાંચ પ્રકારના મરણનું વિસ્તૃત વર્ણન છે.

**(૮) કર્મ–** કર્મબંધ સ્થિતિનું સંક્ષિપ્ત સૂચન છે.

**(૯) અણગાર–** વિકુર્વણા ક્ષમતા સંબંધી વર્ણન છે.

**(૧૦) સમુદ્‌ઘાત–** છાદ્મસ્થિક સમુદ્‌ઘાત સંબંધી સંક્ષિપ્ત સૂચન છે.





**પ્રશ્ન–૨ : નરકાવાસો અને દેવાવાસોમાં જન્મ સમયે, મૃત્યુ સમયે અને સ્થાનમાં સ્થિત જીવોમાં લેશ્યા આદિ બોલ કઈ રીતે મળે છે ?**

**જવાબ :** પ્રસ્તુત પ્રથમ ઉદ્દેશકમાં તે ત્રણે અવસ્થાવાળા જીવોની ૧૪ દ્વાર અને ૩૯ બોલથી વિચારણા કરવામાં આવી છે, તે આ પ્રમાણે છે– (૧) સંખ્યા (૨) લેશ્યા (૩) પક્ષ–૨ (૪) સંજ્ઞા–૪ (૫) સંજ્ઞી–૨ (૬) ભવી–૨ (૭) જ્ઞાન–૩ (૮) અજ્ઞાન–૩ (૯) દર્શન–૩ (૧૦) વેદ–૩ (૧૧) કષાય–૪ (૧૨) ઈન્દ્રિય નોઈન્દ્રિય–૬ (૧૩) યોગ–૩ (૧૪) ઉપયોગ–૨ = ૩૯.

(૧) સંખ્યાત યોજન વિસ્તારવાળા નરકાવાસોમાં ઉત્કૃષ્ટ સંખ્યાત જીવ ઉત્પન્ન થાય છે, ઉત્કૃષ્ટ સંખ્યાત જીવ મરે છે અને જઘન્ય-ઉત્કૃષ્ટ સંખ્યાત જીવ ત્યાં શાશ્વત મળે છે. અસંખ્ય યોજન વિસ્તારવાળા નરકાવાસોમાં ઉત્કૃષ્ટ અસંખ્યાત જીવ ઉત્પન્ન થાય છે, ઉત્કૃષ્ટ અસંખ્ય જીવ મરે છે અને જઘન્ય-ઉત્કૃષ્ટ શાશ્વત અસંખ્ય જીવ ત્યાં રહે છે.

એ જ પ્રમાણે સાત નરક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને આઠમા દેવલોક સુધી સમજવું. આગળના દેવલોકોમાં સંખ્યાતા યોજનના વિસ્તારવાળા વિમાનોમાં અને અસંખ્યાતા યોજનના વિસ્તારવાળા વિમાનોમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા જ જન્મે અને મરે; ત્યાં ઉત્કૃષ્ટ પણ અસંખ્ય નહિ કહેવું. ત્યાં રહેવાની અપેક્ષા સંખ્યાત યોજનવાળામાં સંખ્યાત અને અસંખ્ય યોજનવાળામાં અસંખ્ય જીવ શાશ્વત હોય છે.

(૨) લેશ્યા– દેવતા–નારકીના જન્મ, મૃત્યુ અને સ્થાન સ્થિત ત્રણે અવસ્થામાં કોઈ પણ એક જ લેશ્યા હોય છે એવું અનુત્તર વિમાન સુધી જાણવું. એક લેશ્યા પણ પોતાના સ્થાનની જે નિશ્ચિત છે તે જ હોય છે.

(૩) પક્ષ– સાત નરક અને નવગ્રૈવેયક સુધીના દેવ કૃષ્ણપક્ષી અને શુક્લપક્ષી બંને હોય છે. પાંચ અનુત્તર વિમાનમાં એક શુક્લપક્ષી હોય છે. ત્રણે અવસ્થાઓમાં એમ જ સમજવું.

(૪) સંજ્ઞા– નારકી દેવતા બધામાં ચારે સંજ્ઞા ત્રણે અવસ્થામાં છે.

(૫) સંજ્ઞી– પહેલી નરક અને ભવનપતિ વ્યંતરમાં જન્મ સમયે સંજ્ઞી-અસંજ્ઞી બંને. શેષ નારકી દેવોમાં સંજ્ઞી જ હોય છે. **મૃત્યુ સમયમાં**–ભવનપતિથી બીજા દેવલોક સુધી સંજ્ઞી-અસંજ્ઞી બંને (પૃથ્વી,પાણી,વનસ્પતિમાં જવાની અપેક્ષા) શેષ બધા દેવલોક અને છએ નરકમાં સંજ્ઞી. **સ્થાન સ્થિતમાં**–પહેલી નરક અને

ભવનપતિ, વ્યંતરમાં અસંજ્ઞીની ભજના અર્થાત્ હોય પણ, ન પણ હોય. શેષ નરક દેવલોકમાં અસંજ્ઞી ન હોય, સંજ્ઞીની બધા નારકી દેવોના સ્થાન સ્થિતમાં નિયમા.

(૬) ભવી– નવ ગ્રૈવેયક સુધી બધામાં, ત્રણે અવસ્થામાં ભવી અભવી બંને. અનુત્તર વિમાનમાં માત્ર ભવી; ત્યાં અભવી ન હોય.

(૭) જ્ઞાન– ૧–૨–૩ નરક અને વૈમાનિક દેવોમાં સર્વત્ર અનુત્તર વિમાન સુધી ત્રણ જ્ઞાન ત્રણે અવસ્થામાં હોય. ચોથી, પાંચમી, છટ્ઠી નરકમાં અને ભવનપતિ, વ્યંતર, જ્યોતિષીમાં જન્મ સમયે ૩ જ્ઞાન, મૃત્યુ સમયે ૨ જ્ઞાન અને સ્થાન સ્થિતમાં ૩ જ્ઞાન. સાતમી નરકમાં જન્મતા-મરતા સમયે જ્ઞાન ન હોય અને સ્થાન સ્થિતમાં ૩ જ્ઞાન હોય.

(૮) અજ્ઞાન–અનુત્તર વિમાનમાં અજ્ઞાન ન હોય, ત્રણે અવસ્થામાં. પ્રથમ નરકમાં જન્મ સમયે વિભંગજ્ઞાન ભજનાથી(અસંજ્ઞીની અપેક્ષા) ૨ અજ્ઞાન નિયમા. મરતા સમયે બે અજ્ઞાન નિયમા. સ્થાન સ્થિતમાં સર્વ જીવોની અપેક્ષા વિભંગજ્ઞાન સહિત ત્રણે અજ્ઞાન નિયમા. એ જ પ્રમાણે ભવનપતિ, વ્યંતરમાં કહેવું. શેષ છ નરક અને જ્યોતિષી, વૈમાનિક દેવોમાં નવ ગ્રૈવેયક સુધી મૃત્યુ સમયે બે અજ્ઞાન હોય, શેષ બંને અવસ્થામાં ત્રણ અજ્ઞાન હોય.

(૯) દર્શન– જન્મ-મૃત્યુ સમયે ચક્ષુદર્શન ન હોય. મૃત્યુ સમયે ચોથીથી સાતમી નરક તથા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષીમાં અવધિદર્શન ન હોય. ત્રણ નરક (૧–૨–૩) અને વૈમાનિક દેવોમાં મૃત્યુ સમયે અવધિદર્શન હોય. સ્થાન સ્થિતમાં બધામાં ત્રણ દર્શન નિયમા હોય.

(૧૦) વેદ– નરકમાં બે વેદ નહિ. દેવોમાં બીજા દેવલોક સુધી બે વેદ, આગળ એક વેદ એમ ત્રણે ય અવસ્થામાં સમજવું.

(૧૧) કષાય–સર્વત્ર ચાર કષાય હોય છે. નારકીને સ્થાન સ્થિતમાં ક્રોધ કષાયની નિયમા, શેષ ત્રણ કષાયની ભજના. દેવોમાં સ્થાનસ્થિતમાં લોભ કષાયની નિયમા, શેષ ત્રણ કષાયની ભજના.

(૧૨) ઇન્દ્રિય– જન્મતાં મરતાં ઇન્દ્રિય નહિ(દ્રવ્યેન્દ્રિયની અપેક્ષા). સ્થાન સ્થિતમાં પાંચે ય ઇન્દ્રિય નિયમા મળે. જન્મતાં-મરતાં સમયે અનિન્દ્રિય છે. સ્થાન સ્થિતમાં અનિન્દ્રિય ભજના(ઇન્દ્રિય અપર્યાપ્તા સુધીની અપેક્ષા).

(૧૩) યોગ– જન્મતાં-મરતાં બે યોગ નહિ, કાયયોગ માત્ર છે. સ્થાન સ્થિતમાં ત્રણ યોગ હોય. (૧૪) ઉપયોગ– સર્વત્ર બંને ઉપયોગ હોય, ત્રણે અવસ્થામાં.





**પ્રશ્ન–૩ : અનંતરોત્પન્નક આદિ ૧૦ બોલ કયા છે અને તેનું શું તાત્પર્ય છે ?**

**જવાબ :** તે દશ બોલ આ પ્રમાણે છે– (૧) અનંતરોત્પન્નક=આયુષ્યનો પ્રથમ સમય. (૨) અનંતરાવગાઢ=ઉત્પત્તિક્ષેત્રમાં પહોંચવાનો અનંતર સમય એટલે પ્રથમ સમય. (૩) અનંતરાહારક=આહારનો પ્રથમ સમય. (૪) અનંતરપર્યાપ્ત= પર્યાપ્ત થવાનો પ્રથમ સમય. (૫–૮) પરંપરોત્પન્નક આદિ ચારે ય દ્વિતીય આદિ સમયવાળા. (૯) ચરમ=ફરી ત્યાં નહિ જન્મનાર, નિકટ મોક્ષગામી. (૧૦) અચરમ= તે સ્થાનમાં ફરી જન્મનાર.

આ દશમાંથી પ્રથમના ચાર બોલ નારકી દેવતામાં અશાશ્વત છે. તેથી ભજનાએ મળે. પરંપરના ચાર બોલ શાશ્વત છે તેથી નિયમા મળે. ચરમ, નારકી દેવતા બધામાં હોય. અચરમ, સર્વાર્થસિદ્ધ વિમાનમાં ન હોય, શેષ સર્વત્ર હોય. સ્થાનસ્થિત નારકી, દેવતામાં ૩૯+આ ૧૦=૪૯ કુલ બોલોનું નિરૂપણ છે. જન્મવા મરવામાં આ દશની વિવક્ષા કરવામાં આવી નથી.

**પ્રશ્ન–૪ : દષ્ટિ અને લેશ્યાના સંબંધમાં દેવ-નારકીને માટે અહીં શું નિરૂપણ છે ?**

**જવાબ :** અહીં પ્રથમ અને દ્વિતીય ઉદ્દેશકમાં ૩૯+૧૦ બોલના નિરૂપણ પછી દષ્ટિ સંબંધી સ્વતંત્ર નિરૂપણ આ પ્રમાણે છે– નરક ૧ થી ૬ સુધી જન્મ અને મરણ સમયમાં દષ્ટિ–૨, મિશ્રદષ્ટિ હોતી નથી. સાતમી નરકમાં જન્મ-મરણ સમયે એક મિથ્યાદષ્ટિ જ હોય છે. સ્થાન સ્થિતમાં સાતે ય નરકમાં ત્રણ દષ્ટિ હોય છે, જેમાં બે દષ્ટિ શાશ્વત અને મિશ્રદષ્ટિ અશાશ્વત હોય છે.

દેવોમાં ગ્રૈવેયક સુધી જન્મ મરણ સમયે બે દષ્ટિ, મિશ્રદષ્ટિ નથી. સ્થાન સ્થિતમાં ત્રણે દષ્ટિ હોય છે. પાંચ અનુત્તર વિમાનમાં એક સમ્યગ્દષ્ટિ જ હોય છે. શેષ બે દષ્ટિ ત્યાં ક્યારે ય પણ હોતી નથી.

**લેશ્યા–** છએ લેશ્યાવાળા મનુષ્ય અને તિર્યંચ કાપોત આદિ કોઈ પણ લેશ્યા વાળા નરકમાં ઉત્પન્ન થઈ શકે છે. એનું કારણ સંક્લિશ્યમાન અથવા વિશુદ્ધ્ય માન પરિણામોથી લેશ્યા પરિવર્તિત થઈ જ્યાં જવાનું હોય તેને યોગ્ય લેશ્યામાં મૃત્યુ થાય છે. તદનુસાર નરક અથવા દેવમાં તે લેશ્યામાં જીવ જાય છે. તેથી નારકી દેવતામાં જન્મ-મરણ અને સ્થાન સ્થિત ત્રણે અવસ્થામાં એક જ (દ્રવ્ય) લેશ્યા રહે છે. ફરી મરીને મનુષ્ય-તિર્યંચમાં જતાં અંતર્મુહૂર્ત પછી તે દ્રવ્ય લેશ્યા

શુભ અથવા અશુભ કોઈ પણ લેશ્યામાં પરિવર્તિત થઈ શકે છે. આ રીતે નારકી દેવતામાં આવવા પહેલાં અને નીકળ્યા પછી મનુષ્ય તિર્યંચમાં કોઈપણ લેશ્યા થઈ શકે છે.

**પ્રશ્ન–૫ : ઉપયોગ સંબંધી ગતાગત ૨૪ દંડકની કયા પ્રકારે છે ?**

**જવાબ :** ઉપરોક્ત નરક દેવ સંબંધી વર્ણનમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન સંબંધી નિરૂપણ છે. તેનું સ્વતંત્ર સંકલન કરીને ઉપયોગની ગતાગત કહેવામાં આવે છે. મનુષ્ય તિર્યંચના સંબંધમાં અહીં વર્ણન નથી તોપણ અન્ય આગમ વર્ણનના આધારથી તેને જોડીને ચારે ય ગતિના જીવો સંબંધી ઉપયોગનો થોકડો પ્રસિદ્ધ છે, જેમ કે–

**(૧) પ્રથમ ત્રણ નરકમાં–** ૮–૭(૮૭) અર્થાત્ આઠ ઉપયોગની આગત અને સાત ઉપયોગની ગત. પ્રથમ નરકમાં ઉત્પન્ન થનાર કોઈ ત્રણ જ્ઞાન બે દર્શન લઈને જન્મે છે, કોઈ ત્રણ અજ્ઞાન બે દર્શન લઈને જન્મે છે અને કોઈ બે અજ્ઞાન એક દર્શન(અચક્ષુ) લઈને જન્મે છે. કુલ મળીને પ્રથમ નરકમાં આવનારમાં ૮ ઉપયોગમાંથી કોઈ પણ હોઈ શકે છે– ૩ જ્ઞાન+૩ અજ્ઞાન+૨ દર્શન.

પ્રથમ નરકની ગત અર્થાત્ અન્ય ગતિમાં જતા સમયે કુલ સાત ઉપયોગ હોઈ શકે છે– ૩ જ્ઞાન+૨ અજ્ઞાન+૨ દર્શન, નરકમાંથી નીકળનાર કોઈ પણ જીવ વિભંગજ્ઞાન સાથે લઈ જતો નથી અને ચક્ષુદર્શન તો વાટે વહેતામાં હોતું જ નથી. અવધિદર્શન તો અવધિજ્ઞાન લઈને નીકળનાર તીર્થંકર આદિની સાથે હોય જ છે. એમ જ આગળ પણ સ્પષ્ટીકરણ સમજી લેવું.

**(૨) ચોથીથી છઠ્ઠી નરકમાં–** ૮–૫ (૮૫) અર્થાત્ આઠ ઉપયોગ લઈને આવે, પાંચ ઉપયોગ લઈને નીકળે. ૮=પૂર્વવત્. ૫=બે જ્ઞાન+બે અજ્ઞાન+એક દર્શન (અચક્ષુ)

**(૩) સાતમી નરકમાં–** ૫–૩(૫૩) અર્થાત્ પાંચ ઉપયોગ લઈને આવે, ત્રણ ઉપયોગ લઈને નીકળે. ૫=ત્રણ અજ્ઞાન+બે દર્શન. ૩=૨ અજ્ઞાન + ૧ દર્શન.

**(૪) ભવનપતિ,વ્યંતર, જ્યોતિષીમાં–** ૮–૫(૮૫) અર્થાત્ આઠ ઉપયોગ લઈને આવે, ૫ ઉપયોગ લઈને નીકળે. ચોથી નરકવત્.

**(૫) પહેલા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીમાં–** ૮–૭(૮૭) અર્થાત્ આઠ ઉપયોગ લઈને આવે અને સાત ઉપયોગ લઈને નીકળે, પ્રથમ નરકવત્.





**(૬) અનુત્તર વિમાનમાં–** ૫–૫(૫૫) અર્થાત્ ત્રણ જ્ઞાન+ બે દર્શન લઈને આવે અને નીકળે.

**(૭) પાંચ સ્થાવરમાં–** ૩–૩(૩૩) અર્થાત્ ૨ અજ્ઞાન +૧ દર્શન=૩ ઉપયોગ લઈને આવે અને ૩ ઉપયોગ લઈને જ નીકળે.

**(૮) ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં–** ૫–૩ (૫૩) અર્થાત્ ૨ જ્ઞાન+૨ અજ્ઞાન+૧ દર્શન લઈને આવે અને બે અજ્ઞાન+૧દર્શન લઈને નીકળે.

**(૯) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં–** ૫–૮(૫૮) અર્થાત્ ૨+૨+૧ લઈને આવે તથા ૩+૩+૨ લઈને નીકળે.

**(૧૦) મનુષ્યમાં–** ૭–૮(૭૮) અર્થાત્ ૩+૨+૨ લઈને આવે અને ૩+૩+૨ લઈને નીકળે.

આ ગતાગત ૮ ઉપયોગની છે. કારણ કે (૧) કેવલજ્ઞાન (૨) કેવલદર્શન (૩) મનઃપર્યવજ્ઞાન અને (૪) ચક્ષુદર્શન. એ ચાર ઉપયોગની ૨૪ દંડકમાં ગતાગત હોતી નથી;સ્થાન સ્થિતમાં જ એ ચારે ય હોય છે. સિદ્ધોનું કથન કરવામાં આવે તો બે ઉપયોગની આગત કહી શકાય છે. તેમાં કેવલજ્ઞાન કેવલદર્શન લઈને જીવ સિદ્ધ બને છે. પહેલા બીજા ઉદ્દેશકમાં મળીને આ ઉપયોગ સંબંધી સંકલન પૂર્ણ થાય છે. જેમાં મનુષ્ય–તિર્યંચ સંબંધી ઉપયોગોનું સંકલન અન્યત્રથી કરવામાં આવેલ છે. ॥ ઉદ્દેશક–૧,૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૬ : લોકમધ્ય અને ત્રણે લોકનું મધ્ય ક્યાં છે ?**

**જવાબ : (૧) ચૌદ રાજુપ્રમાણ લોકનું મધ્ય–** પહેલી નરકપૃથ્વીની નીચે જે આકાશાંતર આવે છે તેમાં અસંખ્યાતમા ભાગે અસંખ્ય યોજન જવા પર લોક મધ્ય આવે છે. **(૨) અધોલોકનું મધ્ય–** ચોથી નરકની નીચેના આકાશાંતરમાં લગભગ અર્ધે જવાથી આવે છે. **(૩) તિરછા લોકનું મધ્ય–** મેરૂ પર્વતની વચ્ચે સમભૂમિ પર આવનાર બે ક્ષુલ્લક પ્રતરોના આઠ રુચક પ્રદેશ તિરછાલોકનું મધ્ય છે. ત્યાંથી ૧૦ દિશાઓ નીકળે છે. તેથી તે સ્થળ દિશાઓનું પણ મધ્યકેન્દ્ર પણ છે. **(૪) ઊંચાલોકનું મધ્ય–** પાંચમા દેવલોકના ત્રીજા રિષ્ટ નામના પાથડામાં છે, ત્યાં જ તમસ્કાયની ઉપલી સપાટી છે.

**દિશાઓના આકાર સંસ્થાન–** ચાર દિશાઓ, સગડુદ્ધિ સંસ્થાન–ગાડીની ધોંસરી(ધૂંસરી) સમાન આકારવાળી છે. ચાર વિદિશાઓ છિન્ન મુક્તાવલી

સંસ્થાનવાળી છે. ઊંચી-નીચી દિશા ચાર પ્રદેશી હોવાથી ઢચક સંસ્થાન વાળી છે.૧૪ રાજુપ્રમાણ લોક સર્વથી અલ્પ પહોળો **તિરછાલોકના ક્ષુલ્લક પ્રતરમાં છે.** ઉત્કૃષ્ટ પહોળો **સાતમી નરકના આકાશાંતરમાં છે.** મધ્યમ પહોળો વિસ્તૃત **પાંચમા દેવલોકમાં છે.** ક્ષેત્રફળની અપેક્ષાએ તિરછોલોક સર્વથી અલ્પ છે, ઊર્ધ્વલોક તેનાથી અસંખ્યગણો છે અને અધોલોક તેનાથી વિશેષાધિક છે.

**પ્રશ્ન–૭ : પંચાસ્તિકાયના ગુણ શું છે અને છ દ્રવ્યોની સાથે તેની સ્પર્શના કેવી રીતે છે ?**

**જવાબ : પંચાસ્તિકાયના ગુણ– (૧)** જીવોનું ગમનાગમન, ભાષા, ઉન્મેષ, યોગ પ્રવૃત્તિ આદિ જેટલા પણ ચલ ભાવ છે તે ધર્માસ્તિકાય દ્વારા થાય છે. **(૨)** જીવોનું સ્થિર રહેવું, બેસવું, સૂવું, મનનું એકાગ્ર હોવું આદિ જેટલા પણ સ્થિર ભાવ છે તે અધર્માસ્તિકાયના આધારે છે. **(૩)** આકાશાસ્તિકાયનો ગુણ સ્થાન આપવાનો છે. એક આકાશપ્રદેશમાં એક પરમાણુ રહી શકે છે, તેમાં ૧૦૦ કે ૧૦૦૦ પરમાણુ આવી જાય તો પણ સમાવિષ્ટ થઈ જાય છે. એક સાથે અનેક પુદ્ગલ વર્ગણાઓ આકાશમાં રહે છે. એક જ આકાશ ક્ષેત્રમાં અનંત સિદ્ધ ભગવાનના આત્મપ્રદેશ રહી શકે છે. **(૪)** જીવાસ્તિકાયમાં જ્ઞાનદર્શનનો ઉપયોગ હોવો, એ ગુણ છે. ચેતના પણ એનું લક્ષણ છે. **(૫)** પુદ્ગલાસ્તિકાયનો **ગ્રહણ** ગુણ છે. તેનાથી પાંચ શરીર, પાંચ ઈન્દ્રિય, ત્રણ યોગ અને શ્વાસોશ્વાસ આદિ વિભિન્ન રૂપમાં પુદ્ગલ ગ્રહણ થયા કરે છે.

**અસ્તિકાય સ્પર્શ–** એક ધર્માસ્તિકાયનો પ્રદેશ લોક મધ્યમાં છે તો અન્ય છ ધર્માસ્તિકાયના પ્રદેશોને સ્પર્શ કરે છે; લોકાંતમાં છે તો ૩–૪ કે ૫ ને સ્પર્શ કરે છે. લોક મધ્યમાં અધર્માસ્તિકાયના સાત પ્રદેશને, આકાશાસ્તિકાયના સાત પ્રદેશને સ્પર્શ કરે છે. જીવાસ્તિકાયના અનંત પ્રદેશોને અને પુદ્ગલાસ્તિકાયના પણ અનંતપ્રદેશોને સ્પર્શ કરે છે. કાલદ્રવ્યથી ક્યાંક સ્પૃષ્ટ છે, ક્યાંક નથી. જ્યાં છે ત્યાં અનંતકાલથી સ્પૃષ્ટ છે.

અલોકાકાશમાં કોઈ અસ્તિકાય નથી, કેવલ આકાશ છે. તે કોઈથી પણ સ્પૃષ્ટ નથી. લોકના કિનારા પર બધા અન્ય અસ્તિકાય આકાશના સાત પ્રદેશ જ સ્પર્શ કરે છે, ૩–૪ આદિ નહિ. કારણ કે લોક અલોક બંનેમાં પણ આકાશતો છે જ.





**પ્રશ્ન–૮ : દ્વિપ્રદેશી પુદ્ગલ સ્કંધની જઘન્ય ઉત્કૃષ્ટ સ્પર્શના શું છે ?**

**જવાબ :** બે પ્રદેશી સ્કંધ જઘન્ય–૬(લોકના કિનારે) ઉત્કૃષ્ટ–૧૨(લોકની વચ્ચે) પ્રદેશનો સ્પર્શ કરે છે.

ત્રણ પ્રદેશી સ્કંધ જઘન્ય આઠ ઉત્કૃષ્ટ ૧૭ પ્રદેશનો સ્પર્શ કરે છે. ચાર પ્રદેશી જઘન્ય ૧૦ ઉત્કૃષ્ટ ૨૨ પ્રદેશોનો સ્પર્શ કરે છે. પ્રત્યેક આગળના પ્રદેશી સ્કંધમાં પૂર્વસ્કંધની અપેક્ષા જઘન્ય સ્પર્શમાં બે પ્રદેશ અધિક કરવા જોઈએ, ઉત્કૃષ્ટ સ્પર્શમાં પાંચ પ્રદેશ વધારવા જોઈએ, જેમ કે–

| પ્રદેશ સંખ્યા | જઘન્ય સ્પર્શ | ઉત્કૃષ્ટ સ્પર્શ |
|---|---|---|
| પાંચ પ્રદેશી | ૧૨ | ૨૭ |
| છ પ્રદેશી | ૧૪ | ૩૨ |
| સાત પ્રદેશી | ૧૬ | ૩૭ |
| આઠ પ્રદેશી | ૧૮ | ૪૨ |
| નવ પ્રદેશી | ૨૦ | ૪૭ |
| દસ પ્રદેશી | ૨૨ | ૫૨ |

**સરલ નિયમ–** જેટલા પ્રદેશી સ્કંધ છે તેના બમણાથી બે વધુ લેવાથી જઘન્ય સ્પર્શ નીકળી જાય છે. પાંચ ગણાથી બે અધિક લેવાથી ઉત્કૃષ્ટ સ્પર્શ નીકળી જાય છે. આ જ નિયમ સંખ્યાત અસંખ્યાત અનંતપ્રદેશી સુધી સમજવો.

આ અસ્તિકાયોના પ્રદેશ પરસ્પર સમજવામાં આ વાતનું ધ્યાન રાખવું કે– ૧. લોકાંતમાં જઘન્ય સ્પર્શ થશે, વચમાં ઉત્કૃષ્ટ સ્પર્શ થશે.૨. અલોકમાં આકાશમાત્ર છે. ૩. કાલ અઢીદ્વીપમાં જ છે. ૪. જીવ, પુદ્ગલ અને કાલ જ્યાં છે ત્યાં જઘન્ય પણ અનંત પ્રદેશ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ અને પુદ્ગલ સંપૂર્ણ લોકમાં છે.

**પ્રશ્ન–૯ : પંચાસ્તિકાયોના પ્રદેશોની અને સંપૂર્ણની પરસ્પર અવગાઢતા કેવી રીતે થાય છે ?**

**જવાબ :** સંપૂર્ણ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય આકાશાસ્તિકાયના અસંખ્ય પ્રદેશને સ્પર્શ કરે છે, શેષ ત્રણના અનંત પ્રદેશને સ્પર્શ કરે છે. સ્વયંનો સ્પર્શ નહિ કહેવો. આ જ પ્રમાણે અન્ય પાંચેયનું સમજી લેવું.

**અસ્તિકાય અવગાઢ–** પહેલા સ્પર્શનું કથન કરવામાં આવ્યું છે હવે અવગાઢનું વર્ણન કરવામાં આવેલ છે. ૧. સ્વયંનું સ્વયંમાં અવગાહન નહિ કહેવું ૨. ધર્માસ્તિકાય આદિના એક પ્રદેશમાં અન્ય બેના એક-એક પ્રદેશ અવગાઢ કહેવા. ૩. શેષ ત્રણના અનંતપ્રદેશ અવગાઢ કહેવા.

**પુદ્‌ગલ–** જેટલા પ્રદેશી સ્કંધ હોય તેમાં ઉત્કૃષ્ટ તેટલા જ પ્રદેશ અવગાઢ કહેવા અને જઘન્ય એક પ્રદેશ અવગાઢ કહેવા.

**સંપૂર્ણ ધર્માસ્તિકાયમાં–** અધર્માસ્તિકાયના અસંખ્ય, આકાશાસ્તિકાયના અસંખ્ય પ્રદેશ અવગાઢ છે. ત્રણ અસ્તિકાયના અનંતપ્રદેશ અવગાઢ છે. સ્વયંને અવગાઢ નહિ કહેવું. આ જ રીતે **છએ** સંપૂર્ણ અસ્તિકાયોનું કથન કરી લેવું જોઈએ.

**પ્રશ્ન–૧૦ : એક આકાશપ્રદેશ પર પૃથ્વી આદિના કેટલા જીવ અવગાઢ રહેલા છે ? ધર્માસ્તિકાય પર જીવ કેવી રીતે રહેલા છે ?**

**જવાબ :** સૂક્ષ્મ જીવોની અપેક્ષા એક આકાશ પ્રદેશ પર પૃથ્વીકાયના અસંખ્ય જીવ રહેલા(અવગાઢ) હોય છે. તે જ રીતે અપ્કાય, તેઉકાય, વાયુકાયના જીવ પણ અસંખ્ય હોય છે અને વનસ્પતિના જીવ પ્રત્યેક આકાશપ્રદેશ પર અનંત હોય છે. એનું તાત્પર્ય એ છે કે એક આકાશપ્રદેશ પર અસંખ્ય ચાર સ્થાવર જીવોના દેશ હોય છે અને અનંત વનસ્પતિ જીવોના દેશ હોય છે. ધર્માસ્તિકાય આદિ પર જીવ બેસી-સૂઈ શકતા નથી પરંતુ તેમાં અનંત જીવ રહ્યા હોય છે. અંધકાર, પ્રકાશ, હવા આદિ પદાર્થ રૂપી છે તોપણ તેના પર જીવ બેસવું-સૂવું આદિ કરી શકતા નથી તો ધર્માસ્તિકાય આદિ તો અરૂપી અસ્તિત્વવાળા છે તેથી તેના પર સૂવું આદિ ક્રિયાઓ શક્ય નથી. બેસવું-સૂવું આદિ ક્રિયાઓ માત્ર રૂપી સ્થૂલ પુદ્‌ગલ પર જ થઈ શકે છે. ॥ ઉદ્દેશક–૪ સંપૂર્ણ ॥ ॥ ઉદ્દેશક–૫ સંક્ષિપ્ત ॥

**પ્રશ્ન–૧૧ : શું ચમરેન્દ્રનો ચમરચંચ ઉત્પાત પર્વત અને ચમરચંચ આવાસ જુદો-જુદો છે ?**

**જવાબ :** જંબૂદ્વીપથી અસંખ્યાતમા અઢણોદક સમુદ્રમાં ૪૨ હજાર યોજન જતાં ચમરચંચ ઉત્પાત પર્વત છે. ત્યાંથી ૬,૫૫,૩૫,૫૦,૦૦૦ યોજન દક્ષિણમાં જતાં ચમરચંચા રાજધાનીનો માર્ગ છે અને આ માર્ગથી દક્ષિણ–પશ્ચિમમાં ૬,૫૫,૩૫,૫૦,૦૦૦યોજન જવાથી ચમરચંચ નામનો આવાસ છે. જે અસુર કુમારોના હરવા, ફરવા, આનંદ-પ્રમોદ કરવા માટે બગીચા–ઉદ્યાનવત્ છે. (નિવાસ માટે તેના લાખો ભવન છે, જે સમભૂમિથી ૪૦ હજાર યોજન નીચે છે.)





**પ્રશ્ન–૧૨ : ભગવતી સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીના શ્રાવક બે ઉદાયન રાજાઓનું વર્ણન છે, તે બંને શું જુદા-જુદા છે ?**

**જવાબ :** શતક–૧૨,૧૩ માં આવેલ બંને ઉદાયન રાજા અલગ-અલગ છે, તે આ પ્રમાણે સમજવા–

| | શતક–૧૨ નો ઉદાયન | શતક–૧૩ નો ઉદાયન |
|---|---|---|
| નગરી | કૌશાંબી નગરી | વીતિભયનગર, સિંધુસૌવીર ૧૬ રાષ્ટ્રના અધિપતિ |
| રાણી | વર્ણન નહીં | પ્રભાવતી દેવી |
| માતા | મૃગાવતી (ચેડારાજાની પુત્રી) | વર્ણન નહીં |
| ફૈબા | જયંતિ શ્રમણોપાસિકા | વર્ણન નહીં |
| પુત્ર | વર્ણન નહીં | અભિચિકુમાર |
| ભાણેજ | વર્ણન નહીં | કેશિકુમાર |
| ગતિ | વર્ણન નહીં(કથામાં છે) | મોક્ષ |
| પિતા | શતાનીક | વર્ણન નહીં |
| દાદા | સહસ્રાનીક | વર્ણન નહીં |
| શાસનમાં | ભગવાન મહાવીરના શ્રાવક | ભગવાન મહાવીરના શ્રમણ |

આમ આગમ વર્ણન અનુસાર બંને એક સરખા નામવાળા સમકાલીન રાજા હતા અને તે ભગવાન મહાવીર સ્વામીના પરમ શ્રદ્ધાળુ શ્રાવક હતા.

**પ્રશ્ન–૧૩ : પોતાની પારિવારિક વ્યક્તિની કોઈ પ્રવૃત્તિથી ઉત્પન્ન રંજ ભાવ–વૈમનસ્યને નહિ ભૂલવાથી ધાર્મિક નુકશાન શું છે ?**

**જવાબ :** કોઈ પણ એક કે અનેક વ્યક્તિ સાથે રાખવામાં આવેલ રંજભાવ, વૈમનસ્ય, અણગમો વ્યક્તિની ધર્મ આરાધનાને વિનષ્ટ–નિષ્ફળ બનાવે છે. કારણ કે એક વર્ષ ઉપરાંત પણ આ પ્રકારનું રાખવામાં આવેલ વૈમનસ્ય અનંતાનુબંધી કષાયમાં પરિવર્તિત થઈ જાય છે, જે મિથ્યાત્વ મૂલક હોય છે. આવા દીર્ઘ કષાય વાળાઓનું સમકિત નષ્ટ થઈ જાય છે. તેઓના કરવામાં આવેલા વ્રત, મહાવ્રત, સંલેખના–સંથારા આદિનું આચરણ પણ સફળ થતું નથી.

પ્રસ્તુત કથાનકથી પણ એ જ બોધ મળે છે. જૈન કહેવાતા અને પોતાને શ્રાવક, સાધુની કોટીમાં માનનાર અનેક સાધક પાખી, ચૌમાસી, સંવત્સરી કેટલીય વીતી જાય, માત્ર દેખાવ પૂરતા ખમત ખામણા કરી લે છે પરંતુ એક સંપ્રદાય-સંઘના સાધુ-શ્રાવક અન્ય સંઘ-સંપ્રદાયના સાધુ આદિ સાથેના વેરઝેર, મનદુઃખ, ઈર્ષ્યા-દ્વેષ, તિરસ્કારભાવને નહિ છોડતા ઉલટા વધાર્યે જ જાય છે. આ જ રીતે કેટલા ય સંસારી લોકો પણ પોતાના ભાઈ, પરિવાર, પડોશી વગેરે સાથેના વેરઝેરને છોડીને સમન્વય કરતા જ નથી અને અન્ય લોકોથી અથવા પ્રતિક્રમણમાં જોર-જોરથી અને પત્રિકાઓના માધ્યમથી દેખાવ પૂરતા ખમત ખામણા કરે છે તથા પોતે શ્રાવક-સમ્યગ્દષ્ટિ અથવા સાધુ હોવાનો સંતોષ માને છે પરંતુ વાસ્તવમાં એવા સાધક પોતાના આત્માને **અનંતાનુબંધી કષાયને વશીભૂત બનીને અને સાચા અર્થમાં મિથ્યાત્વ દશામાં અનુગમન કરીને** છેતરે છે. એવા સાધકોમાં સમકિત પણ મૂળથી રહેતું નથી. વાંચો– અભિચિ કુમારનું જીવન....

ઘટના એવી બની કે ઉદાયન રાજા ભગવાનના ઉપદેશથી વિરક્ત બન્યા. પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લેવાનો વિચાર ભગવાન સમક્ષ રાખીને ઘર ગયા.પછી વિચાર આવ્યો કે 'પુત્ર પણ રાજ્યમાં ફસાઈ જાશે તો નરકગામી બનશે, એથી તેને રાજ્ય નહિ આપતાં ભાણેજ કેશિકુમાર, જે તેની પાસે જ મોટો થયો હતો, શિક્ષિત અને યોગ્ય બન્યો હતો, તેને રાજગાદી પર બેસાડવો જોઈએ.' આવા વિચાર દઢ થઈ જતાં ઉદાયને તેમજ કર્યું અને દીક્ષા લઈને, આરાધના કરીને મોક્ષ પણ ચાલ્યા ગયા.

તે સમયે તો પુત્ર અભિચિકુમાર શરમથી કંઇ બોલી શક્યો નહિ પરંતુ સમય જતાં તેને પિતાના આવા કૃત્ય પર ઘણો જ રંજભાવ વધવા લાગ્યો. તેને હવે ત્યાં રહેવાનું પણ ભારે થઈ ગયું. આખરે પોતાના પરિવારને લઈને તે ચાલી નીકળ્યો અને રાજા કોણિકની પાસે ચંપાનગરીમાં આવીને રહેવા લાગ્યો. ત્યાં ભગવાન મહાવીરનું પદાર્પણ થતું જ હતું. તે વ્રતધારી શ્રમણોપાસક બન્યો. અનેક વર્ષ સુધી શ્રાવકવ્રત તથા તપ-ત્યાગ વધારીને અંતમાં વિધિ સહિત સંલેખના-સંથારો કર્યો. બાહ્યરૂપથી સર્વથી ખમત ખામણાની ઔપચારિકતા તો સંથારાની વિધિમાં, પચ્ચક્ખાણના પાઠમાં આવી જ જાય છે. શુદ્ધ ભાવોથી શારીરિક સમાધિ પૂર્વક સંથારો ૧૫ દિવસ ચાલ્યો.

આટલું સર્વ કંઇ કરવા છતાં પણ તે શ્રાવકે પોતાના પિતા દ્વારા કરવામાં આવેલ વ્યવહાર પ્રત્યે વૈમનસ્ય ભાવોને હૃદયમાંથી કાઢ્યા નહિ. શ્રાવકના કોઈ





વ્રતમાં અથવા સંથારાના નિયમોમાં કોઈપણ દોષનું સેવન કર્યું નહિ, તોપણ તેની ગતિ મિથ્યાત્વીની ગતિ થઈ. એટલે કે તે મરીને **આતાપા** નામક અસુર જાતિના દેવોમાં ઉત્પન્ન થયો. તેની કરણી(ક્રિયા) અનુસાર તો વૈમાનિક દેવમાં જ તેની ગતિ થવી જોઈતી હતી પરંતુ પિતા પ્રત્યેના રંજભાવ-મનદુઃખને દૂર નહિ કરવાથી તેની સમસ્ત દેખાતી આરાધના વિરાધનારૂપ જ બની.

આથી ધર્મની આરાધનાના ઈચ્છુક સાધકે પોતાના મનમાં કોઈના પ્રત્યે પણ રંજભાવ(ડંખ) મનદુઃખ નહિ રાખતાં સરલ, સ્વચ્છ, નમ્ર વ્યવહાર બનાવી લેવો જોઈએ. પરંતુ જે સાધકો અન્યમનસ્કતા, અબોલા કાયમ રાખતા વેર વિરોધ ભાવ વધારતા જ રહે, ભલે ચૌમાસી પ્રતિક્રમણ કરી લે કે સંવત્સરી પ્રતિક્રમણ; પોતાના મનના રાગદ્વેષનું વલણ જેમનું તેમ ચલાવે રાખે; એક સંપ્રદાયના શ્રાવક બીજા સંપ્રદાયના શ્રાવક, સાધુ, સંઘ આદિની ઈર્ષ્યા–અદેખાઈ વધારતા જાય તો તેઓના મિથ્યાત્વનો અંત આવી શકતો નથી. તેવા લોકોને સમકિત, શ્રાવકપણું અને સાધુપણું તો દુર્લભ જ સમજવું જોઈએ.

આ જ હેતુથી જિનશાસનમાં વ્રતશુદ્ધિ અને કષાય મુક્તિ હેતુ સાધુઓને માટે ઉભયકાલ–સવાર સાંજ પ્રતિક્રમણ આવશ્યક રાખવામાં આવેલ છે અને વ્રતધારી શ્રાવકોને માટે પાક્ષિક–પાખી પ્રતિક્રમણ આવશ્યક છે તેમજ ધર્મી સામાન્ય શ્રાવકોને માટે સંવત્સરી પ્રતિક્રમણ આવશ્યક છે. આ ત્રણે પ્રકારના સાધકોને માટે કરાતું પ્રતિક્રમણ પૂર્ણ સાવધાની અને સફળ હેતુપૂર્વક થવું જોઈએ. અન્યથા પ્રતિક્રમણ તો યથાસમય કરી લે પરંતુ ભાવોની પવિત્રતા ન રહે અને કષાયોનું વલણ જેમનું તેમ આત્મામાં રાખે તો પ્રતિક્રમણનું સાચું ફળ મળી શકતું નથી અને સમકિત પણ રહી શકતું નથી.

સાધુના સંજ્વલન કષાયને ઠાણાંગ સૂત્રમાં પાણીની લીટીની ઉપમા આપવામાં આવી છે. તેનો કષાય સવાર સાંજના પ્રતિક્રમણથી આગળ ચાલી શકતો નથી અને ચલાવે તો સાધુપણું રહેતું નથી. શ્રાવકના કષાયને વેળુ–રેતીમાં લીટીની ઉપમા આપી છે. તે લીટી ૧૫ દિવસથી વધારે રહી શકતી નથી; હવાથી, લોકોના આવાગમનથી ભૂંસાઈ જાય છે, સમાપ્ત થઈ જાય છે. તે જ રીતે શ્રાવકનો કષાય–કોઈના પ્રત્યે રંજભાવ, વેર–વિરોધભાવ પાક્ષિક પ્રતિક્રમણથી આગળ ચાલી શકતો નથી. કોઈ ચલાવે તો તેનું ગુણસ્થાન છૂટી જાય છે. તે જ રીતે સમ્યગ્દષ્ટિનો કષાય, રંજભાવ આદિ સંવત્સરી પ્રતિક્રમણ પછી ચાલી શકતો નથી. જે લોકો વર્ષો સુધી પણ કોઈની સાથે રંજભાવ, વૈમનસ્ય, વેર-ઝેર છોડતા

નથી; ધર્મ સંઘોમાં પણ એવા ઝગડા, વૈમનસ્ય ચાલતા રહે તો તેમાં સમાવિષ્ટ થનાર બધા સાધુ-સાધ્વીઓ અને ગૃહસ્થ પોતાના સમકિતથી, **ચોથા** ગુણસ્થાનથી ચ્યુત–ભ્રષ્ટ થઈ જાય છે. ભલે તે પોતાને કંઈ પણ સમજે અથવા સંતોષ માને પરંતુ આ કષાયના પરિણામવાળો સિદ્ધાંત તો પોતાનું કામ કરે જ છે. ભગવાન મહાવીર સ્વામીની હાજરીમાં, તેઓના ૧૨ વ્રતધારી શ્રાવક ૧૫ દિવસના સંથારામાં કાળ કરીને ધર્મમાં અનુત્તીર્ણ–નાપાસ થઈ જાય છે. આ વાત અભિચિ કુમારના પ્રસ્તુત આગમ વર્ણનથી સ્પષ્ટ થાય છે.

સાર એ જ છે કે સરલતા, નમ્રતા, ક્ષમા આદિ ગુણો ધર્મમાં મૌલિક ગુણ છે તેને ધારણ કરતાં કોઈના પ્રત્યે પણ વૈમનસ્ય થઈ જાય તો તેને જ્ઞાન, કર્મસિદ્ધાંત, વૈરાગ્ય તથા ઉપરોક્ત કથાનક વર્ણનને સ્મરણમાં લઈને પરિમાર્જિત કરીને શુદ્ધ પવિત્ર હૃદયી બની જવું જોઈએ. 'બધાને માફી આપતા રહો અને પોતાના હૃદયને સાફ રાખતા રહો.' એ જ જ્ઞાનનો અને સાધનાઓનો પરમ રસ છે, મુક્તિની સાધનામાં સફલ સહાયક બિંદુ–તત્ત્વ છે. મનમાં કોઈના પ્રત્યે ખટકો રાખ્યો તો પોતાની ધર્મ આરાધના અટકી જશે, થોભી જશે, એ ધ્રુવ–અટલ સત્ય છે.

**પ્રશ્ન–૧૪ : અભિચિકુમાર વિરાધક થયો તોપણ દેવ બન્યો અને એક ભવ કરીને મોક્ષે કેવી રીતે જશે ?**

**જવાબ :** ભણતરમાં એક છોકરો પાસ થાય છે, એક નાપાસ થાય છે; છતાં પણ નોકરી, વ્યાપારમાં કોઈ પણ આગળ વધી શકે છે પરંતુ પરીક્ષામાં નાપાસ થનાર નાપાસ જ કહેવાશે. અભિચિકુમારનો સંસાર સીમિત હતો, પાપાનુબંધી રૌદ્ર પરિણામ હતા નહિ, માયા-પ્રપંચના ભાવ હતા નહિ, એથી નરક, તિર્યંચ ગતિમાં ગયો નહિ. વ્રત-પ્રત્યાખ્યાન, સંથારો વગેરે શ્રેષ્ઠ સાધનાઓ હોવા છતાં પણ તે ધર્મની પરીક્ષામાં નાપાસ થવાવાળી ગતિમાં ગયો, પાસ નહિ કહેવાયો.

**પ્રશ્ન–૧૫ : તીર્થંકર ભગવાને અભિચિકુમારને શ્રાવક બનાવ્યા ત્યારે નાપાસ થવાની આ વાત ન સમજાવી ?**

**જવાબ :** છદ્મસ્થોનો વ્યવહાર પુરુષાર્થ પ્રધાન હોય છે. સર્વજ્ઞોનો કે વિશિષ્ટ જ્ઞાનીઓનો વ્યવહાર જ્ઞાનપ્રધાન હોય છે. ભગવાને કોણિક-ચેડારાજાને કે બંને ઈન્દ્રોને પણ સંગ્રામ ન કરવા માટે કોઈ આદેશ નહોતો આપ્યો. ગોશાલકને પણ શિષ્ય બનાવી પોતાની સાથે રાખ્યો હતો. જે સ્વયં પાછળથી ૨૪મો તીર્થંકર બની બેઠેલ ઈત્યાદિ કેટલીય ઘટનાઓ બનનાર બને છે, તેમાં જ્ઞાની ભગવંતો





જ્ઞાતા દૃષ્ટાભાવ રાખે છે. તેઓ સાગરવર ગંભીરા હોય છે ત્યારે તેઓનું જ્ઞાન સ્થિર રહે છે. તેઓના આચરણમાં આપણા જેવા છદ્મસ્થોનો તર્ક કોઈ કામ આવતો નથી.

તેથી ઉદાયન રાજા અને અભિચિકુમારને ભગવાને કોઈ આદેશ-નિર્દેશ નહોતો આપ્યો. ॥ ઉદ્દેશક–૬ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૬ : મન, વચન અને કાયાને આત્મા સાથે સંબંધિત કરીને અહીં શું નિરૂપણ કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** પ્રસ્તુત સાતમા ઉદ્દેશકમાં આ વિષયમાં અનેક પ્રશ્નોત્તરો દ્વારા સમજાવ્યું છે કે– મન અને ભાષાના પુદ્‌ગલ ગ્રહણ કરીને એ જ સમયે છોડી દેવામાં આવે છે, અધિક સમય તેનું આત્મની સાથે અસ્તિત્વ રહેતું નથી. તેથી મન અને ભાષાને આત્માથી ભિન્ન કહેલ છે. કાયા–આત્મા સાથે દીર્ઘ સમય સુધી રહે છે, કાયાના સ્પર્શ અને છેદનનું જ્ઞાન તેમજ અનુભવ આત્માને હોય છે પરંતુ તેના વિનાશમાં આત્માનો વિનાશ થતો નથી. આ કારણથી કાયાને આત્મા રૂપ અને આત્માથી અલગ બંને માનેલ છે.

મન અને ભાષા રૂપી છે, અચિત્ત છે, મન અને ભાષાના પ્રયોગ સમયે જ મન અને ભાષા છે, પહેલાં કે પછી મન, ભાષા નથી અને તે જ સમયે તેનું ભેદન થાય છે, પહેલા કે પછી નહિ. તે બંને ય જીવોને જ હોય છે, અજીવોને નહિ.

કાર્મણ કાયા અતિ સૂક્ષ્મ હોવાથી કાયા અરૂપી-રૂપી બંને કહી છે. જીવિત અને મૃત શરીરની અપેક્ષા સચિત્ત અચિત્ત બંને પ્રકાર કાયાના છે. જીવોને પણ કાયા છે અને અજીવોને પણ પોતાના અસ્તિત્વ અવગાહનારૂપ કાયા છે. પહેલાં-પછી પણ કાયા છે, પહેલાં-પછી પણ તેનું ભેદન થાય છે.

આ રીતે અહીં મન વચનની અપેક્ષા કાયાનું સ્વરૂપ કંઈક જુદું જ બતાવ્યું છે. મન અને વચનના સત્ય આદિ ચાર-ચાર ભેદ છે અને કાયાના ઔદારિક આદિ સાત ભેદ છે.

**પ્રશ્ન–૧૭ : મરણના કેટલા ભેદ-પ્રભેદ કરવામાં આવ્યા છે ?**

**જવાબ :** પ્રસ્તુત ઉદ્દેશક–૭માં મરણના, અપેક્ષા વિશેષથી મૌલિક પાંચ ભેદ કહ્યા છે અને તેના ભેદાનુભેદ કુલ ૭૪ કહ્યા છે.

**પાંચ મરણ–** (૧) અવીચિ મરણ (૨) અવધિ મરણ (૩) આત્યંતિક મરણ (૪) બાલ મરણ (૫) પંડિત મરણ. એમાંથી પ્રથમ ત્રણ મરણના દ્રવ્ય, ક્ષેત્ર,

કાલ, ભવ અને ભાવ એ પાંચ ભેદ છે અને પાંચેયને ચારેય ગતિથી સંબંધિત કરતાં ૫×૪=૨૦ ભેદ; ત્રણે મરણના થવાથી કુલ ૨૦×૩=૬૦ ભેદ થાય છે. બાલમરણના ૧૨ અને પંડિત મરણના બે ભેદ અહીં કહ્યા છે– ભક્તપ્રત્યાખ્યાન અને પાદપોપગમન. એમ કુલ પાંચે ય મરણના ભેદ ૨૦+૨૦+૨૦+૧૨+૨= ૭૪ ભેદ અહીંના વર્ણનની અપેક્ષા થાય છે. એ વિવિધ મરણની પરિભાષા સ્વરૂપને માટે સમવાયાંગ પ્રશ્નોત્તર પૃષ્ટ– ૨૫૭ પ્રશ્ન–૧૩ જુઓ તથા સ્થાનાંગ સ્થાન– ૨, ઉદ્દેશક–૪, પૃષ્ટ–૩૧ પ્રશ્ન–૮ જુઓ. અર્થાત્ જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ–૨ માં જોવું જોઈએ. ॥ ઉદ્દેશક–૭ સંપૂર્ણ ॥ ॥ ઉદ્દેશક–૮ સંક્ષિપ્ત ॥

**પ્ર.૧૮ : ભાવિતાત્મા અણગારના વૈક્રિય સંબંધી વર્ણનનું શું તાત્પર્ય છે?**

**જવાબ :** શતક–૩, ઉદ્દેશક–૫ માં અને અહીં બંને જગ્યાએ વૈક્રિય લબ્ધિ સંપન્ન ભાવિતાત્મા અણગારની વૈક્રિય ક્ષમતા દર્શાવી છે. પ્રસ્તુત ઉદ્દેશક–૯ના વર્ણનનો હેતુ એ છે કે તે અણગાર મનુષ્ય, પશુ, પક્ષીના રૂપ બનાવવા અને આકાશમાં ગમન કરવા આદિ ક્રિયાઓ કરી શકે છે; સોના ચાંદી રત્ન ધાતુ આદિની વિક્રિયા કરી શકે છે; તેને લઈને આકાશમાં ચાલી શકે છે; પક્ષીઓની જેમ ઉડી શકે છે અને રહી શકે છે; પશુઓની જેમ કૂદી શકે છે, દોડી શકે છે. એ બધું વૈક્રિય શક્તિના અસ્તિત્વની અપેક્ષા કથન છે. એવી વિક્રિયાઓ માયી પ્રમાદી સાધુ કરે છે, અપ્રમાદી ગંભીર સાધુ કરતા નથી. ॥ ઉદ્દેશક–૯ સંપૂર્ણ ॥ ઉદ્દેશક–૧૦ સંક્ષિપ્ત ॥

## શતક–૧૪ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં ૧૦ ઉદ્દેશકોના માધ્યમથી અનેકાનેક અક્રમિક વિવિધ વિષયો વર્ણિત છે. શતકના પ્રારંભમાં એક સંગ્રહણી ગાથા છે, જેમાં ઉદ્દેશકોના નામ તથા મુખ્ય વિષય સૂચિત કરવામાં આવેલ છે, તદનુસાર ઉદ્દેશકોના વિષય આ પ્રમાણે છે–

**(૧) ચરમ–** આયુષ્યબંધ તથા ગતિ સંબંધી વિચારણા છે.

**(૨) ઉન્માદ–** ૨૪ દંડકમાં અનેક પ્રકારના ઉન્માદ, સ્વાભાવિક વૃષ્ટિ, દેવકૃત વૃષ્ટિ તેમજ તમસ્કાય સંબંધી વર્ણન છે.

**(૩) શરીર–** મહાશરીરી દેવનું અણગારની વચ્ચેથી જવું , નૈરયિક આદિ જીવોના





પરસ્પર સન્માન આદિ વ્યવહાર તથા દેવોનું દેવોની વચ્ચેથી જવું આદિ વિષય નિરૂપિત છે.

**(૪) પુદ્ગલ–** પુદ્ગલ પરિણામ, જીવના સુખ-દુઃખ તથા પરમાણુ પુદ્ગલ સંબંધી વર્ણન છે.

**(૫) અગ્નિ–** જીવોનું અગ્નિની વચમાંથી જવું, શબ્દ આદિ ઈષ્ટ અનિષ્ટનો અનુભવ, દેવનું પર્વત ઉલ્લંઘન આદિ વિષય વર્ણિત છે.

**(૬) આહાર–** જીવોના આહાર અને ઈન્દ્રના ભોગ સંબંધી વર્ણન છે.

**(૭) સંશ્લિષ્ટ–** ગૌતમ સ્વામીના ભગવાનની સાથે ચિરકાલથી સ્નેહ સંશ્લિષ્ટ ભવોનો નિર્દેશ, દ્રવ્ય-ક્ષેત્ર સમાનતા, સંથારાવાળાની તે પછીના આગળના ભવમાં આહારાદિમાં મૂર્છા અને લવસત્તમ દેવ વગેરેનું વર્ણન છે.

**(૮) અંતર–** નરક પૃથ્વીઓના અને દેવલોકોના અંતરાલ, શાલવૃક્ષ આદિના ભવ, અવ્યાબાધ દેવ, જૃંભક દેવ આદિનું વર્ણન છે.

**(૯) અણગાર–** અણગારની જ્ઞાન ક્ષમતા, પુદ્ગલ પ્રકાશ, ૨૪ દંડકમાં શુભ-અશુભ પુદ્ગલ, દેવના હજાર રૂપોની ભાષા એક, સૂર્ય-અર્થ, સંયમસુખને દેવ લોકની ઉપમા ઈત્યાદિ વર્ણન છે.

**(૧૦) કેવલી–** કેવલી અને સિદ્ધોના જ્ઞાનની ક્ષમતા બતાવી છે.

**પ્રશ્ન–૨ : ચરમ દેવાવાસ–પરમ દેવાવાસના કથનથી અણગારના આયુષ્ય બંધનું શું નિરૂપણ કર્યું છે?**

**જવાબ :** અહીં પ્રથમ ઉદ્દેશકના પ્રારંભમાં ઉક્ત પ્રકારનું કથન છે. જેનું તાત્પર્ય આ પ્રમાણે છે– ભાવિતાત્મા અણગારને આગળના ભવનો આયુષ્યબંધ કરવો છે. તે સમયે તેના આત્મ પરિણામોની ધારા એક દેવસ્થાનના આયુષ્યબંધ યોગ્ય ચરમ પરિણામોને પાર કરીને આગળ વધી ગઈ છે અને આગલા દેવસ્થાન બંધ યોગ્ય પરિણામો સુધી પહોંચી નથી, વચમાં જ છે અથવા અટકી ગઈ છે, તે સમયે જીવ આયુષ્ય બંધ કરે અથવા મૃત્યુ પ્રાપ્ત કરે તો કયું આયુષ્ય બાંધશે કે ક્યાં ઉત્પન્ન થશે ? એનો સીધો અને સરલ ઉત્તર એમ આપ્યો છે કે જ્યાં તેના પરિણામ સ્થિત થયા છે તે પૂર્વના ચરમ દેવાવાસની યોગ્યતાની નજીક છે તો ત્યાંનું આયુષ્ય બાંધીને જીવ તે સ્થાનમાં જશે અને જો પૂર્વના ચરમ દેવાવાસથી તેના પરિણામ ઘણા આગળ વધી ગયા છે અને આગળના પરમ દેવાવાસના આયુબંધની યોગ્યતાની નજીક થઈ ગયા છે તો જીવ(અણગાર) તે આગળના

દેવાવાસનો આયુષ્યબંધ કરીને મરીને ત્યાં પરમ દેવાવાસમાં ઉત્પન્ન થશે. **આ વાતને સમજવાને માટે સ્થૂલ દષ્ટાંત–** આપણે ક્યાંક ચાલી રહ્યા છીએ, જ્યાં થોડા થોડા અંતરે મકાન છે અને અચાનક મૂસળધાર વરસાદ શરૂ થઈ જાય તો આપણે જ્યાં મકાન નજીક હોય ત્યાં તત્કાલ પહોંચી જઈએ. જો પાછળનું મકાન ૧૦ ફૂટ હોય અને આગળનું ૫૦ ફૂટ હોય તો આપણે પાછલા ૧૦ ફૂટ દૂરવાળા મકાનમાં પહોંચી જઈએ અને કદાચ આગળવાળું સ્થાન નજીક હોય તો વરસાદથી બચવા માટે આપણે આગળના સ્થાનમાં પહોંચી જઈએ. ઠીક એ જ પ્રમાણે અહીં પણ આયુષ્ય બંધમાં અણગાર નજીકના દેવાવાસનો જ આયુષ્યબંધ કરશે અને તદનુસાર જ ગતિ પ્રાપ્ત કરશે.

**પ્રશ્ન–૩ : જીવની મૃત્યુ પછી ક્યાંય ઉત્પન્ન થવાને માટે કેટલી શીઘ્ર ગતિ હોય છે ?**

**જવાબ :** કોઈ વ્યક્તિ અત્યંત સ્ફૂર્તિથી હાથને સંકોચે કે ફેલાવે, મુટ્ઠી ખોલે કે બંધ કરે, આંખ ખોલે કે બંધ કરે; એનાથી પણ અધિક તીવ્ર ગતિથી જીવ પરભવમાં પહોંચી જાય છે. કારણ કે ઉપરોક્ત બધા કામોમાં ઓછામાં ઓછા અસંખ્ય સમય લાગી જાય છે. જ્યારે જીવને પરભવમાં પહોંચવામાં ૧, ૨ અથવા ૩ સમય જ લાગે છે, એકેન્દ્રિયને ૧, ૨, ૩ અથવા વધુમાં વધુ ચાર સમય લાગે છે અર્થાત્ વાટે વહેતામાં જીવ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ ૩ અથવા ૪ સમય રહે છે. ત્રસજીવ ત્રસ નાડીમાં જ હોય છે, ત્યાંથી ક્યાંય પણ ઉત્પન્ન થવામાં તેને ઉત્કૃષ્ટ–૩ સમય લાગી શકે છે, એકેન્દ્રિય જીવ ત્રસ નાડીની બહાર સ્થાવર નાળમાં પણ હોય છે તેને ક્યાંય ઉત્પન્ન થવામાં એક વળાંક વધુ લાગવાથી ઉત્કૃષ્ટ ચાર સમય લાગી શકે છે. એકેન્દ્રિયને ઉત્કૃષ્ટ પાંચ સમય પણ લાગવાનું કથન ગ્રંથોમાં છે પરંતુ આગમથી તેની સત્યતા સિદ્ધ થતી નથી.

વાટે વહેતા જીવને અપેક્ષાથી અનંતર-પરંપર-અનુત્પન્નક કહેલ છે. ઉત્પત્તિ સ્થાન પર પ્રથમ સમયવર્તી જીવોને અનંતરોત્પન્નક અને બાકી બધા સમયવર્તી જીવોને પરંપરોત્પન્નક કહ્યા છે. અનંતરોત્પન્નક અને અનંતર-પરંપર અનુત્પન્નક જીવ આયુષ્ય નથી બાંધતા તથા પરંપરોત્પન્નકને અંતર્મુહૂર્ત વીતી ગયા પછી આયુષ્યનો બંધ થાય છે. દુઃખપૂર્વક ઉત્પન્ન થનારાને ખેદોત્પન્નક કહ્યા છે. એના પણ અનંતર-પરંપર આદિ ત્રણે ય ભેદ પૂર્વવત્ થાય છે. ક્યાંય પણ આયુષ્ય પૂર્ણ કરીને જનારને **નિર્ગત** કહે છે. તેમાં પણ વાટે વહેતા જીવ અનંતર-પરંપર અનિર્ગત છે. ઉત્પત્તિ સ્થાનમાં પહોંચેલ પ્રથમ સમયવર્તી





જીવોને અનંતર નિર્ગત અને અનેક સમયવર્તી જીવોને પરંપર નિર્ગત(પૂર્વગતિ–સ્થાનની અપેક્ષા) કહ્યા છે.

**પ્રશ્ન–૪ : ૨૪ દંડકમાં યક્ષાવેશ–ઉન્માદ કેવી રીતે સમજવો ?**

**જવાબ :** પૃથ્વી, પાણી, વનસ્પતિ વગેરેમાં દૈવી ઉપદ્રવ, એ જ રીતે વિકલેન્દ્રિય જીવોના શરીરમાં દેવ પ્રવેશ અને કુતૂહલ, નારકીને પણ દેવ દ્વારા અશુભ પુદ્ગલ પ્રક્ષેપથી ઉન્માદ શક્ય છે. દેવોમાં વિશિષ્ટ શક્તિ સંપન્ન દેવો દ્વારા સામાન્ય દેવોમાં ઉન્માદ પ્રક્રિયા સંભવ છે. આ **યક્ષાવેશ** ઉન્માદ સમજવો. **મોહાવેશ** ઉન્માદ પ્રત્યેક જીવને મિથ્યાત્વ મોહ અને ચારિત્ર મોહજન્ય હોય છે. તે ઉન્માદ અનાદિકાલીન હોય છે. તે ઉન્માદનું નીકળવું અતિ કઠિન હોય છે. યક્ષાવિષ્ટ ઉન્માદનું છૂટવું એટલું કઠિન હોતું નથી.

**પ્રશ્ન–૫ : દેવ વૃષ્ટિ ક્યારે અને કેમ કરે છે ? તમસ્કાય શા માટે કરે છે ?**

**જવાબ :** દેવ કોઈ પણ ખુશીમાં કે કુતૂહલથી ક્યારે ય પણ ક્યાંય પણ વૃષ્ટિ કરી શકે છે. ઈન્દ્રને ક્યાંય વર્ષા કરાવવાનું આવશ્યક હોય તો તેની પ્રક્રિયા આ પ્રમાણે છે–

તે આભ્યંતર પરિષદના દેવને કહેશે, તે દેવ મધ્યમ પરિષદના દેવને, એમ ક્રમશઃ બાહ્ય પરિષદ, પછી બાહ્ય સામાન્ય દેવને વળી તે આભિયોગિક દેવને, પછી તે વૃષ્ટિ કરનાર દેવને કહેશે અને તે વર્ષા કરશે. એ જ પ્રમાણે ઈન્દ્રને તમસ્કાય વરસાવવી હોય તો પણ એ જ ક્રમિક પ્રક્રિયા હોય છે. સામાન્ય દેવ ક્યારે ય પણ ક્યાંય પણ તમસ્કાય કરી શકે છે. તમસ્કાય કરવાના કારણ પણ અનેક છે– (૧) રતિક્રીડા કરવા માટે (૨) વિરોધીને આશ્ચર્ય પમાડવા માટે (૩) પોતાના સંરક્ષણ માટે (૪) પોતાની જાતને છુપાવવા માટે. ॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૬ : જીવોમાં વિનય વ્યવહાર કેવા પ્રકારનો હોય છે ?**

**જવાબ :** મિથ્યાદષ્ટિ દેવ અણગારની અવગણના કરીને તેની વચમાંથી જઈ શકે છે, સમ્યગ્દષ્ટિ દેવ વિનય પ્રતિપત્તિ કરીને જાય છે. નારકીમાં વિનય, સત્કાર, સન્માન, હાથ જોડવા, આસન આપવું, પ્રણામ કરવા આદિ શિષ્ટાચાર હોતા નથી, દેવો અને મનુષ્યોમાં હોય છે, એકેન્દ્રિય-વિકલેન્દ્રિયમાં હોતા નથી. તિર્યંચ પંચેન્દ્રિયમાં આસન આપવા સિવાય અન્ય શિષ્ટાચાર અસ્પષ્ટ રૂપથી હોય છે અર્થાત્ પશુઓમાં સામે આવવું, વિદાય આપવી, વળાવવું આદિ હોઈ શકે છે. મહર્દ્ધિક દેવ અલ્પર્દ્ધિક દેવની અવગણના કરી વચમાંથી જઈ શકે છે કિંતુ તેમ અલ્પર્દ્ધિક દેવ જઈ શકતા

નથી. સમાન ઋદ્ધિવાળા એક બીજાના ધ્યાન વિના–અસાવધાનીમાં અથવા શસ્ત્રપ્રયોગ કરીને જઇ શકે છે. ॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૭ : પુદ્ગલોમાં વર્ણ વગેરેનું પરિવર્તન કેવી રીતે સંભવ છે ?**

**જવાબ :** અનેક વર્ણ, ગંધવાળા પુદ્ગલ ક્યારેક એક વર્ણ, ગંધવાળા થઇ જાય છે અને એક વર્ણાદિવાળા પુદ્ગલ અનેક વર્ણાદિમય થઇ જાય છે. રુક્ષ પુદ્ગલ ક્યારેક સ્નિગ્ધ થઇ જાય છે, ક્યારેક ઉભયરૂપ થઇ જાય છે. જીવ પણ ક્યારેક સુખી, ક્યારેક દુઃખી એમ પરિવર્તિત થતા રહે છે. કોઈ જીવ સિદ્ધ બની જાય છે, તે સ્થાયી સુખી થઇ જાય છે.

પરમાણુ પુદ્ગલ દ્રવ્યથી શાશ્વત છે, પર્યાયથી અશાશ્વત છે. પરમાણુ આદિ દ્રવ્યથી અચરમ જ હોય છે, ચરમ હોતા નથી. કારણ કે તે પુનઃ પરમાણુ આદિ જરૂર બને છે. ક્ષેત્ર કાલ ભાવથી ચરમ-અચરમ બંને હોય છે. કેવલજ્ઞાનીની અપેક્ષા ચરમ અને સામાન્ય જીવોની અપેક્ષા ચરમ-અચરમ બંને હોય છે. ॥ ઉદ્દેશક–૪ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૮ : અગ્નિમાંથી કયા કયા જીવ જઇ શકે છે અને તેઓ દાઝે છે કે નહિ ?**

**જવાબ :** વાટે વહેતા(એક ગતિથી બીજી ગતિમાં જતા) બધા જીવ અગ્નિમાંથી જઇ શકે છે અને તેઓને સ્થૂલ શરીર નહિ હોવાથી દાઝતા-બળતા નથી. અવિગ્રહ ગતિવાળા નારકી અને પૃથ્વી આદિ એકેન્દ્રિય જીવ અગ્નિમાંથી જાતા નથી. કારણ કે નરકમાં અગ્નિ નથી અને એકેન્દ્રિય ચાલતા નથી. વિકલેન્દ્રિય જીવ અગ્નિમાંથી જાય તો દાઝી જાય છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય ઋદ્ધિસંપન્ન જાય તો દાઝતા નથી. જો ઋદ્ધિ રહિત હોય તો તે બળે છે. દેવ અગ્નિમાંથી જાય તો બળતા નથી, કારણ કે વૈક્રિય શરીરમાં અગ્નિ શસ્ત્ર લાગતું નથી.

**પ્રશ્ન–૯ : જીવ ઈષ્ટ-અનિષ્ટ કયા સ્થાનોનો અનુભવ કરે છે ?**

**જવાબ :** નારકી જીવ પ્રાયઃ શબ્દ, રૂપ આદિ અનિષ્ટનો અનુભવ કરે છે. દેવતા પ્રાયઃ ઈષ્ટ શબ્દ આદિનો જ અનુભવ કરે છે. મનુષ્ય-તિર્યંચ ઈષ્ટ-અનિષ્ટ ઉભય સ્થાનોનો અનુભવ કરે છે. એકેન્દ્રિય વિકલેન્દ્રિય આદિ યોગ્ય ઈન્દ્રિયો અનુસાર જ ન્યૂનાધિક વર્ણ આદિનો અનુભવ કરે છે અર્થાત્ ચૌરેન્દ્રિય જીવ શબ્દોનો અનુભવ કરતા નથી. તેઈન્દ્રિય શબ્દ તથા રૂપનો, બેઈન્દ્રિય શબ્દ, રૂપ તથા ગંધનો અનુભવ કરતા નથી. એકેન્દ્રિય માત્ર સ્પર્શનો જ ઈષ્ટાનિષ્ટ અનુભવ કરે છે, શબ્દ, રૂપ, ગંધ, રસનો નહિ. તે ઉપરાંત ગતિ, સ્થિતિ, લાવણ્ય, યશ, કીર્તિ





અને ઉત્થાન આદિ પાંચેયના ઈષ્ટ અનિષ્ટનો એકેન્દ્રિય વિકલેન્દ્રિય બધા અનુભવ કરે છે. નારકી અનિષ્ટ ગતિ વગેરેનો અને દેવતા ઈષ્ટ ગતિ આદિનો અનુભવ કરે છે. નારકીને ક્યારે ય દેવ સંયોગે ઈષ્ટ અનુભવ થાય તોપણ તેને અહીં નગણ્ય કર્યો છે. તેમજ દેવ પણ અન્ય દેવના કોપથી અનિષ્ટ અનુભવ કરી શકે છે. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૦ : દેવેન્દ્રોની ભોગ પદ્ધતિ કઈ રીતની હોય છે ?**

**જવાબ :** શક્રેન્દ્ર–ઈશાનેન્દ્રને જ્યારે વિષય ભોગની ઈચ્છા થાય છે ત્યારે પોતાના વિમાનમાં ચક્રાકાર સ્થાનની વિકુર્વણા કરે છે તેમાં પ્રાસાદાવતંસક(મહેલ)બનાવે છે અને તેમાં ચબૂતરો–મણિપીઠિકા બનાવે છે અને તેમાં શય્યા બનાવે છે. ત્યાં તેની નૃત્ય અને ગંધર્વ અનિકા સાથે રહે છે. ત્યાં તે પોતાની આઠ અગ્રમહિષી પરિવાર સાથે દિવ્ય ભોગોનું સેવન કરે છે અર્થાત્ પરિચારણા કરે છે.

સનત્કુમારેન્દ્ર આદિ શેષ ઈન્દ્રોને કાય પરિચારણા નહિ હોવાથી શય્યાના સ્થાને સિંહસનની વિકુર્વણા કરે છે. ત્યાં સામાનિક આદિ સંપૂર્ણ સંપદાની સાથે દિવ્યભોગ શબ્દાદિનો અનુભવ કરે છે અર્થાત્ તે ઈન્દ્ર દેવાંગનાઓના રૂપ, શબ્દ, સ્પર્શ પરિચારણા માત્રથી જ તૃપ્તિનો અનુભવ કરે છે. પહેલા-બીજા દેવલોકથી અપરિગ્રહીતા દેવીઓ સ્મરણ કરવાથી ત્યાં ઉપસ્થિત થાય છે. તે ઈન્દ્ર અને દેવીઓનો વિશિષ્ટ અવધિજ્ઞાનથી અને અંગસ્ફૂરણથી પરસ્પર સુમેળ થઇ જાય છે. ॥ ઉદ્દેશક–૬ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૧ : ગૌતમ સ્વામીની માનસિક અધૈર્યતાની વ્યથાનું ભગવાને કઈ રીતે નિવારણ કર્યું હતું?**

**જવાબ :** પ્રસ્તુત ઉદ્દેશક–૧૩/૭ અનુસાર એક વાર રાજગૃહ નગરમાં પ્રવચન થયું, પરિષદ ચાલી ગઈ. તે દિવસે પ્રવચનમાં સંભવતઃ અનેક જીવોના કેવલી બનીને મોક્ષે જવાનું વર્ણન આવ્યું હશે અથવા ગૌતમ સ્વામીના ૯ નાના સાથી ગણધરોને કેવલજ્ઞાન અને મુક્તિ મળી ચૂકી હશે. તે વિષયમાં ગૌતમ સ્વામીના મનોમંથનમાં પોતાને કેવલજ્ઞાન નહિ થવાની વ્યથા અત્યંત ઉગ્ર બની રહી હતી. તેમના ચહેરામાં, ભાવોમાં ખેદ–ઉદાસીનતા વર્તાવા લાગી અને મન આર્તધ્યાનમાં તલ્લીન બની રહ્યું હતું. ત્યારે ભગવાને ગૌતમ સ્વામીને જાતે સંબોધન કરીને કહ્યું કે હે ગૌતમ ! તમે–અમે(આપણે) ચિરકાલના સાથી છીએ, પૂર્વ દેવ ભવમાં, તેના પહેલાં માનવભવમાં, એમ અનેક ભવોના દીર્ઘ સમયથી

પરિચિત સાથી છીએ અને આ ભવની પછી પણ આપણે બંને મોક્ષમાં પણ આત્મ સ્વરૂપથી તુલ્ય–સમાન બનીને સાથે જ રહીશું.

આ કથનથી ગૌતમ સ્વામીને કેવલજ્ઞાન અને મુક્તિ મળવાની સ્પષ્ટતા થઈ જવાથી તેઓને અત્યંત સંતોષ થઈ ગયો કે હું પણ ચરમશરીરી છું અને આ જ ભવમાં સંસારનો અંત કરીને મુક્ત થનાર છું. આ પ્રમાણે તેમનું અધૈર્ય(વ્યથા) મટીને સંતોષ અને આનંદમાં પરિવર્તિત થઈ ગયું.

ભગવાન અને ગૌતમ સ્વામીના આ પ્રસંગને અનુત્તર વિમાનવાસી દેવ પોતાની મનોવર્ગણા લબ્ધિથી ત્યાં રહેલા જ જાણે છે, એવું ભગવાને ગૌતમ સ્વામીના પૂછવાથી ફરમાવ્યું, મનોવર્ગણા લબ્ધિ, અવધિજ્ઞાનનો જ એક વિશિષ્ટ વિભાગ છે એમ સમજવું જોઈએ.

**પ્રશ્ન–૧૨ : તુલ્યતા કેટલા પ્રકારની કહી છે ?**

**જવાબ :** ભગવાને ગૌતમ સ્વામીને આપેલા ઉપરોક્ત સમાધાનમાં બંનેના સમાન થઈ જવાનું કથન કર્યું હતું. તે તુલ્ય શબ્દને જિજ્ઞાસાથી ગ્રહણ કરી ગૌતમ સ્વામીએ આ પ્રશ્ન કર્યો હતો. ગૌતમ સ્વામી એવા જ શબ્દને લઈને અથવા પ્રસંગને લઈને પ્રશ્ન કરતા રહેતા હતા. શંખજીને માટે ભગવાને પુષ્કલી આદિ શ્રાવકોને ફરમાવ્યું હતું કે શંખ શ્રાવકે રાત્રે પૌષધમાં સારી ધર્મ જાગરણા કરી. તો ત્યાં પણ ગૌતમ સ્વામીએ જાગરણા કેટલા પ્રકારની હોય છે, એવો પ્રશ્ન કર્યો હતો. કોઈ વ્યક્તિ કે દેવ આવીને જાય તો ગૌતમ સ્વામી તેના વિષે પ્રશ્ન કરતા હતા કે આ શ્રાવક આપની પાસે દીક્ષા લેશે કે નહિ ? આ દેવ પહેલા કોણ હતા ? આવી ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી ? આગળ ક્યારે મોક્ષ જશે ? ઈત્યાદિ.

પ્રભુએ તુલ્યતા છ પ્રકારની કહી છે– (૧) દ્રવ્યતુલ્યતા–પરમાણુ આદિ પરમાણુ આદિની સાથે તુલ્ય હોય છે. એક શુદ્ધ આત્મા બીજા શુદ્ધ આત્માની સાથે તુલ્ય હોય છે, આ દ્રવ્યતુલ્યતા છે. (૨) આ જ રીતે અવગાહનાની અપેક્ષા ક્ષેત્ર તુલ્યતા. (૩) સ્થિતિની અપેક્ષા કાલતુલ્યતા (૪) પુદ્‌ગલોના વર્ણાદિની અપેક્ષા અને જીવોના ગુણોની અપેક્ષા ભાવતુલ્યતા. (૫) નરકાદિ દંડકોની અપેક્ષા ભવ તુલ્યતા (૬) પરિમંડલ આદિ આકૃતિની અપેક્ષા સંસ્થાન તુલ્યતા હોય છે.

**પ્રશ્ન–૧૩ : પરભવમાં ઉત્પન્ન થતા સમયે પ્રથમ આહારમાં જીવોમાં સમાનતા હોય છે ?**

**જવાબ :** સામાન્ય કાળ કરનારની અપેક્ષા સંથારામાં કાળ કરીને જનારમાં ત્યાં





આહાર ગ્રહણની આસક્તિ તલ્લીનતા અને પરિણમનમાં વિશેષતા હોય છે. જેમ નિત્યભોજીના અને તપસ્યાના પારણાવાળા તપસ્વીના પ્રાતઃકાલના આહારગ્રહણ અને પરિણમનની તલ્લીનતામાં ફરક હોય છે. તેમજ સંથારામાં કાળ કરીને દેવલોક જનાર જીવોમાં અન્ય સમયની અપેક્ષા જન્મ સમયમાં આહારના ગ્રહણ અને પરિણમનની વિશેષતા હોય છે. તે જીવ વિશેષ તલ્લીનતા તથા આસક્તિથી આહાર પુદ્‌ગલોને ગ્રહણ અને પરિણમન કરે છે. આ વિશેષતા જન્મના પ્રારંભિક સમયોમાં સમજવી.

**પ્રશ્ન–૧૪ : 'લવસત્તમ દેવ' એવું કથન કોના માટે અને શા માટે છે ?**

**જવાબ :** જે દેવ પૂર્વભવમાં સાત લવ જેટલું આયુષ્ય વધારે હોત તો મોક્ષ ચાલ્યા જાત; એવા દેવોને શાસ્ત્રમાં લવસત્તમ દેવ કહ્યા છે. સર્વાર્થસિદ્ધ વિમાનના બધા દેવ લવસત્તમ દેવ કહેવાય છે. તેઓ બધા એક મનુષ્યભવ કરીને મોક્ષ જનાર હોય છે. **એક લવ** એક સેકંડથી મોટો અને એક મિનિટથી નાનો હોય છે. ૪૮ મિનિટ(મુહૂર્ત)માં ૭૭ લવ થાય છે. ૩૩ સાગરોપના આયુષ્યમાં ભોગવવા યોગ્ય પુણ્યાંશોનો તપ-સંયમથી ૭ લવમાં ક્ષય થઈ શકે છે. જેમ સાત પેઢી ચાલનાર ધનનો પ્રચંડ અગ્નિ દ્વારા અલ્પ સમયમાં નાશ થઈ શકે છે. તેમજ ૩૩ સાગર યોગ્ય પુણ્યકર્મ, ૭ લવ જેટલા અલ્પ સમયમાં ધ્યાન-તપની અગ્નિમાં ક્ષય થઈ જાય છે.

ચાર અનુત્તર વિમાનના દેવ લવસત્તમ હોતા નથી. તેઓની ૩૧ સાગરથી ૩૩ સાગરની સ્થિતિ પૂર્ણ થતા તેઓ એક ભવ કે ઉત્કૃષ્ટ ૧૩ ભવ કરીને મુક્ત થાય છે. તે ચારે ય અનુત્તર વિમાનના સમસ્ત દેવ જો પૂર્વભવમાં બે દિવસ આયુષ્ય વધારે હોત તો એક છઠની તપસ્યાથી સંપૂર્ણ કર્મ ક્ષય કરીને મોક્ષ ચાલ્યા જાત. સર્વાર્થસિદ્ધ અને ૪ અનુત્તર વિમાનના દેવોની પરસ્પર આ ભિન્નતા અહીં સાતમા ઉદ્દેશકમાં દર્શાવી છે. આમ પાંચે ય અનુત્તર વિમાન કહેવાય છે. જ્યાં સંપૂર્ણ લોકની અપેક્ષા સર્વોત્તમ, શ્રેષ્ઠ, શ્રેષ્ઠતમ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે. તેનાથી અધિક ઊંચા શબ્દાદિ વિષય અન્યત્ર ક્યાંય પણ હોતા નથી. એથી તેને અનુત્તર દેવ અને તેઓના સ્થાન અનુત્તર વિમાન કહેવાય છે. ॥ ઉદ્દેશક–૭ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૫ : ભગવાન અને ગૌતમસ્વામી ક્યારેય ફુરસદમાં વાર્તાલાપ કરતા હતા ?**

**જવાબ :** એકવાર રાજગૃહ નગરના ઉદ્યાનમાં એવો જ પ્રસંગ હતો. સામેના

વૃક્ષ પર નજર પડી, વિચાર કરતા ગૌતમ સ્વામીએ પૂછ્યું– હે ભગવન્ ! આ શાલવૃક્ષનો મુખ્ય જીવ કાળ કરીને ક્યાં જશે ? ભગવાને ફરમાવ્યું કે આ જ નગરમાં શાલવૃક્ષ રૂપે ઉત્પન્ન થશે.ત્યાં તે વંદિત, પૂજિત, સન્માનિત થશે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રથી મુક્ત થશે.

**બીજો પ્રશ્ન** તે શાલવૃક્ષની શાખાના મુખ્ય જીવ સંબંધી કર્યો હતો. તે જીવ વિંધ્યાચલ પર્વતની તળેટીમાં માહેશ્વરી નગરમાં શાલવૃક્ષ રૂપે ઉત્પન્ન થઈને વંદિત પૂજિત, સન્માનિત થઈને તે પણ મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને મોક્ષ જશે. **ત્રીજો પ્રશ્ન** પણ સામે દેખાતા ઉંબરાના વૃક્ષને માટે કર્યો હતો. તેનો જીવ પાટલીપુત્ર નગરમાં પાટલી વૃક્ષ રૂપે ઉત્પન્ન થઈ વંદિત, પૂજિત થઈને આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રથી મોક્ષ જશે. આમ ગૌતમ સ્વામીની અને ભગવાનની સામાન્ય-વિશેષ વિવિધ ચર્ચા થતી રહેતી હતી.

**પ્રશ્ન–૧૬ : અંબડ સંન્યાસીનું વર્ણન અહીં કઈ રીતે આવ્યું છે ?**

**જવાબ :** પ્રસ્તુત ઉદ્દેશક–૭માં કોઈ સમયે અંબડનું સાતસો શિષ્યો સહિત ભગવાનની પાસે શ્રાવકવ્રત સ્વીકાર કરવાનું, ૭૦૦ શિષ્યોએ ગંગા નદીની રેતીમાં સંથારો કરવાનું, અંબડનું ૧૦૦ ઘરમાં વૈક્રિય લબ્ધિથી એક સાથે ભોજન કરવું વગેરેનું વિસ્તૃત વર્ણન હતું પરંતુ ઔપપાતિક સૂત્રની રચના થઈ જવાથી ત્યાં આ સમસ્ત વર્ણન હોવાથી અહીં આ ઉદ્દેશકમાં લેખનકાળમાં ઔપપાતિક સૂત્રનો નિર્દેશ–ઉલ્લેખ કરીને સંક્ષિપ્ત કરી દેવામાં આવ્યું છે. અંબડનો જીવ પાંચમા દેવલોક પછી મહાવિદેહ ક્ષેત્રમાં ચારિત્ર અંગીકાર કરીને મુક્ત થશે.

**પ્રશ્ન–૧૭ : અવ્યાબાધ દેવ અને શક્રેન્દ્રની વિશિષ્ટ ક્ષમતા શું છે ?**

**જવાબ :** સાતમા લોકાંતિક દેવ અવ્યાબાધ દેવ છે. તે પોતાની દૈવિક શક્તિથી કોઈ વ્યક્તિની આંખોની પાંપણો પર ૩૨ નાટક બતાવી શકે છે. એમ કરવા છતાં પણ તે વ્યક્તિને જરા પણ અડચણ–પરેશાની થવા દેતા નથી.

શક્રેન્દ્ર પોતાની વૈક્રિય શક્તિથી કોઈ વ્યક્તિનો શિરચ્છેદ કરી, ચૂરેચૂરા કરીને કમંડલમાં ભરી શકે છે અને તત્કાલ ફરી જોડીને રાખી શકે છે. એવું બધું એટલી ઝડપથી અને કુશળતાથી કરે છે કે તે પુઢષને જરા પણ તકલીફ ન થવા દે. આ દૈવિક શક્તિ ક્ષમતા દર્શાવવામાં આવી છે. વર્તમાનમાં વૈજ્ઞાનિક સાધનોથી એવું ઘણું ઘણું થવા લાગ્યું છે પરંતુ તેમાં 'જરા પણ તકલીફ ન થાય' એવી વાત થતી નથી.





**પ્રશ્ન–૧૮ : જૃંભક દેવ ક્યાં રહે છે, તેઓના કેટલા પ્રકાર છે ?**

**જવાબ :** ચાર જાતિના દેવોમાં જૃંભક દેવોનો સમાવેશ વ્યંતર દેવોમાં થાય છે. તે દેવો ક્રીડામાં અને મૈથુન સેવન પ્રવૃત્તિમાં આસક્ત બન્યા રહે છે. તે તિરછા લોકના વૈતાઢ્ય પર્વતો ઉપર રહે છે અને નીચે પણ આવતા રહે છે. તે જે માનવ પર પ્રસન્ન થઈ જાય તેને ધન વગેરેથી માલામાલ કરી દે છે અને જેના પર નારાજ થઈ જાય તેને ગમે તે પ્રકારે હાનિ પહોંચાડે છે. તેઓ એક પ્રકારના વ્યંતર જાતિના દેવ જ છે. ૧૫ કર્મભૂમિના ક્ષેત્રોના વૈતાઢ્ય પર્વત પર અને દેવકુરૂ ઉત્તરકુરૂ ક્ષેત્રના કંચનગિરિ પર્વતો પર તથા ચિત્ર, વિચિત્ર, યમક નામના પર્વતો પર રહે છે. તેઓની એક પલ્યોપમની સ્થિતિ હોય છે.

તે દેવોનો મનુષ્યલોકના આહાર, પાણી, ફળ, ફૂલ વગેરે પર અધિકાર હોય છે. તેમાં હાનિ વૃદ્ધિ કરી શકે છે. તેઓના દશ નામથી જ તેઓના કાર્ય સ્પષ્ટ થાય છે, જેમ કે– (૧) અન્નજૃંભક (૨) પાનજૃંભક (૩) વસ્ત્રજૃંભક (૪) લયન(મકાન)જૃંભક (૫) શયનજૃંભક (૬) પુષ્પજૃંભક (૭) ફલજૃંભક (૮) ફલપુષ્પજૃંભક (૯) વિદ્યાજૃંભક (૧૦) અવ્યક્તજૃંભક. સામાન્ય રૂપે બધા પદાર્થો પર આધિપત્ય રાખનાર અવ્યક્ત જૃંભક દેવ હોય છે. ॥ ઉદ્દેશક–૮ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૯ : અણગારના સુખોની દેવસુખો સાથે તુલના કેવી રીતે કરાય છે ?**

**જવાબ :** એક મહિના સંયમ પાલન કરનાર અણગાર વ્યંતરદેવોના સુખનું ઉલ્લંઘન કરી જાય છે. એ જ ક્રમથી ૨ મહિનાથી ૧૨ મહિના સુધીનું સમજવું.

એક મહિનો =વ્યંતર. બે મહિના=નવનિકાય. ત્રણ મહિના= અસુરકુમાર. ચાર મહિના= ગ્રહ,નક્ષત્ર, તારા. પાંચ મહિના=સૂર્ય, ચંદ્ર,. છ મહિના=પહેલો બીજો દેવલોક. સાત મહિના=ત્રીજો ચોથો દેવલોક. આઠ મહિના=પાંચમો છટ્ઠો દેવલોક. નવ મહિના=સાતમો આઠમો દેવલોક. દશ મહિના=૯ થી ૧૨ દેવલોક. અગિયાર મહિના=નવગ્રૈવેયક. બાર મહિના સંયમ પાલન કરનાર અણગાર અનુત્તર વિમાનવાસી દેવોના સુખનું ઉલ્લંઘન કરી લે છે.

આ રીતે અહીં સંયમમાં ભાવિત આત્માના આત્મિક આનંદનો એક અપેક્ષિત મધ્યમ દરજ્જાનો માનદંડ બતાવ્યો છે તેમ સમજવું જોઈએ પરંતુ એકાંતિક રૂપે નહીં સમજવું. કારણ કે કેટલા ય જીવ તો અંતર્મુહૂર્તના સંયમથી જ મુક્તિ પ્રાપ્ત કરી લે છે અને કેટલા ય કરોડો વર્ષોના સંયમથી પણ અનુત્તર વિમાનમાં જતા નથી.

**પ્રશ્ન–૨૦ : અન્ય કયા કયા વિષયોનું વર્ણન આ શતકમાં છે ?**

**જવાબ : (૧)** અણગાર કર્મલેશ્યાને એટલે કે ભાવલેશ્યાને જાણી શકતા નથી પરંતુ ભાવલેશ્યાવાળા સશરીરી જીવને જાણે-દેખે છે. **(૨)** સૂર્ય-ચંદ્રના વિમાનમાંથી જે પ્રકાશ નીકળે છે તે રૂપી દ્રવ્ય લેશ્યાના પુદ્‌ગલોનો હોય છે અર્થાત્ પૃથ્વીકાયિક જીવોના શરીરમાંથી પ્રકાશ નીકળે છે. **(૩)** નારકી જીવોને અનિષ્ટ અને દુઃખકર પુદ્‌ગલોનો સંયોગ થાય છે, દેવોને ઈષ્ટ અને સુખકારી પુદ્‌ગલોનો સંયોગ થાય છે. મનુષ્ય તિર્યંચમાં ઉભય સંયોગ થાય છે. **(૪)** મહર્દ્ધિક દેવ હજારો રૂપ બનાવીને તે બધાથી એક સાથે બોલી શકે છે. તે ભાષા એક જ હોય છે, હજાર હોતી નથી. **(૫)** સૂર્ય વિમાનના પૃથ્વીકાયિક જીવોને આતપ નામક પુણ્ય-પ્રકૃતિનો ઉદય હોય છે અને સૂર્યદેવ જ્યોતિષી દેવોના ઈન્દ્ર પણ છે તેથી સુર્યને અને સૂર્યના અર્થને શુભ માનવામાં આવેલ છે. **(૬)** કેવલી અને સિદ્ધ ભગવાન જ્ઞાનમાં સર્વ અપેક્ષાઓથી સમાન હોય છે. સિદ્ધોને ઉત્થાન કર્મ બલવીર્ય આદિ નહિ હોવાથી તેઓ વચનપ્રયોગ કરી શકતા નથી અને શરીરના અભાવમાં ઉઠવું, બેસવું, ચાલવું આદિ શારીરિક ચેષ્ટાઓ પણ કરી શકતા નથી. કેવલી મનુષ્ય બોલીને જ્ઞાનનું કથન કરી શકે છે અને ઉક્ત બધી શારીરિક ચેષ્ટાઓ પણ કરી શકે છે.

# શતક–૧૫

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં ઉદ્દેશક નથી અને આખા શતકમાં ગોશાલકનો વિષય કથાનક રૂપે વર્ણિત છે. જેમાં ગોશાલકનો પરિચય, ભગવાન મહાવીરનો સંયોગ, ભગવાનની સાથે વિચરણ, વૈશ્યાયન બાલ તપસ્વીની છેડછાડ, તલના સાત જીવોની ઘટના, ભગવાન પાસેથી ગોશાલકનું પૃથક્કરણ, તેજોલબ્ધિની પ્રાપ્તિ અને તેનાથી ગોશાલકનો પ્રભાવ, ભગવાન અને ગોશાલકનું શ્રાવસ્તિમાં આગમન, ગોશાલક દ્વારા તેજોલબ્ધિનો પ્રયોગ, ગોશાલકનો પરાજય અને દુર્દશા, અયંપુલ ગોશાલક શ્રાવક, ગોશાલકનું મૃત્યુ, આગામી ભવ, ભગવાનનો રોગાતંક, સિંહ અણગારનું રેવતી ગાથાપત્નીના ઘરથી ઔષધ લાવવું અને ભગવાનના રોગનું નિવારણ આદિ વિષયોનું વિસ્તૃત વર્ણન છે.





**પ્રશ્ન–૨ : ગોશાલકનો સામાન્ય પરિચય શું છે અને તેને ભગવાનનો સંયોગ કેવી રીતે થયો ?**

**જવાબ :** ગોશાલકના પિતાનું નામ મંખલિ હતું. તે મંખ ભિક્ષાચર હતો. તે ચિત્ર ફલક(ફોટાની તસ્વીર) હાથમાં રાખીને ભિક્ષા માંગતો હતો. એકદા તે ભદ્રા પત્નીની સાથે ફરતાં-ફરતાં શરવણ નગરીમાં આવ્યો. ચાતુર્માસ રહેવાને માટે કોઈ સ્થાન નહિ મળતાં ગોહબુલ નામક બ્રાહ્મણ ગોશાળામાં જ ચાતુર્માસ કર્યું. તેની ભદ્રા પત્ની ગર્ભવતી હતી. તેણીએ ત્યાં પુત્રને જન્મ આપ્યો અને ગોશાળામાં જન્મ થવાથી તેનું સાર્થક નામ ગોશાલક રાખ્યું. યૌવન અવસ્થામાં પહોંચીને તે પણ પિતાની જેમ ચિત્રફલક હાથમાં રાખીને ગુજરાન ચલાવવા લાગ્યો.

ભગવાન મહાવીર સ્વામીએ દીક્ષા લઈને પ્રથમ વર્ષમાં ૧૫–૧૫ ઉપવાસની તપસ્યા કરવાનો સંકલ્પ કર્યો. પ્રથમ ચાતુર્માસ અસ્થિકગ્રામમાં કર્યું. ચાતુર્માસ પછી બીજા વર્ષે ભગવાને મહિના મહિનાની તપસ્યા શરૂ કરી અને બીજું ચાતુર્માસ રાજગૃહી નગરીના નાલંદાપાડાની બહાર તંતુવાયશાલાના એક ઓરડામાં કર્યું.

સંયોગવશ ગોશાલક મંખલિપુત્ર પણ એકલો ભમતો ત્યાં પહોંચી ગયો. નગરીમાં ભમતા કોઈ સ્થાન ન મળવાથી તે પણ તંતુવાયશાળામાં આવીને કોઈ ઓરડામાં રહી ગયો.

ભગવાનના પ્રથમ માસ ખમણનું પારણું રાજગૃહી નગરીમાં વિજય શેઠના ઘરમાં થયું. ભગવાનને પોતાના ઘરમાં આવતાં જોઈને વિજય શેઠ ખુશ થયા, સામે ગયા, આદરપૂર્વક ભગવાનને શુદ્ધ ભાવોથી પારણું કરાવ્યું. ત્રણે યોગોએ શુદ્ધ નિર્દોષ સુપાત્ર દાન દઈને હર્ષિત થયા. તે સમયે તે પરિણામોમાં તેણે દેવાયુનો બંધ કર્યો અને સંસાર પરિત કર્યો. તેના ઘરમાં પાંચ દિવ્યની વૃષ્ટિ થઈ, જેમાં સોનૈયાનો ઢગલો થઈ ગયો અને દેવ દુંદુભિ વાગી. તે વાત નગરમાં ફેલાઈ ગઈ.

ગોશાલકે પણ સાંભળ્યું. તરત જ તે ઘટના સ્થળ પર પહોંચ્યો; તેણે સારી રીતે તે દષ્ય આંખોથી જોયું અને ભગવાનને પણ પારણું કરીને ત્યાંથી નીકળતાં જોયા. ગોશાલક અત્યંત પ્રસન્ન અને આનંદિત થયો.ભગવાનને ભાવયુક્ત વંદન નમસ્કાય કર્યા અને બોલ્યો કે– હું આજથી આપનો શિષ્ય છું, આપ મારા ધર્માચાર્ય છો. ભગવાને તેનો સ્વીકાર કર્યો નહિ, પોતાના સ્થાને પહોંચીને બીજું માસખમણ શરૂ કરી દીધું, ધ્યાનમાં લીન થઈ ગયા. બીજા માસખમણનું પારણું આનંદ શેઠના ઘરે અને ત્રીજા માસખમણનું પારણું સુનંદ

શેઠના ઘરે કર્યું. ત્યાં બંને જગ્યા પણ પંચદિવ્ય પ્રગટ થયા. ચોથું પારણું ચોમાસું પૂર્ણ થતાં વિહાર કરી કોલ્લાક સન્નિવેશમાં બહુલ બ્રાહ્મણના ઘરે કર્યું. ત્યાં પણ પાંચ દિવ્ય પ્રગટ થયા. પારણું કરીને ભગવાને ત્યાંથી વિહાર કરી દીધો.

ગોશાલકે ભગવાનને ત્યાં તંતુવાયશાલામાં જોયા નહિ તેથી રાજગૃહી નગરીમાં બહુ તપાસ કરી પરંતુ ક્યાંય ભાળ મળી નહિ. ત્યારે તેણે તંતુવાય શાલામાં આવીને કપડા, જૂતા આદિ બ્રાહ્મણોને દઈને દાઢી-મૂછ સહિત મસ્તકનું મુંડન કરાવ્યું અને પૂર્ણ નિર્વસ્ત્ર થઈને ભગવાનને ગોતવા નીકળ્યો અને તે સીધો કોલ્લાક સન્નિવેશમાં પહોંચ્યો. ત્યાં તેણે લોકો પાસેથી ભગવાનના પારણા પર પાંચ દિવ્ય પ્રગટ થયાની વાત સાંભળી. તે સમજી ગયો કે ભગવાન અહીં આવ્યા છે. ગોતતા ગોતતા તે નગરીના બહારના માર્ગમાં જતા ભગવાનની પાસે પહોંચી ગયો. પુનઃ વિનય વંદન કરીને ભગવાનને નિવેદન કર્યું કે હું આપનો શિષ્ય છું, આપ મારા ધર્માચાર્ય છો. અત્યંત આગ્રહ, લગન એવં નગ્ન જોઈને ભગવાને તેને શિષ્ય રૂપે સ્વીકારી લીધો. સાથે-સાથે વિચરણ કરતાં સમય વીતવા લાગ્યો.

**પ્રશ્ન–૩ : ગોશાલકનું ભગવાનથી પૃથક્કરણ કેવી રીતે અને ક્યારે થયું તથા વૈશ્યાયન બાલ તપસ્વીની ઘટના શું બની ?**

**જવાબ :** ગોશાલક સાધનાની રુચિવાળો પણ હતો. તેનામાં ભગવાન પ્રત્યે લગન ભક્તિ પણ હતી. તે ભગવાનના તપ પ્રભાવથી ઘણો પ્રભાવિત પણ હતો. પરંતુ મૂળ પ્રકૃતિથી તે ઉદંડ અને દુર્બુદ્ધિવાળો પણ હતો. ભક્તિમાં તેના તે અવગુણ દબાઈ રહ્યા. લગભગ છ વર્ષ તે ભગવાનની સાથે વિચરણમાં રહ્યો. ભગવાનને પ્રશ્ન પૂછીને તે ઘણો અનુભવી, જ્ઞાની, બુહુશ્રુત પણ બની ગયો. ભગવાન પણ યથાસમય તેને ઉત્તર આપીને તેની જિજ્ઞાસાઓનું સમાધાન કરી દેતા હતા. તેની વિચિત્ર પ્રકૃતિના કારણે ભગવાને લાભ-અલાભ, સુખ-દુઃખ, સત્કાર-અસત્કાર આદિ સહન કર્યા અને અનિત્ય જાગરણામાં લીન બની વિચરણ કર્યું.

**વૈશ્યાયન–** છટ્ઠા વર્ષમાં ભગવાન અને ગોશાલક એકવાર વિહાર કરતાં કૂર્મ ગ્રામની બહાર પહોંચ્યા. જ્યાં વૈશ્યાયન બાલ તપસ્વી છઠ-છઠના પારણા કરતાં આતાપના લેતાં રહેતા હતા. તેના મસ્તકની જટામાં ઘણી જૂઓ પડી ગઈ હતી. તે તડકાને કારણે અહીં તહીં પડતી તો તે તપસ્વી તેને ફરી મસ્તક પર મૂકી દેતા હતા. તેને જોઈને ગોશાલકને કુતૂહલ ઉત્પન્ન થયું. ભગવાનની નજર ચૂકાવીને તે તેની પાસે પહોંચ્યો અને વારંવાર એમ કહીને ચીડવવા લાગ્યો કે તું સાધુ છો





કે જૂઓનું ઘર છો, વારંવાર કહ્યા કરવાથી તપસ્વીની શાંતિ ભંગ થઈ, તેણે ગોશાલક પર તેજોલેશ્યા ફેંકી.

તે લેશ્યાના ગોશાલક સુધી પહોંચતા પહેલાં જ ભગવાને શીતલેશ્યાથી તેને પ્રતિહત કરી દીધી. ત્યારે તપસ્વીએ તેજોલેશ્યાને પાછી ખેંચી લીધી અને તેણે ભગવાનને જોઈ પણ લીધા અને કહ્યું હું સમજી ગયો આ આપનો પ્રભાવ છે, આપે જ મારી લેશ્યાને પ્રતિહત કરી છે. પછી ગોશાલકે ભગવાનને પૂછ્યું કે હે ભગવન્ આ જૂઓનું ઘર આપને શું કહી રહ્યો છે ? ત્યારે ભગવાને તેજોલેશ્યાની વાત કરી દીધી કે હે ગોશાલક ! તારી અનુકંપાને માટે મેં શીતલેશ્યાથી તેની તેજોલેશ્યાને પ્રતિહત–નિષ્ફળ બનાવી, જેથી તને કોઈ નુકશાન થયું નહિ, નહિતર હમણાં રાખનો ઢગલો થઈ જાત.

ગોશાલક આ સાંભળીને ભયભીત થયો. વંદન-નમસ્કાર કરીને તેણે ભગવાનને એ જ સમયે પૂછી લીધું કે આ તેજોલેશ્યા કેવી રીતે પ્રાપ્ત થાય છે ? ભગવાને તેને છઠ-છઠના પારણા કરવા, આતાપના લેવી આદિ સંપૂર્ણ વિધિ બતાવી દીધી.

**પૃથક્કરણ–** એક વાર ભગવાન અને ગોશાલક સાથે વિહાર કરીને સિદ્ધાર્થ ગ્રામથી કૂર્મગ્રામ જઈ રહ્યા હતા, વરસાદનો સમય હતો. માર્ગમાં એક તલના છોડને જોઈને ગોશાલકે પૂછ્યું– હે ભગવન ! આ છોડના સાત ફૂલના જીવ મરીને ક્યાં જશે ? ભગવાને ઉત્તર આપ્યો– આ જ છોડની એક ફળીમાં ૭ તલરૂપે ઉત્પન્ન થશે. ગોશાલકને આ ઉત્તર રુચિકર ન લાગ્યો. કુબુદ્ધિ તેના ઉપર સવાર થઈ ગઈ. ભગવાનના વચનને અસત્ય કરવાને માટે તે કોઈ બહાને ધીરે-ધીરે ચાલ્યો અને ભગવાન આગળ વધી ગયા પછી તે પાછો ગયો અને તલના છોડને ઉખેડીને ફેંકી દીધો અને ઝડપથી ભગવાનની પાસે પહોંચીને ચાલવા લાગ્યો.

બંને કૂર્મગ્રામ પહોંચ્યા અને કેટલાક દિવસ ત્યાં રહીને ફરી બંનેએ સિદ્ધાર્થગ્રામ તરફ વિહાર કર્યો. તે જ સ્થળ પાસે પહોંચીને ગોશાલકે ભગવાનને પૂર્વ વાતનું સ્મરણ કરાવીને કહ્યું કે આપે જે કહ્યું હતું તે મિથ્યા થઈ ગયું. અહીં તલનો છોડ છે જ નહિ. ઉત્તર આપતા ભગવાને સ્પષ્ટ કરી દીધું કે તેં પાછળથી જઈને તે છોડને ઉખેડી ફેંકી દીધો હતો. તેની સાથે માટીનું ઘણુ મોટું ઢેફું પણ હતું. થોડીવાર પછી મૂસળધાર વરસાદ પડયો અને તે છોડ ત્યાં માટીમાં પાછો જામી ગયો. થોડે જ દૂર રહેલા તે તલના છોડને બતાવીને ભગવાને કહ્યું કે આ એ જ છોડ છે. તેની અમુક ફળીમાં તેના જ સાત ફૂલોના જીવ મરીને તલનારૂપમાં

ઉત્પન્ન થયા છે. ગોશાલકે ફળી તોડીને તલ ગણી જોયા. ભગવાનનું કથન સત્ય હતું. ગોશાલક પોતાની દુર્બુદ્ધિનો ભાંડો-ભેદ ફૂટી ગયો, એમ સમજીને અત્યંત લજ્જિત થયો અને ત્યાંથી તે ભગવાનને છોડીને ચાલ્યો ગયો.

**પ્રશ્ન–૪ : ભગવાનને છોડીને ચાલ્યા ગયા પછી ગોશાલકે શું કર્યું ?**

**જવાબ :** પોતાની કુબુદ્ધિ અને કુતૂહલમાં પકડાઈ ગયો અને ભગવાનને ખોટા બતાવવામાં જાતે ખોટો પડી ગયો તેથી અતિ શરમાઈ જતા તે ભગવાનની સાથે ન રહી શક્યો. તેથી ત્યાંથી નીકળી ગયો પરંતુ ભગવાન પાસેથી જે જ્ઞાન મળ્યું હતું અને સાધનાનો સંકલ્પ હતો તેનો ત્યાગ કર્યો નહિ. તે તે જ સાધનાથી ચાલતો શ્રાવસ્તીનગરી પહોંચ્યો. એક કુંભકારની શાલામાં રહ્યો. દૃઢ સંકલ્પ સાથે તેજો લબ્ધિ પ્રાપ્ત કરવા માટે ભગવાન દ્વારા બતાવેલ વિધિ અનુસાર છઠ-છઠના પારણા કરવા લાગ્યો અને પારણામાં એક મૂઠી અડદના બાકળા તથા એક પસલી– અંજલી પાણી ગ્રહણ કરી પુનઃ છઠ કરતો. તપસ્યામાં યથાસમય આતાપના પણ લેતો. એમ છ મહિના નિરંતર સાધના કરીને તેણે તેજોલબ્ધિ પ્રાપ્ત કરી લીધી. તેના પ્રયોગ–પરીક્ષા માટે એક પનિહારીના ઘડાને પથ્થર ફેંકીને ફોડવાથી તેના દ્વારા ગાળાગાળી અને હોહા મચાવતાં તેના પર તેજોલેશ્યા ફેંકી તો તે સ્ત્રી બળીને ભસ્મ થઈ ગઈ. લોકોમાં તે મહાતપસ્વી મહાત્મારૂપે પ્રસિદ્ધ થઈ ગયો. લોકોની શ્રદ્ધા ભક્તિ વધતી ગઈ. તપસ્યા તો તેણે તે જ નગરીમાં કરી હતી અને કરતો જ રહેતો હતો. આતાપના પણ લેતો રહેતો તેથી તેનો પ્રભાવ અને ખ્યાતિ વધતી ગઈ.

પાર્શ્વનાથ ભગવાનના ૬ દિશાચર વિદ્વાન સંત પણ ખ્યાતિ સાંભળી ગોશાલકને મળ્યા. ગોશાલકે તેઓની સાથે ઘણો પ્રેમ જમાવ્યો. અંતમાં તેઓ ગોશાલકને આધીન બનીને રહેવા લાગ્યા અને યથાસમય પૂર્વોના જ્ઞાનમાંથી ૮ નિમિત્તશાસ્ત્ર તથા ગીત, નૃત્ય માર્ગનું નિર્યૂહણ કરી ગોશાલકને શીખવ્યું. ગોશાલકે અત્યંત ધ્યાનપૂર્વક તે જ્ઞાન હાંસલ(પ્રાપ્ત) કર્યું અને તે ભૂત-ભવિષ્ય, સુખ-દુઃખ, હાનિ-લાભ બતાવવામાં કુશળ થઈ ગયો. તેનું બતાવેલું પૂર્ણ સત્ય સાબિત થવા લાગ્યું, જેથી લોકો તેને સર્વજ્ઞ સર્વદર્શી માનવા લાગ્યા.

પાર્શ્વનાથ ભગવાનના અનેક સંત વિચરણ કરતાં તેને મળતા અને તેનો પ્રભાવ જોઈને શિષ્યત્વ સ્વીકાર કરવા લાગ્યા. હવે તે પોતાને ૨૪મા તીર્થંકર કહેવા લાગ્યો અને લોકો પણ તેના જ્ઞાન, તપ, શિષ્ય સંપદા, વક્તવ્ય વગેરેથી પ્રભાવિત થઈ તીર્થંકર માનવા લાગ્યા. તેનો ભક્ત સમુદાય વધવા લાગ્યો.





**પ્રશ્ન–૫ : ગોશાલકે આમ કેટલા વર્ષ કર્યું ?**

**જવાબ :** ગોશાલકે લગભગ ૬ વર્ષ ભગવાન સાથે વિચરણ કર્યું અને એકલા વિચરણ કરતા તેને ૧૮ વર્ષ થઈ રહ્યા હતા. એમ તેનો કુલ સાધનાકાળ ૨૪ વર્ષનો થઈ રહ્યો હતો. તે પોતાના વિશાલ આજીવિક સંઘ સહિત શ્રાવસ્તીનગરીમાં આવ્યો અને હાલાહલ નામની મુખ્ય આજીવિકોપાસિકાની કુંભારશાલામાં રહીને વિચરણ કરી રહ્યો હતો.

પ્રભુ મહાવીર સ્વામીના બે ચાતુર્માસ પછી ગોશાલક દીક્ષિત-મુંડિત બન્યો હતો. ભગવાન પોતાના ૨૬મા દીક્ષા વર્ષમાં અને ૧૪મા કેવલી પર્યાયના વર્ષમાં વિચરણ કરતાં શ્રાવસ્તી નગરીના કોષ્ટક ઉદ્યાનમાં પધાર્યા.

નગરીમાં બહુ પહેલાથી જ ગોશાલક આવી ગયો હતો. પોતે તીર્થંકર હોવાનું નિરૂપણ કરવા લાગ્યો. કેટલાય લોકો એવી ચર્ચા કરતાં માર્ગોમાં ઊભા રહી અલગ-અલગ સમૂહમાં પોતાની અસહમતીની પ્રશ્નાર્થ વાતો કરતા હતા. ગૌતમ સ્વામીનું છઠના પારણા માટે નગરમાં જવાનું થયું. લોકોની ભીડ હતી ત્યાંથી તેઓ નીકળ્યા. લોકોની ચર્ચા સાંભળી, ગોચરી લઈને ઉદ્યાનમાં આવ્યા. ભગવાનને આહાર-પાણી દેખાડીને ઈર્યાવહિ કરીને ગોશાલક સંબંધી જનચર્ચાનું નિવેદન કરીને ભગવાન પાસેથી ગોશાલકના આ પ્રકારના ઉત્થાન સંબંધી વૃત્તાંત સાંભળવાની ઈચ્છા પ્રગટ કરી. ભગવાને તેના જન્મથી લઈને આજ સુધીનો જીવનવૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યાં બેઠેલી પરિષદે પણ તે વૃત્તાંત સાંભળ્યો. ત્યાર પછી પરિષદ નગરીમાં ચાલી ગઈ. નગરમાં ચર્ચા થવા લાગી કે ગોશાલક પોતે તીર્થંકર હોવાની પ્રરૂપણા કરે છે અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામી આ પ્રમાણે કહે છે કે એ તીર્થંકર નથી પરંતુ મંખલિપુત્ર છે; અસત્ય પ્રલાપ કરે છે.

આ ચર્ચા ગોશાલકે આતાપના ભૂમિ પાસેથી જતા લોકોના મુખેથી સાંભળી. ભગવાનને તેણે ગુરુ સ્વીકાર્યા હતા તથા પોતાની સ્થિતિમાં મસ્ત હતો પરંતુ લોકોની એવી વાતો સાંભળીને તે અત્યંત ક્રોધિત થયો અને ત્યાંથી નીકળીને કુંભારશાલામાં આવીને બેઠો અને ભગવાન પ્રત્યે ખૂબ જ વિરોધભાવ ધારણ કરીને વિચારમગ્ન બન્યો. એ સમયે ગોશાલકનું આયુષ્ય માત્ર સાત દિવસનું બાકી રહ્યું હતું. તેને લાગ્યું કે આ મહાવીર ભગવાન મારી યશકીર્તિ ધૂળધાણી કરવા ઈચ્છે છે, નિરર્થક જ મારી છેડ કરી રહ્યા છે. જો એ નહિ સમજે તો હું એને તેજોલેશ્યાથી ભસ્મ કરી દઈશ.

**પ્રશ્ન–૬ : ગોશાલક સાત દિવસમાં કેવી રીતે મરી ગયો ? તેણે પોતાની તેજોલબ્ધિનો પ્રભાવ ભગવાન પર કેવી રીતે પાડયો ?**

**જવાબ :** ક્રોધાયમાન ગોશાલક તે જ દિવસે થોડા સમય પછી પોતાના સંઘ સમુદાય સહિત ભગવાનની પાસે કોષ્ટક ઉદ્યાનમાં પહોંચ્યો અને ભગવાનની સામે ઉભી રહીને અનર્ગલ અસભ્ય બકવાટ કરવા લાગ્યો. તિરસ્કારભર્યા વચન, દ્વક્ષ વચન, પઢષ(કઠોર) વચન તે ભગવાનને કહેવા લાગ્યો. અંતમાં ભગવાનને મારવા, લેશ્યાથી બાળવાની ધમકી પણ દેવા લાગ્યો કે 'આજ તમારૂં મૃત્યું નિશ્ચિત છે' તું જીવતો નહિ રહી શકે. આ પ્રકારના અસભ્યતાભર્યા વ્યવહારને જોઈને સર્વાનુભૂતિ અણગારથી રહેવાયું નહિ. તે ગોશાલકને હિત શિક્ષામય વચનોથી સમજાવવા લાગ્યા કે ભગવાને તને દીક્ષિત કર્યો, શિક્ષિત કર્યો, મુંડિત કર્યો, પ્રવ્રજિત કર્યો, બહુશ્રુત કર્યો; તેઓની સામે તું આવો અનર્ગલ બકવાટ અને અસભ્ય વ્યવહાર કરી રહ્યો છે. હે ગોશાલક, તારે આવો વ્યવહાર કરવો ન જોઈએ. એવા શિક્ષાવચન માત્ર શાંતિના શબ્દોમાં કહ્યા તોપણ ક્રોધિત ગોશાલકે એક પ્રહારમાં તેજોલેશ્યાથી તે અણગારને ભસ્મ કરી દીધા. તે શુભ ભાવોમાં મરીને આરાધક બનીને આઠમા દેવલોકમાં ગયા, ત્યાંથી એક ભવ મહાવિદેહમાં કરીને મોક્ષ જશે.

પછી ગોશાલક ભગવાન પર તૂટી પડયો અને અનર્ગલ બકવાટ કરવા લાગ્યો. એટલામાં સુનક્ષત્ર અણગારે પણ ગોશાલકને હિતવચન કહ્યા પરંતુ તે તેજોલેશ્યાના મદમાં અને પોતાની પોલ ખુલવાના ગુસ્સામાં કંઈપણ સાંભળવા તૈયાર ન હતો. કારણ કે જે ખોટો જ પ્રચાર, જાણીબુઝીને હોશિયારીથી કરે છે તે સાચી વાત કરનારને તો પોતાનો કાંટો(વિઘ્નકર્તા)સમજીને મારી નાખવા જ ઇચ્છે છે. સુનક્ષત્ર અણગાર પણ ગોશાલકની લેશ્યાથી અભિહત થયા, આઘાત પામ્યા અને થોડી ક્ષણોમાં શ્રમણોને ક્ષમાપના, વંદન કરીને સંથારો કરી ૧૨મા સ્વર્ગમાં ગયા. એક ભવ કરીને તે પણ મોક્ષ જશે.

ગોશાલકનો ઘમંડ પરાકાષ્ટાએ પહોંચી ગયો હતો. ભગવાન પર ફરી તિરસ્કાર, ધમકીભર્યા વાક્યોની ઝડી વરસાવવા લાગ્યો. ભગવાને પણ તેને તે જ હિતવચન કહ્યા જે બે સંતોએ કહ્યા હતા. ગોશાલક સાત-આઠ પગલા પાછળ ગયો અને પૂરી શક્તિથી ભગવાનને મારવાને માટે લેશ્યાનો પ્રહાર કર્યો, તેજો-લેશ્યા ભગવાની પરિક્રમા લગાવીને આકાશમાં ઉડી ગઈ અને ત્યાંથી પાછી વળીને ગોશાલકના શરીરને બાળતી-પ્રજાળતી તેના શરીરમાં પ્રવેશી ગઈ.





હારેલો ગોશાલક પોતાની જ લેશ્યાથી પરાભૂત થઈને, હારીને ભગવાનને કહેવા લાગ્યો કે તું મારી લેશ્યાના પ્રભાવથી છ મહિનામાં મરી જશે. ભગવાન તો કોઈ કષાય આવેગમાં હતા નહિ. છતાં પણ ગોશાલકના અભિમાનને શાંત પાડવા માટે કહ્યું કે હે ગોશાલક ! હું તો તારી લેશ્યાના પ્રભાવથી છ મહિનામાં મરીશ નહિ પરંતુ ૧૬ વર્ષ સુધી જિનેશ્વરના રૂપે સુખપૂર્વક વિચરણ કરીશ પરંતુ તું પોતે જ હે ગોશાલક ! પોતાની જ લેશ્યાથી બળતો થકો સાત દિવસની અંદર પિત્તજ્વરથી પીડા પામી મરી જશે.

હવે ગોશાલકની શક્તિ પણ નાશ પામી ચૂકી હતી અને જે પ્રયોજનથી આવ્યો હતો તે પણ સિદ્ધ થઈ શક્યું નહિ.

આ રીતે સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ પરમ શાંત તીર્થંકર પ્રભુ સાથે તેજો-લેશ્યાના મદમાં ખોટી ટક્કર લઈ ગોશાલક સાત દિવસ રાતમાં પોતાની તેજો-લેશ્યાની મહાન પીડાથી પીડા પામતો મરી ગયો. અનુમાનથી ગોશાલક ૧૮–૨૦ વર્ષમાં કુંવારા અવસ્થામાં પ્રભુની પાસે દીક્ષિત થયો અને ૨૪ વર્ષ સુધી પર્યાયનું પાલન કરી કુલ ૪૨–૪૪ વર્ષની અલ્પ ઉંમરમાં અભિનિવેશ મિથ્યાત્વને કારણે અર્થાત્ ખોટો–જૂઠો હોવા છતાં પણ જાણીબૂઝીને ખોટે ખોટે પોતાને સાચો સાબિત કરવાની કુબુદ્ધિના કારણે પોતાની લબ્ધિ–શક્તિથી કમોતે મરી ગયો.

**પ્રશ્ન–૭ : ગોશાલક બે અણગારોની હત્યા કરીને અને પ્રભુ પર મારક પ્રહાર કરીને મરીને ક્યાં ગયો ?**

**જવાબ :** ગોશાલકે ગરીબ માગણ કુળમાં જન્મ લઈને યૌવનના પ્રારંભમાં જ ભગવાનની ભક્તિથી પરમ ત્યાગી નગ્ન જીવનમાં પ્રવેશ કરી દીધો. ભગવાનની સાથે રહીને પણ તે તપ ત્યાગ અને સંયમજીવન જીવ્યો હતો. સામાન્ય કુતૂહલ વૃત્તિના કર્તવ્યો માત્ર કર્યા હતા. ભગવાનથી અલગ થયા પછી પણ નગ્ન જ રહ્યો. તપસ્યા કરવામાં પણ દઢ મનોબલી હતો. ભગવાન ઉપર આક્રમણ કરવા આવ્યો તે દિવસ સુધી પણ આતાપના ભૂમિમાં આતાપના લઈ રહ્યો હતો. હજારો લાખોના જનસમુદાય રૂપ સંઘનો તે સંચાલક હતો. તીર્થંકર કહેવડાવવા અને મનાવવા જેટલું મનોબળ, તપબળ ને જ્ઞાનબળ પણ હતું. તેણે વિનયપૂર્વક ભગવાન પાસેથી અને અન્ય શ્રમણો પાસેથી જ્ઞાન ગ્રહણ કર્યું હતું.

તેજોલબ્ધિથી ક્ષણિક માન, દંભ અને ક્રોધાવેશમાં પંચેન્દ્રિય અને શ્રમણની હત્યા કરી હતી અને ગુઢદ્રોહી અને ગુઢઘાતી બન્યો હતો, તે એક

દિવસની થોડીક જ ક્ષણોમાં. તેના શરીરમાં લેશ્યા પુનઃ પ્રવિષ્ટ થઇ ગયા પછી, હારીને પોતાના સ્થાનમાં આવ્યા પછી તો તેનો ગુસ્સો ઘમંડ જરા પણ ટક્યો નહિ. ભગવાનની નિંદા તિરસ્કાર પણ તેના બંધ થઇ ચૂકયા હતા. રૌદ્રધ્યાન પણ તે સાત દિવસમાં રહ્યું નહિ. આટલું હોવા છતાં પણ ઋષિઘાતક, ગુઢદ્રોહી હોવાથી અંતિમ પરિણામ બગડી જતા તે નરકમાં જવાને યોગ્ય જ હતો પરંતુ અંતિમ સમયમાં તેને આપોઆપ સમકિત આવી ગયું, પોતાની ભૂલની આત્મ સ્વીકૃતિ થઇ ગઇ તથા શિષ્યો સમક્ષ સ્પષ્ટીકરણ પણ કરી દીધું કે ભગવાન મહાવીર જ સાચા તીર્થંકર છે અને હું તેમના કથન અનુસાર તે જ ગોશાલક મંખલિપુત્ર જ છું અને ભગવાનનો શિષ્ય ગોશાલક જે બન્યો હતો તે પણ હું જ છું, હું શ્રમણઘાતક ગુઢદ્રોહી છું.

આ પ્રમાણે પોતાના સમસ્ત જૂઠ, કપટ, દુરાગ્રહોનું સત્ય સ્પષ્ટીકરણ મૃત્યુની ક્ષણોમાં તેણે કરી દીધું અને પ્રાયશ્ચિત્ત, પશ્ચાત્તાપરૂપે એ પણ કહી દીધું હતું કે મૃત્યુ પછી મારા શરીરને સીંદરીથી બાંધીને મોઢામાં થૂંકશો અને નગરીમાં ફેરવીને મારી નિંદા કરશો કે આ એ જ ગોશાલક છે, સાધુઓનો હત્યારો છે, તીર્થંકર હતો નહિ અને છદ્મસ્થ જ મરી ગયો છે, કેવલજ્ઞાની હતો નહિ. એટલું સર્વ કંઇ કહેતા અંતિમ મૃત્યુ ક્ષણોમાં તેની આલોચના પ્રાયશ્ચિત્તરૂપ થઇ જવાથી અને પૂરું જીવન અધિકતમ તપ, ત્યાગમય હોવાથી તે શુક્લલેશ્યામાં બારમા દેવલોકનું આયુષ્ય બાંધીને શુક્લલેશ્યામાં જ મૃત્યુ પામીને બારમા દેવલોકમાં ગયો. દેવલોકના ૨૨ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને શેષ પુણ્ય ક્ષય કરવા માટે એક મનુષ્યનો ભવ કરશે જ્યાં મહાન ઋદ્ધિસંપન્ન રાજા બનશે. રાજસી ઐશ્વર્યનો સ્વામી બનીને સુખોપભોગ કરશે. ત્યાં આ ભવમાં કરેલી તીર્થંકરની આશાતના અને શ્રમણ હત્યાના પાપફળ સ્વરૂપ સાધુઓનો દ્વેષી, મહાદ્વેષી બનશે. અંતમાં પુણ્ય નષ્ટ થઇ જતા એક તપસ્વી લબ્ધિધારી આકાશગામી વિદ્યાધારી મુનિના કોપથી તેજોલેશ્યાથી બળીને ભસ્મ થશે અને ત્યાંથી નરકમાં જશે. ત્યાર પછી તે એક-એક નરકમાં બબ્બેવાર, વચમાં મનુષ્ય તિર્યંચના ભવ કરતો જશે. એમ આગળ અનંત જન્મ-મરણ અત્યંત દુઃખમય વ્યતીત કરશે.

**પ્રશ્ન–૮ : ગોશાલકે ભગવાનના સમવસરણમાં આવવા પહેલા કોઈ સૂચના મોકલી હતી ? ભગવાનને સત્ય કથનથી રોકવાનો પ્રયત્ન કર્યો હતો.**

**જવાબ :** ગોશાલક આતાપના ભૂમિથી પોતાના સ્થાને આવીને ચિંતાતુર બેસી ઉપાય વિચારી રહ્યો હતો કે કોઈ પણ પ્રકારે ભગવાન મારી પોલ ખોલવાનું બંધ





કરી દે. અન્યથા મારે તેને લેશ્યાથી ખતમ કરી દેવા પડશે. એવા સમયે આનંદ નામના ભગવાનના સંત ગોચરી લઈને ગોશાલકની નજીકના માર્ગથી ઉદ્યાનમાં જઇ રહ્યા હતા. ગોશાલકે તેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે આનંદ ! તમે મારી પાસેથી એક દષ્ટાંત સાંભળો એમ કહીને તેણે દષ્ટાંત કહેવાનું શરૂ જ કરી દીધું.

કોઈ એક સમયે કેટલાક વ્યાપારી ધન કમાવાને માટે યાત્રા કરવા નીકળ્યા. માર્ગમાં ભયંકર અટવી આવી. આસપાસમાં કોઈ ગામ હતું નહિ. તેઓની પાસેનું પાણી ખલાસ થઇ ગયું. પાણીની શોધ કરતાં કરતાં તેઓએ એક વલ્મીક–રાફડો જોયો. તેને ચાર સુંદર શિખર હતા. પરસ્પર વિચાર કરીને તેઓ ત્યાં રોકાયા અને એક શિખરને પાણીની આશાએ તોડયું. ઇચ્છાનુસાર તેઓને સુંદર-મધુર પાણી પ્રાપ્ત થયું, બધાએ તૃષા શાંત કરી અને પોતાની પાસેના જલકુંભોમાં ભરચક પાણી ભરી લીધું.

પરસ્પર વિચારણા કરી અને સોનાની ઇચ્છાથી બીજું શિખર તોડયું, તેમાં પણ તેઓને ઇચ્છિત પુષ્કળ શુદ્ધ સોનું મળ્યું. પોતાની પાસેના ગાડાઓમાં તેઓએ યથેચ્છ સોનું ભરી લીધું પછી રત્નોની આશાથી ત્રીજું શિખર તોડયું તેમાં પણ તેઓને સફળતા મળી, ઇચ્છિત રત્નોનો ઢગલો પણ પોતપોતાના ગાડાઓમાં ભરી લીધો. તેઓની લોભસંજ્ઞા આગળ વધી. ચોથું શિખર તોડવાની વિચારણા કરી ત્યારે એક અનુભવી હિતેચ્છુ વ્યાપારીએ ઇન્કાર કરી કહ્યું કે આપણે ઇચ્છિત સામગ્રી મળી ગઇ છે હવે ચોથા શિખરને તોડવું જોઇએ નહિ. સંભવ છે કે તેને તોડવું આફતનું કારણ બની શકે છે. તે અનુભવી વ્યક્તિએ પોતાનો પુરો આગ્રહ કર્યો પરંતુ બહુમતની પાસે તેનું કંઇ જ ચાલ્યું નહિ.

ચોથું શિખર તોડી નાખવામાં આવ્યું. તેમાંથી દષ્ટિવિષ સર્પ નીકળ્યો અને રાફડાની ઉપર ચડીને સૂર્યની તરફ જોયું અને પછી વ્યાપારી વર્ગની તરફ અનિમેષ દષ્ટિએ જોયું. વણિકોને તેઓના બધા સાધનો સહિત બાળીને ભસ્મ કરી દીધા. જેણે ચોથું શિખર તોડવાની ના કહી હતી તેના પર અનુકંપા કરીને નાગરાજ દેવે સામાન સંપત્તિ સહિત તેના નગરમાં પહોંચાડી દીધો.

હે આનંદ ! એ પ્રમાણે તારા ધર્માચાર્યે ઘણી જ ખ્યાતિ, આદર, સન્માન પ્રાપ્ત કરી લીધેલ છે. હવે જો મારા વિષે કંઇ પણ કહેશે તો તે સર્પરાજની સમાન હું પણ મારા તપ તેજથી બધાને બાળીને ભસ્મ કરી દઇશ અને જો તુ મારો સંદેશ પહોંચાડી મના કરી દેશે તો હું પણ તે હિત સલાહ દેનાર વણિકની જેમ તારી રક્ષા કરીશ. માટે જા, તારા ધર્માચાર્યને આ મારી વાત કરી દેજે.

આનંદશ્રમણે આવીને સંપૂર્ણ વાતનું ભગવાન સમક્ષ નિવેદન કરી દીધું અને પૂછ્યું કે હે ભગવન્ ! શું ગોશાલકની પાસે એટલી શક્તિ છે ? ભગવાને ઉત્તરમાં સ્પષ્ટીકરણ કર્યું કે ગોશાલક એમ કરવામાં સમર્થ તો છે પરંતુ તીર્થંકર પર તેની શક્તિ ચાલી શકતી નથી. માત્ર પરિતાપ પહોંચાડી શકે છે. હે આનંદ ! ગોશાલકથી અનંતગણી શક્તિ શ્રમણનિર્ગ્રંથો અને સ્થવિરોની પાસે હોય છે પરંતુ તેઓ ક્ષમાશ્રમણ હોય છે, તેથી તેઓ એવું આચરણ કરતા નથી. એનાથી પણ અનંતગણી શક્તિ તીર્થંકરો પાસે હોય છે પરંતુ તેઓ પણ ક્ષમાના ધારક હોય છે, એવા હિંસક આચરણ તેઓ કરતા નથી. તેથી હે આનંદ ! તમે ગૌતમાદિ બધા શ્રમણોને સૂચિત કરી દો કે કોઈપણ નિર્ગ્રંથ, ગોશાલક સાથે જરા પણ ધાર્મિક ચર્ચા પણ ન કરે, કારણ કે તે અત્યારે વિરોધભાવમાં ચડેલો છે. આનંદ શ્રમણે અન્ય શ્રમણોને સૂચના આપી દીધી અને સંપૂર્ણ વિવરણ પણ બતાવી દીધું. ગોશાલકથી રહેવાયું નહિ, તેનો ક્રોધ ઉગ્ર થતો ગયો અને તે પોતાના સંઘની સાથે અત્યંત ગુસ્સામાં ત્યાં પહોંચી ગયો.

ગોશાલકનો ઉદ્દેશ હતો કે આનંદ દ્વારા ધમકી આપવાથી હિંસાના અનર્થથી ડરીને મહાવીર મારી પોલ ખોલવાનું, લોકોને સાચી વાત કહેવાનું બંધ કરી દેશે અને હું પણ જઈને ડરાવીશ, ધમકાવીશ, જેથી તે મારી ચર્ચામાં નહિ પડે. પરંતુ તેનું વિચારવાનું સાચું ન થયું. ભગવાનને સત્ય કથન કરવામાં ભયનો કોઈ પ્રશ્ન જ ન હતો. ગોશાલકના સામે આવી જવા છતાં પણ બે અણગારો અને ભગવાને પણ ગોશાલકને સત્ય વાત જ કહી હતી કે તું તે જ ગોશાલક મંખલિપુત્ર છે, વ્યર્થ જ શા માટે છૂપવા ઈચ્છે છે ? તારે માટે એમ કરવું યોગ્ય નથી કારણ કે તું તે જ ગોશાલક છે, અન્ય નથી.

આ પ્રમાણે ગોશાલકે જોઈ લીધું કે આનંદને એટલું સમજાવીને મોકલ્યો હતો તોપણ આ લોકોએ મારી સાચી વાત કરવાનું છોડયું નથી. તેની પાસે હવે મારક પ્રયોગ સિવાય પોતાની સુરક્ષાનો કોઈ ઉપાય રહ્યો નહિ. ત્યારે તેણે તેજોલબ્ધિનો પ્રયોગ કરવાનું અનિવાર્ય સમજ્યું.

ગોશાલકે પોતાને છુપાવવા માટે ગંગાનદીના રેતીના કણ-કણની ઉપમાથી દેવલોકનું આયુષ્ય બતાવીને કહ્યું કે હું એવા દેવલોકના સાત ભવ કરીને આવ્યો છું અને આ મનુષ્ય ભવમાં પણ મેં સાત પઉટ્ટ પરિહાર કર્યા છે અર્થાત્ સાત શરીરોમાં પ્રવેશ કર્યો છે અને થોડા થોડા વર્ષો તે શરીરોમાં રહેતાં કુલ ૧૩૦ વર્ષ થયા છે. આ સાતમો પ્રવેશ મેં ગોશાલકના મૃત શરીરમાં કર્યો છે, એને પણ





૧૬ વર્ષ થઈ ગયા છે. એથી હું આપનો શિષ્ય ગોશાલક નથી, તેના શરીરમાં મારો પ્રવેશ છે. એવી મનમાં ઘડી કાઢેલી જૂઠી કલ્પિત વાત ભગવાનને અને શ્રોતાઓને ચક્કરમાં નાખવા માટે કહીને તે આશા કરતો હતો કે ભગવાન મને પોતાનો શિષ્ય ગોશાલક માનવા કહેવાનું છોડી દે. પરંતુ સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન તો તેના ખોટા નિરૂપણને, 'આ બુદ્ધિનો દુરુપયોગ કરી રહ્યો છે' એવું સ્પષ્ટ જાણતા હતા. તેથી તેઓએ ગોશાલકની તે કલ્પિત વાતોને સ્વીકારી નહિ અને તેને જૂઠી રીતે પોતાને છુપાવનાર ઘોષિત કરવાનું ચાલુ રાખ્યું.

ભગવાન તો સર્વજ્ઞ હતા, તેઓ તો હાથમાંના આમળાની જેમ ભાવિ સ્પષ્ટ જાણતા હતા કે આ ગોશાલક આખરે નિસ્તેજ બનીને જનાર છે. પોતાના ખોટા કર્તવ્યોના ફળ સ્વયં પ્રાપ્ત કરનાર છે, સત્ય થોડી વારમાં જ સામે આવનાર છે અને ગોશાલકના સેંકડો શ્રમણ અને હજારો લાખો અનુયાયી સત્ય તત્ત્વને સમજીને સાચા માર્ગને સ્વીકારવાના છે માટે તેવી વચનસ્પર્શના જાણીને ભગવાને મૌન નહિ રાખતાં ગોશાલકની સત્ય વાત નીડરતાથી વારંવાર કહી કે તું ખોટો જ છુપાઈ રહ્યો છે, પરંતુ છે તો તે જ ગોશાલક અને તે જ તારું આ ગોશાલક શરીર છે, તું અન્ય કોઈ પણ નથી. ગમે તેટલી લાંબી લાંબી જૂઠી વાતો બનાવી રહ્યો છે તોપણ તું પોતાની જાતને છેતરી રહ્યો છે. સર્વજ્ઞ સર્વદર્શીને ખોટા ધોખા દેવાથી કંઈ ચાલી શકતું નથી.

થવાનું એ જ હતું. ગોશાલક ભગવાન પર લેશ્યા ફેંકીને ખાલી નિસ્તેજ થઈ ગયો. ભગવાનના શ્રમણ નિર્ગ્રંથોએ પણ ભગવાનની અનુમતિથી ગોશાલકને ધર્મચર્ચા કરી નિરુત્તર કર્યો. તેને ઘણો ગુસ્સો ચડતો ગયો પરંતુ હવે શક્તિ વિહીન તે સંતોનું કંઈ પણ બગાડી શકયો નહિ. ત્યારે ગોશાલકના કેટલા ય સંતોએ આ જોઈને ગોશાલકને છોડીને ત્યાં જ ભગવાનની પાસે જઈને વંદન નમસ્કાર કરીને ભગવાનની નિશ્રા સ્વીકાર કરી અને કેટલાક ગોશાલકની સાથે ચાલ્યા ગયા.

સાત દિવસમાં ગોશાલકના મૃત્યુ પછી અને તેણે જાતે જ પોતાને ગોશાલક તરીકે સ્વીકાર્યા પછી પણ અનેક શ્રમણ ભગવાનની પાસે પહોંચીને પોતાની સાચી આરાધનામાં લાગી ગયા. ભગવાન તો સર્વજ્ઞ હોવાથી આ બધું પરિવર્તન થવાનું પહેલાથી જ જાણતા હતા. ભગવાને જ્ઞાનમાં જે સ્પર્શના જોઈ તેવો જ બધો વચન આદિ વ્યવહાર કર્યો. તેઓમાં તો રાગદ્વેષ કે આવેશ વગેરે કંઈ પણ હતું નહિ. છદ્મસ્થ કાલમાં સંગમ દ્વારા છ મહિના સુધી ભયંકર કષ્ટ આપવા છતાં પણ ભગવાન તો તટસ્થ રહ્યા હતા. ત્યારે હવે તો ભગવાનના

મોહ, અજ્ઞાન કર્મ સર્વથા નષ્ટ થઈ ગયા હતા, તેઓમાં શાંતિ, સમભાવ, ગંભીરતાનો કોઈ અંત જ હતો નહિ. આમ છતાં આવી બધી ઘટના, હોનહાર બનવાનું હોય જેમ બને, તેને કોઈ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન પણ ટાળી શકતા નથી. સંસારમાં આવી અનહોની ઘટનાઓ બનતી જ રહે છે. તેને રોકવાનું કોઈના હાથમાં હોતું નથી. અરિષ્ટનેમિ ભગવાનની હયાતીમાં પણ ગજસુકુમાલ મુનિના મસ્તક ઉપર કોઈ ધગધગતા અંગારા મૂકી દીક્ષાના પ્રથમ દિવસે જ પ્રાણાંત કષ્ટ આપી દે તો ત્યાં તીર્થંકર ભગવાનનો અતિશય પણ ચાલતો નથી.

**પ્રશ્ન–૯ : ગોશાલકના શ્રાવકોમાં કે સાધુઓમાં કોઈ સાચી સલાહ આપનાર ન હતું ?**

**જવાબ :** ઘણું કરીને એક સરખા મિથ્યાત્વ અજ્ઞાનના ઉદયવાળાઓનો સમૂહ બની જાય છે. બધા પોતાના સમૂહની ખામીઓને નિભાવવાના માનસવાળા જ પ્રાયઃ હોય છે. કોઈક સત્યનિષ્ઠ પ્રકૃતિનો માનવી હોય તો તે એવા સંઘમાંથી નીકળી જાય છે. તેથી ગોશાલકને જે મનમાં ગમ્યું તે ચલાવ્યું, ખોટા નિરૂપણ કર્યા, કલ્પિત વાતો ચલાવી, હિંસાત્મક પ્રવૃત્તિઓ કરી, અનર્ગલ બકવાટ કર્યો અને ભગવાન પર બહુ ખીજાઈ ખીજાઈને તિરસ્કારાત્મક શબ્દ બોલીને ડરાવવા અને ધમકી આપવાના પ્રયત્નો કર્યા. માનવ જ્યારે બહુ ક્રૂર બની જાય છે ત્યારે કોઈ તેનો સામનો કરવા ઈચ્છતું નથી. પક્ષાગ્રહ વૃદ્ધિ અને મોહભાવ ઘૂસી જાય છે. તોપણ કોઈ વિરોધ કરતું નથી તથા પુણ્યોદયનું જોર હોય કે શક્તિનું જોર હોય, ત્યાં સુધી પણ વ્યક્તિ જે ચલાવે તે ચાલી જાય છે. તેવી જ હાલત ગોશાલકની બની હતી. તેના સમસ્ત અપપ્રચારનો અંત આવી ગયો હતો. તેથી જ એક નગરમાં ભગવાન અને ગોશાલકનો ભેગા થવાનો સંયોગ બન્યો.

ગૌતમ સ્વામીએ તો જેમ હંમેશા પ્રશ્ન પૂછતા હતા તેમ જ સ્વાભાવિક પ્રશ્ન પૂછ્યો હતો અને ભગવાન તો નિશ્ચયજ્ઞાની અને ત્રિકાળજ્ઞાની હતા. તેથી સ્વાભાવિક જ સમાધાન કર્યું. તેમાં ગોશાલકની ગુપ્તતા અને અસત્યતાનું પ્રગટીકરણ થયું. એક શ્રાવક 'અયંપુલે' ગોશાલકને પોતાના ઉપાશ્રયમાં તેજોલેશ્યાથી પીડિત પાગલ જેવો વ્યવહાર કરતાં અને કેરી ખાતાં જોયો ત્યારે તેને કંઈ અજુગતું લાગ્યું. તે વંદન, દર્શન કર્યા વિના ઘરે પાછો જઈ રહ્યો હતો ત્યારે એક શ્રમણે તેને પોતાની પાસે બોલાવીને ફરી આકર્ષિત કર્યો અને શ્રદ્ધાન્વિત બનાવીને ગોશાલકની પાસે મોકલ્યો અને ગોશાલકે પણ અહીં તહીંની જૂઠી વાતો કરી તેને શ્રદ્ધાવાન બનાવ્યો. કોઈ કહે કે ન કહે, તેના મૃત્યુ પછી આપોઆપ બધી વાત સ્પષ્ટ થઈ





ગઈ. હઠાગ્રહી અને દૂરાગ્રહી અભિનિવેશી પ્રકૃતિવાળાઓ સિવાય બાકી બધા ગોશાલકના શ્રાવક અને સાધુ તેમજ સંપૂર્ણ સંઘ વિખેરાઈ ગયો. ભગવાન મહાવીરે તો તેના પછી પણ ૧૬ વર્ષ કેવલપર્યાયમાં વિચરણ કર્યું અને અનેક હળુકર્મી જીવોએ પ્રભુ પાસેથી સન્માર્ગ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ કર્યું.

**પ્રશ્ન–૧૦ : એક ધર્મસભાનું સ્થાન હત્યાકાંડનું સ્થાન બન્યું, જેનો સામાન્ય જનતામાં શું પ્રતિભાવ થયો ?**

**જવાબ :** ક્યાંય પણ હત્યાકાંડ થાય તો વેર વિરોધ, હો હા, લડાઈ-ઝઘડા, સાંપ્રદાયિક ઝઘડા, બહુજોર પકડી લે છે પરંતુ આ પ્રસંગમાં એવું કંઈ થયું નહિ. કારણ કે એક બાજુ બહુ શિસ્તબદ્ધ સંઘ હતો અને બીજી બાજુ એક તરફી આક્રોશ હતો તથા અચાનક બનાવ બન્યો. અગાઉથી યોજનાબદ્ધ અથવા કૂટનીતિ, રાજનીતિનું કોઈપણ પ્રકારનું વાતાવરણ(માહોલ) હતું નહિ. ગોશાલક પણ એકલો જ બોલ્યો જતો હતો, તેના તરફથી પણ વચમાં કોઈ સાધુ-શ્રાવકે ભાગ લીધો નહિ. ભગવાનની તરફથી તો પરમ શાંતિમય સચોટ સત્ય શાલિનતાભર્યો પ્રત્યુત્તર હતો. બે સાધુ વચ્ચે બોલ્યા પરંતુ અસભ્યતાપૂર્ણ અથવા આક્રોશમય પ્રતિકાર રૂપમાં કે શેરને માથે સવા શેરના રૂપમાં નહિ પરંતુ સમજાવટ અને હિતશિક્ષાના વચનોમાં શાલીનતા પૂર્ણ તેઓનું વક્તવ્ય હતું. કોઈને ખરાબ લાગે તેવા વચન હતા નહિ, તેઓને પણ એકલા ગોશાલક દ્વારા **તત્કાલ** મારી દેવામાં આવ્યા. તો તે વાત ત્યાં જ પૂરી થઈ ગઈ.

ભગવાનની તરફથી કોઈએ કોઈને ઉશ્કેર્યા નહિ, બંને તરફથી પરિષદ પૂરી ચૂપ-શાંત હતી અને જનતા પણ થોડી હતી. બીજા પ્રહર મધ્યાહનનો સમય હતો અને ગોચરીના સમય પછી તુરત જ ૨–૩ કલાકમાં જ સંપૂર્ણ ઘટના સમાપ્ત થઈ ગઈ. ગોશાલકે પણ પરાજિત થવાથી આગળ કોઈ ઝઘડો વધાર્યો નહિ, નિંદા કલેશનું વાતાવરણ ઊભુ કર્યું નહિ પરંતુ પોતાની વેદના, આપત્તિથી સમજપૂર્વક શાંતિથી છૂટકારો મેળવવાનો ઉપાય અપનાવ્યો. સાત દિવસમાં સભાઓ ભરવા; વિરોધ, પ્રચાર, ભાષણ કરવા વગેરે કંઈ કર્યું નહિ. બધો મામલો ગમગીન જેવો બની ગયો હતો. કેટલાક લોકોમાં થોડી ચર્ચા થતી હતી કે બે તીર્થંકર મહાત્મા પરસ્પર ઝઘડી રહ્યા છે. એક કહે તું છ મહિનામાં મરી જશે, તો બીજા કહે કે તું સાત દિવસમાં મરી જશે. આ વાતાવરણ પણ ભોળા અજાણ લોકોમાં રહ્યું. કારણ કે ધર્મી અને જ્ઞાની લોકો તો સમજતા હતા કે મહાવીર પ્રભુ ૨૪મા તીર્થંકર છે. તેઓએ કંઈ હિંસાત્મક અથવા ક્રોધાત્મક વ્યવહાર તો કર્યો જ

નથી. તેઓ તો સર્વજ્ઞ સર્વદર્શી છે અને સાત દિવસમાં ગોશાલક પોતે જ સત્ય સ્વીકાર કરીને મૃત્યુ પામ્યો. તેથી સહજ અધિકતમ વાતાવરણ તો સુધરી જ ગયું. તોપણ દુનિયાના લોકો તો દોરંગી વ્યવહારવાળા હોય એમાં કોઈ નવીનતા હોતી નથી. આવડી મોટી ઘટનાની થોડી ઘણી અસર અવશ્ય હોઇ શકે છે પરંતુ પાછળથી વિશેષ પ્રચાર-પ્રસાર કરીને તેમાં વધારો કરનારું કોઈ વાતાવરણ હતું નહિ. જેથી થોડા સમયમાં જ તે દશ્ય સમાપ્ત થઈ ગયું હશે.

**પ્રશ્ન–૧૧ : ગોશાલકે ભગવાનને છ મહિનામાં મરી જવાનું કહ્યું હતું તેનું શું થયું ?**

**જવાબ :** ગોશાલકે ગુસ્સામાં ને ગુસ્સામાં પૂરો ઉપયોગ નહિ લગાવ્યો. અપૂર્ણ જ્ઞાનથી ઉતાવળમાં કહી દીધું હતું. વાસ્તવમાં ભગવાનને તે તેજોલેશ્યાની પ્રતિચ્છાયાનો પ્રભાવ શરીરમાં થયો હતો. જેથી ભગવાન છ મહિના સુધી અસ્વસ્થ રહ્યા, છતાં પણ શ્રાવસ્તિ નગરીથી યથાસમય વિહાર કરી દીધો. વિચરણ કરતાં કરતાં **મેંઢિકગ્રામ** નામના નગરમાં પધાર્યા. પૂર્વ ઘટનાને લગભગ છ મહિના થવા આવ્યા હતા. ભગવાનના શરીરમાં મહાન પીડાકારી દાહકારક પિત્તજ્વર ઉત્પન્ન થયો અર્થાત્ ભગવાનનું શરીર મહાન રોગાતંકથી આક્રાંત થઈ ગયું. તે રોગના કારણે લોહીપઢના ઝાડા પણ થવા લાગ્યા. આ સ્થિતિને જોઇને લોકોમાં ચર્ચા થવા લાગી કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગોશાલકના તપતેજથી આક્રાંત થઈને દાહ પિત્તજ્વરથી હવે છદ્મસ્થ જ કાલ કરી જશે.

**સિંહ અણગારનું રુદન–** બગીચામાં એક તરફ ભગવાનના અંતેવાસી ભદ્ર વિનીત, સિંહ નામના અણગાર આત્મધ્યાન, સાધના કરી રહ્યા હતા અને આતાપના લઈ રહ્યા હતા. તેના કાને ઉક્ત લોકાપવાદના શબ્દ પડયા. સિંહ અણગારને સંકલ્પ-વિકલ્પ થવા લાગ્યા કે ભગવાનના શરીરમાં પ્રચંડ વેદના ઉત્પન્ન થઈ છે અને તેઓ છદ્મસ્થ જ કાલ કરી જશે વગેરે એવી માનસિક મહાન વ્યથાથી તે પીડા પામ્યા, આતાપના ભૂમિથી બહાર આવ્યા અને એક તરફ જઈને પોતાના દુઃખના અતિરેકમાં અત્યંત રુદન કરવા લાગ્યા.

ભગવાને શ્રમણોને મોકલીને સિંહ અણગારને પોતાની પાસે બોલાવ્યા અને સમજાવ્યું કે આવું આર્તધ્યાન કરવું યોગ્ય નથી. હું હજુ સાડાપંદર વર્ષ વિચરણ કરીશ. તમે રેવતી શેઠાણીના ઘરે જાઓ, તેણીએ મારા ઉદ્દેશ્યથી જે કોળાપાક બનાવ્યો છે, તે નહિ લાવશો પરંતુ પોતાના ઘોડાના ઉપચાર માટે





પહેલાંથી(કેટલાક દિવસ પહેલાં) બિજોરાપાક બનાવ્યો હતો જેમાંથી થોડોક બચેલો(વધેલો) પડયો છે, તે લઈ આવો.

**રેવતીનું સુપાત્ર દાન રોગ નિવારણ–** ભગવાનની આજ્ઞા થતાં સિંહ અણગાર રેવતી શેઠાણીના ઘરે ગયા. શેઠાણીએ આદર સત્કાર સાથે આવવાનું પ્રયોજન પૂછયું. (કારણ કે તે સમય ભિક્ષાનો સમય રહ્યો ન હતો) સિંહ અણગારે પોતાનું પ્રયોજન કહી દીધું કે ભગવાનને માટે જે કોળાપાક બનાવ્યો છે તે તો નથી જોઈતો પરંતુ બિજોરા પાક જોઈએ છે. રેવતીએ પોતાની ગુપ્ત વાતને જાણવાનો હેતુ પૂછયો. સિંહ અણગારે ભગવાનના જ્ઞાનનો પરિચય આપ્યો. પછી રેવતીએ ભક્તિપૂર્વક બિજોરાપાક વહોરાવ્યો. ભાવોની, દાનની અને પાત્રની એમ ત્રિકરણ શુદ્ધિથી તે રેવતી શેઠાણીએ દેવાયુનો બંધ કર્યો અને સંસાર પરિત્ત કર્યો. ત્યાં પણ પાંચ દિવ્ય પ્રગટ થયા. સિંહ અણગાર ભગવાનની સેવામાં પહોંચ્યા અને તે બિજોરા પાક ભગવાનના કર કમલોમાં અર્પણ કર્યો. ભગવાને અમુર્ચ્છા ભાવે તે આહારના પુદ્ગલોને શરીરરૂપી કોઠામાં ઉતારી દીધો. તે આહારના પરિણમનથી ભગવાનનો રોગ શીઘ્ર ઉપશાંત થયો. શરીર સ્વસ્થ થવા લાગ્યું. થોડા સમયમાં જ ભગવાન નીરોગી અને શરીરથી બલસંપન્ન થઈ ગયા. ચતુર્વિધ સંઘમાં પ્રસન્નતાની લહેર ફેલાઈ ગઈ. ત્યાં સુધી કે અનેક દેવ-દેવી પણ ખુશ-ખુશાલ થઈ ગયા કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સ્વસ્થ થઈ ગયા છે. ફરી ભગવાન પૂર્વવત્ ધર્મોપદેશ દેતા થકાં ગ્રામાનુગ્રામ વિચરણ કરવા લાગ્યા.

**પ્રશ્ન–૧૨ : આ શતકમાં અન્ય પણ જાણવા યોગ્ય અને મનન કરવા યોગ્ય તત્ત્વ કયા કયા છે ?**

**જવાબ :** અન્ય જાણવા યોગ્ય અને મનનીય તત્ત્વ આ પ્રમાણે છે– **(૧)** નિમ્ન સ્તરની વ્યક્તિમાં પણ અપાર મનોબળ અને બુદ્ધિબળ હોઈ શકે છે. એક ભિક્ષાચરના પુત્ર ગોશાલકે ત્રિલોકીનાથ ભગવાન મહાવીરના વિરોધી બનીને બરાબરની ટક્કર લીધી હતી. **(૨)** પૂર્ણ અસત્યપક્ષી હોવા છતાં પણ ગોશાલકની ધૃષ્ટતા ઉત્કૃષ્ટ દરજ્જાની હતી કે આનંદને બોલાવીને દૃષ્ટાંત દ્વારા સમજાવ્યા. ભગવાનની સામે આવીને પણ બેહદ સિનાજોરી બતાવી. શક્તિ નિષ્ફળ થઈ જવા છતાં પણ તે કહી શક્યો કે છ મહિનામાં તમે મરી જશો. **(૩)** એક ઢોંગી વ્યક્તિ કેટલા કપટ, પ્રપંચ, સિદ્ધાંત, કલ્પનાઓ ઘડી શકે છે એ ગોશાલકના જીવનમાંથી અનુભવ કરવાને મળે છે. તેણે પોતાને છુપાવવાને માટે કેટલા શરીર પ્રવેશ, નામ, વર્ષ વગેરેની કલ્પનાઓ જોડી ૮ ચરમ, પાનક-અપાનકની કલ્પના કરી

અને લોકોને આકર્ષિત કરવા માટે જૂઠો પ્રચાર કર્યો અને લગભગ જીવનમાં તેને સર્વત્ર સફળતા મળી. ભગવાનના જ્યાં ૨–૩ લાખ ઉપાસક હતા ત્યાં ગોશાલકને તીર્થંકર માનીને ઉપાસના કરનારાઓની સંખ્યા ૧૧ લાખ થઈ ચૂકી હતી. છતાં પણ ખોટો તો ખોટો જ રહે છે, પાપનો ઘડો એક દિવસ અવશ્ય ફૂટવાવાળો જ હોય છે. જ્યારે તેનું પાપ ચરમ સીમાએ પહોંચી ગયું. બે શ્રમણોની હત્યાના પાપથી ભારે બની ગયો તો સ્વયંની લેશ્યાથી જ મરાયો અને અંતે હારી ગયો, અસફળ બની ગયો, અનુત્તીર્ણ થઈ ગયો. **(૪)** ગોશાલક અને તેના સ્થવિરો પાસે નિમિત્તજ્ઞાન ઉપરાંત કોઈના મનની વાત જાણવાની અદ્‌ભૂત શક્તિ પણ હતી. તેથી તો અયંપૂલ શ્રાવકને રાત્રિમાં ઉત્પન્ન થયેલ મનના પ્રશ્નને સ્વતઃ જાણી લીધો. **(૫)** અંતિમ ઉંમર સુધી પણ ગોશાલક આતાપના અને તપસ્યામાં સંલગ્ન રહેતો હતો. આતાપના ભૂમિથી ઉતરીને જ તે કુંભાર શાળામાં આવ્યો હતો. ત્યારે આનંદ શ્રમણને બોલાવીને દષ્ટાંત સંભળાવ્યું હતું. **(૬)** ભગવાન પ્રત્યે પૂર્ણ ભક્તિ અને અર્પણતાની સાથે જ ગોશાલકે શિષ્યત્વ સ્વીકાર્યુ હતું. પરંતુ તે ચાર પાંચ વર્ષ સુધી પણ તેને પુરું નિભાવી શક્યો નહિ કારણ કે મૂળથી તે એક અયોગ્ય અને અવિનીત, ઉદ્દંડ પ્રકૃતિનો વ્યક્તિ હતો. એ જ કારણથી વિહાર કાલમાં વેશ્યાયન તપસ્વીને પરેશાન કરવા જેવા કેટલાક પ્રસંગ તેના જીવનમાં બન્યા હતા, તેને દીક્ષિત કરવામાં ભગવાનનો કોઈ સ્વાર્થ હતો નહિ. તેનો આગ્રહ અને સ્પર્શના (ભાવી) જાણીને તેનો શિષ્ય તરીકે સ્વીકાર કરેલ. કેવળજ્ઞાન પછી ગૌતમ સ્વામીના પૂછવાથી પણ તેની જે ચર્ચા થઈ તેમાં પણ તેવી જ સ્પર્શના અને ગોશાલકના અનેક શ્રમણ-શ્રાવકોનું શુદ્ધ ધર્મમાં આવવું વગેરે અનેક કારણ રહ્યા હશે. વાસ્તવમાં સર્વજ્ઞ પ્રભુ ત્રિકાલ જ્ઞાતા હોય છે, તેઓ જ્ઞાન અનુસાર જ યથોચિત આચરણ અને ભાષણ કરે છે. **(૭)** ગોશાલકના અનર્ગલ હિંસક ક્રૂર વ્યવહાર વિષે પણ ભગવાનનું અને તેઓના શ્રમણોનું જે પણ વર્ણન છે, તેમાં તેઓની ભાષા, વ્યવહાર અને ભાવોની અનુપ્રેક્ષા કરવાથી એ સ્પષ્ટ જાણવા મળે છે કે તે શ્રમણો પૂર્ણ સંયમિત હતા. ક્યાંય પણ ગોશાલક પ્રત્યે અસભ્ય વચન, તિરસ્કારનો વ્યવહાર અથવા અશુદ્ધ માનસની ગંધ સુદ્ધા પણ ન હતી. ઉત્કૃષ્ટ દરજ્જાના વિરોધી અને નિરપરાધ શ્રમણોની હત્યા કરનારની સાથે છતી શક્તિએ અત્યંત શાંતિપૂર્ણ તેઓનો વ્યવહાર હતો. જે વાસ્તવમાં પોતે પોતાનામાં શાંતિનો એક મહાન આદર્શ છે. ગોશાલકથી પણ વિશિષ્ટ શક્તિ અને લબ્ધિધારી શ્રમણ ત્યાં હતા પરંતુ જરા પણ આવેશ, રોષનું વાતાવરણ ભગવાનની તરફથી





થયું ન હતું. બે શ્રમણ ગોશાલકની સામે આવ્યા પરંતુ તેઓના વ્યવહારમાં આવેશ કે આવેગનું નામોનિશાન પણ ન હતું, કેવલ શિક્ષા વચન, સંબોધન હતું. તેઓના મરણ પ્રસંગને પ્રત્યક્ષ, નજરોનજર જોવા છતાં, કોઈ પણ સાધુ-શ્રાવક અથવા દેવોએ આવેશનો વ્યવહાર, ધમકી, બદલો લેવો વગેરે કંઈ પણ કર્યું નહિ.

આ છે જિનવાણીના આરાધકોની ક્ષમતા, શાંતિનો અદ્‌ભુત સંદેશ. આ સંદેશ આપણા જીવનમાં ઉતરી જશે અને તેનાથી સાચી શાંતિ ઉત્પન્ન થશે, ત્યારે આપણું જિનવાણી પ્રાપ્ત કરવાનું, સાચા અર્થમાં સફળ થશે. ગોશાલકે ક્રોધાંધ બનીને અનેક ગાળો ભાંડી, અનર્ગલ બકવાટ કર્યો. તેમાંથી કોઈનો પણ જવાબ સર્વાનુભૂતિ કે સુનક્ષત્ર અણગારે અથવા ભગવાને આપ્યો નહિ અર્થાત્ તેની બરાબરી કરી નહિ પરંતુ કેવલ સીમિત શબ્દોમાં ઉચિત શિક્ષા અને સત્ય કથન જ કર્યું. **(૮)** ગોશાલકના ભાવિ વર્ણનમાં ૧૮ ભવોમાં સંયમ ગ્રહણનું વર્ણન છે પરંતુ ભગવતી સૂત્ર શતક–૨૫માં બતાવવામાં આવ્યું છે કે કોઈ પણ નિયંઠા આઠ ભવથી વધુ પ્રાપ્ત થતા નથી. સામાયિક આદિ ચારિત્ર પણ આઠ ભવથી અધિક ભવમાં આવી શકતા નથી. તેથી અભવીના સંયમ ક્રિયા આરાધનથી નવગ્રૈવેયકમાં અનંતવાર જવા સમાન જ અહીં ગોશાલકના પણ ૧૦ ભવ સમજી લેવા જોઈએ અને પછીના આઠ ભવ સંયમ સહિત અવસ્થાના સમજવા જોઈએ. સૂત્રમાં દ્રવ્ય ક્રિયાની અપેક્ષાએ જ **વિરાધિત શ્રામણ્ય** કહેલ છે, એમ માનવું જોઈએ. **(૯)** નૃશંસ પ્રવૃત્તિઓથી યુક્ત હોવા છતાં પણ ગોશાલકનું મહાતપસ્વી જીવન હતું અને અંતિમ સમયમાં સમ્યક્ત્વ યુક્ત શુદ્ધ પરિણામ આવી ગયા હતા, જે કારણથી જ તેને અનંતર દેવ ભવ મળ્યો અને પરંપર મનુષ્ય ભવમાં પુણ્યનો ઉપભોગ પ્રાપ્ત થશે. તેના પછીના ભવોમાં બધા પાપકર્મોનું સામ્રાજ્ય ચાલશે. **(૧૦)** તીર્થંકર ભગવાન કેવલજ્ઞાન પછી પણ શ્રમણોના પાત્રમાં ખાતા ન હતા પરંતુ શ્રમણો દ્વારા મંગાવીને હાથમાં જ આહાર કરતા હતા. **(૧૧)** ભગવાનના ઔષધ ગ્રહણનો પાઠ લિપિકાળમાં કોઈપણ દુર્બુદ્ધિ માણસો દ્વારા વિકૃત કરવામાં આવ્યો છે અને કૂર્કટ માંસ, કબૂતર માંસ એવા અર્થવાળા શબ્દોનું સંયોજન કર્યું છે. એવા ભ્રમપૂર્ણ અર્થવાળા શબ્દોને ગણધર રચિત માનવા એ એક ભ્રમ છે, ગંભીર ભૂલ છે. ભલે ગમે તેટલા વનસ્પતિ વાચક અર્થ કરવામાં આવે પરંતુ શબ્દ અને ભાષાના કોવિદ(નિષ્ણાત) ગણધરો દ્વારા એવા ભ્રમમૂલક શબ્દોનું ગૂંથણ શાસ્ત્રમાં માનવું એ જ સ્વતઃ અયોગ્ય નિર્ણય છે. મધ્યકાલમાં એવા અનેક પ્રક્ષેપ આદિના પ્રહાર ધર્મ અને આગમો ઉપર થયા છે. તેમાંની જ

આ એક વિકૃતિ છે. તેનું સંશોધન નહિ કરવું તે પણ એક અપરાધ છે. જૈન આગમ સંપાદકો, સંશોધકોએ આ તરફ અવશ્ય ધ્યાન દેવું જોઈએ. વિશેષ જિજ્ઞાસા હેતુ આગમ સારાંશ ગુજરાતીમાં ભાગ–૮, અનુભવ અર્કનું અધ્યયન કરવું જોઈએ. **(૧૨)** ચોથા આરામાં અને સતયુગમાં તીર્થંકરોની ઉપસ્થિતિમાં એવી ઘટનાઓ બની જવાછતાં પણ ધર્મિષ્ઠ લોકો પોતાની શ્રદ્ધા ટકાવી રાખતા હતા, ધર્મથી પલાયન થતા નહિ. તો આજ પંચમકાળમાં જ્ઞાનીઓની અનુપસ્થિતિમાં કોઈ ઘટનાને જોઈને આપણે કોઈની પાછળ પોતાની શ્રદ્ધા, આચરણ, ત્યાગ, તપ આદિ જરાપણ છોડવા જોઈએ નહિ અને ક્યારે ય કર્તવ્ય વિમૂઢ ન બનવું જોઈએ. આ સંસાર છે, એમાં ઘણું થનાર થયા જ કરે છે. આપણે તો પડવાનું નહિ પરંતુ ચડવાનું શીખવું જોઈએ. **(૧૩)** સોગંદ શપથ લેવાની વ્યવહારિક પ્રથા પણ પ્રાચીનકાળથી ચાલી આવે છે. ગોશાલકે પણ મરતા સમયે પોતાના શિષ્યોને સોગંદ આપીને આદેશ આપ્યો હતો. જેનું તેઓએ દંભ સાથે પાલન કર્યું હતું, સાચી રીતે પાલન કર્યું ન હતું. શ્રાવસ્તિ નગરીનો નકશો હોલખંડમાં ચિત્રિત કરીને તેમાં જ ગોશાલકના શબને ફેરવ્યું અને મુખમાં થૂંકીને ગોશાલકના કહેવા અનુસાર ઘોષણા–જાહેરાત ધીમા અવાજમાં કરી હતી. **(૧૪)** ગોશાલકના નિમિત્તજ્ઞાન, આડંબર અને મનની વાતને જાણીને બતાવવાની ક્ષમતાથી જ તેનો શિષ્ય પરિવાર વધતો ગયો હતો ત્યાં સુધી કે ૨૩ મા તીર્થંકરના શાસનના અનેક સાધુ પણ તેને ૨૪મા તીર્થંકર જ સમજીને તેના શાસનમાં ભળી ગયા હતા. **(૧૫)** ગૌતમ સ્વામીના પૂછવાથી ભગવાને ગોશાલકનું ભૂત-ભવિષ્યનું વર્ણન બતાવ્યું હતું અને વર્તમાન ઘટનાને ઉપસ્થિત શ્રમણોએ પ્રત્યક્ષ જોઈ હતી. ભૂતકાળના છદ્મસ્થ કાલની ઘટનાનું વર્ણન કરતાં ભગવાને અનેક સ્થાને **અહં** શબ્દના પ્રયોગથી કથન કર્યું છે. વેશ્યાયન તપસ્વીની તેજોલેશ્યાથી ગોશાલકને બચાવવાના વર્ણનમાં પણ ભગવાને ગૌતમ સ્વામીને સ્પષ્ટ કહેલ કે હે ગૌતમ ! ત્યારે મેં ગોશાલક મંખલિપુત્રની અનુકંપાને માટે શીત લેશ્યાથી તેજોલેશ્યાનું પ્રતિહનન કર્યું અને આગળના વર્ણનમાં ગોશાલકના પૂછવાથી તેને પણ એ જ શબ્દોમાં કહ્યું કે ત્યારે હે ગોશાલક ! મેં તારી અનુકંપાને માટે બાલતપસ્વીની તેજોલેશ્યાને વચમા પ્રતિહત કરી રોકી હતી, એમ એવું કથન પણ ભગવાને કેવલી અવસ્થામાં બે વાર કર્યું પરંતુ કયાંય એમ કહ્યું નહીં કે મેં **ગોશાલકને છદ્મસ્થતાની ભૂલથી મોહવશ બચાવ્યો** એથી અનુકંપા તો સર્વત્ર આદરણીય સમજવી જોઈએ. અનુકંપા સંબંધી વિવરણને માટે સારાંશ ભાર્ગ–૪ અને ૮ જોવા જોઈએ. **(૧૬)**





ભગવાન અને ગોશાલકની વચ્ચે થયેલા કેટલા ય વ્યવહારોની તર્કશીલ માનસમાં કેટલાક સમસ્યાપૂર્ણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે **૧.** ચાર જ્ઞાન સંપન્ન ભગવાને તેને પોતાની સાથે રાખ્યો જ શા માટે ? **૨.** તલ સંબંધી પ્રશ્નોના ઉત્તર આપ્યા જ શા માટે જેથી વિરાધના થઈ ? **૩.** સ્વતઃ પોતાના જ કર્તવ્યથી તે ગોશાલક વેશ્યાયન બાલ તપસ્વીની તેજોલેશ્યાથી મરી રહ્યો હતો તેને શીતલેશ્યાથી ભગવાને બચાવ્યો જ શા માટે ? સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ અણગારને ન બચાવ્યા તો એમાં ભગવાનને શું દોષ લાગ્યો ? કંઈ પણ દોષ ન લાગ્યો. એ જ પ્રમાણે ગોશાલકને ન બચાવત તો પણ ભગવાનને કોઈ દોષ ન લાગત, બચાવવાથી તો તે જીવિત રહ્યો અને જાતે જ ૨૪ મો તીર્થંકર બન્યો, કેટલા ય લોકોને ભ્રમિત કર્યા, મહાપાપ કર્યા. **૪.** જે પ્રમાણે સુમંગલ અણગાર વિમલવાહન રાજાના રૂપમાં ગોશાલકને ભસ્મ કરશે જ અને અનુત્તર વિમાનમાં જશે તેમજ ભગવાનના કોઈ લબ્ધિધારી શ્રમણ ગોશાલકને પહેલા જ ક્યારેય પણ કંઈપણ શિક્ષા આપી શકતા હતા, તો સમવસરણમાં એવો પ્રસંગ આવત જ નહિ. **૫.** અનેક ઈન્દ્ર આદિ પણ ગોશાલકના પ્રચારને કેમ રોકી શક્યા નહિ ? જ્યારે કે બધા ઈન્દ્ર સમ્યગ્દષ્ટિ છે; દઢધર્મી, પ્રિયધર્મી છે; એક ભવ કરીને મોક્ષ જનાર છે.

ઈત્યાદિ અનેકાનેક પ્રશ્નોનું સમાધાન એ જ છે કે ભગવાન અને ગોશાલકના કંઈક એવા જ સંયોગ જોડાયેલા હશે. વિશિષ્ટ જ્ઞાનીઓના આચરણોના વિષયમાં છદ્મસ્થોએ સંકલ્પ-વિકલ્પ કરવા જ જોઈએ નહિ, કારણ કે તે શાશ્વત જ્ઞાની ભવિતવ્યતાને જોઈ લે છે, ભૂત-ભવિષ્યને જાણીને જ તદનુરૂપ તેવું આચરણ કરતા હોય છે.જેમ સુમંગલ અણગાર પણ પહેલા જ્ઞાનમાં જોશે કે આ વિમલ વાહન રાજા એવો દુર્વ્યવહાર કેમ કરી રહેલ છે ? તેના ભૂત ભવિષ્ય શું છે ? એ જ પ્રમાણે ભગવાને એવંતાને દીક્ષા આપી. ભલે તેને કાચા પાણીમાં પાત્રી તરાવી. જમાલીને ભગવાને દીક્ષા તો આપી દીધી પરંતુ વિચરણની આજ્ઞા માંગતા મૌન રહ્યા વગેરે જ્ઞાનમાં સ્પર્શના જોઈને જ તેઓ પ્રવૃત્તિ કરે છે. ***છદ્મસ્થોના તર્કની અહીં ગતિ હોતી નથી. તે એવા એવા વિવિધ પ્રશ્નો આપણા અનધિકારગત છે– અધિકારમાં નથી. નિશ્ચયજ્ઞાનીઓના પ્રત્યેક વ્યવહાર જ્ઞાન સાપેક્ષ હોય છે અને આપણા છદ્મસ્થોના વ્યવહાર, બુદ્ધિ સાપેક્ષ કે સૂત્રજ્ઞાન સાપેક્ષ હોય છે.*** આવી ભિન્નતા જાણીને જ્ઞાનીઓના જ્ઞાન સાપેક્ષ આચરણો સંબંધી ઉક્ત પ્રશ્નોના અથવા એવા જ અન્ય પ્રશ્નોના સમાધાન સ્વતઃ કરી લેવા જોઈએ. **(૧૭)** મંખ જાતિના ભિક્ષાચર લોકો પણ ચાતુર્માસમાં ભ્રમણ કરતા ન હતા અને ભિક્ષાચર

હોવા છતાં સપત્ની ભ્રમણ કરતા હતા અને ચિત્રફલક બતાવીને ભિક્ષાથી આજીવિકા ચલાવતા હતા. **(૧૮)** ગૌતમ સ્વામીએ સર્વાનુભૂતિ સુનક્ષત્ર અણગાર તથા ગોશાલકની ગતિ અને ભવિષ્ય સંબંધી પૃચ્છા છ મહિના પછી ભગવાનના સ્વસ્થ થવા પર કરી હતી. વચ્ચેના છ મહિના સુધી તે પ્રશ્ન કર્યા ન હતા તેથી જાણી શકાય છે કે ગોશાલકની લેશ્યા ભગવાનના શરીરમાં પ્રવેશી ન હતી પરંતુ બાહ્ય ઉષ્ણતાના સ્પર્શથી ભગવાન છ મહિના સુધી થોડા અસ્વસ્થ તો રહ્યા જ અને છ મહિનાના અંતે દાહજ્વર વધ્યો, પિત્તવિકાર વધ્યો અને લોહીના ઝાડા–રક્તાતિસાર થવા લાગ્યા. ઔષધ સેવનથી ભગવાન સ્વસ્થ થઈ ગયા પછી જ ગૌતમ સ્વામીએ ત્રણેયની ગતિ સંબંધી પ્રશ્ન પૂછયા.

**પ્રશ્ન–૧૩ : આ શતકમાં (તથા અન્ય આગમમાં) ભગવાનના ચાતુર્માસ વિચરણ અને તપસ્યા સંબંધી શું વર્ણન છે ?**

**જવાબ :** આગમના આધારે ભગવાનના વિચરણ તથા તપસ્યા આ પ્રમાણે છે–

| **ભગવાનની દીક્ષા** | **ક્ષત્રિયકુંડ ગામમાં** | **આચારાંગ** |
|---|---|---|
| પ્રથમ વિહાર વિશ્રામ | કુર્મારગામ | આચારાંગ |
| કેવલજ્ઞાન | જૃંભિકગામ નગર | આચારાંગ |
| પ્રથમ ચોમાસું | આસ્થિકગામ | શતક–૧૫ |
| બીજું ચોમાસું | નાલંદા(રાજગૃહી) | શતક–૧૫ |
| બીજા ચોમાસાનો વિહાર | કોલ્લાક સન્નિવેશ | શતક–૧૫ |
| ગોશાલક શિષ્ય થયો | પ્રણીતભૂમિ (કોલ્લાકનગર બહાર) | શતક–૧૫ |
| આઠમા ચોમાસા પછી | સિદ્ધાર્થગામથી કૂર્મગામ વિચરણ | શતક–૧૫ |

**તપસ્યા–**

| **સમય** | **તપ** | **પ્રમાણ** |
|---|---|---|
| (૧) દીક્ષા સમય | છઠ | આચારાંગ |
| (૨) કેવલજ્ઞાન સમય | છઠ | આચારાંગ |
| (૩) પ્રથમ વર્ષ | ૧૫–૧૫ ની તપસ્યા | શતક–૧૫ |
| (૪) દ્વિતીય વર્ષ | માસખમણ નિરંતર | શતક–૧૫ |





આગમ તથા ગ્રંથોના આધારે અર્થાત્ બંનેનું સંકલન કરતાં ભગવાનના ૪૨ ચાતુર્માસ અને તપ આ પ્રમાણે છે– (૧) અસ્થિગ્રામ(મોરાકગ્રામ) (૨) નાલંદા (રાજગૃહી) (૩) ચંપાનગરી (૪) પૃષ્ટચંપા (૫) ભદ્દિલપુર (૬) ભદ્રિકાપુરી (૭) આલભિકા નગર (૮) રાજગૃહી (૯) અનાર્યક્ષેત્ર(વજ્જ-શુભ્ર ભૂમિમાં) (૧૦) શ્રાવસ્તિ (૧૧) વિશાલા નગરી (૧૨) ચંપાનગરી. કેવલજ્ઞાન પછી પ્રભુએ ૨ ચોમાસા ચંપામાં, ૧૨ નાલંદા રાજગૃહીમાં, ૧૧ વિશાલામાં, ૪ મિથિલામાં, ૧ પાવાપુરીમાં = એ ૩૦+૧૨=૪૨ ચાતુર્માસ.

**ગ્રંથોના આધારે તપસ્યા–** છ માસી તપ–૧, પાંચ મહિના અને પચીસ દિવસ–૧, ચોમાસી તપ–૯, ત્રૈમાસિક તપ–૨, અઢીમહિના તપ–૨, દ્વિમાસી–૬, માસખમણ–૧૨, પંદર દિવસ–૭૨, છઠ–૨૨૯, અઠ્ઠમ–૧૨, ભદ્ર પ્રતિમા–ઉપવાસથી, મહાભદ્ર પ્રતિમા–ચાર ઉપવાસથી, **સર્વતોભદ્ર પ્રતિમા–** દસ ઉપવાસથી પૂર્ણ કરી.

આમાં આગમ કરતાં ગ્રંથોના વર્ણનનું સંકલન વધુ પ્રમાણમાં છે, જે ઉપર દર્શાવેલ સ્પષ્ટીકરણથી જાણી શકાય છે. તેમ છતાં આ સંકલનમાં કંઈ પણ આગમથી વિરોધી તત્ત્વ અવભાસતું નથી તે સ્પષ્ટ છે.

# શતક–૧૬ : ઉદ્દેશક–૧ થી ૧૪

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આમાં ૧૪ ઉદ્દેશકો દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં ૭ ઉદ્દેશકોમાં સંક્ષિપ્ત સૂચન છે અને ૭ માં વિવિધ વિષય છે. શતકના પ્રારંભમાં એક સંગ્રહણી ગાથા છે, જે અનુસાર ૧૪ ઉદ્દેશકોના નામ અને વિષય આ પ્રમાણે છે–

**(૧) અધિકરણી–** આ ઉદ્દેશકમાં **એરણ** સંબંધી વાયુકાયની અયતના, લોખંડની ભઠ્ઠી સંબંધી ક્રિયા (કાયિકી આદિ) અને જીવના અધિકરણી હોવાનું ઈત્યાદિ વિષય નિરૂપિત છે.

**(૨) જરા–** આ ઉદ્દેશકમાં શારીરિક દુઃખ(જરા) અને માનસિક દુઃખ(શોક), પાંચ અવગ્રહ, શકેન્દ્રની ભાષા આદિ અને કર્મ સંબંધી નિરૂપણ છે.

**(૩) કર્મબંધ–** કર્મબંધનું સંક્ષિપ્ત વર્ણન છે અને અભિગ્રહધારી સાધુના મસા–અર્શ(હરસ) સંબંધી ઉપચારનું વર્ણન છે.

**(૪) યાવતિક(અધિકરણી)–** આ ઉદ્દેશકમાં તપસ્વી શ્રમણ અને નારકીની કર્મ નિર્જરા સંબંધી નિરૂપણ છે.

**(૫) ગંગદત્ત–** શક્રેન્દ્રના પ્રશ્ન અને સાતમા દેવલોકના ગંગદત્ત દેવ સંબંધી પ્રશ્ન-ઉત્તર છે.

**(૬) સ્વપ્નદર્શન–** સ્વપ્નો સંબંધી વિવિધ વર્ણન છે.

**(૭) ઉપયોગ–** ઉપયોગ અને પશ્યતા સંબંધી સંક્ષિપ્ત સૂચન છે.

**(૮) લોક–** લોકના ચરમાંત આદિમાં જીવો-અજીવોનું અસ્તિત્વ, વર્ષામાં હાથ કાઢવા અને અલોકમાં હાથ કાઢવા સંબંધી વર્ણન છે.

**(૯થી૧૪)** બલીન્દ્ર, અવધિજ્ઞાન તથા દ્વીપ, દિશા, ઉદધિ અને સ્તનિતકુમાર દેવો સંબંધી સંક્ષિપ્ત સૂચન છે.

**પ્રશ્ન–૨ : અધિકરણી શબ્દ સંબંધી બે પ્રકારે નિરૂપણ કેવી રીતે કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** (૧) અધિકરણી એ એરણનો પર્યાય શબ્દ છે. એરણ પર ઘણનો પ્રહાર કરવાથી અચિત્ત વાયુની ઉત્પત્તિ થાય છે અને તેનાથી સચિત્ત વાયુની વિરાધના થાય છે. પછી તે અચિત્તવાયુ પણ સચિત્ત થઈ જાય છે. આ પ્રમાણે કોઈ પણ વસ્તુ–પદાર્થના પરસ્પર અથડાવાથી–આઘાત લાગવાથી વાયુકાયની વિરાધના થાય છે. શતક–૩, ઉદ્દેશક–૩ અનુસાર સકંપ–હલનચલન જ્યાં સુધી રહે ત્યાં પણ વાયુકાયની વિરાધના(સાવદ્ય પ્રવૃત્તિ) થાય છે. કંપનથી થનારી સૂક્ષ્મ વિરાધના અને આઘાત-પ્રત્યાઘાતથી થનારી સ્થૂલ વિરાધના વાયુકાયની છે. આ પ્રમાણે પરનિમિત્તકની અપેક્ષા વાયુકાયનું મોત કહ્યું છે. એ ઉપરાંત સ્થાવર નાડીમાં અથવા જ્યાં અન્ય સ્થૂલ જીવ કોઈ પણ હોતા નથી ત્યાં પણ પોલાણમાં બાદર વાયુકાયના જીવ સ્વતઃ(જાતે) ઉત્પન્ન થાય છે અને આયુષ્ય પૂર્ણ થતાં સ્વતઃ મરે પણ છે.

અગ્નિના જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ અહોરાત્રની હોય છે. અન્ય અગ્નિના જીવોની ઉત્પત્તિ-મરણ ચાલુ રહેવાથી ભઠ્ઠી વગેરેમાં વર્ષો સુધી અગ્નિ ચાલુ રહી શકે છે.

ભઠ્ઠીમાં તપેલા લોઢાને લુહાર પોતાના સાધનોથી આમતેમ ફેરવે, પકડે ત્યારે લુહારને અને કામમાં આવનાર બધા ઉપકરણો–સાધનોના જીવોને ભઠ્ઠી–સગડીના જીવોને, અગ્નિ જીવો સંબંધી પાંચ ક્રિયા કાયિકી આદિ લાગે છે. એરણ





પર ગરમ વસ્તુ રાખીને ટીપવાથી લુહારને, લુહારશાળાના જીવોને, સાધનો સંબંધી જીવોને પાંચ ક્રિયા લાગે છે. આ એરણ રૂપ અધિકરણી સંબંધી કથન છે.

(૨) જીવ અધિકરણી છે અને શરીર, ઈન્દ્રિય, યોગ વગેરે તેના સાધન અધિકરણ છે. જીવ સાધિકરણી જ હોય છે, નિરધિકરણી નથી હોતો. જીવ આત્માધિકરણી, પરાધિકરણી અને ઉભયાધિકરણી ત્રણે હોય છે. ૫ શરીર, ૫ ઈન્દ્રિય અને ૩ યોગનું નિવર્તન કરતો જીવ અવિરતિની અપેક્ષાએ અધિકરણી છે તથાપિ આહારક શરીરના નિવર્તનમાં જીવ અધિકરણી પ્રમાદ પ્રત્યયિક હોય છે. કારણ કે અવિરત જીવ આહારક શરીર બનાવતો નથી. આમ અહીં પ્રથમ ઉદ્દેશકમાં અધિકરણી શબ્દ બે પ્રકારના અર્થોમાં પ્રયુક્ત થયો છે. ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૩ : જરા અને શોકનો અહીં શું આશય લેવામાં આવ્યો છે ?**

**જવાબ :** જરા–કાયિક દુઃખને અહીં જરા શબ્દથી બતાવેલ છે અને શોક–માનસિક દુઃખને અહીં શોક શબ્દથી બતાવેલ છે. પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિય જીવોમાં એક માત્ર જરા જ કહેલ છે. બાકી પંચેન્દ્રિય બધા દંડકોમાં જરા અને શોક બંને ય કહ્યા છે. એવી અપેક્ષાએ અહીં બીજા ઉદ્દેશકમાં નિરૂપણ છે.

**પ્રશ્ન–૪ : શ્રમણોના અવગ્રહ કેટલા પ્રકારના હોય છે ? તેને લઈને શક્રેન્દ્ર સંબંધી શું શું વર્ણન છે ?**

**જવાબ :** શ્રમણોના પાંચ અવગ્રહ આચારાંગ સૂત્રમાં કહ્યા છે. અહીં ઉદ્દેશક–૨માં પ્રવચન પછી વંદન કરીને શક્રેન્દ્રના પૂછવાથી ભગવાને તે જ પાંચ અવગ્રહ સમજાવ્યા, તેમાં શક્રેન્દ્રનો અવગ્રહ જાણીને તેણે ભગવાનને, બધા શ્રમણોને માટે પોતાના આધિપત્યના દક્ષિણ લોકમાં અર્થાત્ ભરતક્ષેત્રમાં વિચરણ કરવાની અને કલ્પનીય પદાર્થોની આજ્ઞા આપી. આજ્ઞા આપીને વંદન નમસ્કાર કરીને ઈન્દ્ર ચાલ્યો ગયો. પછી ગૌતમ સ્વામીના પૂછવાથી ભગવાને ફરમાવ્યું કે શક્રેન્દ્ર અથવા દેવ સત્ય આદિ ચારેય ભાષા બોલે છે. સાવદ્ય-નિર્વદ્ય પણ બંને ભાષા બોલે છે. શક્રેન્દ્ર અથવા અન્ય કોઈ પણ વ્યક્તિ વસ્ત્રથી મુખ ઢાંકયા વિના બોલે તો તેની ભાષા સાવદ્ય કહેવાય છે. વર્તમાનનો શક્રેન્દ્ર ભવી છે અને એક ભવ કરીને મોક્ષ જશે. ॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૫ : અભિગ્રહ યુક્ત કાયોત્સર્ગમાં ઊભેલા મુનિની કોઈ વૈદ્ય શલ્ય ચિકિત્સા કરે તો તેનું વ્રત ભંગ થાય ખરૂં ?**

**જવાબ :** અર્ધો દિવસ શરીર અને અંગોપાંગ હલાવવાના ત્યાગી કાયોત્સર્ગમાં

સ્થિત મુનિને મસા લટકતા જોઈને કોઈ વૈદ્ય અનુકંપા, સેવાભાવથી મુનિને સુવડાવીને શલ્ય ચિકિત્સા કરે અને મુનિ તેની અનુમોદના પણ ન કરે તો મુનિને કોઈ ક્રિયા કે વ્રતભંગનો દોષ લાગતો નથી, માત્ર થોડીક ધર્મધ્યાનની અંતરાય થાય છે. ॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૬ : અમનોજ્ઞ આહાર, ઉપવાસ, છઠ, અઠ્ઠમનું ફળ શું છે ?**

**જવાબ :** (૧) એક દિવસ અમનોજ્ઞ–નીરસ, રૂક્ષ આહાર કે વાસી અથવા ઉચ્છિષ્ટ આહાર કરનાર શ્રમણ જેટલા કર્મોનો ક્ષય કરે છે, નૈરયિક તેટલા કર્મોને અપાર દુઃખ ભોગવીને સો વર્ષમાં પણ ક્ષય કરી શકતા નથી. (૨) એક ઉપવાસ દ્વારા શ્રમણના જેટલા કર્મ ક્ષય થાય છે તેટલા કર્મ નૈરયિક હજાર વર્ષમાં પણ ક્ષય કરી શકતા નથી. (૩) એક છઠમાં શ્રમણ જેટલા કર્મ ક્ષય કરે છે, નૈરયિક લાખ વર્ષમાં પણ તેટલા કર્મ ક્ષય કરી શકતા નથી. (૪) એક અઠ્ઠમમાં શ્રમણ જેટલા કર્મ ક્ષય કરે નૈરયિક તેટલા કર્મ એક કરોડ વર્ષમાં પણ ક્ષય કરી શકતા નથી. (૫) એક ચોલામાં શ્રમણ જેટલા કર્મ ક્ષય કરે, નારકી તેટલા કર્મોને એક ક્રોડાક્રોડ વર્ષોમાં પણ ક્ષય કરી શકતા નથી.

**અણ્ણગિલાય** શબ્દથી અહીં ઉપવાસ પહેલાની તપસ્યા સૂચિત કરી છે તેથી આ શબ્દથી આયંબિલની કક્ષાનું તપ સમજવું યોગ્ય છે. રૂક્ષ, નીરસ, અમનોજ્ઞ, ઠંડો, વાસી, સામાન્ય આહાર આયંબિલની કોટીમાં આવે, તેવો હોય છે. શબ્દાર્થ કરવામાં કંઈક મતિભ્રમ પ્રચલિત છે, જે સમીક્ષા કરવાથી ઉપયુક્ત લાગતો નથી.

તપ અને નારકીના આ કર્મક્ષયની ભિન્નતાને દષ્ટાંત દ્વારા આ પ્રમાણે સમજાવવામાં આવેલ છે– (૧) વૃદ્ધ પુરુષ દ્વારા ચીકણી ગાંઠોવાળી લાકડી કાપવા સમાન નારકીના કર્મક્ષય મુશ્કેલીથી થાય છે. જુવાન પુરુષ દ્વારા ધારદાર કુહાડાથી સૂકી સામાન્ય લાકડી કાપવા સમાન તપથી અણગારના કર્મ સરલતાથી ક્ષય થાય છે. (૨) એરણ પર જોર જોરથી પ્રહાર કરવાથી પણ તેમાંથી બહુ ઓછા પુદ્ગલ વિશીર્ણ થાય છે તેમજ નારકીના કર્મ ગાઢ હોવાથી ઓછા ક્ષય થાય છે. (૩) જેમ સૂકું ઘાસ અગ્નિમાં નાખવાથી તુરત જ નષ્ટ થઈ જાય છે તેવી જ રીતે અણગારના કર્મ તપથી શીઘ્ર ક્ષય થઈ જાય છે.

**પ્રાયશ્ચિતના ઉપવાસ–** પ્રસ્તુત આયંબિલ, ઉપવાસ, છઠ, અઠ્ઠમ, ચોલું આદિથી થનાર લાભ એક બીજાથી ક્રમશઃ દશ ગણા, સો ગણા અને હજારગણા,





લાખગણા અને કરોડગણા છે. એમાં ન્યૂનતમ વૃદ્ધિ દશ ગણી થાય છે. જેથી એક ઉપવાસથી છઠનો લાભ ઓછામાં ઓછો દસ ગણો અધિક થાય છે. તેને ચૌવિહાર ઉપવાસની અપેક્ષા સમજવામાં આવે તો તિવિહાર ઉપવાસનું અર્ધું ફળ માનીને પાંચ ગણો લાભ ન્યૂનતમ રૂપથી પ્રત્યેક ઉપવાસ છઠ આદિનો સ્વીકારી શકાય છે. જેથી એક છઠ=પાંચ ઉપવાસ. અઠ્ઠમ=૫×૫=૨૫ ઉપવાસ. ચોલું =૫×૫×૫ =૧૨૫ ઉપવાસ. પંચોલું = ૫×૫×૫×૫=૬૨૫ ઉપવાસ. આ જ ગણિતથી દૈનિક સામાન્ય પ્રાયશ્ચિતના ઉપવાસ ઉતારવાની પરંપરા પ્રચલિત છે તથા તેને અનુરૂપ ઉપવાસ ઉપર એક પોરસી=બે ઉપવાસ, બે પોરસી=ત્રણ ઉપવાસ, ત્રણ પોરસી= ચાર ઉપવાસ અને ચાર પોરસી(છઠ) =પાંચ ઉપવાસ એવું ગણિત પણ માનવામાં આવ્યું છે. તદનુસાર છઠ=પાંચ ઉપવાસ, તેના પર ૧ પોરસી=૫+૫=૧૦ ઉપવાસ, બે પોરસી= ૧૦+૫=૧૫ ઉપવાસ. ત્રણ પોરસી=૧૫+૫=૨૦ ઉપવાસ. ૪ પોરસી(અઠ્ઠમ)=૨૫ ઉપવાસ માનવામાં આવે છે. આ જ ક્રમથી આગળ પણ સમજવું. જેમ કે અઠ્ઠમ પર પોરસી= ૨૫+૨૫=૫૦ઉપવાસ. ચોલા પર પોરસી= ૧૨૫+૧૨૫=૨૫૦ ઉપવાસ. પંચોલા પર પોરસી=૬૨૫+૬૨૫=૧૨૫૦ ઉપવાસ સ્વીકારવામાં આવે છે. પંચોલા પછી છ ઉપવાસના ૬૨૫×૫=૩૧૨૫ ઉપવાસ. સાત ઉપવાસના ૩૧૨૫×૫=૧૫૬૨૫ ઉપવાસ. અટ્ઠાઈ=૧૫૬૨૫×૫= ૭૮૧૨૫ ઉપવાસ. નવ ઉપવાસ=૭૮૧૨૫×૫=૩૯૦૬૨૫(ત્રણ લાખ નેવું હજાર છસો પચીસ) ઉપવાસ થાય છે. ॥ ઉદ્દેશક–૪ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૭ : ગંગદત્ત દેવ અને શક્રેન્દ્રનો પૂર્વભવનો શું સંબંધ હતો ?**

**જવાબ :** બંને પૂર્વભવમાં હસ્તિનાપુરમાં શ્રેષ્ઠીવર્ય હતા. ગંગદત્ત શેઠ અને કાર્તિક શેઠ. ત્યાં બંનેમાં માત્સર્ય ભાવ રહેતો હતો. કાર્તિક શેઠે વિશેષ પ્રતિષ્ઠા જમાવી, તે ૧૦૦૮ શ્રેષ્ઠીઓમાં પ્રમુખ બની ગયા. ત્યારે ગંગદત્ત શેઠ મુનિસુવ્રત ભગવાનની પાસે દીક્ષિત થઈ ગયા અને તપ સંયમની આરાધના કરી સાતમા દેવલોકમાં ૧૭ સાગરોપમનું આયુષ્ય પ્રાપ્ત કર્યું. કાલાંતરમાં કાર્તિક શેઠે પણ ૨૦ મા તીર્થંકરની પાસે દીક્ષા લીધી હતી અને આરાધના કરીને શક્રેન્દ્ર બન્યા. શક્રેન્દ્ર પ્રથમ દેવલોકમાં ૨ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા હતા તેથી ગંગદત્તથી તે ત્યાં ઋદ્ધિમાં ઓછા થયા.

એક વાર શક્રેન્દ્ર ભગવાન મહાવીરની પાસે ઉલ્લુકાતીર નામના નગરમાં આવ્યા. ત્યારે તેણે ગંગદત્ત દેવને ભગવાનની સેવામાં આવતા અવધિજ્ઞાનથી જોયા તો ઝડપથી પ્રશ્ન પૂછીને તેના પહોંચવા પહેલાં નીકળી ગયા. અન્ય સમયે

ક્યારે ય પણ શક્રેન્દ્ર આવે ત્યારે શાંતિથી બેસે. ગૌતમ સ્વામીએ એનું કારણ પૂછતાં ભગવાને સ્પષ્ટીકરણ કર્યું કે ગંગદત્ત દેવ સાતમા દેવલોકથી આવી રહેલ છે, તેની ઋદ્ધિ દિવ્યતેજને શક્રેન્દ્ર જોઇ નહિ શકવાથી, સહન નહિ કરી શકવાથી તે ઝડપથી ચાલ્યા ગયા. પૂર્વના માત્સર્ય–ઈર્ષા ભાવના કારણે ગંગદત્તની સ્વયંથી અધિક ઋદ્ધિ આદિ સહન ન થવી સ્વાભાવિક છે.

**પ્રશ્ન–૮ : શક્રેન્દ્રે અને ગંગદત્ત દેવે ભગવાનને શું પ્રશ્ન કર્યા હતા ?**

**જવાબ :** શક્રેન્દ્રે સંક્ષેપમાં આઠ પ્રશ્ન કર્યા હતા, તેનો સાર એ છે કે (૧) દેવનું મનુષ્ય લોકમાં આવવું (૨) પાછા જવું (૩) ભાષા બોલવી (૪) ઉન્મેષ–નિમેષ કરવો (૫) અંગોપાંગનો સંકોચ વિસ્તાર કરવો (૬) ઉભા થવું, બેસવું અને સૂવું (૭) વૈક્રિય કરવું (૮) પરિચારણા કરવી આદિ ક્રિયાઓ બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કરવાથી જ દેવો દ્વારા કરી શકાય છે.

**ગંગદત્તનો પ્રશ્ન–** સાતમા દેવલોકમાં ગંગદત્ત દેવની પાસે એક મિથ્યાદષ્ટિ દેવ આવીને કહે છે કે પરિણમન પ્રાપ્ત થતા પુદ્‌ગલ પરિણત નથી કહેવાતા પરંતુ અપરિણત કહેવાય છે કારણ કે તે પરિણત થઈ રહ્યા છે. ત્યારે ગંગદત્ત સમ્યગ્દષ્ટિ દેવે **ચલમાણે ચલિએ** ના સિદ્ધાંતથી કહ્યું કે પરિણમન પામી રહેલ પુદ્‌ગલ પરિણત કહેવાય છે, અપરિણત નહિ. કારણ કે તે પ્રતિક્ષણ પરિણત થઈ રહેલ છે. મિથ્યાદષ્ટિ દેવને નિરૂત્તર કરીને ગંગદત્ત દેવે ઉપયોગ લગાવીને તિરછાલોકમાં ભગવાનને જોયા અને દર્શન કરવા ઉલ્લુકાતીર નગરમાં આવ્યા. પોતાના કથનની વિશ્વસ્તતા માટે તેણે ભગવાનને વંદન નમસ્કાર કરીને પછી તે જ પ્રશ્નનું વિવરણ સંભળાવ્યું. ભગવાને કહ્યું તમારો ઉત્તર સાચો છે, હું પણ એ જ કથન કરું છું. પછી તે ગંગદત્ત દેવ વંદન નમસ્કાર કરી યથાસ્થાને બેસી પર્યુપાસના કરવા લાગ્યા. ભગવાને ઉપદેશ ફરમાવ્યો. પછી તેણે પોતાના ભવી-અભવી વગેરે સંબંધી પ્રશ્ન કર્યા. ભગવાને તેને ભવી, સમ્યગ્દષ્ટિ હોવાનું કહ્યું. પછી તે દેવ પ્રસન્ન થઈને ૩૨ પ્રકારના નાટક બતાવીને ચાલ્યા ગયા. ગૌતમ સ્વામીએ પૂછતા ભગવાને તેના પૂર્વ ભવ અને આગામી મુક્તિ સુધીનું કથન કર્યું. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૯ : સ્વપ્ન અને સ્વપ્ન ફળ સંબંધી નિરૂપણ શું છે ?**

**જવાબ :** નિદ્રામાં(ગાઢ નિદ્રામાં)અથવા જાગૃત અવસ્થામાં સ્વપ્ન આવતા નથી, અર્ધજાગૃત અવસ્થામાં હળવી નિદ્રામાં સ્વપ્ન આવે છે.

નિદ્રા લેવી દ્રવ્ય નિદ્રા છે, અવિરતિભાવ ભાવનિદ્રા છે. ભાવનિદ્રાની





અપેક્ષા ૨૨ દંડકના જીવ સુપ્ત કહ્યા છે. તિર્યંચ પંચેન્દ્રિય સુપ્ત-જાગૃત અને સુપ્ત બે પ્રકારના છે, મનુષ્ય સુપ્ત, જાગૃત અને સુપ્ત-જાગૃત એમ ત્રણે પ્રકારના છે.

સાધુ પણ સ્વપ્ન જુએ છે, તેઓ સત્ય સ્વપ્ન પણ જુએ છે, અસત્ય સ્વપ્ન પણ જુએ છે. સાચી ભાવ સાધુતામાં સત્ય સ્વપ્ન જ આવે છે અથવા તો નથી આવતા. અસત્ય સ્વપ્ન જોનારાને અસંવૃત કહ્યા છે અર્થાત તેને વિશેષ આશ્રવ ચાલુ રહે છે, તે પૂર્ણ સંવૃત નથી પરંતુ તેનો મતલબ કે તેને એકાંત અસંયમી નહિ સમજવા.

વિશિષ્ટ સ્વપ્ન ૪૨ પ્રકારના છે અને મહાસ્વપ્ન ૩૦ કહ્યા છે. ૩૦ મહાસ્વપ્નમાંથી કોઈ પણ ૧૪ સ્વપ્ન તીર્થંકર, ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે તેની માતા જુએ છે. વાસુદેવની માતા સાત, બલદેવની માતા ચાર સ્વપ્ન જુએ છે. માંડલિક રાજાની માતા એક મહાસ્વપ્ન જુએ છે. એ માતાઓ સ્વપ્ન જોઇને જાગૃત થઈ જાય છે અને પછી સૂતી નથી, ધર્મ જાગરણ કરે છે.

ભગવાન મહાવીર સ્વામીને દશ સ્વપ્ન જોયા પછી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું. બેઠા બેઠા જ ભગવાનને મુહૂર્ત માત્ર(અલ્પસમય) નિદ્રા આવી અને તે સમયે અર્ધ નિદ્રાવસ્થામાં ૧૦ સ્વપ્ન જોયા, કારણ કે કેવલજ્ઞાનના સમયે ભગવાન અપ્રમત્ત ભાવમાં અને વિશિષ્ટ આસનમાં હતા ત્યારે સ્વપ્ન ન આવે પરંતુ થોડાક સમય પહેલાં સ્વપ્ન જોયા હશે અને પછી વિશિષ્ટ આસનમાં ધ્યાનમગ્ન થતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. છદ્મસ્થકાલમાં ભગવાન ક્વચિત્ સૂઈ પણ જતા હતા– ***આચારાંગ સૂત્ર અધ્યયન–૯.***

**તે દશ સ્વપ્ન અને પરિણામ–** (૧) પિશાચને પરાજિત કર્યો–મોહકર્મ ક્ષય (૨) સફેદ નર કોયલ–શુક્લધ્યાન (૩) વિચિત્ર પાંખવાળો નર કોયલ– દ્વાદશાંગ પ્રરૂપણ (૪) સ્વર્ણ રત્નમય માલાદ્વય–દ્વિવિધ ધર્મ પ્રરૂપણ (૫) શ્વેત ગો વર્ગ– ચતુર્વિધ સંઘ રચના (૬) મહાપદ્મ સરોવર–ચાર જાતિના દેવોનું પ્રરૂપણ (૭) મહાસાગર હાથથી તરવો–સંસાર સાગર તરવો (૮) સૂર્ય–કેવલજ્ઞાન પ્રાપ્તિ (૯) મેરૂપર્વતને આંતરડાથી પરિવેષ્ટન–સંપૂર્ણ લોકમાં યશ-કીર્તિ પ્રસરવી (૧૦) મેરૂ ચૂલિકા પર સિંહસન પર બેસવું–પર્ષદામાં ઉપદેશ દેવો.

**અન્ય સ્વપ્ન અને ફલ વિજ્ઞાન–** (૧) સૂતેલ વ્યક્તિ હાથી, ઘોડા અથવા બળદના સમૂહને જુએ અને તેના પર ચડે છે, ચડીને પોતાને બેઠેલો જુએ છે, પછી જાગી જાય છે. તે એ જ ભવમાં મોક્ષ જાય છે. ***(જે સૂતેલ જ રહી જાય તો તેને આ ફળ મળતું નથી, એવું બધા સ્વપ્નોમાં સમજી લેવું જોઇએ.)*** (૨) જે વ્યક્તિ સ્વપ્નમાં

મહાસમુદ્રમાં પૂર્વથી પશ્ચિમ ફેલાએલ દોરીને જોઈને પોતાના હાથમાં સમેટી લે છે, એકઠી કરી લે છે. (૩) લોકાંતને પૂર્વ પશ્ચિમ સ્પર્શ કરેલી દોરીને કાપે. (૪) કાળા કે સફેદ સૂતરના ગૂંચવાયેલ ગુચ્છાને ઉકેલે, મેં સુલટાવી દીધું એવું માને. (૫) સોના, ચાંદી, વજ્ર અથવા રત્નના ઢગલાને દેખે અને તેના પર ચઢી જાય. (૬) ઘાસ-કચરાના ઢગલાને જુએ અને તેને વિખેરી દે. (૭) સરસ્તંભ, વીરણ સ્તંભ, વંશસ્તંભ, વલ્લિસ્તંભ(થડ)ને જોઈને ઉખેડી ફેંકે. (૮) ક્ષીરકુંભ, ધૃતકુંભ, દધિકુંભને જુએ અને ઉપાડે. (૯) પુષ્પયુક્ત પદ્મ સરોવરમાં ઉતરે. (૧૦) મહાસાગરને જુએ અને તેને તરીને પાર ઉતરે. (૧૧) રત્નોના ભવન દેખે અને તેમાં પ્રવેશ કરે. (૧૨) રત્નોના વિમાન જુએ અને તેના ઉપર ચડી જાય. આ પ્રકારના સ્વપ્નયુક્ત પોતાને જુએ અને જાગી જાય, ઉઠી જાય તે વ્યક્તિ તે જ ભવમાં મોક્ષ જાય છે.

**૧.** તેલ, મદિરા, ચરબીના કુંભ જુએ અને ફોડી નાખે, **૨.** લોઢા, તાંબા, કથીર, કાચના ઢગલાને જુએ અને તેના ઉપર ચડે. એ બે સ્વપ્ન દેખનાર એક દેવનો અને એક મનુષ્યનો ભવ કરીને મોક્ષ જાય છે. સ્વપ્ન જોઈને જાગી જાય અને ફરી સૂવે નહિ તો જ એ ફળ મળે છે, ફરી સૂઈ જનારને એ ફળ મળતું નથી.

**પ્રશ્ન–૧૦ : આ શતકમાં અન્ય કયા વિષયોનું નિરૂપણ છે ?**

**જવાબ : (૧)** કોઈ સુગંધી પદાર્થ પડયા છે અને હવા ચાલે ત્યારે સુગંધી પદાર્થ ચાલતા નથી પરંતુ ગંધના પુદ્‌ગલ ત્યાંથી ગતિ કરે છે અને પ્રસરે છે. **(૨)** લોકના ૬ દિશાઓના ચરમાંતમાં જીવ, અજીવ, જીવદેશ, જીવ પ્રદેશ, અજીવ દેશ, અજીવ પ્રદેશ રહેલા છે. એ જ પ્રમાણે સાતે નરકના પૃથ્વીપિંડના અને દેવલોકના ચરમાંતમાં પણ જીવ, અજીવ રહેલ છે. એકેન્દ્રિયાદિની અપેક્ષા પાંચ સ્થાવર તો સ્વસ્થાન રૂપે રહ્યા છે અને ત્રસ જીવ વાટે વહેતા અને મરણ સમુદ્‌ઘાતની અપેક્ષા હોય છે. અનિન્દ્રિય જીવ કેવલી સમુદ્‌ઘાતની અપેક્ષા હોય છે. ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના ચરમાંતમાં પણ યથાયોગ્ય સંભવ જીવ, અજીવ, તેના દેશ, પ્રદેશના વિષયમાં સમજી લેવું જોઈએ. કાલદ્રવ્ય ચરમાંતોમાં નથી. **(૩)** પરમાણુ પુદ્‌ગલ એક સમયમાં લોકના પૂર્વી ચરમાંતથી પશ્ચિમી ચરમાંત સુધી સ્વતઃ ચાલ્યા જાય છે. આ પ્રમાણે બધી દિશાઓમાં સમજવું. **(૪)** વર્ષાની જાણકારી માટે કોઈ વ્યક્તિ હાથને ખુલ્લા આકાશમાં કાઢીને જુએ તો પાંચ ક્રિયા લાગે છે. **(૫)** કોઈ મહર્દ્ધિક દેવ પણ લોકાંતમાં બેસીને અલોકમાં હાથપગ આદિ કાઢી શકતા નથી. કારણ કે અલોકમાં ધર્માસ્તિકાય આદિ નથી, ત્યાં જીવ અને પુદ્‌ગલની ગતિ





હોતી નથી. **(૬)** દ્વીપકુમાર દેવ બધા સમાન આહારવાળા આદિ હોતા નથી, આ વર્ણન પહેલા શતકના બીજા ઉદ્દેશક સમાન છે. એમાં ચાર લેશ્યાઓ હોય છે. તેજોલેશ્યાવાળા અલ્પ હોય છે, એનાથી કાપોતલેશી અસંખ્યગણા હોય છે, તેનાથી નીલલેશી વિશેષાધિક હોય છે, તેનાથી કૃષ્ણલેશી વિશેષાધિક હોય છે. કૃષ્ણલેશી અલ્પર્દ્ધિક હોય છે પછી ક્રમશઃ તેજોલેશી મહર્દ્ધિક હોય છે.

ઉદધિકુમાર, દિશાકુમાર, સ્તનિતકુમારનું વર્ણન પણ આ જ રીતે (દ્વીપકુમારની જેમ જ ) છે.

# શતક–૧૭ : ઉદ્દેશક–૧ થી ૧૭

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આમાં ૧૭ ઉદ્દેશકોના માધ્યમથી કેટલાક વિષયોનું નિરૂપણ છે. અધિકતમ ઉદ્દેશક સંક્ષિપ્ત સૂચનવાળા છે. શતકના પ્રારંભમાં એક ગાથા દ્વારા આ શતકના ઉદ્દેશકોનાં નામ-વિષય સૂચિત કરેલ છે, જે આ પ્રમાણે છે–

**(૧) કુંજર–** આ ઉદ્દેશકમાં કોણિક રાજાના બે હસ્તિ રત્ન સંબંધી તથા જીવને ક્રિયા લાગવા સંબંધી નિરૂપણ છે.

**(૨) સંયત–** આમાં ધર્મમાં સ્થિર-અસ્થિર જીવોની, બાલ-પંડિત જીવોની અને રૂપી-અરૂપી વિકુર્વણાની પ્રરૂપણા કરી છે.

**(૩) શૈલેશી–** આમાં શૈલેશી અણગાર, એજન આદિ પ્રવૃત્તિ અને ચલણા સંબંધી નિરૂપણ છે તથા સંવેગ આદિ ૪૯ બોલોની મોક્ષ પ્રદાયકતા કહી છે.

**(૪) ક્રિયા–** ૧૮ પાપની ક્રિયા સંબંધી તથા સ્વયંકૃત દુઃખ અને વેદના સંબંધી નિરૂપણ છે.

**(૫) ઈશાનેન્દ્ર–** બીજા દેવલોકના ઈન્દ્રની સુધર્માસભા આદિ સંબંધી સંક્ષિપ્ત સૂચન શતક–૧૦/૬ની ભલામણ યુક્ત છે.

**(૬થી૧૧)**– પૃથ્વીકાય, અપ્કાય અને વાયુકાય સંબંધી બબ્બે ઉદ્દેશકમાં સંક્ષિપ્ત વર્ણન છે. **(૧૨)** એકેન્દ્રિય સંબંધી વર્ણન છે.

**(૧૩–૧૭)**– નાગ, સુવર્ણ, વિદ્યુત, વાયુ, અગ્નિકુમાર એ પાંચ નવનિકાય દેવો સંબંધી સંક્ષિપ્ત સૂચન છે.

આમ વિષય વર્ણનની અપેક્ષા આ લઘુ શતક છે.

**પ્રશ્ન–૨ : કોણિક રાજાના હાથીની ગતિ આગતિ કેવા પ્રકારની કહી છે ?**

**જવાબ :** કોણિક રાજાના બે પ્રધાન હાથી હતા–(૧) ઉદાઈ હસ્તિરત્ન (૨) ભૂતાનંદ હસ્તિરત્ન. બંને અસુરકુમાર દેવોમાંથી આવીને જન્મ્યા હતા અને મરીને પ્રથમ દેવલોકમાં જશે(ગયા), ત્યાંથી મહાવિદેહમાં એક ભવ કરીને મુક્ત થશે. આ ઉત્તર ગૌતમ સ્વામી દ્વારા રાજગૃહીમાં ભગવાનને પૂછવાથી મળ્યો હતો.

**પ્રશ્ન–૩ : કોઈ વ્યક્તિ વૃક્ષ પર ચડે છે, ફૂલ તોડે છે, વૃક્ષને હલાવે છે ઈત્યાદિ પ્રવૃત્તિઓમાં ક્યારે કોને કેટલી ક્રિયા લાગે છે ?**

**જવાબ :** કોઈ વ્યક્તિ વૃક્ષને હલાવે, પાડે તો તેને પાંચ ક્રિયા લાગે. હલવાવાળા તાડવૃક્ષની શાખા, ફૂલ આદિના જીવોને પણ વાયુ આદિની વિરાધનાથી પાંચ ક્રિયા લાગે. તોડયા પછી જ્યારે ફૂલ અથવા વૃક્ષ પોતાના ભારથી નીચે પડે છે તો પુઢષને ચાર ક્રિયા લાગે છે. વૃક્ષ આદિના જીવોને પાંચ ક્રિયા લાગે છે.

**પ્રશ્ન–૪ : દેવતા કેવા રૂપોની વિકુર્વણા કરે છે ?**

**જવાબ :** દેવતા રૂપી રૂપોની વિકુર્વણા કરી શકે છે. અરૂપી પદાર્થ દેવ બનાવી શકતા નથી પરંતુ સામાન્ય મનુષ્યને દેખાય નહીં તેવા અદશ્ય રૂપી રૂપ બનાવી શકે છે. જીવરૂપી બનીને એક દિવસ અરૂપી બની શકે છે. પરંતુ અરૂપી સિદ્ધ બન્યા પછી ફરી જીવ ક્યારે ય રૂપી બની શકતો નથી. ॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૫ : એજન, વેજન, કંપન, ચલન આદિના કેટલા પ્રકાર હોય છે ?**

**જવાબ :** શૈલેશી અવસ્થામાં રહેલ અણગાર કંપન, સ્પંદન, ગમનાદિ કરતા નથી પરંતુ પરપ્રયોગની અપેક્ષા શરીરના ગમનાદિ થઈ શકે છે. અર્થાત્ કોઈ ધક્કો મારી દે કે પછાડે, ક્યાંય ફેંકે, પાણીમાં વહાવી દે વગેરે પ્રસંગથી શરીર ગતિમાન થાય છે. આ કંપન (એજન) આદિ પાંચ પ્રકારના છે– દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ભવ. એ પાંચે ય ચાર ગતિની અપેક્ષા ચાર-ચાર પ્રકારના છે.

સામાન્ય ગતિમય થવાને એજન(કંપન)કહેવાય છે. વિશેષ એજનને ચલન કહેવામાં આવે છે. ચલનના મુખ્ય ત્રણ પ્રકાર અને તેના તેર ભેદ છે. પાંચ શરીર ચલન અને પાંચ ઈન્દ્રિય ચલન, ત્રણ યોગ ચલન એ એ રૂપોમાં પુદ્ગલોને પરિણત કરવા એ જીવોની ચલના છે.

**પ્રશ્ન–૬ : મોક્ષ ફળદાયક ૪૯ બોલ કયા કયા કહ્યા છે ?**

**જવાબ :** સંવેગ આદિ ૪૯ બોલોનું અંતિમ ફળ મોક્ષ રૂપે કહેવામાં આવ્યું છે અર્થાત્ એ બધા ગુણ મોક્ષ સાધનામાં સહાયક અને ગતિ આપનાર એટલે પ્રગતિ





કરાવનાર છે. સાધકે સાધનાકાળમાં તે ગુણોની વૃદ્ધિ અને સંરક્ષણ કરતા રહેવું જોઈએ. જેમ કે– (૧) સંવેગ વૈરાગ્ય ભાવ (૨) નિર્વેદ–ત્યાગ ભાવ (૩) ગુઢ આદિની સેવા (૪) સ્વ આલોચના (૫) સ્વ દોષ નિંદા (૬) સ્વ દોષ ગર્હા (૭) ક્ષમાપના ભાવ (૮) સુખશાતા અનુત્સુકતા. ઉતાવળ રહિતતા શાંતભાવથી પ્રવર્તન (૯) ઉપશાંતતા(સુખશાતામાં શારીરિક પ્રવૃત્તિઓમાં શાંતિ હોય છે.) ઉપશાંતતામાં માનસિક પ્રવર્તનમાં શાંતિ અને ગંભીરતા હોય છે. (૧૦) ભાવ અપ્રતિબદ્ધતા– અનાસક્તિ ભાવ (૧૧) પાપની પૂર્ણ નિવૃત્તિ–અક્રિયતા (૧૨) વિવિક્ત શય્યા સેવન(૧૩–૧૭) પાંચ ઈન્દ્રિય સંવર (૧૮–૨૩) યોગ, શરીર, કષાય, સાધુ-સાધુ પરસ્પર સહાય–સંભોગ, ઉપધિ અને ભક્તનું પ્રત્યાખ્યાન (૨૪) ક્ષમા (૨૫) વીતરાગ ભાવ (૨૬–૨૮) ભાવોની, કરણની અને યોગની સત્યતા (૨૯–૩૧) મન, વચન, કાયાનું સમ્યક અવધારણ(વશમાં રાખવું) (૩૨–૪૪) ક્રોધાદિ ૧૩ પાપનો ત્યાગ (૪૫–૪૭) જ્ઞાન, દર્શન, ચારિત્રથી સંપન્ન થવું (૪૮) રોગાદિની વેદના સહિષ્ણુતા (૪૯) મારણાંતિક કષ્ટ ઉપસર્ગમાં સહિષ્ણુતા.

**પ્રશ્ન–૭ : જીવની ઉત્પત્તિ પહેલાં હોય છે કે આહાર પહેલાં હોય છે ?**

**જવાબ :** (૧) સમવહત મરનાર જીવને પહેલાં આહાર અને પછી ઉત્પત્તિ હોય છે. અસમવહત મરનાર જીવને પહેલાં ઉત્પાત પછી આહાર હોય છે, કારણ કે એમાં એક સાથે આત્મપ્રદેશ પહોંચે છે, ત્યાર પછી જ આહાર હોય છે. આ જ રીતે પૃથ્વીકાયિક જીવોને રત્નપ્રભા આદિથી સિદ્ધશિલા સુધીમાં આહાર અને ઉત્પાદ(ઉત્પત્તિ) જાણવા જોઈએ. (૨) આ જ રીતે અપ્કાય, વાયુકાય જીવોના અધોલોકથી ઉર્ધ્વલોક અને ઊર્ધ્વલોકથી અધોલોક સુધી ઉત્પાદ અને આહાર જાણવા જોઈએ. (૩) એકેન્દ્રિયના સમ-વિષમ આહાર, શરીર આદિનું વર્ણન પ્રથમ શતકના બીજા ઉદ્દેશક સમાન છે. નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, વાયુકુમાર અને અગ્નિકુમાર એ પાંચેયનું સમઆહાર વગેરે સંબંધી વર્ણન ૧૬મા શતકના ૧૧મા ઉદ્દેશકમાં આવેલ દ્વીપકુમારના વર્ણનની સમાન જાણવું જોઈએ.

**પ્રશ્ન–૮ : આ શતકમાં અન્ય કયા વિષયોનું નિરૂપણ છે ?**

**જવાબ : (૧)** જીવને ઔદારિક શરીર આદિ બનાવતા સમયે અને તેના પ્રયોગ કરતા સમયે ૩, ૪ અથવા ૫ ક્રિયા ભજનાથી લાગે છે. **(૨)** ભાવ–૬ છે– ૧. ઔદયિક ૨. ઔપશમિક ૩. ક્ષાયિક ૪. ક્ષયોપશમિક ૫. પારિણામિક ૬. સન્નિ-પાતિક–મિશ્ર. એનું વિશેષ વર્ણન અનુયોગદ્વાર સૂત્રમાં છે. **(૩)** સંયત-વિરત

જીવ ધર્મમાં સ્થિત છે, અસંયત–અવિરત જીવ અધર્મમાં સ્થિત છે અહીં ત્રીજો ભેદ ધર્માધર્મ સ્થિતનો છે અર્થાત્ તે ધર્મ કે અધર્મ આદિનો સ્વીકાર કરીને રહેનાર છે. સમુચ્ચય જીવ અને મનુષ્યમાં ત્રણે ભેદ છે. તિર્યંચમાં બે ભેદ છે. શેષ દંડકમાં એક અધર્મ સ્થિત જ છે. **(૪)** અસંયત જીવ બાલ, સંયત જીવ પંડિત અને સંયતાસંયત જીવ બાલપંડિત કહેવાય છે. ૨૪ દંડકમાં ધર્મ-અધર્મની સમાન બાલ, પંડિત પણ જાણવા. **(૫)** અઢાર પાપમાં, પાપની વિરતિમાં, ચાર બુદ્ધિમાં, અવગ્રહાદિ મતિજ્ઞાનમાં, ચાર ગતિમાં, આઠ કર્મમાં; લેશ્યા, દર્શન, જ્ઞાન, અજ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગમાં વર્તતો જીવ અને જીવાત્મા એક જ છે, અન્ય નહિ. અન્યતીર્થિક(સાંખ્ય મતાવલંબી) પ્રકૃતિ(પ્રવૃત્તિ) અને જીવાત્માને એકાંત ભિન્ન માને છે. જૈન સિદ્ધાંત અનુસાર કથંચિત(કદાચ) ભેદ સ્વીકારી શકાય છે. આત્યંતિક ભેદ માની શકાતો નથી. **(૬)** પ્રાણાતિપાત આદિ પાંચ પાપથી સ્પૃષ્ટ હોવાથી જીવ કર્મબંધ કરે છે. શેષ વર્ણન પહેલા શતકના છઠ્ઠા ઉદ્દેશક સમાન છે અર્થાત્ કેટલી દિશાથી કર્મગ્રહણ આદિ થાય છે. જે સમયમાં, જે ક્ષેત્રમાં અને જે પ્રદેશમાં જીવ પ્રાણાતિપાત આદિ કરે છે ત્યાં સ્પૃષ્ટ કર્મોનો બંધ કરે છે. **(૭)** કર્મોના ઉદયથી ઉત્પન્ન દુઃખ સ્વકૃત દુઃખ છે, તેનું જ જીવ વેદન કરે છે પરંતુ પરકૃત દુઃખ(કર્મનું વેદન) થતું નથી.

## શતક–૧૮ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આમાં ૧૦ ઉદ્દેશકોના માધ્યમથી અનેક તત્ત્વોનું વિસ્તૃત વર્ણન છે. પ્રારંભિક સંગ્રહણી ગાથા અનુસાર ઉદ્દેશકોનાં નામ-વિષય આ પ્રમાણે છે–

**(૧) પઢમ–** પ્રથમ ઉદ્દેશકમાં પ્રથમ-અપ્રથમ તથા ચરમ-અચરમ સંબંધી તાત્ત્વિક વર્ણન છે.

**(૨) વિશાખા–** વિશાખા નગરીમાં ગૌતમ સ્વામી દ્વારા શક્રેન્દ્રના પૂર્વભવની પૃચ્છા, જેમાં કાર્તિક શેઠનું જીવન વર્ણિત છે.

**(૩) માકંદિય–** મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકવાના, કેવલીના નિર્જરા પુદ્ગલોને જોવા–જાણવાવાળા જીવોના, આહાર કરવાના, દ્રવ્ય-ભાવ બંધ, વિશ્રસાપ્રયોગ બંધ આદિ વિષયોનું નિરૂપણ છે. આ ઉદ્દેશકમાં આવેલ બધા પ્રશ્ન **માકંદિય પુત્ર** અણગાર દ્વારા કરવામાં આવ્યા છે.





**(૪) પ્રાણાતિપાત–** પ્રાણાતિપાત આદિનું, જીવને પરિભોગ્ય-અપરિભોગ્યનું તથા કૃતયુગ્મ આદિનું નિરૂપણ છે અને **અંધકવન્હિ** શબ્દથી અગ્નિનું કથન છે.

**(૫) અસુર–** આ ઉદ્દેશકમાં અસુરકુમાર દેવોના રૂપ સંબંધી તરતમતા, મિથ્યાદષ્ટિ સમ્યગ્દષ્ટિના કર્મ, ક્રિયા, આશ્રવની તરતમતા, આયુષ્ય વેદન તથા વૈક્રિય શરીર બનાવવામાં દેવોમાં તરતમતાનું નિરૂપણ છે.

**(૬) ગુડ–** ગોળ આદિ પદાર્થોમાં વ્યવહારથી અને નિશ્ચયનયથી રસ વર્ણાદિનું તથા પરમાણુ આદિમાં વર્ણાદિનું નિરૂપણ છે.

**(૭)કેવલી–** કેવલજ્ઞાનીમાં યક્ષાવેશ સંબંધી, પ્રાણીઓના ઉપધિ, પરિગ્રહ, પ્રણિધાન સંબંધી તથા મદ્દુક શ્રાવક, દેવશક્તિ, દેવ પુણ્ય ક્ષયનું પ્રમાણ; ઈત્યાદિ વિષય આ ઉદ્દેશકમાં નિરૂપિત છે.

**(૮) અણગાર–**આમાં છદ્મસ્થ અને વીતરાગ અણગારના ચાલવામાં પગની નીચે કચડાતા જીવ અને તેનાથી ક્રિયા, અન્યતીર્થિકોનો આક્ષેપ અને સંયત, વિરત, પંડિતનું સ્વરૂપ, પરમાણુ વિષયક જ્ઞાન, જાણવા-જોવાના સમય અલગ આદિ વિષય નિરૂપિત છે.

**(૯) ભવિક–** ભવીદ્રવ્ય નારકી આદિ ૨૪ દંડક અને તેની સ્થિતિનું વર્ણન છે.

**(૧૦) સોમિલ–** આમાં પરમાણુ આદિની વાયુકાયની સાથે વ્યાપ્ય-વ્યાપકતા તથા સોમિલ બ્રાહ્મણના પ્રશ્નોત્તર નિરૂપિત છે.

**પ્રશ્ન–૨ : પઢમ-અપઢમ અને ચરમ-અચરમનું અહીં શું તાત્પર્ય છે ?**

**જવાબ :** આ શતકના પ્રથમ ઉદ્દેશકમાં એ શબ્દોથી વિશાલ તત્ત્વ નિરૂપણ છે. સંક્ષેપમાં એ શબ્દોનું તાત્પર્ય આ પ્રકારે છે– (૧) જે ભાવ અનાદિથી હોય છે તેને **અપઢમ** કહેવાય છે. જે ભાવ જ્યાં પહેલી વખત આવે છે, તે ભાવ તે સ્થાનની અપેક્ષા **પઢમ** કહેવાય છે. જે ભાવ જ્યાં કેટલાક જીવોમાં પહેલીવાર અને કેટલાક જીવોમાં બીજી ત્રીજી યાવત્ સંખ્યાતમી વાર આદિ પણ આવે છે તેને **સિય પઢમ, સિય અપઢમ** કહેવાય છે અર્થાત્ ઉભયભાવવાળા કહેવાય છે. (૨) જે ભાવ જે સ્થાનમાં હવે ફરી આવનાર નથી તેને **ચરમ** કહેવાય છે. જે ભાવ જ્યાં સદા રહેવાનો છે અથવા ફરી થનાર છે તેને **અચરમ** કહેવાય છે. જે ભાવ જ્યાં કોઈ જીવમાં **ચરમ** છે, કોઈ જીવમાં **અચરમ** છે, તે ભાવ તે સ્થાનની અપેક્ષા **સિય ચરમ, સિય અચરમ** અર્થાત્ ઉભયભાવવાળા કહેવાય છે.

૧૪ દ્વારોના ૯૩ બોલનું ૨૪ દંડક, સમુચ્ચય જીવ અને સિદ્ધોની અપેક્ષા

પઢમ-અપઢમ અને ચરમ-અચરમનું વર્ણન કરવામાં આવ્યું છે. તેને સંક્ષિપ્ત રૂપે કોષ્ટકમાં આપ્યું છે–

**૧૪ દ્વાર ના ૯૩ બોલ–**

| | દ્વાર | ભેદ વિવરણ | ભેદ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જીવ | ૨૪ દંડક, જીવ, સિદ્ધ | ૨૬ |
| ૨ | આહારક | આહારક ,અનાહારક | ૨ |
| ૩ | ભવી | ભવી, અભવી, નોભવી નોઅભવી | ૩ |
| ૪ | સંજ્ઞી | સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી | ૩ |
| ૫ | લેશ્યા | સલેશી, ૬ લેશ્યા, અલેશી | ૮ |
| ૬ | દષ્ટિ | સમ્યગ્, મિથ્યા, મિશ્ર | ૩ |
| ૭ | સંયત | સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયત૦ | ૪ |
| ૮ | કષાય | સકષાયી, ૪ કષાય, અકષાયી | ૬ |
| ૯ | જ્ઞાન | ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, સજ્ઞાની, અજ્ઞાની | ૧૦ |
| ૧૦ | યોગ | સયોગી, ૩ યોગ, અયોગી | ૫ |
| ૧૧ | ઉપયોગ | સાકાર, અનાકાર | ૨ |
| ૧૨ | વેદ | સવેદી, ૩ વેદ, અવેદી | ૫ |
| ૧૩ | શરીર | ૫ શરીર, અશરીરી | ૬ |
| ૧૪ | પર્યાપ્તિ | ૫ પર્યાપ્તિ, ૫ અપર્યાપ્તિ | ૧૦ |
| | | **કુલ** | ૯૩ |

**આગામી કોષ્ટક સંબંધી સૂચના :–**

**(૧) બધા** એવો શબ્દ જ્યાં છે, તેનો અર્થ છે જેટલા દંડક અને સમુચ્ચય જીવ જે પણ ત્યાં હોય તે બધા સમજવા. **(૨) બે બોલ અથવા ત્રણ બોલ–** જીવ, સિદ્ધ અને મનુષ્યમાંથી બે અથવા ત્રણ સમજવા. **(૩) ૨૫ બોલ અથવા ૨૪+૧–** સમુચ્ચય જીવ, ૨૪ દંડક. એ જ પ્રમાણે ૧૯+૧ આદિ પણ દંડક+જીવ સમજી લેવા.

**(૪) નો સંજ્ઞી૦ =નોસંજ્ઞી નોઅસંજ્ઞી.** આ જ રીતે **નોભવી૦, નો સંયત૦** આદિ સમજી લેવું. **(૫)** ૪ અજ્ઞાન, ૫ કસાય આદિમાં ક્રમશઃ સમુચ્ચય અજ્ઞાની,





સકષાયી આદિ સમ્મિલિત છે એવું સમજવું.

**ચૌદ દ્વારમાં પ્રથમ અપ્રથમ–**

| દ્વાર | પ્રથમ ભાવ | | અપ્રથમ ભાવ | | પ્રથમ અપ્રથમ ભાવ | |
|---|---|---|---|---|---|---|
| | બોલ | જીવ | બોલ | જીવ | બોલ | જીવ |
| ૧ | સિદ્ધ | – | જીવ ૨૪ દંડક | – | – | – |
| ૨ | – | – | આહારક | ૨૪–૧ | – | – |
| | અનાહારક | સિદ્ધ | અનાહારક | ૨૪ | અનાહારક | સમુચ્ચયજીવ |
| ૩ | નો ભવી૦ | સિદ્ધ | ભવી | ૨૪ – ૧ | – | – |
| | – | – | અભવી | ૨૪ – ૧ | – | – |
| ૪ | નો સંજ્ઞી૦ | ૩ બોલ | સંજ્ઞી | ૧૬ – ૧ | – | – |
| | – | – | અસંજ્ઞી | ૨૨ – ૧ | સંજ્ઞી | – |
| ૫ | અલેશી | ૩ બોલ | સલેશી ૬ લેશી | બધા | – | – |
| ૬ | સમ્યગ્દષ્ટિ | સિદ્ધ | મિથ્યાદષ્ટિ | ૨૪ – ૧ | સમ્યગ્દષ્ટિ | ૧૯ – ૧ |
| | – | – | – | – | મિશ્રદષ્ટિ | ૧૬ – ૧ |
| ૭ | નો સંયત૦ | ૨ બોલ | અસંયત | ૨૪ – ૧ | સંયત | ૨ બોલ |
| | – | જીવ સિદ્ધ | – | – | સંયતાસંયત | ૩ બોલ |
| ૮ | અકષાય | સિદ્ધ | ૫ કષાય | ૨૪ – ૧ | અકષાયી | ૨ બોલ |
| ૯ | કેવળજ્ઞાન | ૩ બોલ | ૪ અજ્ઞાન | ૨૪ – ૧ | સજ્ઞાની | બધા |
| ૧૦ | અજોગી | ૩ બોલ | સયોગી ૩ યોગ | બધા | ૪ જ્ઞાન | – |
| ૧૧ | ઉપયોગ બે | સિદ્ધ | ઉપયોગ બે | ૨૪ બોલ | ઉપયોગ બે | જીવ |
| ૧૨ | અવેદી | સિદ્ધ | સવેદી ૩ વેદ | બધા | અવેદી | ૨ બોલ |
| ૧૩ | અશરીરી | ૨ બોલ | સશરીરી ૪ શરીર | બધા | આહારક શરીર | ૨ બોલ |
| ૧૪ | – | – | ૫ પર્યાપ્તિ ૫ અપર્યાપ્તિ | બધા | – | – |

## ચૌદ દ્વારમાં અચમ–અચરમ–

| દ્વાર | ચરમ | | અચરમ | | ઉભય(ચરમ–અચરમ) | |
|---|---|---|---|---|---|---|
| | બોલ | જીવ | બોલ | જીવ | બોલ | જીવ |
| ૧ | – | – | જીવ સિદ્ધ | – | ૨૪ દંડક | – |
| ૨ | – | – | અનાહારક | જીવ સિદ્ધ | આહારક | ૨૫ બોલ |
| | – | – | – | – | અનાહારક | ૨૪ બોલ |
| ૩ | ભવી | જીવ | અભવી | ૨૫ બોલ | ભવી | ૨૪ બોલ |
| | – | – | નોભવી | જીવ સિદ્ધ | – | – |
| ૪ | નો સંજ્ઞી૰ | મનુષ્ય | નોસંજ્ઞી૰ | ૨ બોલ | સંજ્ઞી અસંજ્ઞી | બધા |
| ૫ | અલેશી | મનુષ્ય | અલેશી | ૨ બોલ | લેશ્યા સાત | બધા બોલ |
| ૬ | – | – | સમ્યગ્દૃષ્ટિ | જીવ સિદ્ધ | સમ્યગ્દષ્ટિ | ૧૯ દંડક |
| | – | – | – | – | મિથ્યાદષ્ટિ | ૨૫ બોલ |
| | – | – | – | – | મિશ્રદષ્ટિ | બધા |
| ૭ | – | – | નો સંયત | જીવ સિદ્ધ | સંયત | બધા |
| | – | – | – | – | આદિ ૩ | – |
| ૮ | – | – | – | – | ૫ કષાય | બધા |
| | – | – | અકષાય | જીવ સિદ્ધ | અકષાયી | મનુષ્ય |
| ૯ | કેવળજ્ઞાની | મનુષ્ય | જ્ઞાની | જીવ સિદ્ધ | સજ્ઞાની | ૧૯ દંડક |
| | – | – | કેવળજ્ઞાની | ૨ બોલ | ૪ જ્ઞાન | ૧૯ – ૧ |
| | – | – | – | – | ૪ અજ્ઞાન | બધા |
| ૧૦ | અયોગી | મનુષ્ય | અયોગી | ૨ બોલ | ૪ યોગ | બધા |
| ૧૧ | – | – | ૨ ઉપયોગ | ૨ બોલ | ૨ ઉપયોગ | ૨૪ બોલ |
| ૧૨ | – | – | અવેદી | ૨ બોલ | ૪ વેદ | બધા |
| | – | – | – | – | અવેદી | મનુષ્ય |
| ૧૩ | – | – | અશરીરી | સિદ્ધ | ૬ શરીર | બધા |
| ૧૪ | – | – | – | – | ૫ પર્યાપ્તિ | બધા બોલ |
| | | | | | ૫ અપર્યાપ્તિ | – |

**પ્રશ્ન–૩ : શક્રેન્દ્રના વિશેષણ અને તેનું તાત્પર્ય કઈ રીતે સમજવા ?**





**જવાબ :** શક્રેન્દ્રના ૬ વિશેષણ આ પ્રમાણે છે– **(૧) મઘવં–** મહામેઘ જેના વશમાં હોય છે અર્થાત્ મહાવૃષ્ટિ આદિનો આદેશ શક્રેન્દ્રથી પ્રારંભ થાય છે અને અંતમાં વૃષ્ટિ કરનાર દેવ આદેશ પ્રાપ્ત કરીને યથાસ્થાન વૃષ્ટિ કરે છે. **(૨) પાકશાસન–** પૂર્વ ભવમાં પાક નામક શત્રુને શિક્ષા આપી પરાસ્ત કરનાર. **(૩) શતકર્તુ–** પૂર્વ ભવમાં શ્રાવકની પાંચમી પ્રતિમાની સો વાર આરાધના કરી હતી. **(૪) સહસ્રાક્ષ–** શક્રેન્દ્રના ૫૦૦ મંત્રી છે, તેની સૂઝબૂઝ શક્રેન્દ્રને કામ આવે છે. અથવા પૂર્વમાં ૧૦૦૮ સાથી શ્રેષ્ઠીઓએ સાથે દીક્ષા લીધી હતી. તેઓ અહીં દેવલોકમાં સાથે છે, તેમાં આઠ સંખ્યાને ગૌણ કરીને હજાર સાથીથી હજાર ચક્ષુ–આંખોવાળા કહેવાય છે. **(૫) વજ્રપાણી–** હાથમાં વજ્ર રત્ન છે જેને તે. શક્રેન્દ્રનું મુખ્ય શસ્ત્ર વજ્ર છે, જે સ્મરણ માત્રથી તેના હાથમાં ઉપસ્થિત થઈ જાય છે. **(૬) પુરંદર–** પુર નામના શત્રુનું વિદારણ કરનાર અથવા અસુર કુમાર આદિના નગરોનો વિનાશ કરી શકનાર. શક્રેન્દ્રના આ વિશેષણ તેના વર્ણનમાં ક્યાંક સંક્ષિપ્ત પાઠમાં સમાવિષ્ટ થઈ જાય છે, ક્યાંક સ્પષ્ટ પણ મળે છે.

**પ્રશ્ન–૪ : શક્રેન્દ્ર પ્રથમ દેવલોકના ઈન્દ્ર ક્યારે કેવી રીતે બન્યા હતા ?**

**જવાબ :** વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના શાસનમાં પહેલાં કાર્તિક શેઠે શ્રાવકના વ્રતોનું પાલન કર્યું હતું પછી તે જ ભગવાનની પાસે ૧૦૦૮ શ્રેષ્ઠી–સાથીઓ સહિત દીક્ષા લીધી હતી. ૧૪ પૂર્વનું અધ્યયન કર્યું. કુલ ૧૨ વર્ષ સુધી દીક્ષા પર્યાયનું પાલન કરીને એક મહિનાના સંથારાથી આરાધક બનીને પ્રથમ દેવલોકમાં ઈન્દ્રના સ્થાને શક્રેન્દ્રાવતંશક વિમાનમાં ઉત્પન્ન થયા હતા. તેના પછી ચાર( ૨૧ થી ૨૪ મા) તીર્થંકરોની સેવાનો સમય સમય પર લાભ લીધો છે. આગળ પણ બે સાગરોપમનું આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી ઉત્સર્પિણી કાલના ભાવી પ્રથમ તીર્થંકર પદ્મનાભ અને અન્ય અનેક તીર્થંકરોની સેવાનો લાભ પ્રાપ્ત કરશે. પછી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય બનીને સિદ્ધ-મુક્ત થશે. આમ શક્રેન્દ્ર પૂર્વ ભવમાં પણ ધર્મનિષ્ઠ શ્રાવક અને શ્રમણ હતા અને અત્યારે સમ્યગ્દષ્ટિ છે.

**પ્રશ્ન–૫ : માકંદિય અણગારે ભગવાનને પ્રશ્નો પૂછીને શું શું સમાધાન પ્રાપ્ત કર્યા હતા ?**

**જવાબ :** (૧) કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાવાળા પૃથ્વી, પાણી, વનસ્પતિના જીવ મનુષ્ય ભવ કરીને મુક્ત થઈ શકે છે. (૨) અણગારના ચરમ નિર્જરા પુદ્ગલ અત્યંત સૂક્ષ્મ હોય છે, તે સર્વ લોકમાં ફેલાય છે. તે પુદ્ગલોનું જાણવા, જોવા, આહાર કરવા સંબંધી વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર પદ–૧૫ થી જાણવું. (૩) પ્રયોગબંધ

અને વિશ્રસાબંધને દ્રવ્યબંધ કહેલ છે અને આઠ કર્મની ૧૪૮(૧૨૦) પ્રકૃતિના બંધને ભાવબંધ કહેલ છે. પ્રયોગબંધ શિથિલ અને ગાઢ બે પ્રકારના છે, વિશ્રસાબંધ સાદિ અને અનાદિ બે પ્રકારના છે. (૪) ભૂતકાળમાં જીવે કર્મબંધ કર્યો, વર્તમાનમાં કરે છે, ભવિષ્યમાં કરશે તેમાં પ્રતિસમય ભિન્નતા હોય છે અર્થાત્‌અંતર હોય છે. કારણ કે ગતિ, પરિણમન આદિ બધામાં અંતર થતું રહે છે. પાપક્રિયા કરવામાં પણ દ્રવ્ય, ભાવમાં અંતર આવે છે અને બંધમાં પણ અંતર આવે છે.(૨૪ દંડકમાં સમજી લેવું). (૫) નિર્જરા પુદ્‌ગલ આધારરૂપ હોતા નથી, તેના ઉપર કોઈ બેસવું આદિ કરી શકતું નથી. તે સૂક્ષ્મ પરિણામમાં પરિણત થઈ જાય છે. એ માકંદિય પુત્ર નામક અણગાર દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોના ઉત્તરોના ભાવ છે.

**નોંધ–** ***પ્રવાહવશ મૂલપાઠમાં વચ્ચે વચ્ચે 'ગોયમા' જોડી દીધેલ છે, આ લિપિ દોષ છે. કારણ કે આ સંપૂર્ણ ઉદ્દેશક માકંદિયપુત્ર અણગારના પ્રશ્નોનો છે. એથી ભગવાન દ્વારા આપવામાં આવેલ ઉત્તરોના સંબોધનમાં 'માકંદિયપુત્તા' એવું જ સર્વત્ર હોવું જોઈએ.***

**પ્રશ્ન–૬ : કડજુમ્મા રાશિ આદિની શું પરિભાષા છે અને ૨૪ દંડકના જીવો પર તેને કેવી રીતે ઘટિત કરેલ છે ?**

**જવાબ : યુગ્મ(જુમ્મા)–** (૧) ચારે ભાગવાથી જે રકમમાં કંઈ પણ શેષ રહે નહિ તે કૃતયુગ્મ(કડજુમ્મ) રાશિ કહેવાય છે. (૨) ચારે ભાગવાથી જે રકમમાં ત્રણ શેષ રહે–વધે તે તેઓગ(ત્રયોજ) તેઉગ રાશિ કહેવાય છે. (૩–૪) આ જ રીતે બે અથવા એક અવશેષ રહેનાર રાશિ ક્રમશઃ દાવરજુમ્મ(દ્વાપર યુગ્મ) અને કલ્યોજ(કલિઓગ) રાશિ કહેવાય છે.

નારકી, દેવતા, પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય જઘન્ય પદની અપેક્ષા કડજુમ્મ બને છે. ઉત્કૃષ્ટ પદની અપેક્ષા તેઓગ રાશિ થાય છે.

**વિકલેન્દ્રિય** ચાર સ્થાવર, જઘન્ય પદમાં કડજુમ્મ રાશિ થાય છે અને ઉત્કૃષ્ટ પદમાં દ્વાપર યુગ્મ(દાવર જુમ્મ) રાશિ થાય છે. મધ્યમ પદમાં બધામાં ચારેય ભંગ બને છે.

**વનસ્પતિ અને સિદ્ધ** માં જઘન્ય અને ઉત્કૃષ્ટ પદ(સંખ્યા) હોતી નથી. કારણ કે વનસ્પતિમાં અનંતકાલ સુધી ઓછા થતા જ રહેશે અને સિદ્ધોમાં વધતા જ રહેશે. એથી મધ્યમ પદ જ થાય છે, તેમાં ચારે જુમ્મા થઈ શકે છે.

**સ્ત્રીઓની** સંખ્યા જઘન્ય અને ઉત્કૃષ્ટ પદમાં કડજુમ્મ હોય છે.





મધ્યમમાં ચારે ય હોઈ શકે છે. દેવી તિર્યંચાણી અને મનુષ્યાણી પણ એમ જ જાણવી.

**પ્રશ્ન–૭ : નિશ્ચય અને વ્યવહાર નયથી પદાર્થોના વર્ણ, ગંધ આદિની પ્રરૂપણા કેવી રીતે થાય છે ?**

**જવાબ :** ગોળ-સાકર આદિમાં વ્યવહારથી એક મધુર રસ છે, નિશ્ચયથી સૂક્ષ્મ દૃષ્ટિએ બાદર અનંતપ્રદેશી સ્કંધ હોવાથી ગોળ-સાકરમાં પાંચેય રસ હોય છે અને વર્ણાદિ ૨૦(વીસે ય) બોલ (૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૮ સ્પર્શ) મળે છે. તેમજ ગોળ વર્ણથી પીળો અને ગંધથી સુગંધવાળો–સુગંધી હોય છે તથાપિ તેમાં અનંતપ્રદેશી હોવાથી બધા વર્ણ, ગંધ, રસ આદિ હોય છે.

આ જ રીતે જોવામાં અને અનુભવમાં આવનાર બધી વસ્તુઓમાં વ્યવહાર નયથી અથવા મુખ્યતાએ ૧–૧ વર્ણાદિ અને નિશ્ચય નયથી બધા વર્ણાદિ છે એવું સમજવું જોઈએ. જેમ હળદર પીળી છે, કાગડો કાળો છે, શંખ સફેદ છે, લીમડો કડવો છે, મયૂરકંઠ નીલો છે ઈત્યાદિ. રાખ–વ્યવહારથી રૂક્ષ છે છતાં પણ તેમાં આઠે ય સ્પર્શ છે.

**પ્રશ્ન–૮ : પરમાણુ, દ્વિ પ્રદેશી આદિમાં વર્ણાદિ કેટલા છે ?**

**જવાબ :** એક પરમાણુમાં–૧ વર્ણ + ૧ ગંધ + ૧ રસ + ૨ સ્પર્શ = ૫ વર્ણાદિ હોય છે. એક દ્વિપ્રદેશીમાં ઉત્કૃષ્ટ– ૨+૨+૨+૪ = ૧૦ વર્ણાદિ હોય છે. એક ત્રણ પ્રદેશીમાં ઉત્કૃષ્ટ– ૩+૨+૩+૪ = ૧૨ વર્ણાદિ હોય છે. એક ચાર પ્રદેશીમાં ઉત્કૃષ્ટ– ૪+૨+૪+૪ = ૧૪ વર્ણાદિ હોય છે. એક પાંચ પ્રદેશીમાં ઉત્કૃષ્ટ– ૫+૨+૫+૪ = ૧૬ વર્ણાદિ હોય છે.

આ પ્રમાણે અસંખ્ય પ્રદેશી અને સૂક્ષ્મ પરિણત અનંતપ્રદેશી સુધી વર્ણ આદિ ઉત્કૃષ્ટ–૧૬ હોય છે. બાદર અનંત પ્રદેશીમાં વર્ણ આદિ ૨૦ હોય છે. ॥ ઉદ્દેશક–૬ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૯ : ઉપધિ, પરિગ્રહ અને પ્રણિધાનના ભેદ-પ્રભેદ કયા છે અને ૨૪ દંડકમાં તે કેટલા-કેટલા હોય છે ?**

**જવાબ :** ઉપધિના ત્રણ પ્રકાર છે, યથા– (૧) કર્મોપધિ (૨) શરીરોપધિ (૩) બાહ્ય ઉપકરણ ઉપધિ. એકેન્દ્રિય અને નારકીમાં બે ઉપધિ હોય છે, તેને બાહ્ય ઉપકરણ ઉપધિ હોતી નથી. બાકીના બધા (૧૮) દંડકમાં ત્રણે ય ઉપધિ હોય છે.

સચિત્ત, અચિત્ત, મિશ્રની અપેક્ષા સર્વત્ર ૨૪ દંડકમાં ત્રણે ય ઉપધિ છે.

નારકીમાં સચિત્ત=શરીર. અચિત્ત=ઉત્પત્તિ સ્થાન અને મિશ્ર=શ્વાસોશ્વાસ આદિ છે. ઉપધિની જેમ પરિગ્રહના પણ એ જ ૩–૩ ભેદ સમજવા. **પ્રણિધાન–** સ્થિર યોગ. સુપ્રણિધાન અને દુષ્પ્રણિધાન એમ બે ભેદ છે અને બંનેના ફરી મન, વચન, કાયા; એમ ૩–૩ ભેદ છે. જે દંડકમાં જેટલા યોગ છે તેટલા પ્રણિધાન સમજી લેવા.

**પ્રશ્ન–૧૦ : મદ્રુક શ્રાવકે અન્યતીર્થિકોને નિરુત્તર કેવી રીતે કર્યા ?**

**જવાબ :** રાજગૃહી નગરીની બહાર ગુણશીલ ઉદ્યાનમાં ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા. મદ્રુક શ્રાવક દર્શન કરવાને માટે ઘરથી પગે ચાલતા નીકળ્યા. વચમાં અન્યતીર્થિકોના નિવાસ સ્થાન આશ્રમની પાસે થઈને જઈ રહ્યા હતા ત્યારે કેટલાક સંન્યાસી તેની પાસે આવ્યા અને પૂછવા લાગ્યા કે તમારા ભગવાન પંચાસ્તિકાય બતાવે છે, તમે તેને જાણતા, દેખતા હો તો અમને પણ બતાઓ કે તે ક્યાં છે ? કેવા છે ? અમે પણ જોઈએ.

**પ્રત્યક્ષ જોવાનો તર્ક અને સમાધાન–** મદ્રુકે કહ્યું– કેટલીક વસ્તુઓના કાર્યથી જ તેનું અસ્તિત્વ જાણી તથા જોઈ શકાય છે. બધી વસ્તુઓ પ્રત્યક્ષ જોઈ શકાતી નથી. અન્યતીર્થિક સંન્યાસી આક્ષેપ પૂર્વક કહેવા લાગ્યા કે અરે ! તમે પણ કેવા શ્રાવક છો કે જાણતા નથી, દેખતા નથી, છતાં પણ માનો છો ?

મદ્રુક શ્રાવકે જવાબમાં અનેક પ્રશ્ન ઉપસ્થિત કરી દીધા– (૧) વાયુકાય ચાલે છે તેને તમે જુઓ છો ? સુગંધ આવી રહી છે તેને જુઓ છો ? મારા શબ્દ સાંભળી રહ્યા છો તેને જુઓ છો ? અરણિ કાષ્ટમાં અગ્નિ છે તેને જુઓ છો ? સમુદ્રને પેલે પાર પણ પદાર્થ છે, તેને જુઓ છો ? દેવલોક પણ છે તેને દેખો છો ? બધા પ્રશ્નોના ઉત્તર નિશ્ચિત છે કે–નથી દેખતા.

મદ્રુકે તેઓને સમજાવ્યું કે હે આયુષ્યમન્ ! એમ કરશો તો લોકના કેટલાય પદાર્થોનો અભાવ થઈ જશે અર્થાત્ તે બધાનો નિષેધ કરવો પડશે. તેથી કોઈ વસ્તુને હું, તમે અથવા છદ્મસ્થ મનુષ્ય જોઈ-દેખી શકતા નથી છતાં પણ તેના ગુણ, ધર્મ, કાર્યથી તે પદાર્થના અસ્તિત્વનો સ્વીકાર કરવો જોઈએ. આ પ્રમાણે અન્યતીર્થિકોના આક્ષેપનું સમાધાન કરી તેઓને નિરુત્તર કર્યા અને ભગવાનની સેવામાં પહોંચ્યા, વંદન, નમસ્કાર કરી પર્યુપાસના કરવા લાગ્યા.

**સિદ્ધાંતનું જ્ઞાન આવશ્યક–** ભગવાને પરિષદ સમક્ષ તેના સાચા ઉત્તરો આપવાની પ્રશંસા કરી અને કહ્યું કે જે જાણ્યા વિના અજ્ઞાનવશ અસત્ય પ્રરૂપણ આદિ કરે





છે, તેઓ કેવલજ્ઞાનીની અને ધર્મની આશાતના કરે છે. તાત્પર્ય એ છે કે શ્રમણ હોય કે શ્રમણોપાસક, તેણે યથાસમય પોતાના ધર્મ સિદ્ધાંતોનું જ્ઞાન અને તેના અર્થ, પરમાર્થ, હેતુ, પ્રશ્ન, ઉત્તર સહિત પ્રાપ્ત કરવું જોઈએ. પોતાને મળેલા સમયનો સદુપયોગ કરીને શાસ્ત્રાભ્યાસમાં સમય અવશ્ય આપવો જોઈએ.

શાસ્ત્ર અભ્યાસ નહિ વધારનાર પોતાના ધર્મની સ્થિરતાનો પૂર્ણ રક્ષક પણ બની શકતો નથી અને સમય સમય પર તે સિદ્ધાંત વિપરીત પ્રરૂપણ, ચિંતન કરનાર પણ બની શકે છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનના ૧૯મા પ્રશ્ન ઉત્તરમાં પણ આ જ ભાવ બતાવ્યા છે અને પ્રસ્તુત પ્રકરણમાં ભગવાને મદ્રુકની પ્રશંસા પછી આ જ ભાવ પ્રગટ કર્યા છે.

**મદ્રુક શ્રાવકનું ભવિષ્ય–** ગૌતમ સ્વામીએ પૂછતાં ભગવાને કહ્યું કે આ મદ્રુક શ્રાવક શ્રાવકપર્યાયની આરાધના કરીને પ્રથમ દેવલોકના અરુણાભ વિમાનમાં ઉત્પન્ન થશે, ત્યાંથી તે મહાવિદેહક્ષેત્રમાં એક ભવ કરીને મુક્ત થશે.

**પ્રશ્ન–૧૧ : દેવોના પુણ્ય ક્ષય કરવામાં પરસ્પર કેવી તરતમતા હોય છે ?**

**જવાબ :** જેટલા પુણ્યાંશને વ્યંતરદેવ ૧૦૦ વર્ષમાં ક્ષય કરે છે તેટલા પુણ્યને નવનિકાય દેવ ૨૦૦ વર્ષમાં ક્ષય કરે છે. અસુરકુમાર–૩૦૦ વર્ષમાં, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ જ્યોતિષી દેવ–૪૦૦ વર્ષમાં, સૂર્ય, ચંદ્ર દેવ–૫૦૦ વર્ષમાં, પહેલા બીજા દેવલોકના દેવ–૧૦૦૦ વર્ષમાં, ત્રીજા–ચોથા દેવલોકના દેવ–૨૦૦૦ વર્ષમાં, પાંચમાં–છઠ્ઠા દેવલોકના દેવ–૩૦૦૦ વર્ષમાં; સાતમા–આઠમા દેવલોકના દેવ–૪૦૦૦ વર્ષમાં, ૯ થી ૧૨ દેવલોકના દેવ–૫૦૦૦ વર્ષમાં, પ્રથમ ગ્રૈવેયકત્રિકના દેવ– લાખ વર્ષમાં, બીજી ગ્રૈવેયકત્રિકના દેવ– ૨ લાખ વર્ષમાં, ત્રીજી ગ્રૈવેયકત્રિકના દેવ–૩ લાખ વર્ષમાં, ચાર અણુત્તર વિમાનના દેવ–૪ લાખ વર્ષમાં અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ પાંચ લાખ વર્ષમાં તેટલા પુણ્યાંશને ક્ષય કરે છે. આસક્તિ, ચંચલતા આદિ વૃત્તિઓના કારણે પુણ્યાંશનો વિશેષ ક્ષય થાય છે. ॥ ઉદ્દેશક–૭ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૨ : શું છદ્મસ્થ વીતરાગ કે કેવલીના પગ નીચે પંચેંદ્રિય પ્રાણી આવી શકે છે ?**

**જવાબ :** અકષાયી છદ્મસ્થ શ્રમણના ઉપયોગપૂર્વક ચાલવા છતાં પણ ક્યારેક કૂકડાનું નાનું બચ્ચુ, બતકનું નાનું બચ્ચું, એ જ પ્રકારના નાના બચ્ચા અચાનક ઉડીને કૂદીને પગની નીચે આવી જઈ શકે છે. તેમાં તે શ્રમણોની ભૂલ નથી હોતી

પરંતુ તે બચ્ચાઓ સ્વયં અનાયાસે આવી જાય છે. તે કષાય રહિત છદ્મસ્થ શ્રમણને અનાયાસ થતી વિરાધનાથી ઈર્યાવહી ક્રિયા જ લાગે છે, સાંપરાયિક ક્રિયા લાગતી નથી. કેવલીને એવા અનાયાસ પ્રસંગ બનતા નથી.

**પ્રશ્ન–૧૩ : અન્યતીર્થિકોએ રાજગૃહી નગરીમાં ગૌતમસ્વામી સાથે આક્ષેપાત્મક ચર્ચા શું કરી ?**

**જવાબ :** રાજગૃહી નગરીમાં ભગવાનના રોકાવાનું સ્થાન અને અન્યતીર્થિકોના રહેવાનું સ્થાન નજીકમાં જ હતું. અન્યતીર્થિકોના આશ્રમની પાસેથી શ્રમણોનો શહેરમાં ગોચરી વગેરે માટે જવાનો રસ્તો પડતો હતો. તેથી અન્યતીર્થિક શ્રમણ ક્યારેક રસ્તમાં જ રોકીને પ્રશ્ન ચર્ચા કરતા, ક્યારેક સંયોગ ન મળે તો સ્થાન પર આવીને પણ ચર્ચા કરતા હતા. પ્રસ્તુત ઉદ્દેશક–૮માં સંતોના સ્થાન પર આવીને ગૌતમ સ્વામી સાથે આક્ષેપાત્મક ચર્ચા શરૂ કરી હતી. જેનો સાર એ છે કે– (૧) જે પણ શ્રમણ હોય છે તેઓ જોઈને વિશેષ સાવધાનીપૂર્વક ગમનાગમન કરે છે. તેથી તેઓ સંયત વિરત અને પંડિત છે અને અન્યતીર્થિક લોકો જોયા વિના અથવા ધ્યાન વિના ગમનાગમન આદિ ક્રિયાઓ કરે છે. તેથી તેઓ સ્વયં અસંયત, અવિરત અને બાલ હોય છે. આ પ્રમાણે શ્રમણો પર કરવામાં આવેલ આક્ષેપ ગૌતમસ્વામીએ પુનઃ તેઓના ઉપર છોડી દીધો; તેઓ નિઢત્તર બનીને ચાલ્યા ગયા.

**પ્રશ્ન–૧૪ : પરમાણુ, દ્વિપ્રદેશી આદિને શું કેવલી જ જાણે છે ? કેવલીના જાણવા જોવાનો સમય શું યુગવત્ હોય છે ?**

**જવાબ :** પરમાણુ આદિને પરમ અવધિજ્ઞાની અને કેવલી જાણી-જોઈ શકે છે. સામાન્ય અવધિજ્ઞાની આદિ અનંતપ્રદેશીને જાણી દેખી શકે છે, મતિજ્ઞાની-શ્રુતજ્ઞાની, પરમાણુ આદિ બધાને જાણી શકે છે પરંતુ જોઈ શકતા નથી. બાદર સ્કંધોને જોઈ શકે છે. જાણવું અને જોવું એક સમયમાં થતું નથી. કેવલીને અનંતર સમયમાં થાય છે, છદ્મસ્થ બધા અનંતર અંતર્મુહૂર્તથી જાણે-દેખે છે.

**પ્રશ્ન–૧૫ : શું ભવીદ્રવ્ય નારકી આદિ ચારેય ગતિમાં હોય છે ?**

**જવાબ :** ભાવી નારકીનું આયુષ્ય બાંધેલ જીવ, ભવી દ્રવ્ય નારકી કહેવાય છે. તે જ પ્રમાણે ભાવી તિર્યંચ, મનુષ્ય અને દેવનું આયુષ્ય બાંધેલ જીવ, ભવીદ્રવ્ય તિર્યંચ, ભવીદ્રવ્ય મનુષ્ય અને ભવીદ્રવ્ય દેવ કહેવાય છે. ભવીદ્રવ્ય નારકી આદિની આગત અને ઉંમર આગળ ચાર્ટમાં બતાવી છે, યથા–





| નામ | ભવી દ્રવ્ય | સ્થિતિ | |
|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ભવી દ્રવ્ય નારકી | સંજ્ઞી, અસંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય | અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ |
| ભવી દ્રવ્ય દેવ | સંજ્ઞી, અસંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| ભવી દ્રવ્ય, પૃથ્વી પાણી વનસ્પતિ | ૨૩ દંડક | અંતર્મુહૂર્ત | સાધિક બે સાગર |
| ભવી દ્રવ્ય, તેઉ વાયુ વિકલેન્દ્રિય | ૧૦ દંડક | અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ |
| ભવી દ્રવ્ય તિર્યંચ પંચેન્દ્રિય | ૨૪ દંડક | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર |
| ભવી દ્રવ્ય મનુષ્ય | ૨૨ દંડક | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર |

॥ ઉદ્દેશક–૯ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૬ : સોમિલ બ્રાહ્મણ કોણ હતો અને તેના ભગવાનની સાથે કયા પ્રશ્નોત્તર થયા ?**

**જવાબ :** વાણિજ્યગ્રામ નામના નગરમાં સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે ચાર વેદ આદિ બ્રાહ્મણ મતના સિદ્ધાંતોમાં નિષ્ણાત હતો. તેને ૫૦૦ શિષ્ય હતા. તે ધન કુટુંબથી સંપન્ન હતો, સુખપૂર્વક કુટુંબનું સ્વામિત્વ નિર્વાહ કરતો થકો રહેતો હતો. એકવાર તેણે જાણ્યું કે ભગવાન મહાવીર સ્વામી નગરીની બહાર દ્યુતિપલાસ ઉદ્યાનમાં પધારેલ છે. ત્યારે તેને એવો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે હું પણ જાણું અને કેટલાક પ્રશ્ન પૂછું, જો તેઓ મારા પ્રશ્નોના ઉત્તર આપી શકશે તો હું તેઓને વંદન નમસ્કાર કરીને પર્યુપાસના કરીશ. જો ઉત્તર નહિ આપી શકે તો હું તે પ્રશ્નો દ્વારા તેમને નિઢત્તર કરીશ. તદનુસાર તે ઉદ્યાનમાં પહોંચ્યો અને પ્રશ્ન પ્રારંભ કર્યા.

**સોમિલ–** હે ભંતે ! આપને યાત્રા, યાપનીય, અવ્યાબાધ અને પ્રાસુક વિહાર છે ?

**ભગવાન–** હે સોમિલ ! તપ, સંયમ, નિયમ, સ્વાધ્યાય, ધ્યાન આદિ યોગ, યતના પ્રવૃત્તિ અમારી યાત્રા(સંયમયાત્રા) છે. પાંચ ઈન્દ્રિય અને કષાયને વિવેકપૂર્વક સ્વવશમાં નિયંત્રણમાં રાખવાનું એ અમારો યાપનીય છે. વાત, પિત્ત,

કફજન્ય શારીરિક રોગ આતંક મારા ઉપશાંત છે એ મારું અવ્યાબાધ(સુખ) છે. આરામ, ઉદ્યાન, સભા, પ્યાઉ, દેવસ્થાન આદિ સ્ત્રી, પશુ, પંડક રહિત સ્થાનોમાં શય્યા સંસ્તારક ગ્રહણ કરી રહેવું એ અમારો પ્રાસુક વિહાર છે.

**સોમિલ–સરિસવ** ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? **ભગવાન–** સોમિલ ! સરિસવ ભક્ષ્ય પણ છે અભક્ષ્ય પણ છે. બ્રાહ્મણ મતમાં સરિસવ બે પ્રકારના કહ્યા છે– **(૧) મિત્ર સરિસવ(સરખા) (૨) ધાન્ય સરિસવ (સરસો)** સાથે જન્મ્યા, સાથે રમ્યા અને સાથે મોટા થયા, તેવા સરખા મિત્ર રૂપ સરિસવ અભક્ષ્ય હોય છે. ધાન્ય સરિસવ (સરસવ)અચિત્ત હોય, એષણા નિયમોથી યુક્ત હોય, યાચિત હોય અને પ્રાપ્ત હોય તો શ્રમણ નિર્ગ્રંથોને માટે ભક્ષ્ય(ખાવા યોગ્ય) છે પરંતુ જો સચિત્ત હોય, અનેષણીય હોય, અયાચિત અથવા અપ્રાપ્ત હોય તે સરિસવ ધાન(સરસવ) અભક્ષ્ય–શ્રમણ નિર્ગ્રંથોને ખાવા માટે અયોગ્ય છે.

**સોમિલ– માસ** ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? **ભગવાન–** બ્રાહ્મણ મતમાં **માસ** બે પ્રકારના કહ્યા છે. તેમાંથી શ્રાવણ આદિ અષાઢ પર્યંત માસ અભક્ષ્ય છે. સોના-ચાંદીના માપ કરવાના માસ અભક્ષ્ય છે. ધાન્ય માસ(અડદ)અચિત્ત, એષણીય, યાચિત્ત, પ્રદત્ત હોય તો શ્રમણોને ભક્ષ્ય છે અને સચિત્ત, અનેષણીય, અયાચિત, અપ્રાપ્ત હોય તો અભક્ષ્ય છે.

**સોમિલ–** કુલત્થા અભક્ષ્ય છે કે ભક્ષ્ય ? **ભગવાન–** બ્રાહ્મણ મતમાં **કુલત્થા** બે પ્રકારના કહ્યા છે. તેમાંથી કુળવાન સ્ત્રી **કુલત્થા** છે તે અભક્ષ્ય છે. ધાન્ય કુલત્થા જો અચિત્ત, એષણીય, યાચિત અને પ્રદત્ત છે તો શ્રમણોને માટે ભક્ષ્ય છે અન્યથા અભક્ષ્ય હોય છે. વિવેકપૂર્ણ યથાર્થ ઉત્તર સાંભળીને સોમિલ નમી ગયો, બોધ પ્રાપ્ત કરીને તેણે **૧૨ શ્રાવકવ્રત સ્વીકાર્યા.** અનેક વર્ષ વ્રત આરાધન કરી સદ્ગતિ પ્રાપ્ત કરી અને એક ભવાવતારી બન્યો. મહાવિદેહથી મોક્ષ જશે.

**નોટ– સોમિલના પ્રશ્ન જિજ્ઞાસાના નહિ પરંતુ પરીક્ષા મૂલક હતા.**

આગમોમાં અનેક જગ્યાએ સોમિલ બ્રાહ્મણ નામ આવે છે, તે બધા ભિન્ન ભિન્ન છે. અંતગડનો સોમિલ અલગ છે, તે ૨૨મા ભગવાનના સમયમાં થયો. તે નરકમાં ગયો. નિરયાવલિકાનો સોમિલ અલગ છે, તે ૨૩ મા ભગવાનના સમયમાં થયો, વિરાધક બની શુક્ર ગ્રહ દેવ બન્યો, એક ભવ કરીને મોક્ષ જશે. પ્રસ્તુત સોમિલ ૨૪ મા ભગવાનના સમયે થયો. તે શ્રાવકપણાનો આરાધક થઈ પ્રથમ દેવલોકમાં ગયો અને એક ભવ કરીને મોક્ષ જશે.

**પ્રશ્ન–૧૭ : આ શતકમાં અન્ય કયા વિષયોનું નિરૂપણ છે ?**





**જવાબ : (૧)** અઢાર પાપ, પાંચ સ્થાવર અને બાદર કલેવર, એ જીવના ઉપભોગમાં આવે છે, અઢાર પાપ વિરતિ, ત્રણ અરૂપી અસ્તિકાય, પરમાણુ, અશરીરી જીવ અને શૈલેશી અવસ્થાના અણગાર, એ કોઈના ઉપભોગમાં આવતા નથી. **(૨)** જઘન્ય આયુષ્યવાળા(વરા) અગ્નિકાયના જીવોની ઉત્કૃષ્ટ જેટલી સંખ્યા હોય છે, ઉત્કૃષ્ટ આયુષ્યવાળા(પરા) અગ્નિકાયના જીવોની પણ ઉત્કૃષ્ટ સંખ્યા તેટલી જ હોય છે. **(૩)** જેમ મનુષ્ય અલંકૃત વિભૂષિત થવા પર સુંદર દેખાય છે તેમજ દેવ-દેવી પણ વિભૂષિત, અલંકૃત થવાથી સુંદર દેખાય છે. વસ્ત્રાદિથી અવિભૂષિત મનુષ્ય સુંદર મનોજ્ઞ નથી દેખાતો તેમજ દેવ પણ અસુંદર દેખાય છે. **(૪)** બધા દંડકોમાં સમ્યક્ત્વમાં ઉત્પન્ન થનાર અથવા સમ્યગ્દષ્ટિ જીવ અલ્પકર્મી હળુકર્મી હોય છે, મિથ્યાદષ્ટિ મહાકર્મી ભારેકર્મી હોય છે. સમ્યગ્દષ્ટિને નવો બંધ પણ અતિ અલ્પ જ હોય છે. એકેન્દ્રિય વિકલેન્દ્રિય જીવોને આ અપેક્ષાએ(એક દષ્ટિ હોવાથી) લગભગ સકર્મી કહેલ છે. **(૫)** મરણના ચરમ સમયમાં પણ જીવ તે જ ભવનું આયુષ્ય વેદે છે. આગલા ભવના આયુષ્યની સન્મુખ હોય છે પરંતુ તેને વેદતો નથી. **(૬)** સમ્યગ્દષ્ટિ જીવોને ઈચ્છિત વિકુર્વણા હોય છે પણ મિથ્યા દષ્ટિઓના સંકલ્પથી વિપરીત વિકુર્વણા પણ થઈ જાય છે. **(૭)** કેવલી યક્ષાવિષ્ટ થતા નથી. **(૮)** કોઈ વ્યક્તિ હજાર રૂપ બનાવીને યુદ્ધ કરે છે તોપણ તે બધા રૂપોમાં એક જ જીવ હોય છે અને તેઓની વચ્ચે આત્મપ્રદેશ પણ સંબંધિત જ હોય છે. (૯) અસુરો અને દેવોનું યુદ્ધ થાય તો વૈમાનિક દેવ જે પણ તણખલા, પાંદડા, લાકડીને સ્પર્શ કરે તે બધા શસ્ત્રરૂપમાં પરિણત થઈ જાય છે પરંતુ અસુરકુમારોને તો શસ્ત્રોની વિકુર્વણા કરવી પડે છે. **(૧૦)** કોઈપણ મહર્દ્ધિક દેવ કોઈ પણ દ્વીપ સમુદ્રની ઝડપી પરિક્રમા કરીને આવી શકે છે. જંબૂદ્વીપથી ઢચકવર દ્વીપ સુધી એમ જાણવું. આગળના દ્વીપ સમુદ્રોમાં જઇ શકે છે અને પાછા આવી શકે છે પરંતુ પ્રયોજનનો અભાવ હોવાથી પરિક્રમા કરતા નથી. **(૧૧)** ભાવિતાત્મા અણગાર વૈક્રિય લબ્ધિના સામર્થ્યથી તલવારની ધાર પર ચાલે, અગ્નિમાંથી નીકળે, ગંગાનદીના પૂરમાં સામે ચાલે તો કોઈ પણ પ્રકારની બાધા આવે નહિ. પુષ્કળ સંવર્તક મેઘમાંથી પસાર થાય તો ભીંજાય નહિ. **(૧૨)** નાની વસ્તુ મોટી વસ્તુથી વ્યાપ્ત થાય છે. એથી પરમાણુ આદિ વાયુકાયથી વ્યાપ્ત(સ્પર્શિત) થાય છે. મશકની ચારે તરફ વાયુ હોય છે એટલે એ પણ વાયુથી વ્યાપ્ત (સ્પર્શિત) હોય છે. **(૧૩)** નરક અને દેવલોકમાં તથા તેની બહાર અર્થાત્ લોકમાં સર્વત્ર વર્ણાદિ ૨૦ બોલવાળા પુદ્ગલ ભર્યા છે.

# શતક–૧૯ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં ૧૦ ઉદ્દેશકોના માધ્યમથી અનેક તત્ત્વોનું વિસ્તૃત વર્ણન છે; જેમાં ચાર ઉદ્દેશકોમાં અતિદેશપૂર્વક સંક્ષિપ્ત સૂચન છે. શતકના પ્રારંભમાં ઉપલબ્ધ એક સંગ્રહણી ગાથા અનુસાર ઉદ્દેશકોના નામ અને વિષય આ પ્રમાણે છે–

**(૧–૨) લેશ્યા અને ગર્ભ–** લેશ્યા–ગર્ભગત જીવોનું લેશ્યા સંબંધી વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર પદ–૧૭/૪ના નિર્દેશ સાથે સંક્ષિપ્ત છે.

**(૩) પૃથ્વી–** પૃથ્વી આદિ પાંચ સ્થાવર સંબંધી વિવિધ નિરૂપણ છે. તેની અવગાહનાનું પરસ્પર અલ્પબહુત્વ તથા પૃથ્વીકાયની સૂક્ષ્મ અવગાહના અને કઠોરતાને દૃષ્ટાંત પૂર્વક સમજાવેલ છે.

**(૪) મહાશ્રવ–** ચાર ગતિમાં મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરા સંબંધી નિરૂપણ કરવામાં આવેલ છે.

**(૫) ચરમ–** ચરમ–પરમ નૈરયિક આદિ ૨૪ દંડકમાં થતી બે પ્રકારની વેદનાનું સંક્ષિપ્ત કથન પ્રજ્ઞાપના સૂત્રના નિર્દેશથી કર્યું છે.

**(૬) દ્વીપ–** જીવાભિગમ સૂત્રના નિર્દેશથી દ્વીપસમુદ્રનું કથન છે.

**(૭) ભવન–** ચારે ય જાતિના દેવોના ભવન આવાસ અને વિમાનનું વર્ણન છે.

**(૮) નિર્વૃત્તિ–** ૨૪ દંડકના જીવોમાં જીવ, કર્મ, શરીર, ઈન્દ્રિય આદિ ૧૯ બોલોના આધારથી નિર્વૃત્તિ(નિષ્પત્તિ)નું નિરૂપણ છે.

**(૯) કરણ–** કરણનું સ્વરૂપ અને તેના વિવિધ પ્રકારે ભેદોનું નિરૂપણ છે.

**(૧૦) વ્યંતર દેવ–** વાણવ્યંતર દેવોના સમાહાર આદિની પૃચ્છામાં ૧૬મા શતકના દ્વીપકુમારની ભલામણ યુક્ત સંક્ષિપ્ત સૂચન છે.

**પ્રશ્ન–૨ : એક જીવ પોતાનું શરીર બનાવે કે ૨–૪–૫ અથવા અનંત જીવ મળીને પોતાનું સાધારણ શરીર બનાવે છે ?**

**જવાબ :** ૨૩ દંડકમાં પ્રત્યેક જીવ પોતાનું સ્વતંત્ર શરીર બનાવે છે. વનસ્પતિમાં પ્રત્યેક કાય વનસ્પતિ સિવાય શેષ સાધારણ વનસ્પતિવાળા જીવ અનંત મળીને પોતાનું સાધારણ (સમ્મિલિત) સહિયારું શરીર બનાવે છે. ૨–૪–૫ અથવા અસંખ્ય જીવ મળીને કોઈ પણ સાધારણ શરીર બનાવતા નથી, તેઓ તો પોતાનું





સ્વતંત્ર પ્રત્યેક શરીર જ બનાવે છે. તે જીવોના લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, આહાર, સમુદ્દ્ઘાત, ગતિ, આગતિ, સ્થિતિ આદિનું વર્ણન જીવાભિગમ સૂત્ર પ્રથમ પ્રતિપત્તિ સમાન સમજવું.

**પ્રશ્ન–૩ : એકેંદ્રિયોની અવગાહના સંબંધી અલ્પબહુત્વ કઈ રીતે છે ?**

**જવાબ :** એકેંદ્રિયના જીવના ભેદ–૨૨ છે. તેઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના એમ બે ભેદ કરવાથી ૨૨×૨=૪૪ બોલોનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે.

| ક્રમ | બોલ | હીનાધિક |
|---|---|---|
| ૧ | અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના | બધાથી નાની |
| ૨ | અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૩ | અપર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૪ | અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૫ | અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૬ | અપર્યાપ્ત બાદર વાયુકાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૭ | અપર્યાપ્ત બાદર અગ્નિકાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૮ | અપર્યાપ્ત બાદર અપ્કાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૯ | અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૧૦ | અપર્યાપ્ત પ્રત્યેક શરીરી વનસ્પતિની જઘન્ય અવગાહના } | અસંખ્યગુણી |
| ૧૧ | અપર્યાપ્ત બાદર નિગોદની જઘન્ય અવગાહના } | પરસ્પર તુલ્ય |
| ૧૨ | પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૧૩ | અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની ઉત્કૃષ્ટ અવગાહના | વિશેષાધિક |
| ૧૪ | પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની ઉત્કૃષ્ટ અવગાહના | વિશેષાધિક |
| ૧૫ | પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |
| ૧૬ | અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયની ઉત્કૃષ્ટ અવગાહના | વિશેષાધિક |
| ૧૭ | પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયની ઉત્કૃષ્ટ અવગાહના | વિશેષાધિક |
| ૧૮ | પર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાયની જઘન્ય અવગાહના | અસંખ્યગુણી |

**બોલ–૧૫,૧૬,૧૭ની સમાન ૧૮–૧૯–૨૦ સૂક્ષ્મ અગ્નિકાયના, ૨૧–૨૨–૨૩ સૂક્ષ્મ અપ્કાયના, ૨૪–૨૫–૨૬ સૂક્ષ્મ પૃથ્વીકાયના, ૨૭–૨૮–૨૯ બાદર વાયુકાયના, ૩૦–૩૧–૩૨ બાદર અગ્નિકાયના, ૩૩–૩૪–૩૫ બાદર અપ્કાયના, ૩૬–૩૭– ૩૮ બાદર પૃથ્વીકાયના, ૩૯–૪૦–૪૧ બાદર નિગોદના જીવોની અવગાહના છે. ૪૨–૪૩–૪૪ પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયના ત્રણે ય બોલ(પર્યાપ્ત જઘન્ય, અપર્યાપ્ત ઉત્કૃષ્ટ, પર્યાપ્ત ઉત્કૃષ્ટ) અસંખ્યગુણ-અસંખ્યગુણ કહેવા.**

સર્વથી અધિક અવગાહના પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિના પર્યાપ્તાની ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજન સાધિક છે. બધાથી અલ્પ સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્તાની જઘન્ય અવગાહના છે, શેષ બધા બોલોની ક્રમશઃ કંઇક અધિક અવગાહના છે. પ્રત્યેક શરીરી વનસ્પતિ અને બાદર નિગોદના અપર્યાપ્તાની જઘન્ય અવગાહના એક સમાન છે.

સમુચ્ચય બોલની અપેક્ષા પૃથ્વીથી પાણી સૂક્ષ્મ છે, પાણીથી અગ્નિ, અગ્નિથી વાયુ અને વાયુથી વનસ્પતિ સૂક્ષ્મ છે. સમુચ્ચય બોલથી–વાયુથી અગ્નિ **બાદર(મોટી)** છે. અગ્નિથી પાણી બાદર છે, પાણીથી પૃથ્વી બાદર છે અને પૃથ્વીથી વનસ્પતિ બાદર(મોટી) છે.

ચાર સ્થાવરની જઘન્ય ઉત્કૃષ્ટ બધી અવગાહનાઓ અંગુલના અસંખ્યાતમા ભાગની છે અર્થાત્ ઉક્ત ૪૩ બોલોમાં અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની જ છે, કેવલ ૪૪ મા બોલમાં ઉત્કૃષ્ટ એક હજાર યોજન સાધિક છે.

**પ્રશ્ન–૪ : પૃથ્વીકાયની સૂક્ષ્મતા અને કઠોરતા દષ્ટાંત સાથે કેવી રીતે સમજાવી છે ?**

**જવાબ :** અહીં ઉદ્દેશક–૩માં એમ સમજાવવામાં આવ્યું છે કે ઉપરોક્ત ૪૪ બોલોના અલ્પબહુત્વમાં બાદર પૃથ્વીકાયનો ક્રમ નવમો છે અર્થાત્ આઠ વાર અસંખ્યગણા કરે એટલી અવગાહના છે. છતાં પણ ચક્રવર્તીની યુવાન સ્વસ્થ દાસી વજ્રમય શિલા અને શિલાપુત્રક(લોઢા)થી લાખના ગોળા જેટલી પૃથ્વીકાયને ૨૧ વાર પીસે તો કોઈ જીવ મરે છે, કોઈ મરતા નથી, કોઈ સંઘર્ષને પ્રાપ્ત થાય છે, કોઈકને સંઘર્ષ થતો નથી, કોઈને સ્પર્શ થાય છે, કોઈને સ્પર્શ માત્ર પણ થતો નથી. આ પ્રમાણે કેટલાક પીસાઇ જાય છે, કેટલાક પીસાતા નથી. એટલી નાની પૃથ્વીકાયની અવગાહના હોય છે.

**પ્રશ્ન–૫ : પૃથ્વી આદિ પાંચ સ્થાવરની વેદનાને સદષ્ટાંત કેવી રીતે સમજાવેલ છે ?**

**જવાબ :** અહીં ત્રીજા ઉદ્દેશકમાં એમ સમજાવવામાં આવ્યું છે કે– કોઈ યુવાન, સ્વસ્થ પુરુષ કોઈ વૃદ્ધ અશક્ત પુરુષને મસ્તક પર જોર-જોરથી પ્રહાર કરે, ત્યારે તેને જેવી વેદના થાય છે તેનાથી પણ અનિષ્ટતર વેદના પૃથ્વીકાય આદિ પાંચે ય એકેંદ્રિય જીવોને સ્પર્શ માત્રથી થાય છે. ॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૬ : અલ્પાશ્રવ અને મહાશ્રવ, ક્રિયા, વેદના, નિર્જરા; ૨૪ દંડકમાં કઈ રીતે સમજવી ?**





**જવાબ :** આશ્રવ, ક્રિયા, વેદના, નિર્જરા એ ચારને મહા અને અલ્પ વિશેષણ લગાડવાથી ૧૬ ભંગ બને છે. પહેલો ભંગ– મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહા-નિર્જરાનો બને છે. બીજોભંગ– મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પ નિર્જરાનો બને છે. એમ ક્રમશઃ ભંગવિધિથી ૧૬ મો ભંગ– અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પ-વેદના, અલ્પનિર્જરાનો બને છે. એ ૧૬ ભંગમાંથી નારકીમાં કેવલ એક બીજો ભંગ જ મળે છે, શેષ ભંગ ત્યાં પ્રાપ્ત થતા નથી.

દેવોમાં ચોથો ભંગ અલ્પવેદના અલ્પ નિર્જરાવાળો જ પ્રાપ્ત થાય છે. ઔદારિકના દશ દંડકોમાં સોળે સોળ ભંગ મળી શકે છે. ॥ ઉદ્દેશક–૪ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૭ : ચરમ નૈરયિક અને પરમ નૈરયિક આદિને હળુકર્મી અથવા ભારેકર્મી કેવી રીતે સમજવા ?**

**જવાબ :** ચરમ નૈરયિક–અલ્પાયુવાળા, પરમ નૈરયિક–અધિક આયુષ્યવાળા. નારકીમાં અધિક આયુષ્યવાળા ભારે કર્મી હોય છે. દેવતામાં અધિક આયુષ્યવાળા હળુકર્મી હોય છે, ઓછા આયુષ્યવાળા ભારે કર્મી હોય છે. કારણ કે તે દેવો શીઘ્ર મનુષ્ય તિર્યંચમાં જનાર હોય છે, એથી ભારે કર્મી કહ્યા છે. ઔદારિકના ૧૦ દંડક નરકની સમાન જાણવા. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥ ઉદ્દેશક–૬ સંક્ષિપ્ત ॥

**પ્રશ્ન–૮ : ચારે ય જાતિના દેવોના આવાસ, નગર, ભવન, વિમાન કેવા હોય છે અને તેની સંખ્યા કેટલી હોય છે ?**

**જવાબ :** જ્યોતિષી દેવોના વિમાન સ્ફટિક રત્નોના હોય છે. શેષ ત્રણેય જાતિના દેવોના ભવન, નગર, વિમાન સર્વ રત્નમય હોય છે. **સર્વરત્ન** એ એક રત્નનું નામ છે એવું સમજવું અથવા વિવિધ રત્નોવાળા હોય છે. એ બધા દેવોના આવાસ, ભવન આદિ શાશ્વત છે તથાપિ તેમાં પુદ્ગલોનો ચય ઉપચય થતો રહે છે. તે ક્યારે ય નષ્ટ થતા નથી, અનાદિથી છે. ॥ **ઉદ્દેશક–૭ સંપૂર્ણ** ॥

**પ્રશ્ન–૯ : નિર્વૃત્તિ અને કરણનો શું અર્થ છે અને તેના કેટલા પ્રકાર છે ?**

**જવાબ :** (૧) નિર્વૃત્તિ– જીવ દ્વારા નિષ્પાદિત ભાવ(ઉત્પાદિત ભાવ) જીવ નિર્વૃત્તિ કહેવાય છે. તે અનેક પ્રકારના છે, જેમ કે– (૧) જીવના ભેદ રૂપમાં મૂળ ૫ નિર્વૃત્તિ છે. એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધી અને ઉત્કૃષ્ટ ૫૬૩ ભેદ જીવ દ્વારા નિષ્પાદિત જીવ નિર્વૃત્તિ છે. (૨) કર્મરૂપથી જીવ નિર્વૃત્તિ, મૂળ ૮ અને ઉત્તર–૧૪૮ યાવત્ ઉત્કૃષ્ટ અસંખ્ય પ્રકાર હોય છે. ૨૪ દંડકના જીવોમાં જ્યાં જેટલા ભેદ અને કર્મપ્રકૃતિ હોય એટલા ભેદ નિર્વૃત્તિના સમજવા જોઇએ. એ જ પ્રમાણે (૩) શરીર પાંચની

નિર્વૃત્તિ (૪) ઈન્દ્રિય–પાંચની નિર્વૃત્તિ એમ ક્રમશઃ ભાષા–૪, મન–૪, કષાય–૪, વર્ણાદિ–૨૦, સંસ્થાન–૬, સંજ્ઞા–૪, લેશ્યા–૬, દષ્ટિ–૩, જ્ઞાન–અજ્ઞાન–૮, યોગ–૩, ઉપયોગ–૨, એ બધા જીવ નિર્વૃત્તિના ૮૭ પ્રકાર છે, ૨૪ દંડકમાં પણ જ્યાં જેટલા બોલ હોય તેટલા ભેદ તે–તે નિર્વૃત્તિના સમજી લેવા. જેમ કે– નારકીમાં સંસ્થાન–૧ નિર્વૃત્તિ, લેશ્યા–૩ નિર્વૃત્તિ વગેરે.

**(૨) કરણ–** જીવના દ્વારા કરવામાં આવનારી પ્રારંભ કરાવનારી ક્રિયા–પ્રવૃત્તિને કરણ કહે છે અથવા પ્રવૃત્તિમાં નિમિત્તરૂપ જે હોય તે પણ કરણ કહેવાય છે. (૧) સર્વ પ્રથમ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવ એ કરણના પાંચ પ્રકાર નિમિત્તરૂપ કરણ છે. ચોવીસેય દંડકમાં એ પાંચેય નિમિત્ત કરણ હોય છે. (૨) તદનંતર પાંચ શરીરની પ્રવૃત્તિને પાંચ કરણ કહ્યા છે. ૨૪ દંડકમાં યથાયોગ્ય શરીર અનુસાર તેટલા કરણ સમજવા. (૩) આ જ રીતે ઈન્દ્રિય કરણ–૫, ભાષા–૪, મન–૪, કષાય–૪, સમુદ્‌ઘાત–૭, સંજ્ઞા–૪, લેશ્યા–૬, દષ્ટિ–૩, વેદ–૩, હિંસા–૫ (એકેંદ્રિયાદિની), વર્ણાદિ–૨૫(પાંચ સંસ્થાન સહિત). એ કુલ ૮૦ જીવના કરણ રૂપ કહ્યા છે. અહીં કુલ ગણતરીમાં જીવના મૂલ–૫ ભેદ અને કર્મના મૂળ–૮ ભેદ ગણવામાં આવ્યા છે.

**નિષ્પત્તિમાં** તે બોલોને જીવ બનાવે છે અને **કરણમાં** તે બોલોના માધ્યમથી જીવ ક્રિયા–પ્રવૃત્તિ કરે છે, એવું તાત્પર્ય સમજવું જોઈએ. ॥ ઉદ્દેશક–૮, ૯ સંપૂર્ણ ॥ ॥ ઉદ્દેશક–૧૦ સંક્ષિપ્ત ॥

# શતક–૨૦ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં ૧૦ ઉદ્દેશકોના માધ્યમથી અનેક મહત્વપૂર્ણ વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ત્રીજા-ચોથા ઉદ્દેશકમાં સંક્ષિપ્ત સૂચન છે. શતકના પ્રારંભમાં ઉપલબ્ધ એક સંગ્રહણી ગાથા અનુસાર ઉદ્દેશકોના નામ અને વિષય આ પ્રમાણે છે–

**(૧) બેઈન્દ્રિય–** ૧૨ દ્વારોથી બેઈન્દ્રિયાદિ સંબંધી નિરૂપણ છે.

**(૨) આગાસ–** આકાશના ભેદ, અધોલોક આદિ તથા પંચાસ્તિકાયના પર્યાય નામોનું નિરૂપણ છે.





**(૩) પ્રાણવધ–** હિંસા આદિ પાપ અને અનેક ભાવોનું પરિણમન થવાનું કહેલ છે. ગર્ભગત જીવનું શતક–૧૨, ઉદ્દેશક–૫ ની ભલામણથી સંક્ષિપ્ત કથન છે.

**(૪) ઉપચય–** પ્રજ્ઞાપના પદ–૧૫ના સૂચનથી ઈન્દ્રિયોપચયનું સંક્ષિપ્ત કથન છે.

**(૫) પરમાણુ–** પરમાણુથી લઈને બધા સ્કંધોમાં વર્ણાદિના ભંગ સંખ્યાઓથી વિસ્તૃત નિરૂપણ છે તથા દ્રવ્ય, ક્ષેત્ર આદિ પરમાણુના ચાર પ્રકાર સમજાવ્યા છે.

**(૬) અંતર–** નરક પૃથ્વી આદિના અંતરાલથી દેવલોકોના અંતરાલમાં સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ અને આહાર સંબંધી નિરૂપણ છે.

**(૭) બંધ–** ત્રણ પ્રકારના વિશિષ્ટ બંધનું અનેક દ્વારો વડે નિરૂપણ છે.

**(૮) ભૂમિ–** કર્મભૂમિ અને અકર્મભૂમિ સંબંધી તથા તીર્થંકર, જિનાંતર, શ્રુત વિચ્છેદ, પૂર્વવિચ્છેદ, તીર્થપ્રવર્તન અને તીર્થવિચ્છેદ આદિ વિષયોનું નિરૂપણ છે.

**(૯) ચારણ–** આમાં જંઘાચારણ અને વિદ્યાચારણ લબ્ધિધારી શ્રમણ સંબંધી વિસ્તૃત નિરૂપણ છે.

**(૧૦) સોપક્રમ–** આ ઉદ્દેશકમાં સોપક્રમ-નિરૂપક્રમ આયુષ્યનું, જીવોની ઉત્પત્તિ-ઉદ્વર્તનામાં આત્મોપક્રમ-પરોપક્રમનું અને તેના વિકલ્પોનું, કતિસંચય-અકતિસંચય જીવોનું, છ સમર્જિત, ૧૨ સમર્જિત અને ૮૪ સમર્જિત આદિ વિવિધ વિષયોનું નિરૂપણ છે.

**પ્રશ્ન–૨ : બેઈન્દ્રિય આદિના સંબંધમાં અહીં ૧૨ દ્વારોથી શું વર્ણન છે ?**

**જવાબ :** શતક–૧૯, ઉદ્દેશક–૩ અનુસાર અહીં પણ ૧૨ દ્વારોથી વર્ણન છે ત્યાં એકેંદ્રિય પૃથ્વી આદિના સંબંધમાં વર્ણન છે અને અહીં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય સંબંધી નિરૂપણ છે.

**બેઈન્દ્રિય આદિમાં ૧૨ દ્વાર–** (૧) પ્રત્યેક જીવ પોતાનું સ્વતંત્ર શરીર બનાવે છે. ૨,૩,૪ આદિ જીવ મળીને શરીર બનાવતા નથી. (૨) લેશ્યા–૩ (૩) દષ્ટિ–૨ (૪) જ્ઞાન–૨, અજ્ઞાન–૨ (૫) યોગ–૨ (૬) ઉપયોગ–૨ (૭) નિયમા ૬ દિશાનો આહાર (૮) ૧૮ પાપમાં સ્થિત (૯) આગતિ–૨ ગતિમાંથી (૧૦) સ્થિતિ–ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ. (૧૧) સમુદ્‌ઘાત–૩ (૧૨) ગતિ–૨ માં. આ જ પ્રમાણે તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિયમાં યથાયોગ્ય સમજવું. પંચેંદ્રિયમાં લેશ્યા–૬, દષ્ટિ–૩, જ્ઞાન–૪, અજ્ઞાન–૩, યોગ–૩, આગતિ સર્વાર્થસિદ્ધ સુધીથી, સ્થિતિ–૩૩ સાગરોપમની, સમુદ્‌ઘાત–૬, ગતિ પણ સર્વાર્થસિદ્ધ સુધી. શેષ બેઈન્દ્રિય સમાન છે.

**બેઈન્દ્રિયાદિમાં જ્ઞાન સંજ્ઞા–** બેઈન્દ્રિય આહાર કરે છે; ઈષ્ટ-અનિષ્ટ ગંધ,

રસ,સ્પર્શનું વેદન કરે છે પરંતુ તે જીવોને આ પ્રકારે જ્ઞાન, સંજ્ઞા, સમજ હોતી નથી કે આપણે આહાર કરી રહ્યા છીએ અથવા ઇષ્ટ-અનિષ્ટ સ્પર્શ આદિનો મને સંયોગ થયો છે; એવું જ્ઞાન તેને હોતું નથી. પંચેંદ્રિયમાં કોઈને એવું જ્ઞાન હોય પણ છે અને કોઈને એવું જ્ઞાન હોતું નથી. કારણ કે પંચેંદ્રિય જીવ સંજ્ઞી અસંજ્ઞી બંને પ્રકારના હોય છે. સંજ્ઞીમાં તિર્યંચ, મનુષ્ય, દેવ, નારક ચારે ય હોય છે. તેથી કહ્યું છે કે કોઈને અનુભવનું જ્ઞાન હોય છે અને કોઈને હોતું નથી. આપણે મરાઈ રહ્યા છીએ, એવું જ્ઞાન પણ બેઈન્દ્રિય આદિને હોતું નથી. પંચેન્દ્રિયમાં કોઈને માર્યા જવાનું જ્ઞાન હોય છે અને કોઈને તેનું જ્ઞાન હોતું નથી. ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૩ : ધર્માસ્તિકાય આદિના પર્યાયવાચી નામ શું બતાવવામાં આવ્યા છે ?**

**જવાબ :** અહીં ઉદ્દેશક–૨માં તે પર્યાયવાચી નામ આ પ્રમાણે કહ્યા છે–

**ધર્માસ્તિકાયના પર્યાય નામ–** ધર્મ, ધર્માસ્તિકાય, પ્રાણાતિપાત આદિ વિરમણ, ક્રોધાદિ વિરમણ યાવત્ મિથ્યાદર્શન વિરમણ, ઈર્યાસમિતિ આદિ, ગુપ્તિ આદિ. અન્ય પણ આ પ્રકારના નામ છે.

**અધર્માસ્તિકાયના પર્યાય નામ–** અધર્મ આદિ, ધર્મના પ્રતિપક્ષી સર્વ નામો.

**આકાશાસ્તિકાયના પર્યાય નામ–** આકાશ, ગગન, નભ, સમ, વિષમ, ખર્વ, વિહાયસ, વીચિ, વિવર, અંબર, અંબરસ, છિદ્ર, શુષિર, માર્ગ વિમુખ, અર્દ, આધાર, વ્યોમ, ભાજન, અંતરિક્ષ, શ્યામ, અવકાશાંતર, અગમ, સ્ફટિક(સ્વચ્છ), અનંત.

**જીવાસ્તિકાયના પર્યાય નામ–** જીવ, પ્રાણ, ભૂત, સત્ત્વ, વિજ્ઞ, ચેતા, જેતા, આત્મા, રંગણ(રાગયુક્ત), હિંડુક, પુદ્ગલ, માનવ, કર્તા, વિકર્તા, જગત, જંતુ, યોનિ, સ્વયંભૂ, શરીરી, નાયક, અંતરાત્મા.

**પુદ્ગલાસ્તિકાયના પર્યાય નામ–** પુદ્ગલ, પરમાણુ પુદ્ગલ, દ્વિપ્રદેશીથી અનંત પ્રદેશી સુધી ઇત્યાદિ એ બધા અભિવચન છે, પર્યાયનામ છે. ॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૪ : જીવના પરિણમન થનાર ભાવ કયા બતાવ્યા છે ?**

**જવાબ :** અહીં ઉદ્દેશક–૩ માં એવા અનેક ભાવ કહ્યા છે જે જીવને જ પરિણમન થાય છે, યથા– (૧) ૧૮ પાપ પરિણામ જીવના જ હોય છે. (૨) એ ૧૮ પાપોથી વિરતિ પરિણામ પણ જીવના જ હોય છે. આ જ રીતે (૩) ચાર બુદ્ધિ– ઉત્પાતિકી આદિ (૪) મતિજ્ઞાનના ચાર ભેદ– અવગ્રહ આદિ (૫) ઉત્થાન, કર્મ આદિ–૫, (૬) નૈરયિકત્વ યાવત્ વૈમાનિકપન (૭) આઠ કર્મ (૮) લેશ્યા–૬ (૯) દષ્ટિ–૩





(૧૦) દર્શન–૪ (૧૧) જ્ઞાન-અજ્ઞાન–૮ (૧૨) સંજ્ઞા–૪ (૧૩) શરીર–૫ (૧૪) યોગ–૩ (૧૫) ઉપયોગ–૨. એ બધા ભાવ આત્મા સિવાય અન્યત્ર પરિણમન થતા નથી અર્થાત્ એ બધા પરિણમન જીવના જ હોય છે. અજીવના હોતા નથી. ॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૫ : પરમાણુ, દ્વિપ્રદેશી યાવત્ અનંતપ્રદેશીમાં વર્ણાદિ બોલ કેટલા હોય છે અને તેના ભંગોની નિષ્પત્તિ કેવી રીતે હોય છે ?**

**જવાબ :** પરમાણુમાં બે–બે સ્પર્શ, ચાર પ્રકારથી હોય છે– ૧. શીત–રૂક્ષ, ૨. શીત–સ્નિગ્ધ, ૩. ઉષ્ણ–રૂક્ષ, ૪. ઉષ્ણ–સ્નિગ્ધ. દ્વિપ્રદેશીમાં– ૨ અથવા ૩ અથવા ૪ સ્પર્શ હોઇ શકે છે. સૂક્ષ્મ અનંતપ્રદેશી સ્કંધ સુધી ચાર સ્પર્શ આ જ પ્રકારે હોય છે. શેષ વર્ણાદિનું વર્ણન શતક–૧૮ ઉદ્દેશક–૬માં કર્યું છે. ભંગ સંખ્યા આ પ્રમાણે છે–

| | વર્ણના ભંગ | ગંધના ભંગ | રસના ભંગ | સ્પર્શના ભંગ | કુલ ભંગ |
|---|---|---|---|---|---|
| પરમાણુ | ૫ | ૨ | ૫ | ૪ | ૧૬ |
| દ્વિ પ્રદેશી | ૧૫ | ૩ | ૧૫ | ૯ | ૪૨ |
| ત્રણ પ્રદેશી | ૪૫ | ૫ | ૪૫ | ૨૫ | ૧૨૦ |
| ચાર પ્રદેશી | ૯૦ | ૬ | ૯૦ | ૩૬ | ૨૨૨ |
| પાંચ પ્રદેશી | ૧૪૧ | ૬ | ૧૪૧ | ૩૬ | ૩૨૪ |
| છ પ્રદેશી | ૧૮૬ | ૬ | ૧૮૬ | ૩૬ | ૪૧૪ |
| સાત પ્રદેશી | ૨૧૬ | ૬ | ૨૧૬ | ૩૬ | ૪૭૪ |
| આઠ પ્રદેશી | ૨૩૧ | ૬ | ૨૩૧ | ૩૬ | ૫૦૪ |
| નવ પ્રદેશી | ૨૩૬ | ૬ | ૨૩૬ | ૩૬ | ૫૧૪ |
| દશ પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| સંખ્યાત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| અસંખ્યાત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| સૂક્ષ્મ અનંત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| બાદર અનંત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૧૨૯૬ | ૧૭૭૬ |
| | | | | કુલ | ૬૪૭૦ |

**નોંધ– ઉપરોક્ત ભંગ પૂર્વે દર્શાવેલી ભંગ વિધિઓથી જાણી લેવા જોઇએ.**

**પ્રશ્ન–૬ : પરમાણુને કેટલા પ્રકારથી સમજાવવામાં આવેલ છે ?**

**જવાબ :** અહીં પાંચમા ઉદ્દેશકમાં પરમાણુના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પરમાણુના રૂપમાં ચાર ભેદ કહ્યા છે. દ્રવ્યથી– એક પરમાણુ, દ્રવ્ય પરમાણુ છે. એક આકાશ પ્રદેશ, એક **ક્ષેત્ર** પરમાણુ છે. એક સમયની સ્થિતિ, એ **કાલ** પરમાણુ છે. એક ગુણ કાલા આદિ એ ભાવ પરમાણુ છે.

(૧) પરમાણુનું છેદન, ભેદન, દહન, ગ્રહણ થતું નથી. (૨) પરમાણુમાં સમ અવયવ(૨, ૪ આદિ) નહિ હોવાથી **અર્ધા** થતા નથી. (૩) વિષમ અવયવ (૩, ૫ આદિ) નહિ હોવાથી **મધ્ય** પણ થતું નથી. (૪) અવયવ નહિ થવાથી **અપ્રદેશ** કહેવાય છે. (૫) વિભાગ નહિ થવાથી **અવિભાગ** કહેવાય છે. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૭ : ત્રણ પ્રકારના બંધ કયા છે અને તેને કઈ રીતે ઘટાવવામાં આવેલ છે ?**

**જવાબ :** અહીં ઉદ્દેશક–૭માં બંધના, અપેક્ષાથી ત્રણ પ્રકાર કહ્યા છે, યથા–(૧) જીવ પ્રયોગ બંધ– જીવના પ્રયત્નથી થનાર બંધ (૨) અનંતરબંધ– વર્તમાનમાં થનાર બંધ (૩) પરંપર બંધ– જેને ૧–૨–૩ આદિ સમય થઈ ગયા હોય એવો ભૂત-કાલીન બંધ. આ ત્રણે ય પ્રકારના બંધ (૧) આઠ કર્મોના (૨) આઠ કર્મ ઉદયજન્ય બંધનાર કર્મના (૩) સ્ત્રીવેદ આદિ ત્રણે વેદના, (૪) દર્શન મોહનીય ચારિત્ર મોહનીયના, (૫) ઔદારિક આદિ પાંચ શરીરના, (૬) ૬ લેશ્યાવાળાના, (૭) ત્રણ દષ્ટિવાળાના, (૮) પાંચ જ્ઞાન ત્રણ અજ્ઞાનવાળાના, (૯) આઠ જ્ઞાન-અજ્ઞાનના વિષયમાં પ્રવૃત્ત જીવના, એમ કુલ–૫૫ બોલોમાં જીવ બંધના ત્રણ પ્રકાર કહ્યા છે. એ ૫૫ માંથી ૨૪ દંડકમાં જે–જે બોલ હોય તદનુસાર તેમાં પણ ત્રણ પ્રકારના બંધ સમજી લેવા.

**પ્રશ્ન–૮ : ભરત–ઐરવતમાં તીર્થંકર તથા તેઓના શાસન આદિ સંબંધી અહીં શું શું નિરૂપણ છે ?**

**જવાબ :** પ્રસ્તુત ઉદ્દેશક–૮માં એવા અનેક વિષય નિરૂપિત છે, જે આ પ્રમાણે છે– ભરત ઐરવતમાં જ ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ છે. અકર્મભૂમિમાં નથી. મહાવિદેહ ક્ષેત્રમાં અવસ્થિત કાલ છે.

પાંચ ભરતમાં અને પાંચ ઐરવતમાં પહેલા અને અંતિમ તીર્થંકર પંચ મહાવ્રત રૂપ ધર્મ અને સપ્રતિક્રમણ ધર્મનું પ્રરૂપણ કરે છે. શેષ ૨૨ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકર ચાતુર્યામ ધર્મનું પ્રરૂપણ કરે છે.

ભરત-ઐરવતમાં ૨૪ તીર્થંકર ક્રમશઃ થાય છે, જેના ૨૩ જિનાંતર હોય





છે. વર્તમાન ચોવીસીના પહેલાથી આઠમા અને ૧૬થી ૨૩ માના શાસનમાં કાલિક શ્રુતનો વિચ્છેદ થયો નથી. વચ્ચેના ૯મા થી ૧૫મા તીર્થંકરના શાસનમાં અર્થાત્ સાત જિનાંતરમાં કાલિકશ્રુતનો વિચ્છેદ થયો હતો.

દષ્ટિવાદનો વિચ્છેદ તો બધા તીર્થંકરોના શાસનમાં થાય જ છે. ચોવીસમા તીર્થંકરના શાસનમાં દષ્ટિવાદનું પૂર્વગત સૂત્ર ૧૦૦૦ વર્ષ સુધી ચાલશે(રહ્યું હતું) ૨૩ તીર્થંકરોનું સંખ્યાત અથવા અસંખ્યાતકાલ સુધી પૂર્વશ્રુત ચાલ્યુ હતું.

ચોવીસમાં તીર્થંકરનું વર્તમાન શાસન કુલ ૨૧ હજાર વર્ષ ચાલશે. તેમજ અવસર્પિણીના દરેક ૨૪મા તીર્થંકરનું શાસન કુલ ૨૧ હજાર વર્ષ ચાલે છે. ઉત્સર્પિણીના દરેક ૨૪મા તીર્થંકરનું શાસન એક હજાર વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ વર્ષ ચાલે છે.

અરિહંત તીર્થંકર છે, ચતુર્વિધ સંઘ તીર્થ છે. તીર્થંકર પ્રવચની છે. દ્વાદશાંગ (શાસ્ત્ર) પ્રવચન છે. આ ધર્મનું અવગાહન કરનાર સંપૂર્ણ કર્મ ક્ષય કરીને મુક્ત થાય છે અથવા કર્મ શેષ રહે તો દેવલોકમાં જાય છે.

**પ્રશ્ન–૯ : જંઘાચારણ અને વિદ્યાચરણ કોને કહે છે ?**

**જવાબ :** ચારણ લબ્ધિના બે પ્રકાર હોય છે– (૧) જંઘા શક્તિ ધીરે ધીરે ક્ષીણ થાય છે, ચાલવાનું પ્રારંભ કરતા સમયે જંઘામાં સ્ફૂર્તિ હોય છે અને કાલાંતરે શક્તિ ક્ષીણ થઈ જતાં સ્ફૂર્તિમાં મંદતા આવી જાય છે, એવી જંઘાશક્તિની ઉપમાવાળી ચારણ લબ્ધિને **જંઘાચારણ લબ્ધિ** કહે છે. આ લબ્ધિવાળા પ્રારંભમાં પ્રથમ ઉડાનમાં સીધા ઢચકવર દ્વીપમાં પહોંચી શકે છે ત્યાંથી પાછા આવતા સમયે એક વિશ્રામ નંદીશ્વર દ્વીપમાં લે છે અને બીજી ઉડાનમાં પોતાના સ્થાન પર પહોંચી જાય છે.

જંઘાચારણ લબ્ધિવાળા ઉપર જવું હોય તો એક જ ઉડાન–ઉડ્ડયનમાં પંડકવનમાં પહોંચે છે, પાછા વળતી વખતે એક વિશ્રામ નંદનવનમાં કરીને પછી સ્વસ્થાનમાં પહોંચે છે. આમ જંઘાની ઉપમાવાળી આ ચારણ લબ્ધિને જંઘાચારણ લબ્ધિ કહેલ છે. (૨) વિદ્યાની ઉપમાવાળી ચારણ લબ્ધિને **વિદ્યાચારણ લબ્ધિ** કહે છે. અર્થાત્ વિદ્યા ઉપયોગમાં આવતાં-આવતાં પ્રકૃષ્ટ–પ્રબળ બને છે, તેમજ આ લબ્ધિ ઉપયોગમાં આવ્યા પછી વિશેષ પ્રભાવિત બને છે. તે વિદ્યાચારણ લબ્ધિ કહેવાય છે. આ લબ્ધિવાળા પ્રથમ ઉડાનમાં માનુષોતર પર્વત પર જાય છે. બીજી ઉડાનમાં નંદીશ્વર દ્વીપમાં પહોંચે છે અને એક ઉડાનમાં પુનઃ પોતાના

સ્થાનમાં આવી જાય છે. ઉપર જવું હોય તો બે ઉડ્ડયનમાં પંડકવનમાં પહોંચે છે અને એક ઉડાનમાં પુનઃ સ્વસ્થાનમાં આવી જાય છે.

**લબ્ધિ કોને હોય છે ?–** (૧) તપોલબ્ધિ સંપન્ન પૂર્વધારી મુનિરાજને અટ્ઠમ-અટ્ઠમના પારણા રૂપ તપ નિરંતર કરવાથી **જંઘાચારણ લબ્ધિ** ઉત્પન્ન થાય છે. ત્રણ ચપટી વગાડે તેટલી વારમાં જબૂદ્વીપનો કોઈ દેવ ૨૧ વાર પ્રરિક્રમા કરી લે એવી તેજ ગતિ તેની હોય છે. (૨) તપો લબ્ધિધારી પૂર્વધર મુનિરાજને છઠ-છઠના નિરંતર પારણા કરવાથી **વિદ્યાચારણ લબ્ધિ** પ્રાપ્ત થાય છે. ત્રણ ચપટી વગાડે– બજાવે તેટલા સમયમાં કોઈ દેવ જંબૂદ્વીપની ત્રણ વાર પરિક્રમા કરી લે એવી તીવ્ર ગતિ તેની હોય છે. **બંનેની તુલના–** (૧) વિદ્યાચારણ લબ્ધિથી જંઘાચારણ લબ્ધિ વિશિષ્ટ છે. (૨) વિદ્યાચારણ લબ્ધિ છઠ-છઠના તપથી પ્રાપ્ત થાય છે જ્યારે જંઘાચારણ લબ્ધિ અટ્ઠમ-અટ્ઠમના તપથી પ્રાપ્ત થાય છે. (૩) ઊંચાઈમાં અધિકતમ બંને સમાન પંડકવન સુધી જાય છે પરંતુ લંબાઈમાં જંઘાચારણ ઉત્કૃષ્ટ ઢચકવર દ્વીપ સુધી જાય છે. જ્યારે કે વિદ્યાચારણ ઉત્કૃષ્ટ નંદીશ્વર દ્વીપ સુધી જ જાય છે. (૪) જંઘાચારણની ગતિ જતી વેળાએ એક ઉડાનમાં ઉત્કૃષ્ટ હોય છે જ્યારે કે વિદ્યાચારણ જતા સમયે બે ઉડાનમાં પોતાની ઉત્કૃષ્ટ મંજિલે પહોંચે છે. (૫) વળતાં પોતાના સ્થાન પર આવતા જંઘાચારણ બે ઉડાનમાં આવે છે અને વિદ્યાચારણ એક ઉડાનમાં સ્વસ્થાનમાં આવી જાય છે. (૬) વિદ્યાચારણથી જંઘા-ચારણની ગમનગતિ સાત ગણી અધિક હોય છે. **સ્થળોનો પરિચય– (૧) માનુષોત્તર પર્વત–** અઢીદ્વીપની સીમા કરનાર ચૂડી આકાર પર્વત. જે પુષ્કર દ્વીપની વચમાં, પુષ્કર દ્વીપની અંદરની જગતી–વેદિકાથી આઠ યોજન દૂર છે. **(૨) નંદીશ્વર દ્વીપ–** આ આઠમો દ્વીપ છે, એની પહેલાં સાત દ્વીપ, સાત સમુદ્ર છે. **(૩) ઢચક-વરદ્વીપ–** આ ૧૬ મો દ્વીપ છે, તેની પહેલાં ૧૫ દ્વીપ અને ૧૫ સમુદ્ર છે. **(૪) નંદનવન–** મેઢપર્વતની સમભૂમિથી ૫૦૦ યોજન ઉપર જવાથી મેઢની ચોતરફ ૫૦૦ યોજનની પહોળાઈનો વલયાકાર વનપ્રદેશ છે, તે નંદનવન છે. **(૫) પંડકવન–** મેઢપર્વત પર ચાર વન છે, જેમાં મેઢના શિખર પર ચોથું પંડકવન છે, તે સમભૂમિથી ૯૯૦૦૦યોજન ઉંચાઈ પર છે.

**લબ્ધિ–પ્રયોગ પ્રયોજન–** ઉકત લબ્ધિધારી મુનિરાજ દ્વીપ-સમુદ્ર, પર્વત આદિના આગમ કથિત વર્ણન અનુસાર સ્થાનોને જોવાના પ્રયોજનથી આ લબ્ધિનો પ્રયોગ કરે છે અથવા પોતાની જિજ્ઞાસાઓનું સમાધાન કરવા, તીર્થંકરોના દર્શન કરવા માટે પણ ઉક્ત લબ્ધિવાળા મુનિરાજ તે લબ્ધિનો પ્રયોગ કરે છે.





**આરાધના–વિરાધના–** આ લબ્ધિના પ્રયોગ પછી આલોચના–પ્રાયશ્ચિત્ત કરી લે તો તે અણગાર આરાધક બને છે. આલોચના પ્રાયશ્ચિત્ત નહિ કરનાર અણગાર વિરાધક બને છે.

**વિદ્યાધર–** વૈતાઢ્ય પર્વતની પ્રથમ શ્રેણીના માનવ વિદ્યાધર કહેવાય છે. તેઓ આ બંને (ચારણ લબ્ધિ)થી ભિન્ન હોય છે. તે સાંસારિક ગૃહસ્થ જીવન જીવે છે. ભરતક્ષેત્રમાં સમભૂમિ પર પણ કોઈ વિદ્યાઓની સાધના કરીને વિદ્યાધર બની જાય છે. એ વિદ્યાધરોની આ વિશેષતા છે કે તેઓ ઇચ્છે ત્યારે પક્ષીની સમાન આકાશમાં ગમન કરી શકે છે. સામાન્યતઃ તેઓ પોતાના ક્ષેત્રમાં જ વિચરણ કરી શકે છે અર્થાત્ ભરતક્ષેત્રવાળા ભરતમાં, ઐરવત ક્ષેત્રવાળા ઐરવતમાં અને મહા-વિદેહની વિજયવાળા પોતાની વિજયમાં ગમનાગમન કરે છે. વિશિષ્ટ વિદ્યા સિદ્ધ કરનાર કોઈ અધિક પણ જઈ શકે છે. કારણ કે અઢીદ્વીપની બહાર જનાર માનવોની ગણતરીમાં વિદ્યાધરોને પણ અલગ ગણાવ્યા છે– જીવાભિગમ સૂત્ર, પ્રતિપત્તિ–૩માં. જેમ કે–૯ નારદ આદિ વિદ્યાધર.

**પ્રશ્ન–૧૦ : પૂર્વધર અને ચારણલબ્ધિ સંપન્ન અણગારને માટે માનુષોત્તર પર્વત આદિ પર ચૈત્યવંદન કરવાનું કથન છે તેનું શું તાત્પર્ય છે ?**

**જવાબ :** લિપિકાળમાં મનઃકલ્પિત પ્રક્ષેપોની પરિપાટી અંતર્ગત ભગવતી સૂત્રનો આ પાઠ પણ અંતર્ભાવિત થાય છે. શ્રમણ નિર્ગ્રંથ અથવા શ્રાવકના વર્ણન વાળા આચાર શાસ્ત્રોમાં ક્યાંય પણ ચૈત્ય વંદનનો ઉલ્લેખ છે નહિ, છતાં પણ અહીં માનુષોત્તર આદિ પર્વતો ઉપર મુનિરાજની સાથે ચૈત્ય વંદનનો પાઠ પ્રક્ષિપ્ત કરી દેવામાં આવેલ છે. જ્યારે કે જીવાભિગમ સૂત્રમાં માનુષોત્તર પર્વતનું પૂઢં વર્ણન છે ત્યાં કોઈ મૂર્તિ બતાવવામાં આવી નથી છતાં પણ આ પાઠમાં પ્રક્ષેપ કરવાની મતિવાળાઓએ માનુષોત્તર પર્વત આદિ બધી જગ્યાએ ચૈત્ય વંદનનો પાઠ રાખી દીધો છે. ચૈત્યવંદનના પાઠ અથવા ચૈત્ય શબ્દ અથવા નમોત્થુણં નો પાઠ આદિના પ્રક્ષેપો અન્ય આગમોમાં પણ થયા છે, જેમ કે– રાજપ્રશ્નીય સૂત્ર, વ્યવહાર સૂત્ર, જ્ઞાતા સૂત્ર, ઉપાસકદશા આદિ સૂત્ર. આ વિષયની વિશેષ જાણકારીને માટે **મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના** નામવાળા ગુજરાતી સારાંશ સેટના આઠમા ભાગનું અધ્યયન કરવું જોઈએ.

**પ્રશ્ન–૧૧ : સૌપક્રમી નિઢપક્રમીનો શું અર્થ થાય છે ?**

**જવાબ :** (૧) જીવ જે પણ પરભવનું આયુષ્ય બાંધે છે તે બે પ્રકારના હોય છે.

કોઈ જીવ ૯૦ વર્ષનું આયુષ્ય બાંધીને પરભવમાં જઈને પૂરા ૯૦ વર્ષનું આયુષ્ય જ પુરું કરે છે, તેમાં કોઈ પણ ઉપક્રમ(ઘાત) થી કોઈ પણ પરિવર્તન ન થઈ શકે, એવું બાંધેલું આયુષ્ય **નિરુપક્રમી આયુષ્ય** કહેવાય છે.

(૨) કોઈ જીવ ૯૦ વર્ષના આયુષ્યનો બંધ કરીને પરભવમાં જઈને ૨/૩ આયુષ્ય(૬૦ વર્ષ)વીત્યા પછી કોઈ પણ ઉપક્રમ લાગતા, આત્મઘાત કરવાથી અથવા અન્ય દ્વારા ઘાત કરવાથી અથવા દુર્ઘટના થઈ જવાથી આયુષ્ય પૂર્ણ કરી મરી જાય છે; એવું બાંધેલું તે આયુષ્ય **સોપક્રમી આયુષ્ય કહેવાય છે.**

તાત્પર્ય એ છે કે (૧) નિરુપક્રમી આયુષ્યવાળા નિશ્ચિત રૂપથી બાંધેલું હોય એટલું પૂરું આયુષ્ય વ્યતીત કરે છે અને (૨) સોપક્રમી (જે નિરુપક્રમી નથી એવા) આયુષ્યવાળા ૨/૩ ઉંમર વીત્યા પછી ક્યારેય પણ મરી શકે છે અને કોઈ ઘાત સંયોગ ન આવે તો પૂરું આયુષ્ય પણ વ્યતીત કરી લે છે. અર્થાત્ આમાં અપૂર્ણ-પૂર્ણ બંને પ્રકારે આયુષ્ય કર્મ ભોગવવાની ભજના રહે છે. આયુષ્ય તૂટવું અર્થાત્ તેમાં ઉપક્રમ લાગવો; એ સ્થાનાંગ સૂત્ર, સ્થાન–૭માં સાત પ્રકારના બતાવેલ છે. ***–જુઓ સ્થાનાંગના પ્રશ્નોત્તરમાં ભાગ–૨ પૃષ્ટ–૧૭૩.***

૨૪ દંડકમાં નારકી, દેવતા, જુગલિયા મનુષ્ય અને જુગલિયા તિર્યંચ, તીર્થંકર ચક્રવર્તી આદિ ૬૩ શલાકા પુરુષ અને ચરમ શરીરી જીવ એ બધા એક માત્ર નિરુપક્રમી આયુષ્યવાળા હોય છે. બાકી બધા જીવ બંનેમાંથી કોઈ પણ આયુષ્યવાળા હોઈ શકે છે.

**ત્રણ ભેદ–** સોપક્રમી-નિરુપક્રમી એ બેના, અપેક્ષાએ ત્રણ ભેદ પણ હોય છે– (૧) આત્મોપક્રમ– સ્વયં આયુષ્યને ઘટાડી દેવું–આત્મઘાત કરવો આદિ. (૨) પરોપક્રમ– બીજા દ્વારા માર્યા જવું. (૩) નિરુપક્રમ– કોઈ પણ ઉપક્રમ નહિ લાગવો, પૂર્ણાયુ રહેવું.

નારકીમાં આવનાર ત્રણેય પ્રકારથી મરીને આવી શકે છે. આમ ચોવીસેય દંડકની આગતમાં ત્રણેય પ્રકારના ઉપક્રમવાળા જીવ હોઈ શકે છે. નારકીમાંથી મરીને જનાર જીવ નિરુપક્રમ એક ભેદવાળા જ હોય છે. આ જ રીતે બધા દેવોમાં પણ એક ભેદ ગતમાં હોય છે કારણ કે નારકી અને દેવ ઉપક્રમથી મરતા નથી; સ્વાભાવિક પોતાનું આયુષ્ય પૂર્ણ થવા પર જ મરે છે. ઔદારિક દશ દંડકથી મરીને જનાર જીવ ત્રણે ય પ્રકારના હોય છે.

**અન્ય અપેક્ષાએ** જીવના જન્મ-મરણ, આત્મરિદ્ધિથી આત્મકર્મથી, આત્મ





પ્રયોગથી થાય છે પરંતુ પરરિદ્ધિ, પરકર્મ અને પરપ્રયોગથી થતા નથી એટલે કે સ્વકર્મ અનુસાર જીવના જન્મ-મરણ થાય છે. આ ઉપાદાન કારણની અપેક્ષા કથન છે. નિમિત્ત કારણ એમાં ગૌણ કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન–૧૨ : કતિસંચય-અકતિસંચય આદિ શું છે ?**

**જવાબ :** જીવોના ઉત્પન્ન થવાની સંખ્યાને આગમિક વિશિષ્ટ શબ્દોમાં ત્રણ પ્રકારે કહેલ છે, યથા– (૧) કતિસંચય– સંખ્યાતા જીવોનું ઉત્પન્ન થવું. (૨) અકતિસંચય– અસંખ્યાતા જીવોનું ઉત્પન્ન થવું. (૩) અવક્તવ્યસંચય– એક જીવનું જ ઉત્પન્ન થવું અર્થાત્ કતિ અથવા અકતિ બંને સંખ્યાનું નહિ થવું અવક્તવ્ય કહેવામાં આવે છે.

**ચોવીસ દંડકમાં–** પાંચ સ્થાવરમાં હંમેશાં અસંખ્ય અનંત જીવોની ઉત્પત્તિ ચાલુ રહે છે, તેથી તેઓ અકતિ સંચય છે. શેષ બધા દંડકમાં ત્રણે ય પ્રકારના છે. સિદ્ધોમાં કતિ અને અવક્તવ્ય બે જ છે. અકતિ(અસંખ્ય) ઉત્પન્ન થતા નથી.

**પ્રશ્ન–૧૩ : છક્ક સમર્જિત આદિનો શું અર્થ છે ?**

**જવાબ :** એ પણ ઉત્પન્ન થનાર જીવોની સંખ્યાનું વિશિષ્ટ કથન છે– (૧) છક્ક સમર્જિત=૬ જીવ. (૨) નોછક્ક સમર્જિત=૧,૨,૩,૪,૫ એ નોછક્ક છે. (૩) છક્ક નોછક્ક=૭,૮,૯,૧૦,૧૧ (૪) અનેક છક્ક=૧૨,૧૮,૨૪,૩૦ આદિ (૫) અનેક છક્ક અને નોછક્ક=૧૩,૧૪ આદિ શેષ બધી સંખ્યા અથવા (૧) **દ્વાદસ સમર્જિત–** છક્કની જેમ આના પણ પાંચ પ્રકાર હોય છે. આ પણ જીવ ઉત્પન્ન થવાની સંખ્યા સાથે સંબંધિત છે. ૬ ના સ્થાન પર ૧૨ સંખ્યાથી સમજવું.

**(૨) ચૌરાસી સમર્જિત–** આના પણ ઉપરોક્ત છક્કની જેમ પાંચ પ્રકાર હોય છે. ૨૪ દંડકમાં ઉત્પત્તિ સંખ્યા કતિ-અકતિ સંચયને અનુરૂપ છક્ક આદિની પણ સમજી લેવી. સિદ્ધોની ઉત્પત્તિ સંખ્યામાં અકતિ નથી, તેમજ ચૌરાસી સમર્જિતમાં અંતિમ બે ચોથો અને પાંચમો પ્રકાર નથી. (૪) અનેક ચૌરાસીનો ચોથો (૨) અનેક ચૌરાસીનો અને ચૌરાસી સમર્જિતનો પાંચમો ભંગ, એ બંને ૧૦૮થી વધુ થઈ જાય છે અને સિદ્ધ થવાની ઉત્કૃષ્ટ સંખ્યા ૧૦૮ જ છે. માટે ચૌરાસી સમર્જિતના ૩ ભંગ જ સિદ્ધોમાં હોય છે, જેમ કે (૧) ચૌરાસી સમર્જિત (૨) નોચૌરાસી સમર્જિત (૧ થી ૮૩ સુધી) (૩) ચૌરાસી નોચૌરાસી સમર્જિત (૮૫, ૮૬ આદિ ૧૦૮ સુધીની સંખ્યા)

# શતક–૨૧–૨૨–૨૩

**પ્રશ્ન–૧ : આ ત્રણ શતકોનો પરિચય શું છે ?**

**જવાબ :** વનસ્પતિ સંબંધી એક જ વિષય આ ત્રણે ય શતકમાં છે. આ શતકોના વિભાગ બે પ્રકારના છે– (૧) વર્ગ (૨) ઉદ્દેશક. **૨૧મા શતકમાં–** આઠ વર્ગ અને એંસી ઉદ્દેશક છે. **૨૨મા શતકમાં–** ૬ વર્ગ અને ૬૦ ઉદ્દેશક છે. **૨૩મા શતકમા–**પાંચ વર્ગ અને ૫૦ ઉદ્દેશક છે. પ્રત્યેક વર્ગમાં ૧૦ ઉદ્દેશક વૃક્ષના દશ વિભાગોની અપેક્ષાએ છે અર્થાત્ (૧) મૂલ (૨) કંદ (૩) સ્કંધ (૪) ત્વચા (૫) શાખા (૬) પ્રવાલ (૭) પત્ર (૮) પુષ્પ (૯) ફળ (૧૦) બીજ. વનસ્પતિના એ ૧૦ વિભાગની અપેક્ષા નિરૂપણ હોવાથી દશ-દશ ઉદ્દેશા પ્રત્યેક વર્ગના કરવામાં આવ્યા છે.

**પ્રશ્ન–૨ : વર્ગનું વિભાજન કેવા પ્રકારે કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** વર્ગ–વનસ્પતિની એક સરખી સુમેળવાળી જાતિઓના સંકલન યુક્ત વર્ગ બનાવ્યા છે. જેમ– (૧) ચોખા, ઘઉં, જવ, જુવાર આદિ ધાન્યનો **પ્રથમ વર્ગ** છે. (૨) ચણા, મસૂર, તલ, મગ, અડદ, કળથી આદિનો **બીજો વર્ગ** છે. (૩) અળશી, કુસુંભ(કેસર), કોદ્રવ(કોદરા), ડાંગ, શણ, સરસવ આદિનો **ત્રીજો વર્ગ** છે. (૪) વાંસ, વેણુ, દંડ, કલ્કાવંશ, ચાઢવંશ આદિનો **ચોથો વર્ગ** છે. (૫) ઈક્ષુ (શેરડી), વીરણ, ઈક્કડ, ભમાસ, સૂંઠ, તિમિર, સતપોરગ અને નલ આદિનો **પાંચમો વર્ગ** છે. (૬) દર્ભ, કોંતિય, પર્વક, ફુદીના, અર્જુન, ભુસ, એરંડો, કુઢકુંદ, મધુરતૃણ આદિનો **છટ્ઠો વર્ગ** છે. (૭) અધ્યારોહ(એક વૃક્ષમાં બીજું વૃક્ષ), વત્થુલ, માજરિક, ચિલ્લિ, પાલક, શાક, મંડુકી, સર્ષપ, અંબિલ શાક આદિનો **સાતમો વર્ગ** છે. (૮) તુલસી, ચૂયણા, જીરા, દમણા, મઢયા, ઈંદીવર, શતપુષ્પી આદિનો **આઠમો વર્ગ** છે. આ પ્રમાણે ૨૧ મા શતકમાં વનસ્પતિઓના આઠ વિભાગથી આઠ વર્ગ કરવામાં આવ્યા છે.

**પ્રશ્ન–૩ : આ વનસ્પતિઓ સંબંધી અહીં કયા વિષયનું નિરૂપણ કર્યું છે ?**

**જવાબ :** શતક–૧૧ ઉદ્દેશક–૧ માં **ઉત્પલ** નું વર્ણન ૩૩ દ્વારોથી કરવામાં આવ્યું છે. તે જ રીતે અહીં પણ ૩૩ દ્વારોની કેટલીક વિશેષતાઓ–ભિન્નતાઓને સ્પષ્ટ કરતા થકાં શેષ સંપૂર્ણ વર્ણન ઉત્પલ ઉદ્દેશક અનુસાર જાણવાનું જ સૂચન અધિક છે. વિશેષતાઓ આ પ્રમાણે છે–





**૨૧મા શતકના પ્રથમ વર્ગ ચોખા, ઘઉં આદિમાં–** (૧) અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ અનેક ધનુષની. (૨) સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનેક વર્ષ (૩ વર્ષ). (૩) કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલ. (૪) આગતિ– મૂલ, કંદ આદિ ૧૦ વિભાગમાંથી પ્રથમ **સાત વિભાગમાં** દેવ આવતા નથી. અંતિમ ત્રણ વિભાગ પુષ્પ, ફળ, બીજમાં દેવ આવે છે. તેની અપેક્ષા ત્રણે ય વિભાગમાં લેશ્યા–૪ છે અને ભંગ–૮૦ થાય છે. કારણ કે અશાશ્વત છે. દેવમાંથી આવનાર સદા મળતા નથી. ૮૦ ભંગ ઉત્પલ શતક–૧૧ અનુસાર જાણવા. (૫) પુષ્પ, ફળ અને બીજમાં અવગાહના ઉત્કૃષ્ટ અનેક અંગુલની હોય છે. આ પ્રમાણે પ્રથમ વર્ગના સાત ઉદ્દેશક સમાન છે તથા પાછળના ત્રણ ઉદ્દેશકોમાં અવગાહના, લેશ્યા અને આગતિમાં ફરક છે.

**બીજા વર્ગ ચણા મસૂર આદિમાં–** પ્રથમ વર્ગની જેમ વર્ણન છે, સ્થિતિ અનેક વર્ષમાં પાંચ વર્ષ સમજવી.

**ત્રીજા વર્ગ અળસી આદિમાં–** પ્રથમ વર્ગની જેમ વર્ણન છે, સ્થિતિના અનેક વર્ષમાં ૭ વર્ષ સમજવી.

**ચોથા વર્ગ વાંસ આદિમાં–** એના દશે ય વિભાગોમાં ક્યાંય પણ દેવ ઉત્પન્ન થતા નથી. તેથી આગતિ, લેશ્યામાં અંતર છે અને તેના ભંગ ૨૬ થાય છે.

**પાંચમા વર્ગ ઈક્ષુ(શેરડી) આદિમાં–** સ્કંધ વિભાગમાં દેવ આવીને ઉત્પન્ન થાય છે, શેષ ૯ વિભાગમાં દેવ ઉત્પન્ન થતા નથી. દેવ આવે તેમાં લેશ્યા–૪ અને ભંગ–૮૦ થાય છે. **છટ્ઠો–સાતમો–આઠમો વર્ગ–** એ ત્રણે ય વર્ગ વાંસ વર્ગના સમાન છે. ॥ શતક–૨૧ સંપૂર્ણ ॥

**બાવીશમા શતકનો પ્રથમ વર્ગ–** તાલ, તમાલ, કદલિ(કેળા), તેતલી, તક્કલી, દેવદાઢ, કેવડા, ગુંદર, હિંગ, લવિંગ, સોપારી, ખજૂર, નાળિયેર આદિનું વર્ણન શાલિ વર્ગની સમાન છે પરંતુ વિશેષતા આ પ્રમાણે છે– (૧) મૂલ આદિ પાંચ વિભાગમાં દેવ ઉત્પન્ન થતા નથી તેથી લેશ્યા–૩ છે. (૨) પ્રવાલ આદિ પાંચમાં દેવ ઉત્પન્ન થાય છે. તેથી લેશ્યા–૪ છે. (૩) સ્થિતિ– મૂલ આદિ પાંચની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૦ હજાર વર્ષની છે. (૪) શેષ પાંચની સ્થિતિ– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનેક વર્ષની છે. (૫) અવગાહના ઉત્કૃષ્ટ– મૂલ અને કંદની અનેક ધનુષ, ત્વચા-શાખાની અનેક કોશ છે. પ્રવાલ અને પત્રની અનેક ધનુષ છે, પુષ્પની અનેક હાથ, ફળ-બીજની અનેક અંગુલની છે. જઘન્ય અને મધ્યમ વિવિધ પ્રકારની અવગાહના હોઈ શકે છે.

**બીજો વર્ગ–** લીમડો, આંબો, જાંબૂ, પીલુ, સેલુ, સલ્લકી, પલાશ, કરંજ, પુત્રંજીવક, અરીઠા, હરડા, બહેડા, ચારોલી, નાગકેશર, શ્રીપર્ણી, અશોક આદિ. એનું વર્ણન પણ પ્રથમ તાલ વર્ગની સમાન છે.

**ત્રીજો વર્ગ–** અસ્થિક, તિંદુક, બોર, કપિત્થ, અંબાડગ, બિજોઢં, આંબળા, ફણસ, દાડમ, પીપળ, ઉંબર, વડ, ન્યગ્રોધ, નંદીવૃક્ષ, પીપર, સત્તર, સપ્તપર્ણ, લોદ્ર, ધવ, ચંદન, કુટજ, કદંબ આદિનું વર્ણન તાડવૃક્ષના સમાન છે.

**ચોથો વર્ગ–** બેંગન, પોંડઇગંજ, અંકોલ્લ આદિનું વર્ણન વાંસ વર્ગના સમાન છે.

**પાંચમો વર્ગ–** શ્રિયક, સિરયિક, નવનાલિક, કોરંટક, બંધુજીવક, મણોજા, નલિની કંદ આદિનું વર્ણન શાલિવર્ગના સમાન છે.

**છઠ્ઠો વર્ગ–** પૂસફલિકા, તુંબી, ત્રપુષી(કાકડી), એલવાલુંકી આદિ વલ્લિયોનું વર્ણન તાડ વર્ગના સમાન છે પરંતુ સ્થિતિ ઉત્કૃષ્ટ અનેક વર્ષની છે. ફલની અવગાહના ઉત્કૃષ્ટ અનેક ધનુષની છે. **છ વર્ગના** ૬૦ ઉદ્દેશક આ શતકમાં છે.

**ત્રેવીસમા શતકનો પ્રથમ વર્ગ–** આલૂ, મૂળા, આદુ, હળદર, ક્ષીરવિરાલી, મધુશ્રૃંગી, સર્પસુગંધા, છિન્નરૂહા, બીજરૂહા આદિનું વર્ણન વંશ વર્ગ સમાન છે. વિશેષતા આ પ્રમાણે છે– **૧. પરિમાણ–** એક સમયમાં એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ અનંતા જીવ ઉત્પન્ન થાય છે. **૨. સ્થિતિ–** અનંત જીવ ઉત્પન્ન થનારની જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. શેષની વાંસ સમાન છે.

**બીજો વર્ગ–** લોહી, નીહૂ, થીહૂ, અશ્વકર્ણી, સિંહકર્ણી, સિઉંઢી, મુસુંઢી આદિ આલૂ વર્ગની સમાન છે, અવગાહના તાડ વર્ગ સમાન છે.

**ત્રીજો વર્ગ–** આય, કાય, કહુણા,સફા, સજ્જા, છત્રા, કુંદુઢક્ક આદિ બીજા વર્ગ સમાન છે.

**ચોથો વર્ગ–** પાઠા, મૃગવાલુંકી, મધુરસા, રાજવલ્લી, પદ્મા, મોઢરી, દંતી, ચંડી આદિનું વર્ણન આલુ વર્ગ સમાન છે. અવગાહના વલ્લી વર્ગ સમાન છે.

**પાંચમો વર્ગ–** માષપર્ણી, મુદ્‌ગપર્ણી, જીવક, કાકોલી, ક્ષીરકાકોલી, કૃમિરાશિ, ભદ્રમુસ્તા આદિનું વર્ણન આલુ વર્ગ સમાન છે.

કુલ પાંચ વર્ગના ૫૦ ઉદ્દેશક આ શતકમાં છે, તેમાં ક્યાંય પણ દેવ ઉત્પન્ન થતા નથી, તેથી ત્રણ **લેશ્યા** જ હોય છે.





# શતક–૨૪ : ઉદ્દેશક–૧ થી ૨૪

## ગમ્મા અધિકાર

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકનું નામ **'ગમ્મા શતક'** પ્રસિદ્ધ છે. આમાં આવેલ સંપૂર્ણ વર્ણન ગમ્મા અધિકાર અથવા **ગમ્માના થોકડા** ના નામથી ઓળખાય છે. આ શતકમાં ૨૪ દંડકની અપેક્ષા ૨૪ ઉદ્દેશક વિભાગ છે. પ્રત્યેક ઉદ્દેશકમાં એક-એક દંડકના જીવો સંબંધી વર્ણન ૨૦ દ્વારોથી છે અર્થાત્ તે–તે દંડકવર્તી જીવો સંબંધી ૨૦ બોલોની એટલે કે અવગાહના, આયુષ્ય, લેશ્યા આદિ ૨૦ તત્ત્વો–ભાવોની પૃચ્છા કરવામાં આવી છે.

આ ૨૦ દ્વારોનું વર્ણન સીધું તે દંડકવર્તી જીવથી નહિ કરતાં તેના આગત સ્થાનવાળા પ્રત્યેક જીવથી સંબંધિત કરીને દર્શાવેલ છે.

જેમ કે પ્રથમ દંડક નારકીનો છે, એમાં જીવના ભેદ–૭ છે. પ્રથમ જીવનો ભેદ પ્રથમ નારકીનો જીવ છે, તેમાં આગત સ્થાનરૂપ જીવ ત્રણ છે– ૧. અસંજ્ઞી તિર્યંચ, ૨. સંજ્ઞી તિર્યંચ ૩. સંજ્ઞી મનુષ્ય. સર્વ પ્રથમ પહેલી નરકમાં આવનાર અસંજ્ઞી તિર્યંચને લઈને તે સંબંધી ૨૦ દ્વારોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેના પછી સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યના પ્રથમ નરકમાં આવવા સંબંધી ૨૦ દ્વારોનું વર્ણન છે. તેના પછી ક્રમશઃ બીજીથી સાતમી નરક સુધીમાં આવનાર સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય સંબંધી વર્ણન ૨૦ દ્વારોના માધ્યમથી કરેલ છે. અંતમાં સંજ્ઞી મનુષ્યના સાતમી નરકમાં આવવા સંબંધી ૨૦ દ્વાર પૂર્ણ થવા પર પ્રથમ દંડક આશ્રિત પ્રથમ ઉદ્દેશક પૂર્ણ થાય છે. આ જ રીતે ચોવીસે ય દંડકના જીવ સ્થાનોમાં આગતિ સ્થાનોને સંબંધિત કરીને ૨૦ દ્વારોના માધ્યમથી કથન કરીને ઉદ્દેશક પૂર્ણ થાય છે. આમ આ શતકમાં ૨૪ દંડકવર્તી જીવ, તેની આગતિ અને તત્સંબંધી ૨૦ ભાવો–વિષયોને સમજાવવામાં આવ્યા છે.

**પ્રશ્ન–૨ : ગમ્મા શબ્દપ્રયોગ કરવાનું શું તાત્પર્ય છે ?**

**જવાબ :** ઉપર કહ્યા અનુસાર ૨૪ દંડકના જીવોમાં તેઓના આગતિ સ્થાન વાળા જીવોથી સંબંધિત કરીને જે ૨૦ બોલોનું વર્ણન છે. તેના મૌલિક–૯ પ્રશ્ન બંને સ્થાનોના સ્થિતિની અપેક્ષાએ બને છે. તે મૌલિક પ્રશ્નની અપેક્ષાને, પદ્ધતિને

ગમક કહેવામાં આવે છે. તેથી ગમક=પૃચ્છાની મૂલ અપેક્ષા, પ્રશ્નની મૂલ પદ્ધતિ, પ્રશ્નનો મૂલ પ્રકાર. તાત્પર્ય એ થાય છે કે પ્રથમ પ્રશ્નોક્ત(અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયના પ્રથમ નારકીમાં જવાના) ૨૦ દ્વાર સંબંધી સમસ્ત વર્ણન મૌલિક નવ ગમકોથી એટલે નવ પ્રકારે, નવ અપેક્ષાએ પૃચ્છા કરીને સમજાવેલ છે. તેથી તે ૯ પ્રશ્નની પદ્ધતિને અહીં ૯ ગમક કહ્યા છે. એ નવ ગમક જ પ્રચલિત ભાષામાં ૯ ગમ્મા કહેવાય છે. એ ૯ ગમ્મકો(ગમ્મા) ના આધારે જ પ્રત્યેક દંડકમાં તેના આગતિ સ્થાનના જીવને સંબંધિત કરીને ૨૦ બોલોના તત્ત્વોનો ખુલાસો કરેલ છે. સાર એ છે કે જીવ સંબંધી ભાવોને કહેવામાં મૂલ પ્રશ્ન સ્થાન આ ૯ ગમક છે. તે ૯ ગમક(ગમ્મા) સ્થિતિ સાથે કહેવાયા છે, તે આ પ્રમાણે છે–

(૧) ઔઘિક– ઔઘિક = ઔઘિક સ્થિતિવાળા ઔઘિક સ્થિતિમાં ઉત્પન્ન થાય.

(૨) ઔઘિક– જઘન્ય = ઔઘિક સ્થિતિવાળા જઘન્ય સ્થિતિમાં ઉત્પન્ન થાય.

(૩) ઔઘિક– ઉત્કૃષ્ટ = ઔઘિક સ્થિતિવાળા ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્પન્ન થાય.

(૪) જઘન્ય–ઔઘિક = જઘન્ય સ્થિતિવાળા ઔઘિક સ્થિતિમાં ઉત્પન્ન થાય.

(૫) જઘન્ય–જઘન્ય = જઘન્ય સ્થિતિવાળા જઘન્ય સ્થિતિમાં ઉત્પન્ન થાય.

(૬) જઘન્ય–ઉત્કૃષ્ટ = જઘન્ય સ્થિતિવાળા ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્પન્ન થાય.

(૭) ઉત્કૃષ્ટ–ઔઘિક = ઉત્કૃષ્ટ સ્થિતિવાળા ઔઘિક સ્થિતિમાં ઉત્પન્ન થાય.

(૮) ઉત્કૃષ્ટ–જઘન્ય = ઉત્કૃષ્ટ સ્થિતિવાળા જઘન્ય સ્થિતિમાં ઉત્પન્ન થાય.

(૯) ઉત્કૃષ્ટ–ઉત્કૃષ્ટ = ઉત્કૃષ્ટ સ્થિતિવાળા ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્પન્ન થાય.

એ નવ ગમકમાં પ્રથમ ગમક(ગમ્મા)ને આધાર બનાવીને પ્રથમ દંડક નરકના પ્રથમ જીવ સ્થાન રૂપ પહેલી નારકીની ઔઘિક સ્થિતિમાં આવનાર ઔઘિક સ્થિતિવાળા અસંજ્ઞી તિર્યંચના ૨૦ દ્વારો, બોલોનું કથન કરવામાં આવે છે, જેમકે– (૧) ઔઘિક સ્થિતિના અસંજ્ઞી તિર્યંચ પ્રથમ નરકની ઔઘિક (સમુચ્ચય) સ્થિતિમાં ઉત્પન્ન થાય છે અર્થાત્ અંતર્મુહૂર્તથી ક્રોડપૂર્વ સુધીની સ્થિતિના અસંજ્ઞી તિર્યંચ મરીને પ્રથમ નરકમાં દશ હજાર વર્ષથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધીની સ્થિતિમાં ઉત્પન્ન થાય છે. (૨) એક સમયમાં ૧,૨,૩ ઉત્કૃષ્ટ અસંખ્ય ઔઘિક સ્થિતિવાળા અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય પ્રથમ નરકમાં ઔઘિક સ્થિતિમાં ઉત્પન્ન થાય છે. (૩) અવગાહના– એ ઉત્પન્ન થનાર અસંજ્ઞી





તિર્યંચની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજનની હોઇ શકે છે, એમ ક્રમશઃ ૨૦ દ્વારોનું કથન કરવાથી એક ગમક (ગમ્મા)નું વર્ણન થાય છે.

ત્યાર પછી ઉપરોક્ત બીજાથી લઇને નવમા ગમક સુધી બધામાં ૨૦ દ્વારનું કથન કરવાથી પ્રથમ નરકમાં એક આગત સ્થાનરૂપ અસંજ્ઞી તિર્યંચનું નવ ગમ્મા યુક્ત કથન પૂર્ણ થાય છે.

આ પ્રમાણે મૂલ નવ ગમ્માના આધારે ૨૪ દંડકના જીવોના સમસ્ત આગત સ્થાનોના જીવોને લઇને ૨૦ દ્વારનું વર્ણન થવાથી તે પૂર્ણ વર્ણનને ગમ્મા અધિકાર, ગમ્મા શતક કહેવામાં આવે છે, જે કથન પૂર્ણ ઉપયુક્ત અને સુસંગત છે.

**પ્રશ્ન–૩ : ચોવીસ દંડક કયા છે ?**

**જવાબ :** (૧) સાત નરકનો એક દંડક(૨–૧૧) દશ ભવનપતિના ૧૦ દંડક. (૧૨–૧૬) પાંચ સ્થાવરના પાંચ દંડક. (૧૭–૧૯) ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક. (૨૦) તિર્યંચ પંચેંદ્રિયનો એક દંડક. (૨૧) મનુષ્યનો એક દંડક. (૨૨–૨૪) વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક ત્રણેયનો એક–એક દંડક.

**પ્રશ્ન–૪ : ચોવીસ દંડકના મૂલ ઘર અહીં કેટલા ગણવામાં આવ્યા છે અને તેમાં ઉત્પન્ન થનાર જીવોના પ્રકાર અહીં કુલ કેટલા ગણ્યા છે ?**

**જવાબ :** ગમ્મા પ્રકરણમાં ૨૪ દંડકમાં **મૂલ ઘર** ૪૪ ગણવામાં આવ્યા છે. જેમકે– (૧–૭) નારકીના **૭ ઘર** સાત નરકની અપેક્ષએ ગણ્યા છે. (૮–૨૯) અસુરકુમારથી જ્યોતિષી સુધી ૨૨ દંડકના **૨૨ ઘર.** (૩૦–૪૪) વૈમાનિક દેવોના **૧૫ ઘર** ગણ્યા છે– **૧૨ દેવલોકના ૧૨**, એક નવ ગ્રૈવેયકનું એક ચાર અનુત્તર વિમાનનું અને એક સર્વાર્થસિદ્ધનું. એમ ૭+૨૨+૧૫ = ૪૪ **ઘર કહ્યા** છે.

પ્રસ્તુત પ્રકરણની આગતિમાં **૪૮ જીવ પ્રકાર**ના આધારે કથન કરવામાં આવેલ છે. જેમાં ઉપરોક્ત ૪૪ ઘરમાંથી મનુષ્ય–તિર્યંચ પંચેંદ્રિયના ઘરના ૩–૩ જીવ(સંજ્ઞી, અસંજ્ઞી અને યુગલિક)ગણ્યા છે, શેષ ૪૨ ઘરના ૧–૧ એમ ૪૨ જીવ જ ગણ્યા છે જેથી ૪૨+૬=૪૮ કુલ જીવ ભેદ થાય છે.

**પ્રશ્ન–૫ : ઘર ૪૪ માં, જીવના ૪૮ પ્રકારોના આગતિસ્થાન કેટલા હોય છે?**

**જવાબ :** ૪૪ માંથી એક એક ઘરમાં ૪૮ જીવમાંથી આવનાર જીવોની સંખ્યા

બધી મળીને કુલ ૩૨૧ થાય છે, જેનું વિવરણ નીચેના ચાર્ટમાં જુઓ–

**આગતના ૩૨૧ સ્થાન :–**

| ઘર | જીવ | આગત સંખ્યા | વિવરણ |
|---|---|---|---|
| ૧ | પહેલી નરક | ૩ × ૧ = ૩ | સંજ્ઞી તિર્યંચ, અસંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્ય |
| ૬ | બાકી નરક | ૨ × ૬ = ૧૨ | સંજ્ઞી તિર્યંચ, મનુષ્ય |
| ૧૦ | દશ ભવનપતિ | ૫ × ૧૦ = ૫૦ | સંજ્ઞી અસંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્ય અને બે યુગલિયા |
| ૧ | વ્યંતર | ૫ × ૧ = ૫ | સંજ્ઞી અસંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્ય અને બે યુગલિયા |
| ૧ | જ્યોતિષી | ૪ × ૧ = ૪ | ઉપરના પાંચમાં અસંજ્ઞી તિર્યંચ ઓછા થયા |
| ૨ | ૧ – ૨ દેવલોક | ૪ × ૨ = ૮ | ઉપરના પાંચમાં અસંજ્ઞી તિર્યંચ ઓછા થયા |
| ૬ | ૩–૮ દેવલોક | ૨ × ૬ = ૧૨ | સંજ્ઞી તિર્યંચ મનુષ્ય |
| ૭ | શેષ દેવતા | ૧ × ૭ = ૭ | મનુષ્ય |
| ૩ | પૃથ્વી,પાણી, વનસ્પતિ | ૨૬ × ૩ = ૭૮ | ભવનપતિ વિગેરે ૧૪ દેવતા,૧૨ઔદારિક |
| ૨ | તેઉ,વાયુ | ૧૨ × ૨ = ૨૪ | ૧૨ ઔદારિક |
| ૩ | વિકલેન્દ્રિય | ૧૨ × ૩ = ૩૬ | ૧૨ ઔદારિક |
| ૧ | તિર્યંચ | ૩૯ × ૧ = ૩૯ | ૭ દેવતા (ઉપરના) અને બે યુગલિયા, આ ૯ ઓછા ૪૮ જીવમાં |
| ૧ | મનુષ્ય | ૪૩ × ૧ = ૪૩ | તેઉ, વાયુ, સાતમી નરક, બે યુગલિયા આ ૫ ઓછા ૪૮ જીવમાં |
| ૪૪ ઘર સ્થાનની આગત = ૩૨૧ | | | |

**પ્રશ્ન–૬ : એક આગતિ સ્થાનને ૯ ગમકથી કહેતાં કુલ ગમક પ્રશ્ન કેટલા થાય છે ?**

**જવાબ :** સામાન્ય રીતે ગણિત કરતાં ૯ ગમક અને ૩૨૧ આગતના સ્થાન દ્વારા ૩૨૧×૯=૨૮૮૯ ગમક થાય છે. પરંતુ ૩૨૧ આગત સ્થાનોમાંથી કોઈમાં ૯ ગમક બનતા નથી. કારણ કે ગમક બનવાનો મૂલ આધાર સ્થિતિ છે. જ્યારે





અનેક પ્રકારની સ્થિતિ હોય છે ત્યારે જ ૯ ગમ્મા બને છે. જ્યારે એક જઘન્ય સ્થિતિ કે એક ઉત્કૃષ્ટ સ્થિતિ હોય ત્યારે ૯ ગમ્મા નહિ બનતાં, એક સ્થિતિના ત્રણ જ ગમ્મા બને છે. તદનુસાર– (૧) અસંજ્ઞી મનુષ્ય ૧૦ ઘરમાં ૩–૩ ગમ્માથી જાય છે તો ૬–૬ ગમ્મા ઓછા થવાથી ૧૦×૬=૬૦ ગમ્મા તેના ઓછા થાય છે.

(૨) સર્વાર્થસિદ્ધમાં એક જ સ્થિતિ હોવાથી મનુષ્ય સર્વાર્થસિદ્ધમાં ૩ ગમ્માથી આવે છે અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ મનુષ્યમાં ત્રણ ગમ્માથી જ આવે છે. તેથી બંને આગતસ્થાનના ત્રણ ત્રણ ગમ્મા હોવાથી ૬+૬=૧૨ ગમ્મા ઓછા થાય છે. આમ ૬૦+૧૨=૭૨ ગમ્મા ઓછા થાય છે.

(૩) તિર્યંચ અને મનુષ્ય બંને યુગલિકો જ્યોતિષી અને પહેલા-બીજા દેવલોક એ ત્રણ સ્થાનોમાં ચોથા પાંચમા છટ્ઠા ગમ્માથી જાય છે ત્યારે ત્રણે ય ગમ્મામાં એક સરખી જઘન્ય સ્થિતિ જ પ્રાપ્ત થાય છે. તેથી તે ત્રણ ગમ્માના (ફરક નહિ હોવાથી) એક–એક ગમ્મા જ ગણવામાં આવે છે, તેના બે–બે ગમ્મા ઓછા થવાથી ૨ યુગલિક × ૩ સ્થાન × ૨ ગમ્મા ઓછા=૧૨ ગમ્મા ઓછા થાય છે. તેથી ઉપરોક્ત ૭૨+૧૨= કુલ૮૪ ગમ્મા ઓછા થાય છે. ૯ ગમ્માની અપેક્ષા ૩૨૧ આગતિ સ્થાનોના થતા ૨૮૮૯ ગમ્મા માંથી ૮૪ ગમ્મા ઓછા કરતાં ૨૮૮૯–૮૪ = ૨૮૦૫ ગમ્મામાં ૨૦ દ્વારનું કથન પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવ્યું છે. અર્થાત્ આ શતકમાં કુલ પ્રશ્ન ૨૮૦૫ થાય છે, જેના માધ્યમથી ૨૦ દ્વારનું કથન કરવામાં આવ્યું છે.

***(જઘન્ય સ્થિતિના જનાર જુગલિયા ત્યાં દેવલોકમાં તેટલી જ પોતાની સ્થિતિના સમાન એક તે જ જઘન્ય સ્થિતિ પ્રાપ્ત કરે છે. તેથી વાસ્તવમાં એક ગમ્મા પ્રશ્ન ચોથો જ બને છે. પછી પાંચમા, છટ્ઠા ગમ્માના પ્રશ્નની આવશ્યકતા રહેતી નથી. કારણ કે જુગલિયા, દેવમાં પોતાની સ્થિતિથી અધિક કોઈ પણ સ્થિતિ પ્રાપ્ત કરતા નથી તો જ્યોતિષીમાં જઘન્ય ગમ્માથી પલ્યોપમના આઠમા ભાગવાળા જાય અને તેટલી જ એક જ સ્થિતિ પ્રાપ્ત કરે. પ્રથમ દેવલોકમાં જઘન્ય એક પલ્યોપમ વાળા જુગલિયા જાય અને તેટલી જ એક સ્થિતિ પ્રાપ્ત કરે. તેનાથી ઓછી તો તે દેવ સ્થાનમાં હોતી નથી અને અધિક તે ગમ્મામાં પ્રાપ્ત કરતા નથી. તેથી જઘન્ય ગમ્મા ૪–૫–૬થી જનાર જુગલિયા ૩***

***દેવસ્થાનોમાં એક સ્થિતિ પ્રાપ્ત કરવાથી એક ચોથા ગમ્મા(પ્રશ્ન) પછી પાંચમા છઠ્ઠા ગમ્મા પ્રશ્નની આવશ્યકતા રહેતી નથી, અનેક સ્થિતિ પ્રાપ્ત કરે તો જ ત્રણે ય પ્રશ્ન થાય છે. પોતાની જઘન્ય સ્થિતિની સમાન એક જ સ્થિતિ પ્રાપ્ત કરવાથી એક જ પ્રશ્ન–ગમ્મા થાય છે, આગળના બે પ્રશ્ન અનાવશ્યક થઈ જવાથી તેની પૃચ્છા હોતી નથી. તેથી તે બે–બે ગમ્મા ઓછા થઈ જાય છે. )***

**પ્રશ્ન–૭ : વીસ દ્વાર કયા કહ્યા છે અને તેમાં શું કથન કરવામાં આવે છે ?**

**જવાબ :** અહીં વર્ણિત ૨૦ દ્વાર અને તેનું સ્વરૂપ આ પ્રમાણે છે– (૧) **ઉપપાત–** પ્રથમ આદિ ગમકથી ઉત્પન્ન થનાર જીવ ઉત્પત્તિ સ્થાનમાં જઘન્ય-ઉત્કૃષ્ટ કઈ સ્થિતિ પ્રાપ્ત કરે છે તેનું કથન આ ઉપપાત દ્વારમાં કરવામાં આવે છે. (૨) **પરિમાણ–** ઉત્પન્ન થનાર જીવ જઘન્ય ઉત્કૃષ્ટ કેટલી સંખ્યામાં ઉત્પન્ન થાય છે, તેનું કથન કરવામાં આવે છે. (૩) **અવગાહના–** આવનાર જીવની પોતાના પૂર્વભવ સ્થાનમાં જઘન્ય-ઉત્કૃષ્ટ કેટલી અવગાહના હોય છે, તેનું કથન કરવામાં આવે છે. આ પછી ચોથા દ્વારથી ૧૯મા દ્વાર સુધી આવનાર જીવના પૂર્વભવ સંબંધી કથન કરાય છે.

(૪) સંહનન (૫) સંસ્થાન (૬) લેશ્યા (૭) દષ્ટિ (૮) જ્ઞાન-અજ્ઞાન (૯) યોગ (૧૦) ઉપયોગ (૧૧) સંજ્ઞા (૧૨) કષાય (૧૩) ઇન્દ્રિય (૧૪) સમુદ્‌ઘાત (૧૫) વેદના–શાતા અશાતા બંને પ્રકારની વેદના (૧૬) વેદ (૧૭) આયુષ્ય (૧૮) અધ્યવસાય(શુભ-અશુભ) (૧૯) અનુબંધ–આયુષ્ય અનુસાર જ ૬ બોલોનો અનુબંધ થાય છે. (૨૦) કાયસંવેધ–એના બે વિભાગ છે– ભવાદેશ અને કાલાદેશ. આગત સ્થાનમાં અને ઘરના જીવમાં બંને સ્થળમાં મળીને કુલ ભવ જઘન્ય-ઉત્કૃષ્ટ કેટલા હોય છે, તેનું કથન **ભવાદેશ**થી કરવામાં આવે છે અને તે જઘન્ય-ઉત્કૃષ્ટ ભવોમાં બંને સ્થાનોમાં મળીને કુલ ગમનાગમન કાલ–સ્થિતિ શું હોય છે, તેનું કથન **કાલાદેશ બોલથી** (વિભાગથી) કરાય છે. આ ૨૦ દ્વારોના વર્ણનને 'ૠદ્ધિ કથન' કે 'ૠદ્ધિ વર્ણન' પણ કહેવાય છે અર્થાત્ આ ૨૦ દ્વારનું વર્ણન તે આગત સ્થાન સંબંધી ૠદ્ધિરૂપ છે.

**પ્રશ્ન–૮ : ણાણત્તા કોને કહેવાય છે અને તેનું કથન કઈ રીતે કરવામાં આવે છે ?**

**જવાબ :** શાસ્ત્રમાં જે પણ વર્ણન પહેલાં વિસ્તારથી કરી દીધું હોય છે અને





ફરીને તેવું જ વર્ણન કહેવું હોય તો તેને માટે પૂર્વના કથનની ભલામણ–અતિદેશ–સૂચન કરી દેવામાં આવે છે. તે ભલામણ જો ૨૦ વાતની હોય અને તેમાંથી વચ્ચેની ૨–૪ કે કોઈ વાતોમાં ભિન્નતા–વિશેષતા હોય તો તેને સ્પષ્ટ કરવા માટે **ણવરં, ણાણત્તં** એવા શબ્દપ્રયોગ કરાય છે. તેથી પૂર્વના કથનની આગળ ભલામણ રૂપ કહેવાના કથનમાં જેટલો ફરક, ભિન્નતા, વિશેષતા હોય તેને પ્રચલિત થોકડામાં **ણાણત્તા** કહેલ છે અને પૂરા શતકમાં કહેવામાં આવેલ હોય એવા **ણાણત્તો**ની કુલ ગણતરી કરવામાં આવી છે. આ ગણતરીમાં ૫–૨૫ અતિ સૂક્ષ્મ કે સામાન્ય વિશેષ ફરકને નગણ્ય પણ કરેલ છે તે અલગથી સમજમાં આવી જાય છે.

પ્રત્યેક આગતિ સ્થાનના ૯ ગમ્મામાંથી પ્રથમ ગમ્મામાં ૨૦ દ્વારનું ખુલાસાવાર કથન કરાય છે. તેના પછી શેષ આઠ ગમ્મામાં પણ ૨૦ દ્વારનું કથન તો કરાય છે પરંતુ તેને પ્રથમ ગમ્માની ભલામણથી સંક્ષેપમાં કહી દેવાય છે અને પહેલા ગમ્માથી તેમાં જો કોઈ વિશેષતાઓ હોય, તો અલગથી સ્પષ્ટ કરી દેવામાં આવે છે.

ગમ્માના થોકડામાં પહેલા ગમ્માના વર્ણનથી ચોથા અને સાતમા ગમ્મામાં જે વિશેષતાઓ–ફરક થાય છે, તેની ગણતરી **ણાણત્તો** માં કરી છે. બીજા, ત્રીજા, પાચમા, છઠ્ઠા અથવા આઠમા, નવમા ગમ્મામાં પ્રાયઃ અન્ય ફરક ઓછો જ પડે છે, કદાચ કોઈ ફરક પડે પણ છે તો તેને અલગથી સમજી-સમજાવી લેવાય છે પરંતુ થોકડાઓમાં તેની ગણતરી કરવામાં આવતી નથી એટલે કે થોકડાઓમાં તે ફરક નગણ્ય અથવા ગૌણ માની લેવામાં આવે છે. તથા શાસ્ત્ર વર્ણનમાં તો નગણ્ય અને સગણ્ય બધા ફરક યથાસ્થાન દર્શાવવામાં આવ્યા છે.

તાત્પર્ય એ છે કે પ્રથમ ગમ્માના ૨૦ દ્વાર વર્ણનથી શેષ ગમ્માના ૨૦ દ્વાર વર્ણનમાં જે વિશેષતા હોય છે તેને **ણાણત્તા** સમજવા જોઈએ. તે ણાણત્તોની થોક સંગ્રહમાં અપેક્ષાથી ગણતરી કરી છે, તદનુસાર ૧૯૯૮ ણાણત્તા કહેવામાં આવે છે.

**પ્રશ્ન–૯ : આ શતકના ૨૪ ઉદ્દેશકોમાં શું વર્ણન છે ?**

**જવાબ :** ૨૪ ઉદ્દેશકમાં ક્રમશઃ–૨૪ દંડકમાં આવીને ઉત્પન્ન થનાર જીવોના અલગ-અલગ ૯ ગમ્મામાં ૨૦ દ્વારોની ૠદ્ધિનું કથન છે. જેમાં પ્રથમ ગમકમાં

૨૦ દ્વારોનું સ્પષ્ટ પૂરું વર્ણન છે, શેષ આઠ ગમ્મામાંથી આવશ્યક વિશેષતા (ણાણત્તા) બતાવીને શેષ પ્રથમ ગમકની જેમ જાણવાનું સંક્ષિપ્ત કથન કરી દેવામાં આવ્યું છે, તે આ પ્રમાણે છે–

**(૧) પ્રથમ ઉદ્દેશકમાં–** નરકના દંડકનું વર્ણન છે. જેમાં **પ્રથમ નરકમાં** આવનાર ત્રણ જીવોનું (અસંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય) નવ ગમ્માના આધારે ૨૦ દ્વાર રૂપ ૠદ્ધિનું વર્ણન છે તથા સંક્ષિપ્ત કથનની અપેક્ષા વિશેષતાઓ (ણાણત્તો)ની સ્પષ્ટતા કરી છે. અંતમાં ૨૦મા ૠદ્ધિના બોલમાં ભવાદેશથી જઘન્ય ઉત્કૃષ્ટ ભવોનું તથા કાલાદેશથી જઘન્ય ઉત્કૃષ્ટ પ્રાપ્ત થનાર સ્થિતિનું સ્પષ્ટ કથન કરવામાં આવ્યું છે.

ત્યાર પછી બીજી નરકથી સાતમી નરક સુધીમાં આવનાર ૨–૨ જીવોનું (સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યનું) વર્ણન ૯ ગમ્માથી અને ૨૦ દ્વારોથી વિસ્તૃત– સંક્ષિપ્ત, ણાણત્તા સહિત તથા ભવાદેશ અને કાલાદેશની સ્પષ્ટતા સાથે કરવામાં આવેલ છે. આ પ્રમાણે સાત નરકમાં આવનાર ૧૫ જીવોનું ૯ ગમ્મા–પ્રશ્નોથી યુક્ત ૨૦ દ્વારોની ૠદ્ધિ યુક્ત વર્ણન પૂર્ણ થવાથી પ્રથમ ઉદ્દેશક પૂર્ણ થાય છે.

**(૨–૧૧)** દશ ભવનપતિના ૧૦ દંડકોના ૧૦ ઉદ્દેશક કહ્યા છે. જેમાં અસુરકુમાર આદિ ૧૦ ભવનપતિમાં પ્રત્યેકમાં આવનાર ૫–૫ જીવોના (અસંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચ મનુષ્ય બંને યુગલિયા) ૯ ગમ્મા યુક્ત ૨૦ ૠદ્ધિના દ્વારો યુક્ત વર્ણન પ્રથમ ઉદ્દેશક સમાન છે.

**(૧૨–૧૬)** પાંચ સ્થાવરના પાંચ દંડકોમાં ૫ ઉદ્દેશક કહ્યા છે. જેમાં પૃથ્વી, પાણી, વનસ્પતિમાં આવનાર ૨૬ જીવોનું (૧૨ ઔદારિક જીવ અને ૧૪ દેવતાઓના) અને તેઉ–વાયુમાં આવનાર ૧૨ ઔદારિક જીવોનું ૯ ગમ્માના આધારથી ૨૦ દ્વારરૂપ ૠદ્ધિનું, વિશેષતાઓરૂપ ણાણત્તાનું તથા પ્રત્યેકના ભવાદેશ–કાલાદેશનું ખુલાસાવાર કથન છે.

**(૧૭–૧૯)** ત્રણ વિકલેંદ્રિયના ૩ ઉદ્દેશક કહ્યા છે. જેમાં બેઈંદ્રિય તેઈંદ્રિય અને ચૌરેંદ્રિયમાં આવનાર ૧૨–૧૨ જીવોનું(૫ સ્થાવર, ૩ વિકલેંદ્રિય, અસંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી તિર્યંચ, અસંજ્ઞી મનુષ્ય અને સંજ્ઞી મનુષ્યનું) ગમ્મા, ૠદ્ધિ અને ણાણત્તા યુક્ત વર્ણન છે અને ભવાદેશ–કાલાદેશનું સ્પષ્ટીકરણ છે.

(૨૦) **વીસમા ઉદ્દેશકમાં–** તિર્યંચ પંચેંદ્રિયના દંડકનું વર્ણન છે. જેમાં તિર્યંચ





પંચેંદ્રિયના ઘરમાં આવનાર ૩૯ જીવોનું (નવમાથી ૧૨મા દેવલોક સુધીના ૪, નવગ્રૈવેયકનો એક, ચાર અનુત્તર વિમાનનો એક અને સર્વાર્થસિદ્ધ વિમાનનો એક એમ કુલ –૭ દેવ અને તિર્યંચ–મનુષ્ય બંને યુગલિક એમ ૯ જીવ તિર્યંચમાં આવતા નથી. એથી ૪૮ જીવ–૯=૩૯જીવનું) ગમ્મા, ૠદ્ધિ અને ણાણત્તા તથા ભવાદેશ–કાલાદેશ યુક્ત વર્ણન છે.

(૨૧) **એકવીસમા ઉદ્દેશકમાં–** મનુષ્યના દંડકનું વર્ણન છે. જેમાં મનુષ્યમાં આવનાર ૪૩ જીવોનું( ૪૮ જીવોમાંથી તેઉકાય, વાયુકાય, સાતમી નરક અને તિર્યંચ–મનુષ્ય બંને યુગલિયા;એ–૫ જીવ મનુષ્યમાં નહિ આવતાં ૪૮–૫=૪૩ જીવ આવનાર છે તેનું) ગમ્મા, ૠદ્ધિ અને ણાણત્તા તથા ભવાદેશ–કાલાદેશ યુક્ત વર્ણન છે.

(૨૨) **બાવીસમા ઉદ્દેશકમાં–** વાણવ્યંતરના એક દંડકનું વર્ણન છે. અસુર કુમારમાં આવનાર પાંચ જીવના વર્ણન અનુસાર જ છે.

(૨૩) **ત્રેવીસમા ઉદ્દેશકમાં–** જ્યોતિષી દેવોના એક દંડકમાં ચાર જીવોના આવવાનું વર્ણન અસુરકુમાર સમાન છે. અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય આમાં આવતા નથી. એથી ૫–૧=૪ જીવ આવે છે. બંને પ્રકારના યુગલિકોના આવવાના વર્ણનમાં અહીં ૯ ગમ્માને બદલે સાત જ ગમ્માથી કથન કરવામાં આવેલ છે, જેનું કારણ પ્રશ્ન–૬માં સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે.

(૨૪) **ચોવીસમા ઉદ્દેશકમાં–** વૈમાનિક દેવોના એક દંડકનું વર્ણન છે. જેમાં વૈમાનિક દેવોના ૧૫ ઘરમાં આવનાર જીવોનું ગમ્મા, ૠદ્ધિ, ણાણત્તા તથા ભવાદેશ-કાલાદેશ યુક્ત વર્ણન છે. જેમાં પહેલા-બીજા દેવલોકમાં ૪ જીવ, ત્રીજાથી આઠમા દેવલોકમાં બે જીવ(સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય) તથા ઉપરના બધા દેવોના સાત ઘરોમાં ૧ જીવ(મનુષ્ય)નું ગમ્મા, ૠદ્ધિ અને ણાણત્તા તથા ભવાદેશ-કાલાદેશ યુક્ત વર્ણન છે.

અંતમાં સર્વાર્થસિદ્ધ વિમાનમાં આવનાર મનુષ્યના ત્રણ ગમ્માથી (પહેલા, ચોથા, સાતમા) ૨૦ દ્વારોની ૠદ્ધિ, ણાણત્તા અને ભવાદેશ-કાલાદેશ યુક્ત વર્ણન સાથે ચોવીસમા ઉદ્દેશક અને ચોવીસમું ગમ્મા શતક પૂર્ણ થઈ જાય છે.

**પ્રશ્ન–૧૦ : ગમ્મા ૨૮૦૫ નો યોગ ૨૪ ઉદ્દેશકોમાં કેવી રીતે થાય છે ?**

**જવાબ :** સર્વ જીવોના કુલ–૨૮૦૫ ગમ્મા થાય છે, જેનું વિવરણ આ પ્રમાણે છે–

| ઉદ્દેશક | જીવના ઘર | આગતના સ્થાન | ગમ્મા–૯ | વિવરણ |
|---|---|---|---|---|
| ૧ | ૭ નરક | ૩+૧૨= ૧૫ | ૧૫×૯= ૧૩૫ | પ્રથમ નરકમાં ૩, શેષ–૬ માં ૨–૨ |
| ૨–૧૧ | ૧૦ભવનપતિ | ૫×૧૦= ૫૦ | ૫૦×૯= ૪૫૦ | – |
| ૧૨ | પૃથ્વીકાય | ૨૬ | ૨૫×૯= ૨૨૫<br>૧×૩= ૩ | સંમૂર્ચ્છિમ મનુષ્ય ૩ ગમ્મા થી આવે |
| ૧૩ | અપ્કાય | ૨૬ | ,, = ૨૨૮ | ,, પૃથ્વીકાયની સમાન |
| ૧૪ | તેઉકાય | ૧૨ | ૧૧×૯= ૯૯<br>૧×૩ = ૩ | ,, ૧૨ જીવના ૧૦૨ ગમ્મા |
| ૧૫ | વાયુકાય | ૧૨ | ,, = ૧૦૨ | ,, ,, ,, |
| ૧૬ | વનસ્પતિ | ૨૬ | ,, = ૨૨૮ | ,, અપ્કાયની સમાન |
| ૧૭-૧૯ | ૩ વિકલેંદ્રિય | ૩×૧૨= ૩૬ | ૧૦૨×૩=૩૦૬ | ,, તેઉકાયની સમાન |
| ૨૦ | તિર્યંચ પંચેંદ્રિય | ૩૯ | ૩૮×૯= ૩૪૨<br>૧×૩ = ૩ | ,, |
| ૨૧ | મનુષ્ય | ૪૩ | ૪૧×૯= ૩૬૯<br>૨×૩ = ૬ | ,, તથા સર્વાર્થસિદ્ધ પણ ત્રણ ગમ્મોથી આવે |
| ૨૨ | વાણવ્યંતર | ૫ | ૫×૯= ૪૫ | – |
| ૨૩ | જ્યોતિષી | ૪ | ૨×૯ = ૧૮<br>૨×૭ = ૧૪ | બંને યુગલિક ૭ ગમ્મોથી આવે |
| ૨૪ | વૈમાનિક–૧૫ | ૨૭<br>૨×૪ = ૮<br>૬×૨ = ૧૨<br>૭×૧ = ૭ | ૨૨×૯= ૧૯૮<br>૪×૭ = ૨૮<br>૧×૩ = ૩ | બંને યુગલિક ૭ ગમ્માથી સર્વાર્થસિદ્ધમાં મનુષ્ય ૩ ગમ્મોથી આવે. |
| | **કુલ** | **૩૨૧** | **૨૮૦૫** | |

**નોટ–** આગત સ્થાનોનો ખુલાસો પ્રશ્ન–૫ માં જુઓ.

**પ્રશ્ન–૧૧ : ણાણત્તા ૧૯૯૮ નો યોગ કેવી રીતે થાય છે ?**

**જવાબ :** (૧) ઔદારિક જીવ વૈક્રિય સ્થાનમાં જાય તેના ૭૧૫ ણાણત્તા થાય છે. (૨) વૈક્રિય જીવ ઔદારિક સ્થાનમાં જાય તેના ૪૦૪ ણાણત્તા થાય છે. (૩) ઔદારિક જીવ ઔદારિક સ્થાનમાં જાય તેના ૮૭૯ ણાણત્તા થાય છે. કુલ– ૭૧૫+૪૦૪+





૮૭૯ = ૧૯૯૮ ણાણત્તા થાય છે. જેનું સ્પષ્ટીકરણ–વિવરણ આ પ્રમાણે છે–

**(૧) ઔદારિકથી વૈક્રિયમાં** જનાર જીવોના ૭૧૫ ણાણત્તા– (૧) અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયના ૧૨ સ્થાનમાં (૧ નરક ૧૧ દેવતામાં) જાય છે. જેના ૫–૫ ણાણત્તા હોય છે. તેથી ૧૨×૫=૬૦ ણાણત્તા. (૨) સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય વૈક્રિયના ૨૭ સ્થાનમાં (૨૦ દેવતા ૭ નારકીમાં) જાય છે, જેના ૧૦–૧૦ ણાણત્તા હોય છે. તેથી ૨૭×૧૦= ૨૭૦ ણાણત્તા. છઠ્ઠા, સાતમા, આઠમા દેવલોકમાં એક-એક લેશ્યાનો ણાણત્તો ઓછો થવાથી ૨૭૦–૩=૨૬૭ ણાણત્તા. (૩) સંજ્ઞી મનુષ્ય ૧૫ સ્થાનમાં (૧ નારકી, ૧૪ દેવતા) જાય છે, જેમાં ૮–૮ ણાણત્તા હોવાથી ૧૫×૮=૧૨૦ ણાણત્તા. સંજ્ઞી મનુષ્ય ૧૯ સ્થાનમાં (૬ નારકી ૧૩ વૈમાનિકમાં) જાય છે, જેના ૬–૬ ણાણત્તા હોવાથી ૧૯×૬=૧૧૪ ણાણત્તા. બંને જુગલિયા ૧૪ દેવતામાં(બીજા દેવલોક સુધી) જાય છે, જેમાં તિર્યંચના ૧૪×૫=૭૦ તથા મનુષ્યના ૧૪×૬=૮૪, કુલ ૭૦+૮૪= ૧૫૪ ણાણત્તા. બધા મળીને ઔદારિકથી વૈક્રિયમાં ૬૦+૨૬૭+૧૨૦+૧૧૪+ ૧૫૪ = ૭૧૫ ણાણત્તા.

**(૨) વૈક્રિયથી ઔદારિકમાં** જનાર જીવોના ૪૦૪ ણાણત્તા–૧૪ પ્રકારના દેવતા પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે, ૧૪×૩=૪૨ વૈક્રિય આગત સ્થાન. ૨૦ દેવતા અને ૭ નારકી એ ૨૭ જીવ તિર્યંચ પંચેંદ્રિયમાં ઉત્પન્ન થાય છે. ૨૭×૧=૨૭ વૈક્રિય આગતસ્થાન. મનુષ્યમાં ૬ નરક ૨૬ દેવતા એમ ૩૨ વૈક્રિય આગત સ્થાન. કુલ વૈક્રિય આગત સ્થાન ૪૨+૨૭+૩૨ = ૧૦૧. બધા આગત સ્થાનમાં ૪–૪ ણાણત્તા હોય છે. તેથી ૧૦૧×૪=૪૦૪ ણાણત્તા થાય છે.

**(૩) ઔદારિથી ઔદારિકમાં જનાર** જીવોના ૮૭૯ ણાણત્તા. પૃથ્વીકાયમાં– ૧૨ જીવ આવે છે, તેના ણાણત્તા ૮૯ આ પ્રમાણે છે– પૃથ્વીકાયના–૬, અપ્કાયના– ૬, તેઉકાયના–૫, વાયુકાયના–૬, વનસ્પતિના–૭, એમ એકેન્દ્રિયના–૩૦.

બેઇન્દ્રિયના–૯, તેઇન્દ્રિયના–૯, ચઉરિંદિયના–૯, અસંજ્ઞી પંચેંદ્રિયના– ૯, એમ ચારેયના ૯×૪=૩૬. સંજ્ઞી તિર્યંચના ૧૧ અને સંજ્ઞી મનુષ્યના–૧૨. એ બધા મળીને ૩૦+૩૬+૧૧+૧૨=૮૯. અસંજ્ઞી મનુષ્યમાં એક જ સ્થિતિ અને ૩ ગમ્મા હોવાથી ણાણત્તા થતા નથી. આ પ્રમાણે પૃથ્વીકાયની જેમ જ ૧૦ ઔદારિક ઘરના ૮૯×૧૦=૮૯૦ ણાણત્તા થાય, તેમાંથી મનુષ્યમાં તેઉ-વાયુ નહિ આવે માટે તેના ૫+૬=૧૧ ણાણત્તા બાદ કરતાં ૮૯૦–૧૧ = ૮૭૯ ણાણત્તા ઔદારિકથી ઔદારિકમાં જનાર જીવોના થાય છે. આ રીતે–

(૧) ઔદારિકથી વૈક્રિયમાં આવનારના ૭૧૫ ણાણત્તા

(૨) વૈક્રિયથી ઔદારિકમાં આવનારના ૪૦૪ ણાણત્તા

(૩) ઔદારિકથી ઔદારિકમાં આવનારના ૮૭૯ ણાણત્તા

**કુલ : ૧૯૯૮ ણાણત્તા**

**પ્રશ્ન–૧૨ : ૨૪ ઉદ્દેશકોના ક્રમથી ણાણત્તાનો યોગ કેવી રીતે થાય છે ?**

**જવાબ :** પ્રશ્ન–૧૧માં સરલ પદ્ધતિથી(અર્થાત્ શોર્ટકટ થી) ૧૯૯૮ ણાણત્તા ગણાવ્યા છે. તેને સમજી લીધા પછી ઉદ્દેશક અનુસાર યોગ પણ સહજ સમજમાં આવી શકે છે, તેને પણ અહીં કોષ્ટકના માધ્યમથી દર્શાવીએ છીએ.

| ઉદ્દેશક | નામ | વિવરણ | યોગ |
|---|---|---|---|
| ૧ | નરકમાં | અસંજ્ઞી તિર્યંચના–૫, સંજ્ઞી તિર્યંચના–૭૦, મનુષ્યના–૪૪(૧×૮+૬×૬) | ૧૧૯ |
| ૨–૧૧ | ભવનપતિમાં | અસંજ્ઞીના–૫૦, સંજ્ઞીના–૧૦૦, મનુષ્યના–૮૦, યુગલિકના–૧૧૦ | ૩૪૦ |
| ૧૨ | પૃથ્વીકાયમાં | ઔદારિકના–૮૯, વૈક્રિયના–૫૬(૧૪×૪) | ૧૪૫ |
| ૧૩ | અપ્કાયમાં | ઔદારિકના–૮૯, વૈક્રિયના–૫૬(૧૪×૪) | ૧૪૫ |
| ૧૪ | તેઉકાયમાં | ઔદારિકના– ૮૯ | ૮૯ |
| ૧૫ | વાયુકાયમાં | ઔદારિકના– ૮૯ | ૮૯ |
| ૧૬ | વનસ્પતિમાં | પૃથ્વીના સમાન, ઔદારિક–વૈક્રિયના | ૧૪૫ |
| ૧૭–૧૯ | વિકલેન્દ્રિયમાં | તેઉકાયના સમાન ૮૯×૩=ઔદારિકના | ૨૬૭ |
| ૨૦ | તિર્યંચ પંચે.માં | ઔદારિકના–૮૯, વૈક્રિયના ૨૭×૪=૧૦૮ | ૧૯૭ |
| ૨૧ | મનુષ્યમાં | ઔદારિકના–૭૮, વૈક્રિયના ૩૨×૪=૧૨૮ | ૨૦૬ |
| ૨૨ | વ્યંતરમાં | અસંજ્ઞીના–૫, સંજ્ઞીના– ૧૦, મનુષ્યના– ૮, યુગલિયાના–૧૧ | ૩૪ |
| ૨૩ | જ્યોતિષીમાં | સંજ્ઞીના–૧૦,મનુષ્યના–૮,યુગલિયાના–૧૧ | ૨૯ |
| ૨૪ | વૈમાનિકમાં | બીજા દેવલોકમાં ૨૯×૨= ૫૮<br>૬ દેવલોકમાં ૬+૧૦=૧૬×૬=૯૬–૩=૯૩<br>ઉપરના ૭ દેવ સ્થાનોમાં–૬×૭ = ૪૨ = | ૧૯૩ |
| | | **૨૪ ઉદ્દેશકોના કુલ ણાણત્તા–** | **૧૯૯૮** |





અહીં જે આગત સ્થાનના જેટલા ણાણત્તા કહ્યા છે તેમાંથી બે ણાણત્તા (સ્થિતિ અને અનુબંધ) ઉત્કૃષ્ટના ત્રણ ગમ્મામાં હોય છે અને શેષ ણાણત્તા જઘન્યના ત્રણ ગમ્મામાં હોય છે. પરંતુ મનુષ્ય જ્યાં પણ જાય છે તેના ઉત્કૃષ્ટ ગમ્મામાં(અવગાહના ભેળવીને) ૩ ણાણત્તા હોય છે અને શેષ ણાણત્તા જઘન્ય ગમ્મામાં હોય છે.

**પ્રશ્ન–૧૩ : ણાણત્તા ક્યાંક ઓછા ક્યાંક અધિક હોય છે તો એ કુલ કેટલા પ્રકારના હોય છે અને તે કયા છે ?**

**જવાબ :** ણાણત્તા ક્યાંક–૨, ક્યાંક ૩,૪,૫,૬,૭,૮ અને ૯ પણ હોય છે, જે સંખ્યાની દષ્ટિએ પ્રશ્ન–૧૧–૧૨માં દર્શાવવામાં આવેલ છે. તે ૯ ણાણત્તાના બોલ આ પ્રમાણે છે– (૧) અવગાહના (૨) લેશ્યા (૩) દષ્ટિ (૪) જ્ઞાન-અજ્ઞાન (૫) યોગ (૬) સમુદ્ઘાત (૭) આયુષ્ય (૮) અધ્યવસાય (૯) અનુબંધ. એ નવ ણાણત્તામાંથી જઘન્ય ગમ્મામાં અર્થાત્ ચોથા, પાચમા, છટ્ઠા ગમ્મામાં ક્યાંક ૨–૩ યાવત્ ૯ ણાણત્તા હોય છે અને ઉત્કૃષ્ટના સાતમા, આઠમા, નવમા ગમ્મામાં સર્વત્ર બે ણાણત્તા અને મનુષ્યમાં ત્રણ ણાણત્તા હોય છે. બેમાં આયુષ્ય અનુબંધના અને ત્રણમાં આયુ, અનુબંધ અને અવગાહનાના ણાણત્તા હોય છે.

ક્યાં-ક્યાં કયા-કયા ણાણત્તાનો ફરક હોય છે તેનું સ્પષ્ટીકરણ મૂલપાઠમાં અને અર્થમાં કરેલ છે. તેમજ ગમ્માના થોકડાના પુસ્તકમાં પણ તેનું સ્પષ્ટીકરણ હોય છે.

ઔઘિકના પહેલા ગમ્માની ૠદ્ધિની અપેક્ષા જઘન્યના ચોથા આદિ ત્રણ ગમ્મામાં અને ઉત્કૃષ્ટના સાતમા આદિ ત્રણે ય ગમ્મામાં જે ફરક–વિશેષતાઓ મૂલપાઠમાં કહી છે, તેને જ **ણાણત્તા** કહેવામાં આવે છે.

**પ્રશ્ન–૧૪ : કોણ કયા ગમ્મામાં કેટલા ભવ કરે છે ?**

**જવાબ :** ૩૨૧ આગત અને ૯ ગમ્માની અપેક્ષા કોઈ જીવ ૨ ભવ, કોઈ ૩ ભવ, એમ ૪,૫,૬,૭,૮ સંખ્યાત, અસંખ્યાત અને અનંતભવ પણ કરે છે. આ ઉત્કૃષ્ટભવની અપેક્ષાએ કથન છે. જઘન્ય તો સર્વત્ર ૨ ભવ જ હોય છે. માત્ર ઉપરના ૭ દેવસ્થાનોમાં મનુષ્ય જાય છે ત્યાં તે જઘન્ય ત્રણ ભવ કરે છે તથા સાતમી નારકીમાં સંજ્ઞી તિર્યંચ જાય છે તો તે પણ જઘન્ય ત્રણ ભવ કરે છે. ઉત્કૃષ્ટ ભવોનું સ્પષ્ટીકરણ ક્રમશઃ આ પ્રકારે છે–

**(૧) ઉત્કૃષ્ટ બે ભવ કરનાર–** (૧) અસંજ્ઞી તિર્યંચ નારકી અને દેવતામાં જ્યાં જાય છે તેમાં બે ભવ જ કરે છે અર્થાત્ તે જીવ પાછો અસંજ્ઞી તિર્યંચ બનતો નથી. (૨) મનુષ્ય સાતમી નારકીમાં જાય છે તો તે બે ભવ જ કરે છે અર્થાત્ તે ફરી મનુષ્ય બનતો નથી. (૩) સર્વાર્થસિદ્ધ દેવ મનુષ્યમાં જાય તો તે બે ભવ જ કરે પછી મોક્ષ ચાલ્યા જાય છે. (૪) સંજ્ઞી-અસંજ્ઞી મનુષ્ય તેઉ-વાયુકાયમાં જાય તો બે ભવ જ કરે કારણ કે તે ફરી મનુષ્ય ન થાય. (૫) બંને યુગલિયા દેવલોકમાં જ્યાં પણ જાય, બે–બે ભવ જ કરે કારણ કે તે પાછા યુગલિક બનતા નથી. (૬) અસંજ્ઞી તિર્યંચ-સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય એ ત્રણે ય જીવ તિર્યંચ અને મનુષ્યના ઘરમાં જાય ત્યારે ત્રીજા અને નવમા ગમ્માથી બે ભવ જ કરે, કારણ કે તે બે ગમ્મામાં યુગલિક જ બને છે, જે ફરી દેવ ગતિમાં જાય છે અર્થાત્ તે પાછા તિર્યંચ મનુષ્ય બનતા નથી. (૭) ૧૪ પ્રકારના દેવતા પૃથ્વી, પાણી, વનસ્પતિમાં જાય તો તે બે ભવ જ કરે, કારણ કે તે પાછા દેવ બનતા નથી.

**(૨) ઉત્કૃષ્ટ ત્રણ ભવ કરનાર–** (૧) મનુષ્ય સર્વાર્થસિદ્ધમાં જાય તો ત્રણ ભવ જ કરે.

**(૩) ઉત્કૃષ્ટ ચાર ભવ કરનાર–** (૧) ચાર અનુત્તર વિમાનના દેવ મનુષ્યમાં જાય તો બંનેમાં પરસ્પર ઉત્કૃષ્ટ ૪ ભવ કરે. (૨) સાતમી નરકનો નૈરયિક તિર્યંચ પંચેંદ્રિયમાં જાય તો ૭ થી ૯, ત્રણ ગમ્મા આશ્રી ઉત્કૃષ્ટ ચાર ભવ કરે.

**(૪) ઉત્કૃષ્ટ પાંચ ભવ કરનાર–** (૧) મનુષ્ય ચાર અનુત્તર વિમાનમાં જાય તો ઉત્કૃષ્ટ પાંચ ભવ કરે. (૨) સંજ્ઞી તિર્યંચ સાતમી નારકીમાં જાય તો ત્રીજા, છઠ્ઠા નવમા ગમ્માથી ઉત્કૃષ્ટ પાંચ ભવ કરે.

**(૫) ઉત્કૃષ્ટ છ ભવ કરનાર–** (૧) ૯ થી ૧૨ સુધી ચાર દેવલોક અને ૯ ગ્રૈવેયકના દેવતા મનુષ્યમાં જાય તો બંનેમાં પરસ્પર ઉત્કૃષ્ટ ૬ ભવ કરે. (૨) સાતમી નારકીનો નૈરયિક સંજ્ઞી તિર્યંચમાં જાય તો ૧ થી ૬ ગમ્મામાં ઉત્કૃષ્ટ ૬ ભવ કરે.

**(૬) ઉત્કૃષ્ટ સાત ભવ કરનાર–** (૧) મનુષ્ય ૪ દેવલોક(૯ થી ૧૨) અને નવ ગ્રૈવેયકમાં જાય તો ઉત્કૃષ્ટ ૭ ભવ કરે. (૨) સંજ્ઞી તિર્યંચ સાતમી નરકમાં જાય તો પહેલા, બીજા, ચોથા, પાંચમા, સાતમા, આઠમા, તે છ ગમ્માથી ઉત્કૃષ્ટ સાત ભવ કરે.





**(૭) ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવ–** (૧) પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિયમાં જાય તો ગમ્મા– ૧,૨,૪,૫ થી ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવ કરે. (૨) ત્રણ વિકલેંદ્રિય ઔદારિકના ૮ ઘરમાં (પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિયમાં)જાય તો ૧,૨,૪,૫ થી ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવ કરે.

**(૮) ઉત્કૃષ્ટ અસંખ્ય ભવ–** (૧) પૃથ્વી આદિ પાંચે ય સ્થાવર, પૃથ્વી આદિ ચાર સ્થાવરમાં જાય તો ગમ્મા–૧,૨,૪,૫ થી ઉત્કૃષ્ટ અસંખ્ય ભવ કરે. (૨) પૃથ્વી આદિ ચાર સ્થાવર, વનસ્પતિમાં જાય તો ગમ્મા ૧,૨,૪,૫ થી ઉત્કૃષ્ટ અસંખ્ય ભવ કરે.

**(૯) ઉત્કૃષ્ટ અનંત ભવ–** (૧) વનસ્પતિ મરીને વનસ્પતિમાં જાય તો ગમ્મા– ૧, ૨, ૪, ૫ થી ઉત્કૃષ્ટ અનંત ભવ કરે.

**(૧૦) ઉત્કૃષ્ટ આઠ ભવ–** ઉપરોક્ત ૯ ક્રમાંક સુધી કહેલા સ્થાનો સિવાય શેષ બચેલા બધામાં ઉત્કૃષ્ટ આઠ ભવ કરે છે. જેમાં અસંજ્ઞી મનુષ્ય સર્વત્ર ૩ ગમ્મા(૧,૨,૩) થી અને અસંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય એ ત્રણે જ્યાં પણ (શેષ રહેલા સ્થાનોમાં) જાય સર્વત્ર નવ ગમ્માથી (યુગલિક થવાના ૧૨ ગમ્મા છોડીને) આઠ ભવ કરે અને પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિય જીવ એ જ આઠ ઘરોમાં જાય તો ગમ્મા નં. ૩, ૬, ૭, ૮, ૯ થી ઉત્કૃષ્ટ ૮ ભવ કરે તથા ૫ સ્થાવર ૩ વિકલેંદ્રિય એ આઠ જીવ તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યના ઘરમાં જાય તો ૯ ગમ્માથી ઉત્કૃષ્ટ આઠ ભવ જ કરે. આમ અહીં ૧ થી ૧૦ વિભાગમાં બધા પ્રકારના ઉત્કૃષ્ટ ભવ સંગ્રહિત કરવામાં આવ્યા છે.

**પ્રશ્ન–૧૫ : અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય પ્રથમ નરકમાં જાય તો તેના ૯ ગમ્માના ૨૦ દ્વારની રિદ્ધિ અને પાંચ ણાણત્તા તેમજ ૯ ગમ્માના કાલાદેશ કઈ રીતે થાય છે ? *[ઉદ્દેશક–૧]***

**જવાબ :** આ શતકના પ્રથમ ઉદ્દેશકમાં નરકમાં જનાર અસંજ્ઞી તિર્યંચનું સર્વ પ્રથમ વિસ્તૃત વર્ણન છે. ત્યાર પછી સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યનું ૭ નરકમાં જવાનું વર્ણન છે. તેના સિવાય કોઈ જીવ નરકમાં જતા નથી. તેથી નરકના પ્રથમ ઉદ્દેશકમાં આ ત્રણ જીવોના આવવાનું ૯ ગમ્મા ૨૦ દ્વારથી વર્ણન છે, જેમાં અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયનું ૯ ગમ્માથી વર્ણન આ પ્રમાણે છે–

**પહેલો ગમ્મો : ઔઘિકથી ઔઘિક** અર્થાત્ બધા પ્રકારની સ્થિતિવાળા અસંજ્ઞી તિર્યંચ પહેલી નરકની પોતાને યોગ્ય બધી સ્થિતિ પ્રાપ્ત કરે તેના ૨૦

દ્વાર– **(૧) ઉપપાત**– જઘન્ય ૧૦ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિ નરકમાં પ્રાપ્ત કરી શકે છે. **(૨) પરિમાણ**– એક સમયમાં જઘન્ય ૧–૨–૩ જીવ નરકમાં ઉત્પન્ન થાય છે, ઉત્કૃષ્ટ અસંખ્ય જીવ નરકમાં ઉત્પન્ન થઈ શકે છે. **(૩) સંઘયણ**– નરકમાં જનાર અસંજ્ઞી તિર્યંચમાં એક સેવાર્ત સંહનન હોય છે. (આ ત્રીજા બોલથી લઈને ૧૯મા બોલ સુધી બધી ઋદ્ધિ જનાર જીવની અર્થાત્ અસંજ્ઞી તિર્યંચની કહેવાઈ છે.) **(૪) અવગાહના**– જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન (જલચરની અપેક્ષા) હોય છે. **(૫) સંસ્થાન**– હુંડક સંસ્થાન એક જ હોય છે. **(૬) લેશ્યા**– કૃષ્ણ, નીલ, કાપોત ત્રણ લેશ્યા હોય છે. **(૭) દષ્ટિ**– એક મિથ્યાદષ્ટિ જ હોય છે. **(૮) જ્ઞાનાજ્ઞાન**–ર. અજ્ઞાન હોય છે, જ્ઞાન હોતું નથી. **(૯) યોગ**– બે. વચન અને કાયાનું. **(૧૦) ઉપયોગ**–બે. સાકારોપયોગ અને અનાકારોપયોગ. ૨ અજ્ઞાન અને ૨ દર્શન હોય છે. **(૧૧) સંજ્ઞા**– ચારે ય સંજ્ઞા હોય છે. **(૧૨) કષાય**– ચારે ય હોય છે. **(૧૩) ઈન્દ્રિય**– પાંચે ય હોય છે. **(૧૪) સમુદ્દ્ઘાત**– ત્રણ હોય છે– વેદનીય, કષાય અને મારણાંતિક. **(૧૫) વેદના**– શાતા, અશાતા બંને વેદના હોય છે. **(૧૬) વેદ**– એક નપુંસક વેદ હોય છે. **(૧૭) આયુષ્ય**– જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ કરોડ પૂર્વનું આયુષ્ય હોઈ શકે છે. **(૧૮) અધ્યવસાય**– શુભ-અશુભ બંને અધ્યવસાય હોય છે. **(૧૯) અનુબંધ**– જાતિનામ ગતિનામ આદિ ૬ પ્રકારના અનુબંધ આયુષ્ય અનુસાર હોય છે. **(૨૦) કાયસંવેધ**– (૧) ભવાદેશ– ૨ ભવ જ કરે. એક પોતાનો ચાલુ ભવ અને બીજો નારકીનો. તેના પછી સંજ્ઞી તિર્યંચ અથવા મનુષ્ય બને છે. (૨) કાલાદેશ– જઘન્ય અંતર્મુહૂર્ત અધિક દશહજાર વર્ષ બંને સ્થાનમાં મળીને કાલ વ્યતીત થાય છે પછી અન્યત્ર જાય છે. ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, બંને ભવમાં મળીને વ્યતીત કરે છે. (પ્રથમ નરકમાં ૧ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે પરંતુ અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય પોતાના મનના અભાવમાં અધિકતમ આયુષ્ય બંધ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જ કરી શકે છે.)

**બીજો ગમ્મો : ઔઘિકથી જઘન્ય**– બધા પ્રકારની સ્થિતિના અસંજ્ઞી તિર્યંચ પ્રથમ નરકની જઘન્ય સ્થિતિમાં ઉત્પન્ન થાય છે. **(૧)** ઉપપાત– એક માત્ર દશ હજાર વર્ષનો. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્માની જેમ ઋદ્ધિ કહેવી. **કાલાદેશ**–જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૧૦ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ અધિક દશહજાર વર્ષ, બંને સ્થાનના મળીને થાય છે.





**ત્રીજો ગમ્મો : ઔઘિકથી ઉત્કૃષ્ટ**– બધા પ્રકારની સ્થિતિવાળા અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય પ્રથમ નરકની ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્પન્ન થાય છે. તેનો **(૧)** ઉપપાત– એક માત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ**–જઘન્ય અંતર્મુહૂર્ત અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

**ચોથો ગમ્મો : જઘન્યથી ઔઘિક**– માત્ર અંતર્મુહૂર્તની સ્થિતિના અસંજ્ઞી તિર્યંચ પ્રથમ નરકની બધી સ્થિતિઓમાં ઉત્પન્ન થાય છે. **(૧)** ઉપપાત– જઘન્ય દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. પરંતુ **ણાણત્તા** ત્રણ બોલમાં ફરક હોય છે– (૧) આયુષ્ય–અંતર્મુહૂર્ત (૨) અનુબંધ–આયુષ્ય અનુસાર (૩) અધ્યવસાય–એક અશુભ.

***(અસંજ્ઞી તિર્યંચના જે કુલ પાંચ ણાણત્તા કહ્યા છે તેમાંથી ત્રણ ણાણત્તા ચોથા પાંચમા છઠ્ઠા ગમ્મામાં હોય છે અને બે ણાણત્તા સાતમા આઠમા નવમા ગમ્મામાં હોય છે, એમ કુલ મળીને પાંચ ણાણત્તા હોય છે.)***

**કાલાદેશ**–જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૧૦ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. ***(આ ચોથા ગમ્મામાં અસંજ્ઞી તિર્યંચની એક માત્ર જઘન્ય સ્થિતિ છે તેથી અંતર્મુહૂર્ત જ કહેવાય છે. નારકીની ઔઘિક(બધી) સ્થિતિ હોવાથી જઘન્યમાં દશહજાર વર્ષ અને ઉત્કૃષ્ટમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહ્યો છે.)***

**પાંચમો ગમ્મો : જઘન્યથી જઘન્ય**– અંતર્મુહૂર્તનો અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય પ્રથમ નરકની દશ હજાર વર્ષની સ્થિતિમાં ઉત્પન્ન થાય છે. **(૧)** ઉપપાત– એક માત્ર દશ હજાર વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી ચોથા ગમ્મા સમાન ણાણત્તા સહિત કહેવું. **કાલાદેશ**–એક માત્ર અંતર્મુહૂર્ત અધિક ૧૦ હજાર વર્ષ થાય છે. **છઠ્ઠો ગમ્મો : જઘન્યથી ઉત્કૃષ્ટ**– અંતર્મુહૂર્તનો અસંજ્ઞી તિર્યંચ પ્રથમ નરકમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં ઉત્પન્ન થાય છે. **(૧)** ઉપપાત– એક માત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી ણાણત્તા સહિત ચોથા ગમ્મા સમાન કહેવું. **કાલાદેશ**–એક માત્ર અંતર્મુહૂર્ત અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

**સાતમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઔઘિક–** ક્રોડપૂર્વનો અસંજ્ઞી તિર્યંચ પ્રથમ નરકની ઔઘિક(બધી) સ્થિતિમાં ઉત્પન્ન થાય છે. **(૧)** ઉપપાત– જઘન્ય દશહજાર વર્ષ, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન પરંતુ ણાણત્તા બે બોલમાં ફરક હોય છે– ૧. આયુષ્ય– ક્રોડપૂર્વનું ૨. અનુબંધ આયુષ્ય અનુસાર હોય છે. **કાલાદેશ–** જઘન્ય ક્રોડપૂર્વ અધિક દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

**આઠમો ગમ્મો : ઉત્કૃષ્ટથી જઘન્ય–** ક્રોડપૂર્વનો અસંજ્ઞી તિર્યંચ પ્રથમ નરકમાં જઘન્ય સ્થિતિમાં ઉત્પન્ન થાય છે. **(૧)** ઉપપાત– એક માત્ર દશ હજાર વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન ણાણત્તા સહિત. **કાલાદેશ**–એક માત્ર ક્રોડપૂર્વ અધિક દશ હજાર વર્ષ.

**નવમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ–** ક્રોડપૂર્વનો અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય પ્રથમ નરકમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિમાં ઉત્પન્ન થાય છે. **(૧)** ઉપપાત– એક માત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન ણાણત્તા સહિત. **કાલાદેશ–**એક માત્ર ક્રોડપૂર્વ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

આ અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયના ૯ ગમ્માના માધ્યમથી નરકમાં જવા સંબંધી ૨૦ દ્વારની ૠદ્ધિનું કથન પાંચ ણાણત્તા સહિત થયું છે. એ જ રીતે આગત સ્થાન ૩૨૧ જીવોના પોતાને યોગ્ય ૪૪ ઘરોમાં ઉત્પન્ન થવા સંબંધી ગમ્મા, ણાણત્તા અને ૨૦ દ્વારની ૠદ્ધિનું કથન શાસ્ત્રમાં ૨૪ ઉદ્દેશકોના માધ્યમથી કરવામાં આવેલ છે, જેને ભણવા–વાંચવાથી લઘુ દંડક અને ગતાગતના અભ્યાસી પાઠક ઉપરોક્ત ૧ થી ૧૩ પ્રશ્નગત સમાધાનોને ધ્યાનમાં રાખીને સહજ સમજી શકે છે.વિશેષ જિજ્ઞાસાને માટે સારાંશ પુસ્તકનું અને વિવેચનના આગમ પુસ્તકનું તથા ગમ્માના થોકડાના પુસ્તકનું અવલોકન અનુપ્રેક્ષણ કરવું જોઈએ. વારંવાર પુનરાવર્તન, ચર્ચા વિચારણાથી જ આ ગમ્મા પ્રકરણ પરિમાર્જિત પરિશુદ્ધ અને અભ્યસ્ત બને છે. અંતમાં પરિપૂર્ણ આત્મસાત થઈને જ્ઞાનાનંદ દાયક બને છે. અહીં ઉદાહરણ રૂપે કેટલાક મહત્વશીલ આગત સ્થાનોનું કથન પ્રશ્નોત્તરના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. ***(જુઓ પ્રશ્ન–૧૬ થી ૨૪ સુધી )***





**પ્રશ્ન–૧૬ : સંજ્ઞી તિર્યંચ મરીને સાતમી નરકમાં જાય, તેના ૯ ગમ્માથી ૨૦ દ્વારની રિદ્ધિ કેવા પ્રકારની છે ? *[ઉદ્દેશક–૧]***

**જવાબ : પહેલો ગમ્મો : ઔઘિકથી ઔઘિક–** બધી સ્થિતિના સંજ્ઞી તિર્યંચ સાતમી નારકીની બધી સ્થિતિમાં ઉત્પન્ન થાય તેના ૨૦ દ્વાર–**(૧)** ઉપપાત– જઘન્ય ૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૩૩ સાગર, **(૨)** પરિમાણ– જઘન્ય ૧,૨,૩ ઉત્કૃષ્ટ અસંખ્ય, **(૩)** અવગાહના– જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન, **(૪)** સંઘયણ– એક વજ્રઋષભનારાચ, **(૫)** સંસ્થાન–૬, **(૬)** કષાય–૪, **(૭)** સંજ્ઞા–૪, **(૮)** લેશ્યા–૬, **(૯)** ઇન્દ્રિય–૫, **(૧૦)** સમુદ્ઘાત–૫, **(૧૧)** દષ્ટિ–૩, **(૧૨)** જ્ઞાનાજ્ઞાન–૩ જ્ઞાન ૩ અજ્ઞાન, **(૧૩)** યોગ–૩, **(૧૪)** ઉપયોગ–૨, **(૧૫)** વેદના–૨, **(૧૬)** વેદ–૨, **(૧૭)** આયુષ્ય–જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ, **(૧૮)** અનુબંધ–આયુષ્ય અનુસાર, **(૧૯)** અધ્યવસાય–બંને, **(૨૦)** કાયસંવેધમાં ભવાદેશ–જઘન્ય–૩, ઉત્કૃષ્ટ ૭ ભવ કરે. કાલાદેશ–જઘન્ય બે અંતર્મુહૂર્ત અધિક ૨૨ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૪ ક્રોડપૂર્વ અધિક ૬૬ સાગરોપમ.

***(સાતમી નારકીમાં ૨૨ સાગરના જ ત્રણ ભવ લગાતાર થઈ શકે છે તેનાથી વધુ સ્થિતિના (૩૩ સાગર સુધીના) બે ભવ જ લગાતાર થઈ શકે છે. તો તે બે ભવોથી તો ઉત્કૃષ્ટ ૩ ક્રોડપૂર્વ સાધિક ૬૬ સાગર થાય છે. તે કાલાદેશરૂપ સ્થિતિ મધ્યમ છે. જ્યારે ૨૨ સાગરના ત્રણ ભવ કરવાથી ૪ ક્રોડપૂર્વ સાધિક ૬૬ સાગરોપમ થાય છે. તેથી ઉત્કૃષ્ટ કાલાદેશમાં તેને જ કહેવામાં આવે છે.)***

**બીજો ગમ્મો : ઔઘિકથી જઘન્ય– (૧)** ઉપપાત– ૨૨ સાગર**(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ–કાલાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન છે.

**ત્રીજો ગમ્મો : ઔઘિકથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩૩ સાગર**(૨-૧૯)** પરિમાણથી અનુબંધ સુધી પ્રથમ ગમ્મા સમાન. **(૨૦)** કાયસંવેધમાં (૧) ભવાદેશ–જઘન્ય ૩ ભવ, ઉત્કૃષ્ટ–૫ ભવ. (૨) કાલાદેશ–જઘન્ય બે અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગર, ઉત્કૃષ્ટ ત્રણ ક્રોડ પૂર્વ સાધિક ૬૬ સાગરોપમ.

**ચોથો ગમ્મો : જઘન્યથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય ૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ–કાલાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન પરંતુ ણાણત્તા–૮ બોલમાં ફરક હોય છે–(૧) અવગાહના–

જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ અનેક ધનુષ્યની. (૨) લેશ્યા–૩ (૩) દષ્ટિ–૧ (૪) અજ્ઞાન–૩, જ્ઞાન નહિ (૫) સમુદ્ઘાત–૩ (૬) અધ્યવસાય– અશુભ (૭) આયુષ્ય–અંતર્મુહૂર્ત (૮) અનુબંધ–આયુષ્ય જેટલો. કાલાદેશ–જઘન્ય બે અંતર્મુહૂર્ત અધિક–૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૬૬ સાગરોપમ.

**પાંચમો ગમ્મો : જઘન્યથી જઘન્ય– (૧)** ઉપપાત– ૨૨ સાગરોપમ. **(૨-૨૦)** ચોથા ગમ્મા સમાન, ણાણત્તા કાલાદેશ સહિત.

**છઠ્ઠો ગમ્મો : જઘન્યથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩૩ સાગરોપમ. **(૨-૧૯)** પરિમાણથી અનુબંધ સુધી ચોથા ગમ્મા સમાન ણાણત્તા સહિત. **(૨૦)** ભવાદેશ–જઘન્ય ૩ ભવ ઉત્કૃષ્ટ ૫ ભવ. કાલાદેશ–જઘન્ય બે અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગર, ઉત્કૃષ્ટ ૩ અંતર્મુહૂર્ત અધિક ૬૬ સાગર.

**સાતમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય ૨૨ સાગર ઉત્કૃષ્ટ ૩૩ સાગર**(૨-૨૦)** પ્રથમ ગમ્મા સમાન પરંતુ ણાણત્તા–૨ બોલમાં ફરક છે. (૧) આયુષ્ય–ક્રોડપૂર્વ અને (૨) અનુબંધ આયુષ્ય જેટલો. કાલાદેશ–જઘન્ય ૨ ક્રોડપૂર્વ અધિક ૨૨ સાગર ઉત્કૃષ્ટ ૪ કરોડ પૂર્વ અધિક ૬૬ સાગર.

**આઠમો ગમ્મો : ઉત્કૃષ્ટથી જઘન્ય– (૧)** ઉપપાત– ૨૨ સાગરોપમ માત્ર. **(૨-૨૦)** પરિમાણથી કાલાદેશ સુધી સાતમા ગમ્મા સમાન છે.

**નવમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩૩ સાગર**(૨-૧૯)** પરિમાણથી અનુબંધ સુધી સાતમા ગમ્મા સમાન. **(૨૦)** ભવાદેશ–જઘન્ય ૩, ઉત્કૃષ્ટ ૫ ભવ કરે. કાલાદેશ–જઘન્ય બે ક્રોડપૂર્વ અધિક ૩૩ સાગર, ઉત્કૃષ્ટ ૩ ક્રોડપૂર્વ અધિક ૬૬ સાગરોપમ.

**પ્રશ્ન–૧૭ : સંજ્ઞી તિર્યંચના પૃથ્વીકાયમાં જવા સંબંધી ૯ ગમ્માની રિદ્ધિ ણાણત્તા સહિતકઈ રીતે હોય છે ?** ***[ઉદ્દેશક–૧૨]***

**જવાબ : પહેલો ગમ્મો : ઔઘિકથી ઔઘિક–** પોતાની બધી સ્થિતિવાળા સંજ્ઞી તિર્યંચ, પૃથ્વીકાયની બધી સ્થિતિઓમાં ઉત્પન્ન થાય તો તેના–**(૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૨ હજાર વર્ષ, **(૨)** પરિમાણ– જઘન્ય ૧, ૨, ૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા-અસંખ્યાતા ઉત્પન્ન થાય છે, **(૩)** સંઘયણ–૬, **(૪)** સંસ્થાન–૬, **(૫)** અવગાહના–જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજનની, **(૬)** લેશ્યા–૬, **(૭)** દષ્ટિ–૩, **(૮)** જ્ઞાનાજ્ઞાન–





૩ જ્ઞાન ૩ અજ્ઞાન, **(૯)** યોગ–૩, **(૧૦)** ઉપયોગ–૨, **(૧૧)** સંજ્ઞા– ૪, **(૧૨)** કષાય–૪,**(૧૩)** ઈન્દ્રિય–૫, **(૧૪)** સમુદ્ઘાત– ૫, **(૧૫)** વેદના–બંને, **(૧૬)** વેદ–૩, **(૧૭)** આયુષ્ય–જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ, **(૧૮)** અનુબંધ–આયુષ્ય અનુસાર, **(૧૯)** અધ્યવસાય–બંને, **(૨૦)** કાય-સંવેધમાં (૧) ભવાદેશ–જઘન્ય–૨, ઉત્કૃષ્ટ ૮ ભવ. (૨) કાલાદેશ– જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૮૮ હજાર વર્ષ અધિક ૪ ક્રોડપૂર્વ.

**બીજો ગમ્મો : ઔઘિકથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ**–જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૪ ક્રોડપૂર્વ.

**ત્રીજો ગમ્મો : ઔઘિકથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૨૨ હજાર વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ**–જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૨૨ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૮૮ હજાર વર્ષ અધિક ૪ ક્રોડપૂર્વ.

**ચોથો ગમ્મો : જઘન્યથી ઔઘિક**–(આ જનાર જીવ અપર્યાપ્ત છે) **(૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૨ હજાર વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશસુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા અપર્યાપ્ત હોવાથી ૯ બોલમાં ફરક હોય છે–(૧) અવગાહના–અંગુલનો અસંખ્યાતમો ભાગ (૨) લેશ્યા–૩ (૩) દષ્ટિ–૧ (૪) જ્ઞાનાજ્ઞાન–૨ અજ્ઞાન (૫) યોગ–૧ કાયાનો (૬) સમુદ્ઘાત–૩ (૭) આયુષ્ય–અંતર્મુહૂર્ત (૮) અનુબંધ–આયુષ્ય સમાન. (૯) અધ્યવસાય–અશુભ . **કાલાદેશ**–જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૮૮ હજાર વર્ષ.

**પાંચમો ગમ્મો : જઘન્યથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી ચોથા ગમ્મા સમાન ણાણત્તા સહિત. **કાલાદેશ**–જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૮ અંતર્મુહૂર્ત.

**છઠ્ઠો ગમ્મો : જઘન્યથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૨૨ હજાર વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી ચોથા ગમ્મા સમાન ણાણત્તા સહિત. **કાલાદેશ**–જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૨૨ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૮૮ હજાર વર્ષ.

**સાતમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૨ હજાર વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા

સમાન પરંતુ ણાણત્તા બે બોલમાં ફરક હોય છે. આયુષ્ય ક્રોડપૂર્વ અને અનુબંધ આયુષ્ય જેટલો. **કાલાદેશ–** જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ક્રોડપૂર્વ, ઉત્કૃષ્ટ ૮૮ હજાર વર્ષ અધિક ૪ ક્રોડ પૂર્વ.

**આઠમો ગમ્મો : ઉત્કૃષ્ટથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ક્રોડપૂર્વ, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૪ ક્રોડ પૂર્વ.

**નવમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૨૨ હજાર વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય ૨૨ હજાર વર્ષ અધિક ક્રોડપૂર્વ, ઉત્કૃષ્ટ ૮૮ હજાર વર્ષ અધિક ૪ ક્રોડ પૂર્વ.

**પ્રશ્ન–૧૮ : અસંજ્ઞી મનુષ્યના વનસ્પતિમાં જવા સંબંધી ૩ ગમ્માની રિદ્ધિ કેવા પ્રકારની હોય છે ? *[ઉદ્દેશક–૧૬]***

**જવાબ : પહેલો ગમ્મો : ઔઘિકથી ઔઘિક–** પોતાની અંતર્મુહૂર્તની સ્થિતિથી અસંજ્ઞી મનુષ્ય વનસ્પતિકાયની બધી સ્થિતિમાં ઉત્પન્ન થાય છે– **(૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૦ હજાર વર્ષ, **(૨)** પરિમાણ– જઘન્ય ૧,૨,૩ ઉત્કૃષ્ટ અસંખ્ય, **(૩)** સંઘયણ–૧, **(૪)** સંસ્થાન–૧, **(૫)** અવગાહના– અંગુલનો અસંખ્યાતમો ભાગ, **(૬)** લેશ્યા–૩, **(૭)** દષ્ટિ–૧, **(૮)** જ્ઞાનાજ્ઞાન–૨ અજ્ઞાન, **(૯)** યોગ–૧, **(૧૦)** ઉપયોગ–૨, **(૧૧)** સંજ્ઞા–૪, **(૧૨)** કષાય–૪, **(૧૩)** ઈન્દ્રિય–૫, **(૧૪)** સમુદ્‌ઘાત– ૩, **(૧૫)** વેદના– બંને, **(૧૬)** વેદ–૧, **(૧૭)** આયુષ્ય–અંતર્મુહૂર્ત, **(૧૮)** અનુબંધ–આયુષ્ય અનુસાર, **(૧૯)** અધ્યવસાય–અશુભ, **(૨૦)** કાયસંવેધમાં (૧) ભવાદેશ– જઘન્ય–૨ ભવ, ઉત્કૃષ્ટ ૮ ભવ. (૨) કાલાદેશ–જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૪૦ હજાર વર્ષ.

**બીજો ગમ્મો : ઔઘિકથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ–**જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૮ અંતર્મુહૂર્ત. **ત્રીજો ગમ્મો : ઔઘિકથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૧૦ હજાર વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ–**જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૧૦ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૪૦ હજાર વર્ષ. ***(શેષ ૬ ગમ્મા અસંજ્ઞી મનુષ્યમાં નથી હોતા કારણ કે સ્થિતિ એક પ્રકારની અંતર્મુહૂર્ત માત્રની છે. )***





**પ્રશ્ન–૧૯ : વાયુકાયના બેઈન્દ્રિયમાં જવા સંબંધી ૯ ગમ્માની રિદ્ધિ ણાણત્તા સહિત કેવા પ્રકારની હોય છે ? *[ઉદ્દેશક–૧૭]***

**જવાબ : પહેલો ગમ્મો-ઔઘિકથી ઔઘિક–** પોતાની બધા પ્રકારની સ્થિતિ-વાળા વાયુકાય, બેઈન્દ્રિયની બધા પ્રકારની સ્થિતિમાં ઉત્પન્ન થાય છે જેના– **(૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ, **(૨)** પરિમાણ– સમયે સમયે સંખ્યાતા જીવ નિરંતર ઉત્પન્ન થાય છે, **(૩)** સંઘયણ–૧, **(૪)** સંસ્થાન–૧, **(૫)** અવગાહના– જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગની, વૈક્રિયની અપેક્ષા પણ તેટલી જ, **(૬)** લેશ્યા–૩, **(૭)** દષ્ટિ–૧, **(૮)** જ્ઞાના-જ્ઞાન–૨ અજ્ઞાન, **(૯)** યોગ–૧, **(૧૦)** ઉપયોગ–૨, **(૧૧)** સંજ્ઞા–૪, **(૧૨)** કષાય–૪, **(૧૩)** ઈન્દ્રિય–૧, **(૧૪)** સમુદ્‌ઘાત–૪, **(૧૫)** વેદના–૨, **(૧૬)** વેદ–૧, **(૧૭)** આયુષ્ય–જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩ હજાર વર્ષ, **(૧૮)** અનુબંધ– આયુષ્ય અનુસાર, **(૧૯)** અધ્યવસાય–બંને, **(૨૦)** કાયસંવેધમાં– (૧) ભવાદેશ–જઘન્ય–૨ ભવ, ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવ. (૨) કાલાદેશ–જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતો કાલ.

**બીજો ગમ્મો : ઔઘિકથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ–**જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતો કાલ.

**ત્રીજો ગમ્મો : ઔઘિકથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૧૨ વર્ષ. **(૨-૧૯)** પરિમાણથી અનુબંધ સુધી પ્રથમ ગમ્મા સમાન. **(૨૦) ભવાદેશ–** જઘન્ય ૨ ભવ, ઉત્કૃષ્ટ ૮ ભવ. **કાલાદેશ–**જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૧૨ વર્ષ, ઉત્કૃષ્ટ ૪૮ વર્ષ અધિક ૧૨ હજાર વર્ષ.

**ચોથો ગમ્મો : જઘન્યથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન પરંતુ ણાણત્તા ૪ બોલમાં ફરક–(૧) સમુદ્‌ઘાત–૩, (૨) અધ્યવસાય– અશુભ, (૩) આયુષ્ય– અંતર્મુહૂર્ત (૪) અનુબંધ– આયુષ્ય સમાન, **કાલાદેશ–**જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સંખ્યાતો કાલ.

**પાંચમો ગમ્મો : જઘન્યથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)** પરિમાણથી કાલાદેશ સુધી ચોથા ગમ્મા સમાન.

**છઠ્ઠો ગમ્મો : જઘન્યથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૧૨ વર્ષ. **(૨-૧૯)** પરિમાણથી અનુબંધ સુધી ચોથા ગમ્મા સમાન. **(૨૦) ભવાદેશ–** જઘન્ય ૨ ભવ, ઉત્કૃષ્ટ–૮ ભવ, **કાલાદેશ–** જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૧૨ વર્ષ, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૪૮ વર્ષ.

**સાતમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ. **(૨-૧૯)** પરિમાણથી અનુબંધ સુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા બે બોલમાં ફરક–આયુષ્ય ૩ હજાર વર્ષ અને અનુબંધ આયુષ્ય જેટલો. **(૨૦) ભવાદેશ–** જઘન્ય ૨ ભવ, ઉત્કૃષ્ટ–૮ ભવ, **કાલાદેશ–** જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૩ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૪૮ વર્ષ અધિક ૧૨ હજાર વર્ષ.

**આઠમો ગમ્મો : ઉત્કૃષ્ટથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ૩ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૧૨ હજાર વર્ષ.

**નવમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૧૨ વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય ૧૨ વર્ષ અધિક ૩ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ૪૮ વર્ષ અધિક ૧૨ હજાર વર્ષ.

**પ્રશ્ન–૨૦ : સંજ્ઞી મનુષ્યના તિર્યંચ પંચેંદ્રિયમાં જવા સંબંધી ૯ ગમ્માની રિદ્ધિ, ણાણત્તા સહિત કેવા પ્રકારે હોય છે ? *[ઉદ્દેશક–૨૦]***

**જવાબ : પહેલો ગમ્મો : ઔઘિકથી ઔઘિક–** અંતર્મુહૂર્તથી લઈને ક્રોડપૂર્વ સુધીની બધી સ્થિતિવાળા મનુષ્ય તિર્યંચ પંચેંદ્રિયની બધી સ્થિતિઓમાં ઉત્પન્ન થાય તો તેના–**(૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ, **(૨)** પરિમાણ–૧,૨,૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા, **(૩)** સંઘયણ–૬, **(૪)** સંસ્થાન–૬, **(૫)** અવગાહના–જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ, **(૬)** લેશ્યા–૬, **(૭)** દષ્ટિ–૩, **(૮)** જ્ઞાનાજ્ઞાન–૪ જ્ઞાન ૩ અજ્ઞાન, **(૯)** યોગ–૩, **(૧૦)** ઉપયોગ–૨, **(૧૧)** સંજ્ઞા–૪, **(૧૨)** કષાય–૪, **(૧૩)** ઈન્દ્રિય–૫, **(૧૪)** સમુદ્દ્ઘાત– ૬, **(૧૫)** વેદના–બંને, **(૧૬)** વેદ–૩, **(૧૭)** આયુષ્ય–જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ, **(૧૮)** અધ્યવસાય–બંને, **(૧૯)** અનુબંધ–આયુષ્ય અનુસાર, **(૨૦)** કાયસંવેધમાં–(૧) ભવાદેશ–જઘન્ય–૨, ઉત્કૃષ્ટ ૮ ભવ. (૨) કાલાદેશ–જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૭ ક્રોડપૂર્વ અધિક ૩ પલ્યોપમ.





**બીજો ગમ્મો : ઔઘિકથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ–**જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૪ ક્રોડપૂર્વ.

**ત્રીજો ગમ્મો : ઔઘિકથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩ પલ્યોપમ. **(૨)** પરિમાણ ૧, ૨, ૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા. **(૫)** અવગાહના– જઘન્ય અનેક અંગુલ, ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ. **(૧૭)** આયુષ્ય– જઘન્ય અનેક માસ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ. **(૧૯)** અનુબંધ– આયુષ્ય અનુસાર. **(૨૦)** ભવાદેશ– જઘન્ય ઉત્કૃષ્ટ–૨ ભવ. **કાલાદેશ–**જઘન્ય અનેક માસ અધિક ૩ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ અધિક ૩ પલ્યોપમ. શેષ બોલ ત્રીજો, ચોથો અને ૬ થી ૧૬ વગેરે પ્રથમ ગમ્માની સમાન છે.

**ચોથો ગમ્મો : જઘન્યથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ. **(૨)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા ૯ બોલમાં ફરક હોય છે–(૧) અવગાહના–અંગુલનો અસંખ્યાતમો ભાગ (૨) લેશ્યા–૩ (૩) દષ્ટિ–૧ (૪) જ્ઞાનાજ્ઞાન–૨ અજ્ઞાન (૫) યોગ–૧ (૬) સમુદ્દ્ઘાત–૩ (૭) આયુષ્ય–અંતર્મુહૂર્ત (૮) અનુબંધ–આયુષ્ય સમાન. (૯) અધ્યવસાય –૧. **કાલાદેશ–**જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૪ ક્રોડપૂર્વ.

**પાંચમો ગમ્મો-જઘન્યથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી ચોથા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય બે અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૮ અંતર્મુહૂર્ત.

**છઠ્ઠો ગમ્મો : જઘન્યથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ક્રોડપૂર્વ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી ચોથા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ક્રોડપૂર્વ, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૪ ક્રોડ પૂર્વ.

**સાતમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા ત્રણ બોલમાં ફરક હોય છે–(૧) આયુષ્ય–ક્રોડપૂર્વ (૨) અનુબંધ–એટલો જ. (૩) અવગાહના– ૫૦૦ ધનુષ. **કાલાદેશ–** જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ક્રોડપૂર્વ વર્ષ, ઉત્કૃષ્ટ ૭ ક્રોડ પૂર્વ અધિક ૩ પલ્યોપમ.

**આઠમો ગમ્મો : ઉત્કૃષ્ટથી જઘન્ય– (૧)** ઉપપાત– અંતર્મુહૂર્ત. **(૨-૨૦)**

પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્માની સમાન. **કાલાદેશ–** જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ક્રોડપૂર્વ, ઉત્કૃષ્ટ ૪ અંતર્મુહૂર્ત અધિક ૪ ક્રોડ પૂર્વ.

**નવમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩ પલ્યોપમ. **(૨-૧૯)** પરિમાણથી લઈને અનુબંધ સુધી સાતમા ગમ્મા સમાન. **(૨૦) ભવાદેશ–** જઘન્ય ઉત્કૃષ્ટ ૨ ભવ માત્ર. **કાલાદેશ–** જઘન્ય ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ અધિક ૩ પલ્યોપમ.

**પ્રશ્ન–૨૧ : તિર્યંચ યુગલિકના જ્યોતિષી દેવોમાં જવા સંબંધી ગમ્મા, ઋદ્ધિ અને ણાણત્તા કેવી રીતે હોય છે ? *[ઉદ્દેશક–૨૩]***

**જવાબ : પહેલો ગમ્મો : ઔઘિકથી ઔઘિક–** જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનો યુગલિક જ્યોતિષીની બધી સ્થિતિઓમાં ઉત્પન્ન થાય તેના–**(૧)** ઉપપાત– જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ,ઉત્કૃષ્ટ ૧ પલ્યોપમ એક લાખ વર્ષ, **(૨)** પરિમાણ– જઘન્ય ૧,૨,૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા, **(૩)** સંઘયણ–૧, **(૪)** સંસ્થાન–૧, **(૫)** અવગાહના–જઘન્ય અનેક ધનુષ ઉત્કૃષ્ટ ૬ ગાઉ, **(૬)** લેશ્યા–૪, **(૭)** દૃષ્ટિ–૧, **(૮)** જ્ઞાનાજ્ઞાન–૨ અજ્ઞાન, **(૯)** યોગ–૩, **(૧૦)** ઉપયોગ–૨, **(૧૧)** સંજ્ઞા–૪,**(૧૨)** કષાય–૪,**(૧૩)** ઈન્દ્રિય–૫, **(૧૪)** સમુદ્ઘાત– ૩, **(૧૫)** વેદના–બંને, **(૧૬)** વેદ–૨, **(૧૭)** આયુષ્ય–જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ, **(૧૮)** અનુબંધ–આયુષ્ય અનુસાર, **(૧૯)** અધ્યવસાય–બંને, **(૨૦)** કાયસંવેધમાં– ભવાદેશ– ૨ ભવ અને કાલાદેશ–જઘન્ય બે પલ્યોપમનો આઠમો ભાગ (પા પલ્યોપમ), ઉત્કૃષ્ટ ૧ લાખ વર્ષ અધિક ૪ પલ્યોપમ.

**બીજો ગમ્મો : ઔઘિકથી જઘન્ય– (૧)** ઉપપાત– પલ્યોપમનો આઠમો ભાગ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય બે પલયોપમનો આઠમો ભાગ(પા પલ્યોપમ)ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ અને પલ્યોપમનો આઠમો ભાગ.

**ત્રીજો ગમ્મો : ઔઘિકથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૧ પલ્યોપમ ૧ લાખ વર્ષ. પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન પરંતુ આયુષ્ય–જઘન્ય એક પલ્યોપમ એક લાખ વર્ષ, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ. કાલાદેશ– જઘન્ય–૨ પલ્યોપમ બે લાખ વર્ષ ઉત્કૃષ્ટ ૪ પલ્યોપમ એક લાખ વર્ષ.

**ચોથો ગમ્મો : જઘન્યથી ઔઘિક– (૧)** ઉપપાત–પલ્યોપમનો આઠમો





ભાગ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા ૩ બોલમાં ફરક–(૧) આયુષ્ય– પલ્યોપમનો આઠમો ભાગ માત્ર. (૨) અનુબંધ– એટલો જ. (૩) અવગાહના– જઘન્ય અનેક ધનુષ, ઉત્કૃષ્ટ ૧૮૦૦ ધનુષ. **કાલાદેશ–**જઘન્ય– ઉત્કૃષ્ટ બંને ય બે પલ્યોપમનો આઠમો ભાગ અર્થાત્ પા પલ્યોપમ.***(ગમ્મા પાંચ–છ હોતા નથી. ચાર, પાંચ, છ ત્રણે એક સરખા થઈ જવાથી ભિન્નતા નહિ હોવાથી ત્રણનો એક જ ગમ્મો થઈ જાય છે.)***

**સાતમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ એક પલ્યોપમ એક લાખ વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા બે બોલમાં ફરક– આયુષ્ય– ત્રણ પલ્યોપમ અને તદનુસાર અનુબંધ. **કાલાદેશ–** જઘન્ય ૩ પલ્યોપમ અને પલ્યોપમનો આઠમો ભાગ અધિક, ઉત્કૃષ્ટ ૪ પલ્યોપમ અને ૧ લાખ વર્ષ.

**આઠમો ગમ્મો : ઉત્કૃષ્ટથી જઘન્ય– (૧)** ઉપપાત–પલ્યોપમનો આઠમો ભાગ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય ઉત્કૃષ્ટ બંને પલ્યોપમનો આઠમો ભાગ અધિક ૩ પલ્યોપમ.

**નવમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૧ પલ્યોપમ ૧ લાખ વર્ષ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય ઉત્કૃષ્ટ ૪ પલ્યોપમ અને ૧ લાખ વર્ષ. ***(યુગલિક પોતાની સ્થિતિથી ઓછાનો અથવા પોતાની સ્થિતિ સમાન આયુબંધ કરી શકે છે. વધારેનો નથી કરી શકતા અર્થાત્ ત્રણ પલ્યોપમનો યુગલિક જ્યોતિષીની બધી સ્થિતિમાં જઈ શકે છે અર્થાત્ એક પલ્યોપમ ૧ લાખ વર્ષનું આયુષ્ય પણ બાંધી શકે છે પરંતુ પલ્યોપમના આઠમા ભાગની સ્થિતિવાળો યુગલિક તેટલી જ સ્થિતિનું આયુષ્ય બાંધે છે તેનાથી અધિક સ્થિતિનું કોઈ પણ આયુષ્ય બાંધતો નથી.)***

**પ્રશ્ન–૨૨ : મનુષ્ય યુગલિકના પ્રથમ દેવલોકમાં જવા સંબંધી ગમ્મા, ઋદ્ધિ અને ણાણત્તા કેવી રીતે હોય છે ? *[ઉદ્દેશક–૨૪]***

**જવાબ : પહેલો ગમ્મો : ઔઘિકથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય ૧ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. **(૨)** પરિમાણ– ૧,૨,૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા, **(૩)** સંઘયણ–૧, **(૪)** સંસ્થાન–૧, **(૫)** અવગાહના–જઘન્ય ૧ કોસ, ઉત્કૃષ્ટ

ત્રણ કોસ, **(૬)** લેશ્યા–૪, **(૭)** દષ્ટિ–૨, **(૮)** જ્ઞાનાજ્ઞાન–૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, **(૯)** યોગ–૩, **(૧૦)** ઉપયોગ–૨, **(૧૧)** સંજ્ઞા–૪,**(૧૨)** કષાય–૪, **(૧૩)** ઈન્દ્રિય–૫, **(૧૪)** સમુદ્ઘાત– ૩, **(૧૫)** વેદના–બંને, **(૧૬)** વેદ–૨, **(૧૭)** આયુષ્ય–જઘન્ય ૧ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ, **(૧૮)** અનુબંધ–આયુષ્ય અનુસાર, **(૧૯)** અધ્યવસાય–બંને, **(૨૦)** કાય સંવેધમાં– **ભવાદેશ**– ૨ ભવ અને **કાલાદેશ**–જઘન્ય બે પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૬ પલ્યોપમ.

**બીજો ગમ્મો : ઔધિકથી જઘન્ય– (૧)** ઉપપાત– ૧ પલ્યોપમ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ**–જઘન્ય બે પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૪ પલ્યોપમ.

**ત્રીજો ગમ્મો : ઔધિકથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩ પલ્યોપમ.**(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. પરંતુ આયુષ્ય ૩ પલ્યોપમ માત્ર અને અવગાહના ૩ કોસની. **કાલાદેશ**–જઘન્ય–ઉત્કૃષ્ટ ૬ પલ્યોપમ.

**ચોથો ગમ્મો : જઘન્યથી ઔધિક– (૧)** ઉપપાત– ૧ પલ્યોપમ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા ૩ બોલમાં ફરક–(૧) આયુષ્ય–૧ પલ્યોપમ. (૨) અવગાહના–૧ કોસ. (૩) અનુબંધ– આયુષ્ય અનુસાર. **કાલાદેશ**–જઘન્ય– ઉત્કૃષ્ટ બે પલ્યોપમ. ***(પાંચમો–છઠ્ઠો ગમ્મો હોતો નથી. પૂર્વવત્ પ્રશ્ન–૨૨ સમાન.)***

**સાતમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઔધિક– (૧)** ઉપપાત– જઘન્ય ૧ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા ત્રણ બોલમાં ફરક– (૧) આયુષ્ય–ત્રણ પલ્યોપમનું. (૨) અવગાહના– ૩ કોસની (૩) અનુબંધ–આયુષ્ય અનુસાર. **કાલાદેશ**– જઘન્ય ૪ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૬ પલ્યોપમ.

**આઠમો ગમ્મો : ઉત્કૃષ્ટથી જઘન્ય– (૧)** ઉપપાત– ૧ પલ્યોપમ. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ**– જઘન્ય ઉત્કૃષ્ટ બંને ય ૪ પલ્યોપમ.

**નવમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩ પલ્યોપમ.**(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ**– જઘન્ય-ઉત્કૃષ્ટ ૬ પલ્યોપમ.





**પ્રશ્ન–૨૩ : સંજ્ઞી મનુષ્યના ગ્રૈવેયકમાં જવા સંબંધી ગમ્મા, રિદ્ધિ અને ણાણત્તા કેવા પ્રકારે હોય છે ?** ***[ઉદ્દેશક–૨૪]***

**જવાબ : પહેલો ગમ્મો : ઔધિકથી ઔધિક– (૧)** ઉપપાત– જઘન્ય ૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૩૧ સાગર. **(૨)** પરિમાણ–૧,૨,૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા, **(૩)** સંઘયણ–૨(પ્રારંભના), **(૪)** સંસ્થાન–૬, **(૫)** અવગાહના–જઘન્ય અનેક હાથ ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ, **(૬)** લેશ્યા–૬, **(૭)** દષ્ટિ–૩, **(૮)** જ્ઞાના-જ્ઞાન–૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, **(૯)** યોગ–૩, **(૧૦)** ઉપયોગ–૨, **(૧૧)** સંજ્ઞા–૪,**(૧૨)** કષાય–૪,**(૧૩)** ઈન્દ્રિય–૫, **(૧૪)** સમુદ્ઘાત– ૬, **(૧૫)** વેદના–બંને, **(૧૬)** વેદ–૩, **(૧૭)** આયુષ્ય–જઘન્ય અનેક વર્ષ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ, **(૧૮)** અધ્યવસાય–બંને, **(૧૯)** અનુબંધ–આયુષ્ય અનુસાર, **(૨૦)** કાયસંવેધમાં– **ભવાદેશ**–જઘન્ય–૩, ઉત્કૃષ્ટ ૭ ભવ. **કાલાદેશ**– જઘન્ય બે અનેક વર્ષ (અર્થાત્ ૯+૯=૧૮ વર્ષ)અધિક ૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૪ ક્રોડવર્ષ અધિક ૯૩ સાગર.

**બીજો ગમ્મો : ઔધિકથી જઘન્ય– (૧)** ઉપપાત– ૨૨ સાગર. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ**–જઘન્ય બે અનેક વર્ષ અધિક ૨૨ સાગર અને ઉત્કૃષ્ટ ૪ ક્રોડપૂર્વ અધિક ૬૬ સાગર.

**ત્રીજો ગમ્મો : ઔધિકથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩૧ સાગર. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. **કાલાદેશ**–જઘન્ય બે અનેક વર્ષ અધિક ૩૧ સાગર, ઉત્કૃષ્ટ ૪ ક્રોડપૂર્વ અધિક ૯૩ સાગર.

**ચોથો ગમ્મો : જઘન્યથી ઔધિક– (૧)** ઉપપાત– જઘન્ય ૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૩૧ સાગર. **(૨–૨૦)** પરિમાણથી ભવાદેશસુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા ૩ બોલમાં ફરક–(૧) અવગાહના–અનેક હાથ માત્ર (૨) આયુષ્ય–અનેક વર્ષ માત્ર (૩) અનુબંધ–આયુષ્ય સમાન. **કાલાદેશ**–જઘન્ય બે અનેક વર્ષ અધિક ૨૨ સાગર ઉત્કૃષ્ટ ૪ અનેક વર્ષ(અર્થાત્ ૯ વર્ષ ×૪ ભવ =૩૬ વર્ષ)અધિક ૯૩ સાગર.

**પાંચમો ગમ્મો : જઘન્યથી જઘન્ય– (૧)** ઉપપાત– ૨૨ સાગર. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી ચોથા ગમ્મા સમાન. **કાલાદેશ**– જઘન્ય બે અનેક વર્ષ અધિક ૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૪ અનેક વર્ષ અધિક ૬૬ સાગર.

**છટ્ઠો ગમ્મો : જઘન્યથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩૧ સાગર. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી ચોથા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય બે અનેક વર્ષ અધિક ૩૧ સાગર, ઉત્કૃષ્ટ ૪ અનેક વર્ષ અધિક ૯૩ સાગર.

**સાતમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઔઘિક– (૧)** ઉપપાત– જઘન્ય ૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૩૧ સાગર. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી પ્રથમ ગમ્મા સમાન. ણાણત્તા ત્રણ બોલમાં ફરક–(૧) આયુષ્ય– ક્રોડપૂર્વ માત્ર (૨) અવગાહના– ૫૦૦ ધનુષ. (૩) અનુબંધ– આયુષ્ય અનુસાર. **કાલાદેશ–** જઘન્ય ૨ ક્રોડપૂર્વ અધિક ૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૪ ક્રોડ પૂર્વ અધિક ૯૩ સાગર.

**આઠમો ગમ્મો : ઉત્કૃષ્ટથી જઘન્ય– (૧)** ઉપપાત– ૨૨ સાગર. **(૨-૨૦)** પરિમાણથી ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય ૨ ક્રોડપૂર્વ અધિક ૨૨ સાગર, ઉત્કૃષ્ટ ૪ ક્રોડપૂર્વ અધિક ૬૬ સાગર.

**નવમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ– (૧)** ઉપપાત– ૩૧ સાગર. **(૨-૨૦)** પરિમાણથી લઈને ભવાદેશ સુધી સાતમા ગમ્મા સમાન. **કાલાદેશ–** જઘન્ય ૨ ક્રોડ પૂર્વ અધિક ૩૧ સાગર, ઉત્કૃષ્ટ ૪ ક્રોડપૂર્વ અધિક ૯૩ સાગરોપમ.

**પ્રશ્ન–૨૪ : સંજ્ઞી મનુષ્ય સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય તેના ગમ્મા, ણાણત્તા, રિદ્ધિ, કાલાદેશ સુધી કેવી રીતે હોય છે ? *[ઉદ્દેશક–૨૪]***

**જવાબ :** સર્વાર્થસિદ્ધ વિમાનમાં એક માત્ર ૩૩ સાગરોપમની સ્થિતિ છે. તેથી ૯ ગમ્મા ન થતાં ૩ ગમ્માથી જ રિદ્ધિનું કથન થાય છે.

**પહેલો ગમ્મો : ઔઘિકથી ઔઘિક–** જઘન્ય અનેક વર્ષ ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વની સ્થિતિવાળા મનુષ્ય સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે. **(૧)** ઉપપાત– ૩૩ સાગર, **(૨)** પરિમાણ–જઘન્ય–૧, ૨, ૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા, **(૩)** સંઘયણ– ૧ વજ્રઋષભનારાચ, **(૪)** સંસ્થાન–૬, **(૫)** અવગાહના– જઘન્ય અનેક હાથ, ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ, **(૬)** લેશ્યા–૬, **(૭)** દષ્ટિ–૩, **(૮)** જ્ઞાનાજ્ઞાન–૪ જ્ઞાન ૩ અજ્ઞાન, **(૯)** યોગ–૩, **(૧૦)** ઉપયોગ–૨, **(૧૧–૧૩)** સંજ્ઞા–૪ અને નોસંજ્ઞોપયુક્ત, કષાય–૪ અને અકષાયી, ઈન્દ્રિય–૫, **(૧૪)** સમુદ્‌ઘાત– ૬, **(૧૫)** વેદના–બંને, **(૧૬)** વેદ–૩, **(૧૭)** આયુષ્ય–જઘન્ય અનેક વર્ષ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ, **(૧૮)** અનુબંધ– આયુષ્ય અનુસાર, **(૧૯)**





અધ્યવસાય–બંને, **(૨૦)** કાયસંવેધમાં–**ભવાદેશ–** જઘન્ય– ઉત્કૃષ્ટ ૩ ભવ. **કાલાદેશ–**જઘન્ય બે અનેક વર્ષ (૧૮ વર્ષ) અધિક ૩૩ સાગર, ઉત્કૃષ્ટ ૨ ક્રોડપૂર્વ અધિક ૩૩ સાગરોપમ. ***(બીજો અને ત્રીજો ગમ્મો હોતો નથી.)***

**ચોથો ગમ્મો : જઘન્યથી ઔઘિક–** અનેક વર્ષના (૯ વર્ષના) મનુષ્ય સર્વાર્થ સિદ્ધમાં ઉત્પન્ન થાય છે. જેના ઉપપાતથી ભવાદેશ પર્યંત પ્રથમ ગમ્મા સમાન પરંતુ ણાણત્તા–૩ છે. (૧) આયુષ્ય અનેક વર્ષ માત્ર, (૨) અનુબંધ આયુ જેટલો (૩) અવગાહના અનેક હાથ માત્ર. કાલાદેશ–જઘન્ય ઉત્કૃષ્ટ બે અનેક વર્ષ(૧૮ વર્ષ) અધિક ૩૩ સાગરોપમ. ***(પાંચમો છટ્ઠો ગમ્મો હોતો નથી.)***

**સાતમો ગમ્મો : ઉત્કૃષ્ટથી ઔઘિક–** ક્રોડપૂર્વનો મનુષ્ય સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય તેનું ઉપપાતથી ભવાદેશ પર્યંત કથન પ્રથમ ગમ્મા સમાન છે. ફરક ણાણત્તા ત્રણ બોલમાં છે– (૧) અવગાહના ૫૦૦ ધનુષ. (૨) આયુષ્ય–ક્રોડપૂર્વ. (૩) આયુષ્ય અનુસાર અનુબંધ થાય છે. **કાલાદેશ–** જઘન્ય ઉત્કૃષ્ટ ૨ ક્રોડપૂર્વ અધિક ૩૩ સાગરોપમનો હોય છે. ***(આઠમો નવમો ગમ્મો બનતો નથી.)***

સર્વાર્થસિદ્ધમાં એક જ સ્થિતિના કારણે જઘન્ય અને ઉત્કૃષ્ટ નહિ હોવાથી તેના જઘન્ય ઉત્કૃષ્ટ સંબંધી બીજો, ત્રીજો અને પાંચમો, છટ્ઠો અને આઠમો, નવમો એ છ ગમ્મા બનતા નથી. તેથી ત્રણ ગમ્મા (૧,૪,૭)થી જ રિદ્ધિનું કથન થયું છે.

આ પ્રમાણે અહીં પ્રશ્ન–૧૫ થી ૨૪ સુધી ઉદાહરણ રૂપમાં ૨૪ ઉદ્દેશકોમાંથી ૧૦ આગત સ્થાનોને ગમ્મા, રિદ્ધિ, ણાણત્તા આદિના સ્પષ્ટીકરણ સહિત દર્શાવ્યા છે. કુલ ૩૨૧ આગત સ્થાન છે. તો બાકીના ૩૧૧ આગત સ્થાનોને પણ યથાશક્તિ સ્વમતિથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. મૂલપાઠમાં અને અર્થમાં તથા થોકડાની ચોપડીમાં તેની ઘણી વિગત હોય છે.

**॥ ગમ્મા પ્રકરણ સમાપ્ત ॥**

# શતક–૨૫ : ઉદ્દેશક–૧ થી ૧૨

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** પૂર્વના શતક–૨૧ થી ૨૪ એ ચાર શતકોમાં એક-એક અથવા અત્યંત સીમિત વિષયોનું નિરૂપણ છે. જ્યારે આ પચીસમા શતકમાં ૧૨ ઉદ્દેશક વિભાગોના માધ્યમથી અનેકાનેક મહત્ત્વપૂર્ણ તાત્ત્વિક વિષયોનું વિશ્લેષણ છે. શતકના પ્રારંભમાં એક સંગ્રહણી ગાથા દ્વારા ઉદ્દેશકોના નામ-વિષય નિર્દિષ્ટ કરવામાં આવેલ છે, તે આ પ્રમાણે છે–

**(૧) લેશ્યા–** આ પ્રથમ ઉદ્દેશકનો લેશ્યાના સંક્ષિપ્ત પ્રશ્નોત્તરથી પ્રારંભ થયેલ છે. આગળ એમાં જીવના ૧૪ ભેદથી સંબંધિત જઘન્ય-ઉત્કૃષ્ટ–૨૮ યોગોનું અલ્પબહુત્વ છે અને તે પછી ૧૫ યોગના જઘન્ય-ઉત્કૃષ્ટના ભેદથી ૩૦ યોગોના અલ્પબહુત્વનું નિરૂપણ છે.

**(૨) દ્રવ્ય–** બીજા ઉદ્દેશકમાં દ્રવ્યો અને પુદ્‌ગલોના ગ્રહણ-નિઃસરણ આદિ તથા ઔદારિક શરીર, ઈન્દ્રિય, યોગ આદિના નિર્માણ સંબંધી નિરૂપણ છે.

**(૩) સંસ્થાન–** પરિમંડલ આદિ અજીવ સંસ્થાઓનું, તેના કૃત યુગ્માદિનું એટલે કડજુમ્માનું તથા વિવિધ પ્રકારથી શ્રેણીઓનું નિરૂપણ છે.

**(૪) યુગ્મ–** જીવ દ્રવ્ય, ષડ્‌દ્રવ્ય અને જીવ પર્યાયમાં યુગ્મ–જુમ્મા, પરમાણુ વગેરેમાં યુગ્મ, સકંપ-અકંપ પદાર્થ, પુદ્‌ગલ દ્રવ્યમાં અલ્પ-બહુત્વ, ષડ્‌દ્રવ્યના મધ્યપ્રદેશ ઈત્યાદિ વિષય નિરૂપિત છે.

**(૫) પર્યવ–** જીવ-અજીવ પર્યવને માટે સંક્ષિપ્ત સૂચન પ્રજ્ઞાપના પદ–૫નું છે. તેના પછી કાલના એકમોનું વિવિધ પ્રકારે નિરૂપણ છે. નિગોદ અને ૬ ભાવોનું સંક્ષિપ્ત સૂચન છે.

**(૬) નિર્ગ્રંથ–** પાંચ નિયંઠાનું (ખરેખર ૬ નિયંઠાનું) ૩૬ દ્વારથી વર્ણન છે.

**(૭) સંયત–** પાંચ ચારિત્રનું ૩૬ દ્વારથી વર્ણન છે. તેના પછી પ્રતિસેવના, આલોચના, પ્રાયશ્ચિત્ત, સમાચારી અને તપના ભેદ-પ્રભેદોનું વિસ્તૃત નિરૂપણ છે.





**(૮–૧૨)** આ પાંચ ઉદ્દેશકોમાં જીવની ઉત્પત્તિ, જીવમાં શીઘ્ર ગતિ, ઉત્પત્તિ આદિમાં સ્વ કર્તૃત્વ વગેરેનું સમુચ્ચય નિરૂપણ છે, પછી ૪ ઉદ્દેશોમાં ક્રમશઃ ભવી, અભવી અને સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ એ ચાર વિષયોનું સંક્ષિપ્ત સૂચન છે.

**પ્રશ્ન–૨ : જીવના ૧૪ ભેદ કયા છે અને તેના ૨૮ યોગોનું અલ્પબહુત્વ કઈ રીતે છે તથા ત્રીસ પ્રકારના યોગોનું અલ્પબહુત્વ કઈ રીતે છે ?**

**જવાબ : (૧) ૨૮ યોગ–** સંસારી જીવોના મૌલિક ૧૪ ભેદ અહીં પ્રથમ ઉદ્દેશકમાં આ પ્રમાણે કહ્યા છે– (૧) સૂક્ષ્મ એકેંદ્રિયના અપર્યાપ્તા (૨) સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તા (૩–૪) બાદર એકેંદ્રિય અપર્યાપ્તા અને પર્યાપ્તા (૫–૬) બેઈન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા (૭–૮) તેઈન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા (૯–૧૦)ચૌરેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા (૧૧–૧૨) પંચેંદ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા (૧૩–૧૪) સંજ્ઞી પંચેંદ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

એ ૧૪ જીવોના જઘન્ય યોગ અને તેના જ ઉત્કૃષ્ટ યોગ એવા બે ભેદ કરવાથી અહીં જીવ-યોગના કુલ–૨૮ બોલ થાય છે. તેનું અલ્પબહુત્વ આગળ ચાર્ટ(કોષ્ટક)માં જુઓ.

**૩૦ પ્રકારના યોગ–** મન, વચન અને કાયા ત્રણ પ્રકારના મૌલિક યોગના કુલ ૧૫ ભેદ છે– ૪ મનના, ૪ વચનના, ૭ કાયાના. એ પંદર યોગોના બે બોલ કર્યા છે– જઘન્ય(ન્યૂનતમ) યોગ અને ઉત્કૃષ્ટ યોગ. જેમકે– (૧) જઘન્ય સત્યમન યોગ (૨) ઉત્કૃષ્ટ સત્યમન યોગ (૩) જઘન્ય અસત્યમન યોગ (૪) ઉત્કૃષ્ટ અસત્યમન યોગ આદિ મનયોગના ૮ ભેદ. એ જ પ્રમાણે વચનના પણ (૧) જઘન્ય સત્યવચન યોગ (૨) ઉત્કૃષ્ટ સત્યવચન યોગ (૩) જઘન્ય અસત્યવચન યોગ (૪) ઉત્કૃષ્ટ અસત્યવચન યોગ આદિ ૮ ભેદ. એ જ પ્રમાણે કાયાના સાત યોગના જઘન્ય-ઉત્કૃષ્ટથી ૧૪ ભેદ. એમ કુલ ૮+૮+૧૪=૩૦ પ્રકારના યોગ થાય છે.

યોગના એ ૩૦માંથી કયો યોગ–આત્મ પુરુષાર્થ પ્રયત્ન, જીવની પ્રવૃત્ત યોગ શક્તિ અલ્પ કે અધિક છે; તે તરતમતાને અહીં ૩૦ બોલોના અલ્પબહુત્વમાં બતાવવામાં આવેલ છે, તે આગળના ચાર્ટમાં જુઓ–

## જીવના ૧૪ ભેદોમાં યોગનું અલ્પબહુત્વ :–

| ક્રમ | જીવના ભેદ | યોગ | અલ્પબહુત્વ |
|---|---|---|---|
| ૧ | સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તનો | જઘન્ય યોગ | ૧ અલ્પ |
| ૨ | સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્તનો | જઘન્ય યોગ | ૮ અસંખ્ય ગુણો |
| ૩ | બાદર એકેન્દ્રિય અપર્યાપ્તનો | જઘન્ય યોગ | ૨ અસંખ્ય ગુણો |
| ૪ | બાદર એકેન્દ્રિય પર્યાપ્તનો | જઘન્ય યોગ | ૯ અસંખ્ય ગુણો |
| ૫ | બેઇન્દ્રિય અપર્યાપ્તનો | જઘન્ય યોગ | ૩ અસંખ્ય ગુણો |
| ૬ | બેઇન્દ્રિય પર્યાપ્તનો | જઘન્ય યોગ | ૧૪ અસંખ્ય ગુણો |
| ૭ | તેઇન્દ્રિય અપર્યાપ્તનો | જઘન્ય યોગ | ૪ અસંખ્ય ગુણો |
| ૮ | તેઇન્દ્રિય પર્યાપ્તનો | જઘન્ય યોગ | ૧૫ અસંખ્ય ગુણો |
| ૯ | ચૌરેન્દ્રિય અપર્યાપ્તનો | જઘન્ય યોગ | ૫ અસંખ્ય ગુણો |
| ૧૦ | ચૌરેન્દ્રિય પર્યાપ્તનો | જઘન્ય યોગ | ૧૬ અસંખ્ય ગુણો |
| ૧૧ | અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તનો | જઘન્ય યોગ | ૬ અસંખ્ય ગુણો |
| ૧૨ | અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તનો | જઘન્ય યોગ | ૧૭ અસંખ્ય ગુણો |
| ૧૩ | સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તનો | જઘન્ય યોગ | ૭ અસંખ્ય ગુણો |
| ૧૪ | સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તનો | જઘન્ય યોગ | ૧૮ અસંખ્ય ગુણો |
| ૧૫ | સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૧૦ અસંખ્ય ગુણો |
| ૧૬ | સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૧૨ અસંખ્ય ગુણો |
| ૧૭ | બાદર એકેન્દ્રિય અપર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૧૧ અસંખ્ય ગુણો |
| ૧૮ | બાદર એકેન્દ્રિય પર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૧૩ અસંખ્ય ગુણો |
| ૧૯ | બેઇન્દ્રિય અપર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૧૯ અસંખ્ય ગુણો |
| ૨૦ | બેઇન્દ્રિય પર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૨૪ અસંખ્ય ગુણો |
| ૨૧ | તેઇન્દ્રિય અપર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૨૦ અસંખ્ય ગુણો |
| ૨૨ | તેઇન્દ્રિય પર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૨૫ અસંખ્ય ગુણો |
| ૨૩ | ચૌરેન્દ્રિય અપર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૨૧ અસંખ્ય ગુણો |
| ૨૪ | ચૌરેન્દ્રિય પર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૨૬ અસંખ્ય ગુણો |
| ૨૫ | અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૨૨ અસંખ્ય ગુણો |
| ૨૬ | અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૨૭ અસંખ્ય ગુણો |
| ૨૭ | સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૨૩ અસંખ્ય ગુણો |
| ૨૮ | સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તનો | ઉત્કૃષ્ટ યોગ | ૨૮ અસંખ્ય ગુણો |





## પંદર યોગોનું અલ્પબહુત્વ :–

| | | | |
|---|---|---|---|
| ૧ | કાર્મણ કાય યોગનો | જઘન્ય યોગ | ૧ સર્વથી અલ્પ |
| ૨ | ઔદારિક મિશ્ર કાય યોગનો | જઘન્ય યોગ | ૨ અસંખ્ય ગુણો |
| ૩ | વૈક્રિય મિશ્ર કાય યોગનો | જઘન્ય યોગ | ૩ અસંખ્ય ગુણો |
| ૪ | ઔદારિક કાય યોગનો | જઘન્ય યોગ | ૪ અસંખ્ય ગુણો |
| ૫ | વૈક્રિય કાય યોગનો | જઘન્ય યોગ | ૫ અસંખ્ય ગુણો |
| ૬ | કાર્મણ કાય યોગનો | ઉત્કૃષ્ટ યોગ | ૬ અસંખ્ય ગુણો |
| ૭ | આહારક મિશ્ર કાય યોગનો | જઘન્ય યોગ | ૭ અસંખ્ય ગુણો |
| ૮ | આહારક મિશ્ર કાય યોગનો | ઉત્કૃષ્ટ યોગ | ૮ અસંખ્ય ગુણો |
| ૯ | ઔદારિક મિશ્ર કાય યોગનો | ઉત્કૃષ્ટ યોગ | ૯ અસંખ્ય ગુણો |
| ૧૦ | વૈક્રિય મિશ્ર કાય યોગનો | ઉત્કૃષ્ટ યોગ | |
| ૧૧ | વ્યવહાર મનનો | જઘન્ય યોગ | ૧૦ અસંખ્ય ગુણો |
| ૧૨ | આહારક કાય યોગનો | જઘન્ય યોગ | ૧૧ અસંખ્ય ગુણો |
| ૧૩ | સત્ય મનનો | જઘન્ય યોગ | |
| ૧૪ | અસત્ય મનનો | જઘન્ય યોગ | ૧૨ અસંખ્ય ગુણો |
| ૧૫ | મિશ્ર મનનો | જઘન્ય યોગ | [૧૩ થી ૧૯ સુધી |
| ૧૬ | સત્ય વચનનો | જઘન્ય યોગ | પરસ્પર સર્વે |
| ૧૭ | અસત્ય વચનનો | જઘન્ય યોગ | સમાન છે.] |
| ૧૮ | મિશ્ર વચનનો | જઘન્ય યોગ | |
| ૧૯ | વ્યવહાર વચનનો | જઘન્ય યોગ | |
| ૨૦ | આહારક કાય યોગનો | ઉત્કૃષ્ટ યોગ | ૧૩ અસંખ્ય ગુણો |
| ૨૧ | સત્ય મનનો | ઉત્કૃષ્ટ યોગ | |
| ૨૨ | અસત્ય મનનો | ઉત્કૃષ્ટ યોગ | |
| ૨૩ | મિશ્ર મનનો | ઉત્કૃષ્ટ યોગ | |
| ૨૪ | વ્યવહાર મનનો | ઉત્કૃષ્ટ યોગ | ૧૪ અસંખ્ય ગુણા |
| ૨૫ | સત્ય વચનનો | ઉત્કૃષ્ટ યોગ | [૨૧ થી ૩૦ સુધી |
| ૨૬ | અસત્ય વચનનો | ઉત્કૃષ્ટ યોગ | પરસ્પર સર્વે |
| ૨૭ | મિશ્ર વચનનો | ઉત્કૃષ્ટ યોગ | એક સમાન છે.] |
| ૨૮ | વ્યવહાર વચનનો | ઉત્કૃષ્ટ યોગ | |
| ૨૯ | ઔદારિક કાય યોગનો | ઉત્કૃષ્ટ યોગ | |
| ૩૦ | વૈક્રિય કાય યોગનો | ઉત્કૃષ્ટ યોગ | |

**સૂચના–** *ચાર્ટમાં એક સરખા નંબરવાળા (૯,૧૨,૧૪) પોતપોતાના નંબરવાળાથી પરસ્પર તુલ્ય છે.*

**વિશેષ–** સામર્થ્ય વિશેષથી એ યોગ અલ્પાધિક હોય છે. જીવોમાં અપર્યાપ્તાઓનું સામર્થ્ય ઓછું હોય છે, પર્યાપ્તાઓનું અધિક હોય છે. યોગોમાં મન, વચનનું યોગ સામર્થ્ય વિશાળ હોય છે, કાયાનું યોગ સામર્થ્ય ઓછું હોય છે. મન, વચન, કાયાના વ્યાપાર–પ્રવૃત્તિને યોગ કહે છે. તે યોગની હીનાધિક સામર્થ્ય શક્તિનું અહીં અલ્પબહુત્વ દર્શાવ્યું છે.

પ્રથમ સમયોત્પન્ન જીવોના પણ આહારક-અનાહારકની અપેક્ષા અને ઋજુ-વક્ર ગતિની અપેક્ષા યોગમાં ચૌઠાણવડિયા અંતર હોઈ શકે છે અને સમાન પણ હોઈ શકે છે. દીર્ઘ સ્થિતિ વાળાના પણ યોગ સમાન અથવા ચૌઠાણવડિયા હોઈ શકે છે. ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૩ : જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યમાં કોણ કોના કામમાં આવે છે ?**

**જવાબ :** અજીવ દ્રવ્યોને ગ્રહણ કરીને જીવ પાંચ શરીર, પાંચ ઈન્દ્રિય અને ત્રણ યોગ રૂપે પરિણમન કરે છે. તાત્પર્ય એ છે કે અનંત જીવ દ્રવ્ય છે અને અનંત અજીવ દ્રવ્ય છે. તેમાં અજીવ, જીવને કામ આવે છે પરંતુ જીવ અજીવને કંઈ કામ આવતા નથી.

તૈજસ-કાર્મણ શરીર અને મનયોગ; એમાં સ્થિત પુદ્ગલ ગ્રહણ કરવામાં આવે છે. શેષ ૩ શરીર ૫ ઈન્દ્રિય ૨ યોગમાં સ્થિત-અસ્થિત બંને પ્રકારના પુદ્ગલ ગ્રહણ થાય છે.

એ ૧૩ બોલમાંથી લોકાંતમાં એકેંદ્રિયમાં પ્રાપ્ત થનાર ત્રણ શરીર એક ઔદારિક કાય યોગ, સ્પર્શેન્દ્રિય એ પાંચમાં પુદ્ગલ ૩,૪ અથવા ૫ દિશાથી અથવા છએ દિશાથી ગ્રહણ થાય છે. શેષ–૮માં પુદ્ગલ નિયમા છ દિશાથી ગ્રહણ થાય છે. કારણ કે તે બોલ લોકમધ્યગત જીવોના જ હોય છે.

અંતમાં ૧૪ મો બોલ શ્વાસોશ્વાસનો છે, તેમાં સ્થિત-અસ્થિત બંને પુદ્ગલ ગ્રહણ કરાય છે. તેનું વર્ણન ઔદારિક કાય યોગની સમાન કરેલ છે. તેથી ૩,૪,૫ અને ૬ દિશાથી પુદ્ગલ ગ્રહણ થાય છે. ॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૪ : પુદ્ગલના ૬ સંસ્થાનોનું શું સ્વરૂપ છે અને લોકમાં તે કેટલા હોય છે ?**





**જવાબ :** પુદ્ગલ સ્કંધોના ૬ સંસ્થાન આકાર કહેલ છે, યથા– (૧) પરિમંડલ (૨) વૃત્ત (૩) ચતુરંસ(ચોરસ) (૪) ત્ર્યંસ (૫) આયત (૬) અનિત્થંસ્થ(મિશ્ર) એનું સ્વરૂપ ક્રમશઃ આ પ્રમાણે છે–

**(૧) પરિમંડલ સંસ્થાન–** એ ચૂડીના આકારનું ગોળાકાર, વચમાં પોલાણ (સ્પેશ)વાળું હોય છે. ચૂડી આકારે હોવાથી તેમાં અન્ય સંસ્થાનોની અપેક્ષા પ્રદેશ અધિક લાગે છે. જેથી આ સંસ્થાનવાળા પુદ્ગલ લોકમાં ઓછા હોય છે.

પરિમંડલ સંસ્થાનનું પુદ્ગલ દ્રવ્ય સ્વયં પ્રત્યેક(વિધાનાદેશથી) તો કલ્યોજ જ હોય છે. ઓઘાદેશથી અર્થાત્ સમસ્ત પરિમંડલ સંસ્થાનવાળા લોકમાં ઓછા અધિક થતા જ રહેવાથી ક્યારેક કૃતયુગ્મ ઓય છે, ક્યારેક તેઓગ, દાવર અને કલ્યોજ સંખ્યાવાળા પણ લોકમાં હોઈ શકે છે. આ દ્રવ્યાપેક્ષા કથન છે.

**પ્રદેશાપેક્ષા–** પરિમંડલ સંસ્થાન બે પ્રકારના હોય છે– (૧) પ્રતરરૂપ(એક પ્રદેશી જાડાઈ) (૨) ઘનરૂપ(અનેકપ્રદેશી જાડાઈ). એ બંને જઘન્ય (૩૦/૪૦) પ્રદેશી પણ હોય છે અને ઉત્કૃષ્ટ અનંતપ્રદેશી પણ હોય છે. પુનઃ બંનેમાં એકી સંખ્યાવાળા(ઓજ પ્રદેશી) અને બેકી સંખ્યાવાળા (યુગ્મ પ્રદેશી)પણ હોય છે. એ બંને ભેદ અન્ય સંસ્થાનોમાં હોય છે પરંતુ પરિમંડલમાં એક માત્ર યુગ્મ(બેકી)સંખ્યા જ હોય છે. જેમકે– **પ્રતર પરિમંડલ**માં જઘન્ય ૨૦ પ્રદેશ હોય છે અને **ઘનપરિમંડલ(અનેક પ્રતર)**માં જઘન્ય ૪૦ પ્રદેશ હોય છે. મધ્યમમાં અનેકપ્રદેશ બેકીસંખ્યાવાળા અને ઉત્કૃષ્ટમાં અનંતપ્રદેશ બેકી સંખ્યાવાળા બંને પ્રકારના(પ્રતર-ઘન)પરિમંડલ સંસ્થાનમાં હોય છે.

**અવગાહના–** જઘન્ય પ્રદેશીમાં તો અવગાહના એટલા જ આકાશપ્રદેશોની હોય છે. મધ્ય પ્રદેશીમાં અવગાહના ભિન્ન-ભિન્ન હોય છે અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશોમાં અવગાહના અસંખ્ય આકાશપ્રદેશોની હોય છે. વિધાનાદેશથી પ્રત્યેક પરિમંડલની અપેક્ષા અવગાહના કૃતયુગ્મ પ્રદેશોની અથવા દ્વાવર યુગ્મ પ્રદેશોની હોય છે. ઓઘાદેશથી બધા પરિમંડલ તો પૂરા લોકમાં છે અને લોક કૃતયુગ્મ આકાશ પ્રદેશવાળો છે તેથી ઓઘાદેશથી પરિમંડલ સંસ્થાનોની અવગાહના કૃતયુગ્મ આકાશપ્રદેશોની છે.

**સ્થિતિ-વર્ણાદિ–** પરિમંડલ સંસ્થાનોની સ્થિતિ એક સમયથી અસંખ્ય સમય સુધીની કોઈ પણ હોઈ શકે છે. વર્ણાદિ પણ એક ગુણથી લઈને અનંતગુણ સુધી કોઈ પણ હોઈ શકે છે. એથી વિધાનાદેશ–પ્રત્યેકની અપેક્ષા ચારમાંથી કોઈપણ એક યુગ્મની સ્થિતિ અને વર્ણાદિ હોય છે. ઓઘાદેશ–બધાની અપેક્ષા ચારેય પ્રકારના યુગ્મ સ્થિતિ અને ચારેય પ્રકારના યુગ્મ વર્ણાદિ પરિમંડલ સંસ્થાનમાં હોય છે.

**(૨) વૃત્ત સંસ્થાન–** પરિમંડલના સિવાય બધા પ્રકારના ગોળ સંસ્થાનોને વૃત્ત સંસ્થાન કહેવામાં આવે છે. એમાં ઝાલર, થાળી, ચંદ્ર તથા મોદક(લાડુ) આદિના આકાર સમાવિષ્ટ હોય છે. પરિમંડલ સંસ્થાનની અપેક્ષા આ સંસ્થાન ઓછા પ્રદેશોથી પણ બનતા હોવાથી લોકમાં પરિમંડલ સંસ્થાનથી આ સંસ્થાનવાળા પુદ્ગલ અધિક હોય છે.

વિધાનાદેશથી પ્રત્યેક વૃત્ત સંસ્થાન સ્વયં કલ્યોજ જ છે અને ઓઘા-દેશથી સમસ્ત વૃત્ત સંસ્થાન લોકમાં કૃતયુગ્મ આદિ ચારેયમાંથી કોઈ પણ સંખ્યાવાળા હોઈ શકે છે. કારણ કે લોકમાં વૃત્ત સંસ્થાનવાળા પુદ્ગલ ઘટતા-વધતા રહે છે. આ દ્રવ્યાપેક્ષા કથન છે.

**પ્રદેશાપેક્ષા–** વૃત્ત સંસ્થાન બે પ્રકારના હોય છે– (૧) પ્રતરરૂપ (૨) ઘનરૂપ. એ બંને જઘન્યપ્રદેશી અને ઉત્કૃષ્ટપ્રદેશી પણ હોય છે. પુનઃ બંનેમાં એકી સંખ્યાવાળા વૃત્ત અને બેકી સંખ્યાવાળા વૃત્ત પણ હોય છે. યથા– પ્રતરવૃત્તમાં એકી પ્રદેશ સંખ્યા–૫ અને બેકી સંખ્યા–૧૨ હોય છે. ઘનવૃત્તમાં એકી પ્રદેશ સંખ્યા–૭ અને બેકીપ્રદેશ સંખ્યા–૩૨ હોય છે. એ ચારે ય ન્યૂનતમ પ્રદેશ સંખ્યા હોય છે. મધ્યમમાં અનેકો પ્રદેશ સંખ્યા ચારેયની હોય છે અને ઉત્કૃષ્ટમાં અનંતપ્રદેશ ચારે ય પ્રકારના વૃત્ત સંસ્થાનોમાં [(૧) પ્રતર (૨) ઘન (૩) એકી સંખ્યાવાળા (૪) બેકી સંખ્યાવાળા] હોય છે.

**અવગાહના–** જઘન્યપ્રદેશી ચારે ય પ્રકારના વૃત્ત સંસ્થાનોમાં તેટલા જ આકાશ પ્રદેશની અવગાહના જઘન્ય હોય છે. મધ્યમ પ્રદેશી વૃત્તોમાં અવગાહના ભિન્ન ભિન્ન હોય છે અને ઉત્કૃષ્ટ અનંતપ્રદેશી વૃત્ત સંસ્થાનમાં અસંખ્ય આકાશપ્રદેશોની હોય છે. **વિધાનાદેશથી** અર્થાત્ પ્રત્યેક વૃત્ત સંસ્થાનની અપેક્ષા, કૃતયુગ્મ આદિ ચારેયમાંથી કોઈ પણ એક યુગ્મ સંખ્યાવાળા આકાશપ્રદેશોની અવગાહના હોઈ શકે છે. **ઓઘાદેશથી** અર્થાત્ સર્વ વૃત્ત





સંસ્થાનના **સંપૂર્ણ** લોકમાં હોવાથી કૃતયુગ્મ આકાશ પ્રદેશોની લોકપ્રમાણ અવગાહના હોય છે.

**સ્થિતિ–વર્ણાદિ–** પરિમંડલ સંસ્થાનની જેમજ બધી સ્થિતિ, બધા એક ગુણ આદિ વર્ણાદિ તથા બંનેમાં ચારે ય યુગ્મ સંખ્યા, વિધાનાદેશ–ઓઘાદેશથી પરિમંડલ સંસ્થાનની સમાન જ સમજવી.

**(૩) ચતુરંસ(ચોરસ)સંસ્થાન–** ચોકી આદિની સમાન આ સંસ્થાન સમ ચતુષ્કોણ આકારવાળું હોય છે. એ વૃત્ત સંસ્થાનની અપેક્ષા અલ્પ પ્રદેશો વડે બનતું હોવાથી લોકમાં પરિમંડલ અને વૃત્ત સંસ્થાનથી તેની સંખ્યા અધિક હોય છે.

બધા ચોરસ સંસ્થાન ખુદની અપેક્ષા એક હોવાથી વિધાનાદેશથી કલ્યોજ જ હોય છે અને ઓઘાદેશથી બધા ચોરસ સંસ્થાનવાળા પુદ્ગલસ્કંધ લોકમાં ઘટતા-વધતા રહેવાથી ક્યારેક કલ્યોજ યુગ્મ સંખ્યાવાળા હોય છે અને ક્યારેક દ્વાપર, તેઓગ અથવા કૃતયુગ્મ સંખ્યાવાળા હોઈ શકે છે. આ દ્રવ્યાપેક્ષા કથન છે.

**પ્રદેશાપેક્ષા–** વૃત્ત સંસ્થાનની જેમ પ્રતર, ઘન, ઓજ=એકી સંખ્યાવાળા અને યુગ્મ=બેકી સંખ્યાવાળા;એમ ચારે ય પ્રકારના હોય છે. યથા– પ્રતર ચોરસમાં– જઘન્ય એકીપ્રદેશ સંખ્યા–૯ અને જઘન્ય બેકી સંખ્યા–૪; ઘન ચોરસમાં– જઘન્ય એકીપ્રદેશ સંખ્યા–૨૭ અને જઘન્ય બેકી સંખ્યા–૮ હોય છે. ઉત્કૃષ્ટ પ્રદેશ સંખ્યા બધામાં અનંત હોય છે. મધ્યમાં ચારે ય પ્રકારના ચોરસ સંસ્થાનોમાં અનેક પ્રદેશ સંખ્યા હોય છે.

**અવગાહના–** જઘન્ય પ્રદેશી ચારે ય ચોરસ સંસ્થાન તેટલા જ આકાશ પ્રદેશનું અવગાહન કરે છે. મધ્યમ પ્રદેશી અનેકવિધ અવગાહનાવાળા હોય છે અને ઉત્કૃષ્ટ અનંતપ્રદેશી ચોરસ સંસ્થાનમાં અસંખ્ય આકાશ પ્રદેશની અવગાહના થાય છે. **વિધાનાદેશથી** પ્રત્યેક ચોરસ સંસ્થાનમાં કૃતયુગ્મ આદિ ચારેયમાંથી કોઈપણ યુગ્મ સંખ્યાવાળા આકાશપ્રદેશોની અવગાહના થાય છે અને ઓઘાદેશથી સમસ્ત ચોરસ સંસ્થાન સંપૂર્ણ લોકમાં હોવાથી કૃતયુગ્મ આકાશ પ્રદેશોની આખા લોકપ્રમાણ અવગાહના થાય છે.

**સ્થિતિ–વર્ણાદિ–** પૂર્વ સંસ્થાનોની જેમ બધી સ્થિતિ, બધા એક ગુણથી

અનંતગુણ સુધીના વર્ણાદિને માટે ઓઘાદેશ, વિધાનાદેશથી કૃતયુગ્મ આદિ ચારે ય યુગ્મ ચોરસ સંસ્થાનમાં હોય છે.

**(૪) ત્ર્યંસ(ત્રિકોણ)સંસ્થાન–** શિંગોડાના આકારવાળું આ ત્રિકોણ સંસ્થાન હોય છે. આ સંસ્થાન પૂર્વના ત્રણે ય સંસ્થાનની અપેક્ષા અલ્પ પ્રદેશોથી પણ બનતું હોવાથી લોકમાં આ સંસ્થાનવાળા પુદ્‌ગલ અધિક હોય છે. **વિધાના દેશથી** પ્રત્યેક ત્રિકોણ સંસ્થાન સ્વયં એક હોવાથી કલ્યોજ યુગ્મ છે. **ઓઘા દેશથી** સમસ્ત ત્રિકોણ સંસ્થાનવાળા લોકમાં ઘટતા-વધતા રહેતા હોવાથી ચારેય યુગ્મમાંથી કોઈપણ યુગ્મ રૂપે થઈ શકે છે. આ દ્રવ્યાપેક્ષા કથન છે.

**પ્રદેશાપેક્ષા–** આ સંસ્થાન પણ પ્રતર, ઘન, ઓજ(એકી)અને યુગ્મ(બેકી) સંખ્યાવાળા; એમ ચારે ય પ્રકારના હોય છે. યથા– પ્રતર ત્રિકોણમાં જઘન્ય એકી સંખ્યા–૩, બેકી સંખ્યા–૬ અને ઘન ત્રિકોણમાં જઘન્ય એકી સંખ્યા–૩૫, બેકી સંખ્યા–૪ હોય છે. ઉત્કૃષ્ટ પ્રદેશ સંખ્યા ચારેયમાં અનંત હોય છે અને મધ્યમ સંખ્યા બધામાં અનેક પ્રકારની હોય છે.

**અવગાહના–** જઘન્ય પ્રદેશી ચારે ય ત્રિકોણમાં અવગાહના તેટલા જ આકાશપ્રદેશની હોય છે. મધ્યમપ્રદેશીમાં અનેક અવગાહનાઓ હોય છે અને ઉત્કૃષ્ટ અનંતપ્રદેશી ચારે ય ત્રિકોણમાં અસંખ્ય આકાશપ્રદેશની અવગાહના હોય છે. **વિધાનાદેશથી** પ્રત્યેક ત્રિકોણમાં કૃતયુગ્મ આદિ ચારે ય યુગ્મમાંથી કોઈ પણ એક યુગ્મ સંખ્યાવાળા આકાશપ્રદેશની અવગાહના હોઈ શકે છે અને **ઓઘાદેશથી** ત્રિકોણ સંસ્થાનવાળા પુદ્‌ગલ સમસ્ત લોકમાં હોવાથી કૃતયુગ્મ પ્રદેશની અવગાહના હોય છે.

**સ્થિતિ–વર્ણાદિ–** બધી સ્થિતિઓને માટે અને એક ગુણથી અનંતગુણ સુધીના બધા વર્ણાદિને માટે ઓઘાદેશ તથા વિધાનાદેશથી કૃતયુગ્મ આદિ ચારે ય યુગ્મ સંખ્યાઓ, આ ત્રિકોણ સંસ્થાનમાં હોય છે.

**(૫) આયત સંસ્થાન–** એ લાકડાના લાંબા પાટિયા આદિ જેવા આકારવાળું હોય છે. તેના શ્રેણી આયત, પ્રતર આયત અને ઘન આયત એવા ત્રણ પ્રકાર હોય છે. એ ત્રણેની એકી અને બેકી જઘન્યપ્રદેશ સંખ્યા આ પ્રમાણે છે– શ્રેણી આયત એકી પ્રદેશ સંખ્યા–૩, બેકી સંખ્યા–૨; પ્રતર આયતની એકી પ્રદેશ સંખ્યા–૧૫, બેકી સંખ્યા–૬; ઘન આયતની એકી પ્રદેશ સંખ્યા–૪૫ અને બેકી સંખ્યા–૧૨ હોય છે. ઉત્કૃષ્ટ પ્રદેશ સંખ્યા અનંત અને મધ્યમ પ્રદેશ





સંખ્યા અનેકવિધ ત્રણે પ્રકારના એકી-બેકી આયત સંસ્થાનમાં હોય છે.

અવગાહના, વિધાનાદેશ, ઓઘાદેશ, સ્થિતિ અને વર્ણાદિનું વર્ણન પૂર્વ સંસ્થાનવત્ સમજવું. શ્રેણી આયતનું કથન એમાં વિશેષ છે.

**(૬) અણિથંસ્થ સંસ્થાન–** ઉપરના પાંચ સંસ્થાનોથી વધારાનું સંસ્થાન અર્થાત્ તે પાંચમાં સમાવિષ્ટ નહિ થનાર અવશેષ વિવિધ આકારના પુદ્‌ગલોનો સમાવેશ કરનાર આ છઠ્ઠો સંસ્થાન ભેદ કહ્યો છે. પરમાણુમાં અન્ય કોઈ સંસ્થાન સંભવ નહિ હોવાથી આ જ સંસ્થાન માનવામાં આવેલ છે. અન્યત્ર જીવના ૬ સંસ્થાનોમાંથી કોઈપણ સંસ્થાન સિદ્ધોમાં નહિ હોવાથી તેઓમાં પણ અનિથંસ્થ સંસ્થાન કહેલ છે. પ્રસ્તુત પ્રકરણમાં પાંચ સંસ્થાનો સંબંધી જ વિવિધ વિષયોનું અર્થાત્ અવગાહના, સ્થિતિ, વર્ણાદિ અને જઘન્ય પ્રદેશ સંખ્યા એકી-બેકી આદિ સંખ્યાનું વર્ણન છે, અનિથંસ્થ સંસ્થાન સંબંધી તેવું કોઈ પણ વર્ણન અહીં નથી. તેથી પરમાણુના સિવાય આ સંસ્થાન બાદર અનંત પ્રદેશીમાં જ હોય છે એવું અનુમાન કરી શકાય છે.

**અલ્પબહુત્વ–** દ્રવ્યપ્રદેશથી– (૧) સર્વથી અલ્પ પરિમંડલ સંસ્થાનના પુદ્‌ગલ સ્કંધ છે. (૨) તેનાથી વૃત્ત સંસ્થાનવાળા સંખ્યાતગણા. (૩) તેનાથી ચતુરંસ ચોરસ સંસ્થાનવાળા સંખ્યાતગણા. (૪) તેનાથી ત્રિકોણ સંસ્થાન-વાળા સંખ્યાતગણા. (૫) તેનાથી આયત સંસ્થાન સંખ્યાતગણા. (૬) તેનાથી અનિથંસ્થ સંસ્થાન પુદ્‌ગલ દ્રવ્ય સંખ્યાતગણા. (૭) તેનાથી પરિમંડલ સંસ્થાનના પ્રદેશ અસંખ્યગણા. (૮) તેનાથી વૃત્ત સંસ્થાનના પ્રદેશ સંખ્યાત ગણા. (૯–૧૧) તેનાથી ચોરસ, ત્રિકોણ અને આયત સંસ્થાનના પ્રદેશ ક્રમશઃ સંખ્યાતગણા. (૧૨) તેનાથી અનિથંસ્થ સંસ્થાનના પ્રદેશ અસંખ્યગુણા.

સંક્ષેપમાં છએ સંસ્થાનવાળા પુદ્‌ગલ સ્કંધ સંપૂર્ણ લોકમાં છે અને પ્રત્યેક અનંત-અનંત છે અને જ્યાં એક સંસ્થાન સ્કંધ છે ત્યાં પણ અનંત-અનંત અન્ય ચારે સંસ્થાનવાળા સ્કંધ છે. કારણ કે સૂક્ષ્મ અનંત પ્રદેશી સ્કંધ એક બીજાને અવગાહિત થવામાં બાધક બનતા નથી. અનિથંસ્થને સંસ્થાનનો છઠ્ઠો ભેદ કહ્યો છે અને દ્રવ્યપ્રદેશના અલ્પબહુત્વમાં તેનું કથન કર્યું છે. અન્ય સર્વ વર્ણન, ભેદ-પ્રભેદ, એકી-બેકી પ્રદેશ, પ્રતર-ઘન, કૃતયુગ્મ આદિ પ્રદેશ, ઓઘાદેશ– વિધાનાદેશ વગેરે અહીં પાંચ સંસ્થાનોને લઈને જ કરેલ છે. તત્સંબંધી કેટલુંક વર્ણન પુનઃ કોષ્ટકથી આપવામાં આવે છે–

## સંસ્થાનોની પ્રદેશ સંખ્યા :–

| સંસ્થાનનુંનામ | સંસ્થાનભેદ | પ્રદેશભેદ | પ્રદેશ સંખ્યા | | અવગાહના | |
|---|---|---|---|---|---|---|
| | | | જ. | ઉ. | જ. | ઉ. |
| વૃત્ત | પ્રતર વૃત્ત | ઓજ પ્રદેશી | ૫ | અનંત | ૫ | અસંખ્ય |
| વૃત્ત | પ્રતર વૃત્ત | યુગ્મ પ્રદેશી | ૧૨ | અનંત | ૧૨ | અસંખ્ય |
| વૃત્ત | ઘન વૃત્ત | ઓજ પ્રદેશી | ૭ | અનંત | ૭ | અસંખ્ય |
| વૃત્ત | ઘન વૃત્ત | યુગ્મ પ્રદેશી | ૩૨ | અનંત | ૩૨ | અસંખ્ય |
| ત્ર્યંસ | પ્રતર ત્ર્યંસ | ઓજ પ્રદેશી | ૩ | અનંત | ૩ | અસંખ્ય |
| ત્ર્યંસ | પ્રતર ત્ર્યંસ | યુગ્મ પ્રદેશી | ૬ | અનંત | ૬ | અસંખ્ય |
| ત્ર્યંસ | ઘન ત્ર્યંસ | ઓજ પ્રદેશી | ૩૫ | અનંત | ૩૫ | અસંખ્ય |
| ત્ર્યંસ | ઘન ત્ર્યંસ | યુગ્મ પ્રદેશી | ૪ | અનંત | ૪ | અસંખ્ય |
| ચતુરંસ | પ્રતર ચતુરંસ | ઓજ પ્રદેશી | ૯ | અનંત | ૯ | અસંખ્ય |
| ચતુરંસ | પ્રતર ચતુરંસ | યુગ્મ પ્રદેશી | ૪ | અનંત | ૪ | અસંખ્ય |
| ચતુરંસ | ઘન ચતુરંસ | ઓજ પ્રદેશી | ૨૭ | અનંત | ૨૭ | અસંખ્ય |
| ચતુરંસ | ઘન ચતુરંસ | યુગ્મ પ્રદેશી | ૮ | અનંત | ૮ | અસંખ્ય |
| આયત | શ્રેણી આયત | ઓજ પ્રદેશી | ૩ | અનંત | ૩ | અસંખ્ય |
| આયત | શ્રેણી આયત | યુગ્મ પ્રદેશી | ૨ | અનંત | ૨ | અસંખ્ય |
| આયત | પ્રતર આયત | ઓજ પ્રદેશી | ૧૫ | અનંત | ૧૫ | અસંખ્ય |
| આયત | પ્રતર આયત | યુગ્મ પ્રદેશી | ૬ | અનંત | ૬ | અસંખ્ય |
| આયત | ઘન આયત | ઓજ પ્રદેશી | ૪૫ | અનંત | ૪૫ | અસંખ્ય |
| આયત | ઘન આયત | યુગ્મ પ્રદેશી | ૧૨ | અનંત | ૧૨ | અસંખ્ય |
| પરિમંડલ | પ્રતર પરિમંડલ | યુગ્મ પ્રદેશી | ૨૦ | અનંત | ૨૦ | અસંખ્ય |
| પરિમંડલ | ઘન પરિમંડલ | યુગ્મ પ્રદેશી | ૪૦ | અનંત | ૪૦ | અસંખ્ય |

**પ્રશ્ન–૫ : લોક અને અલોકમાં શ્રેણીઓ કેટલી છે અને તેના પ્રકાર શું છે ?**

**જવાબ : શ્રેણીઓ–** આકાશની શ્રેણીઓ અનંત છે. એ એક પ્રદેશી પહોળી અને અનંતપ્રદેશી લાંબી લોકાલોક પ્રમાણ સંલગ્ન હોય છે. અપેક્ષાએ એના લોકાકાશની શ્રેણીઓ અને અલોકાકાશની શ્રેણીઓ એવા બે ભેદ વિવક્ષિત કરવામાં આવે છે.





લોક અસંખ્યપ્રદેશ લાંબો પહોળો અને ઊંચો નીચો છે. તેથી આ અપેક્ષાએ તે શ્રેણીઓ અસંખ્યપ્રદેશી છે અને લોકમાં તે શ્રેણીઓ પણ અસંખ્ય જ છે, અનંત નથી. લોકમાં ચારે દિશાઓમાં તિરછા(ત્રાંસા)ખૂણા પણ છે, યથા– પાંચમા દેવલોકની પાસે, આ કારણે અને આ ભેદ વિવક્ષાથી લોકમાં કેટલીક સંખ્યાતપ્રદેશી શ્રેણીઓ હોય છે. શેષ બધી અસંખ્યપ્રદેશી હોય છે. અલોકમાં પણ આ જ કારણે સંખ્યાત અને અસંખ્યાતપ્રદેશી કેટલીક શ્રેણીઓ લોકની બહાર નજીકમાં હોય છે. તેના સિવાય બધી અનંતપ્રદેશી શ્રેણીઓ હોય છે.

લોક ઉપર-નીચે સમતલ છે. ચારે દિશાઓમાં વૃદ્ધિ હોવાથી વિષમ છે. એ વિષમતાના કારણથી જ અસંખ્યપ્રદેશી લાંબા-પહોળા લોકમાં સંખ્યાત પ્રદેશી શ્રેણીઓ બને છે અને એ જ કારણથી અનંતપ્રદેશી અલોકમાં અસંખ્યાત અને સંખ્યાતપ્રદેશી શ્રેણીઓ બને છે. તે ઉપરથી નીચેની અપેક્ષાએ બને છે.

લોકની બધી શ્રેણીઓ સાદિ સાંત છે અર્થાત્ બંને દિશાઓમાં તેનો અંત છે. અલોકમાં લોકના કારણે કેટલીક શ્રેણીઓ આદિ અનંત છે અને લોકના સિવાયના સ્થાનવાળી શ્રેણીઓ અનાદિ અનંત છે.

**શ્રેણી યુગ્મ–** સમુચ્ચય શ્રેણીઓ, લોકની શ્રેણીઓ અને અલોકની શ્રેણીઓ ત્રણે કૃતયુગ્મ છે. તેના પ્રદેશ સમુચ્ચયમાં કૃતયુગ્મ છે, લોકમાં પૂર્વ-પશ્ચિમ કૃતયુગ્મ અથવા દાવરયુગ્મ છે, ઉપર નીચે કૃતયુગ્મ છે. અલોકમાં પૂર્વ-પશ્ચિમની અપેક્ષા ચારે યુગ્મપ્રદેશ હોઈ શકે છે, ઉપર નીચેની અપેક્ષા ત્રણ યુગ્મ હોઈ શકે છે, કલ્યોજ યુગ્મ નથી.

**પ્રશ્ન–૬ : જીવ અને અજીવની ગતિની અપેક્ષા કેટલી શ્રેણીઓ કહી છે ?**

**જવાબ :** શ્રેણીઓ સાત પ્રકારની હોય છે– (૧) સીધી (૨) એક વળાંકવાળી(૩) બે વળાંકવાળી (૪) એક તરફ ત્રસ નાડીની બહાર જનારી (૫) બંને તરફ ત્રસ નાડીની બહાર જનારી (૬) ચક્રવાલ (૭) અર્ધચક્રવાલ. એ જીવ અને પુદ્ગલની ગતિની અપેક્ષા કહી છે. આમ સ્વતઃ શ્રેણીઓ બધી સીધી જ છે.

જીવ પ્રારંભની પાંચ ગતિ શ્રેણીથી ગમન કરે છે અને પુદ્ગલ સાતે ય શ્રેણી ગતિથી ગમન કરે છે. એ શ્રેણીઓ સિવાય વિશ્રેણીથી ગતિ કરતા નથી. જે પ્રમાણે વાયુયાનનો જવાનો માર્ગ આકાશમાં નિશ્ચિત હોય છે, તે જ

માર્ગોથી તે જાય આવે છે. તેમજ જીવ પુદ્ગલના ગમનના માર્ગરૂપ એ શ્રેણી ગતિઓ હોય છે. અમાર્ગ રૂપ વિશ્રેણી ગતિઓ હોતી નથી. ॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૭ : કૃતયુગ્મ આદિનું નિરૂપણ કયા–કયા પ્રકારે છે ?**

**જવાબ :** ઉદ્દેશક–૪ માં કૃતયુગ્મ આદિનું વર્ણન અનેક પ્રકારે કરવામાં આવ્યું છે. યથા– (૧) ષટ્દ્રવ્યોમાં અને તેના પ્રદેશોમાં (૨) ષટ્દ્રવ્યોની અવગાહનામાં (૩) જીવદ્રવ્યમાં (૪) જીવદ્રવ્યની અવગાહનામાં (૫) જીવદ્રવ્યની સ્થિતિમાં (૬) જીવદ્રવ્યના વર્ણાદિ પર્યાયોમાં અને (૭) જ્ઞાનાદિ પર્યાયોમાં. **(૧)** ધર્માસ્તિ– અધર્માસ્તિ અને આકાશાસ્તિકાય ત્રણે દ્રવ્ય એક-એક હોવાથી કલ્યોજ યુગ્મ છે. જીવાસ્તિકાય અને કાલદ્રવ્ય અનંત હોવાથી કૃતયુગ્મ છે. પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય અનંત હોવા છતાં પણ તેના સ્કંધોની સંખ્યામાં ઘટ-વધ થતી જ રહે છે. તેથી તે ચારે ય યુગ્મમાંથી કોઈપણ એક યુગ્મ થઈ શકે છે. **પ્રદેશાપેક્ષયા–** પ્રદેશ બધા દ્રવ્યોના નિશ્ચિત છે. પુદ્ગલાસ્તિકાયના પણ પ્રદેશ–પરમાણુ તો નિશ્ચિત સંખ્યાવાળા છે. તેથી છએ દ્રવ્યોના પ્રદેશ કૃતયુગ્મ સંખ્યાવાળા નિશ્ચિત રૂપથી અસંખ્ય અથવા અનંત છે.

**(૨)** છએ દ્રવ્યોની અવગાહના કૃતયુગ્મ પ્રદેશની છે. કારણ કે બધાના અવગાહન પ્રદેશ નિશ્ચિત છે. જેમાં આકાશાસ્તિકાયના અનંત અને શેષ પાંચેયના અસંખ્ય અવગાહન પ્રદેશ છે. પાંચેયમાં પણ કાલ અઢીદ્વીપ પ્રમાણ છે અને શેષ ચાર લોક પ્રમાણ છે.

**(૩) જીવદ્રવ્યપ્રદેશ–** એક જીવ કલ્યોજ યુગ્મ હોય છે અને અનેક જીવ સ્વતંત્ર અપેક્ષામાં બધા સ્વયં કલ્યોજ યુગ્મ હોય છે. સમ્મિલિત અપેક્ષાથી બધા જીવ કૃતયુગ્મ સંખ્યાવાળા છે. સ્વતંત્ર અપેક્ષાને માટે શાસ્ત્રમાં **વિધાનાદેશ** અને સમ્મિલિત અપેક્ષાને માટે **ઓઘાદેશ** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**દ્રવ્ય–** ચોવીસ દંડકમાં પણ એક જીવ કલ્યોજ યુગ્મ હોય છે. અનેક જીવ સમ્મિલિત અપેક્ષાએ ચારેયમાંથી કોઈ પણ એક યુગ્મ હોઈ શકે છે અને સ્વતંત્ર અપેક્ષામાં અનેક બધા સ્વયં કલ્યોજ યુગ્મ છે.

**પ્રદેશ–** જીવના પ્રદેશ નિશ્ચિતરૂપથી કૃતયુગ્મ હોવાથી એક-અનેક સમ્મિલિત અથવા સ્વતંત્ર પૃચ્છામાં પણ કૃતયુગ્મપ્રદેશ જ હોય છે. તેના શરીરના પ્રદેશ





ચારેયમાંથી કોઈપણ કૃતયુગ્મવાળા હોઈ શકે છે. આ સમુચ્ચય જીવનું કથન છે. ૨૪ દંડકમાં પણ આ જ રીતે સમજવો. સિદ્ધોમાં શરીરનું કથન નથી.

**(૪) જીવ અવગાહના–** સંસારી જીવની અવગાહના **શરીરાપેક્ષયા** હોય છે. અતઃ એક જીવમાં અવગાહનાના પ્રદેશ ચારેમાંથી કોઈ પણ કૃતયુગ્મ હોઈ શકે છે. અનેક જીવમાં વિધાનાદેશ–સ્વતંત્ર અપેક્ષામાં ચારે ય યુગ્મ હોય છે અને સમ્મિલિત અપેક્ષામાં(ઓઘાદેશથી) બધા જીવ પૂરા લોકનું અવગાહન કરેલ હોવાથી માત્ર કૃતયુગ્મ અવગાહન પ્રદેશ છે.

૨૪ દંડકમાંથી ૧૯ દંડકમાં અનેક જીવોમાં ઓઘાદેશથી ચાર યુગ્મમાંથી કોઈપણ એક યુગ્મ અને વિધાનાદેશથી ચારે ય યુગ્મ સંખ્યાવાળા અવગાહન પ્રદેશ હોય છે. એકેન્દ્રિય આખાલોકમાં થતા હોવાથી અનેક જીવોમાં માત્ર કૃતયુગ્મ પ્રદેશ અવગાહન હોય છે અને સિદ્ધોમાં પણ અનેક જીવોનું અવગાહન ક્ષેત્ર સિદ્ધશિલા પ્રમાણ કૃતયુગ્મ સંખ્યાના આકાશપ્રદેશ હોય છે.

**(૫) જીવ સ્થિતિ–** સમુચ્ચય જીવમાં એક-અનેક બધા જીવ શાશ્વત હોવાથી કૃતયુગ્મ સમયની સ્થિતિ હોય છે. ૨૪ દંડકમાં એક જીવ કોઈ પણ એક યુગ્મ સમયની સ્થિતિવાળો હોય છે, અનેક જીવમાં વિધાનાદેશની અપેક્ષા (સ્વતંત્ર અપેક્ષાથી) ચારે યુગ્મ સમયની સ્થિતિવાળા હોય છે અને સમ્મિલિત અપેક્ષાથી (ઓઘાદેશથી) ચારે યુગ્મમાંથી કોઈ એક યુગ્મની સ્થિતિ હોય.

**(૬) વર્ણાદિ–** જીવ તો અરૂપી છે. શરીરની અપેક્ષા વર્ણાદિ સમજવા. તેથી ચારેયમાંથી કોઈ એક યુગ્મ કાળા આદિ વર્ણનો હોય છે. એવું જ ૨૪ દંડકનું સમજવું. સિદ્ધમાં વર્ણાદિ હોતા નથી. અનેક જીવમાં ઓઘાદેશથી ચારેયમાંથી એક યુગ્મ કાલાગુણ વર્ણાદિનો હોય છે. વિભાગાદેશથી ચારે ય યુગ્મ હોય છે. એવું જ ૨૪ દંડકમાં શરીરની અપેક્ષા સમજવું. જીવમાં વર્ણાદિ હોતા નથી.

**(૭) મતિજ્ઞાનાદિ–** મતિજ્ઞાન આદિના અનંત પર્યવ છે, તે પર્યવની અપેક્ષા યુગ્મનું કથન છે. એક જીવની અપેક્ષા ચારે ય યુગ્મમાંથી એક યુગ્મ હોય છે અને અનેક જીવમાં ઓઘાદેશથી ચારેયમાંથી એક યુગ્મ હોય છે. વિભાગાદેશથી ચારે ય હોય છે. એ જ પ્રમાણે જેને જે જ્ઞાન છે તે સમજી લેવું. જીવ, મનુષ્ય અને સિદ્ધ ત્રણેમાં કેવલજ્ઞાન કેવલદર્શનના પર્યવ કૃતયુગ્મ જ હોય છે. ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન મતિજ્ઞાનની સમાન સમજવા.

**પ્રશ્ન–૮ : પુદ્ગલ સંબંધી યુગ્મોનું કથન કઈ રીતે છે ?**

**જવાબ :** આ ચોથા ઉદ્દેશકમાં પરમાણુથી લઈને અનંતપ્રદેશી સ્કંધોનું દ્રવ્યથી, પ્રદેશથી, અવગાહનાથી, સ્થિતિ અને વર્ણાદિથી યુગ્મોનું કથન કર્યું છે, તે આ પ્રમાણે છે–

**દ્રવ્યથી–** એક પરમાણુ યાવત્ એક અનંતપ્રદેશી સ્કંધ દ્રવ્યથી કલ્યોજ યુગ્મ છે. અનેક પરમાણુ આદિ ઓઘાદેશ(સમ્મિલિત અપેક્ષા)થી કોઈ એક યુગ્મ હોય છે અને વિધાનાદેશ(સ્વતંત્ર અપેક્ષા) ચારે ય યુગ્મ સંખ્યાવાળા હોય છે.

**પ્રદેશથી–** એક પરમાણુ, એક પાંચ પ્રદેશી, એક નવ પ્રદેશી, એક તેર પ્રદેશી આદિ કલ્યોજ પ્રદેશી છે. એક-એક બે પ્રદેશી, છ પ્રદેશી, દસ પ્રદેશી, ચૌદ પ્રદેશી આદિ દાવરયુગ્મ પ્રદેશી છે. ૩,૭,૧૧,૧૫ પ્રદેશી એક-એક સ્કંધ તેઓગ યુગ્મ છે અને ૪,૮,૧૨,૧૬ પ્રદેશી આદિ એક-એક સ્કંધ કડજુમ્મ યુગ્મ છે. આગળ સંખ્યાત અસંખ્યાત અનંતપ્રદેશી એક-એક યુગ્મમાં ચારેયમાંથી કોઈ એક યુગ્મ યથાયોગ્ય હોય છે.

બહુવચનમાં ઓઘાદેશ(સમ્મિલિત અપેક્ષા) પરમાણુથી અનંતપ્રદેશી સુધી બધામાં ચારમાંથી કોઈ એક યુગ્મ હોય છે અને વિધાનાપેક્ષા(સ્વતંત્ર અપેક્ષા) પ્રદેશ સંખ્યા અનુસાર ઉપર બતાવ્યું તેમ જ કોઈ કલ્યોજ, કોઈ દાવર, કોઈ તેઓગ, કોઈ કડજુમ્મ પ્રદેશી હોય છે. વિભાગાદેશથી સંખ્યાત અસંખ્યાત, અનંતપ્રદેશીમાં ચારે ય યુગ્મ બહુવચનમાં હોય છે.

**અવગાહનાથી–** પોતાની પ્રદેશ સંખ્યાથી અવગાહન સંખ્યા ઓછી હોઈ શકે છે, અધિક હોતી નથી. તેથી પરમાણુમાં કલ્યોજ, દ્વિપ્રદેશીમાં દાવર યુગ્મ વધ્યા, ત્રણપ્રદેશીમાં ત્ર્યોજ યુગ્મ વધ્યા, ચાર પ્રદેશીમાં કૃતયુગ્મ વધ્યા, અસંખ્ય પ્રદેશાવગાઢ સુધી ચારે ય યુગ્મ હોય છે. અર્થાત્ એક વચનની પૃચ્છામાં કોઈ એક હોય છે, બહુવચનની પૃચ્છામાં ઓઘાદેશથી કોઈ એક હોય છે, વિભાગા દેશથી ચારે ય હોય છે. ત્રણ પ્રદેશીમાં ત્રણે ય અથવા ત્રણેમાંથી એક, બે પ્રદેશીમાં બેમાંથી એક યુગ્મ હોય છે.

**સ્થિતિ–** પરમાણુથી અનંતપ્રદેશી સુધી એક વચનમાં ચારે ય યુગ્મમાંથી કોઈ પણ યુગ્મની સ્થિતિ હોઈ શકે છે. બહુવચનમાં ઓઘાદેશમાં કોઈ એક યુગ્મની સ્થિતિ હોય છે અને વિભાગાદેશથી ચારે ય યુગ્મની સ્થિતિવાળા પરમાણુ આદિ હોય છે.





**વર્ણાદિ–** સ્થિતિની સમાન જ વર્ણાદિ–૧૬ બોલ સમજવા પરંતુ પરમાણુ આદિ જેમાં જે વર્ણાદિ હોય તેની અપેક્ષાએ જાણવા. કર્કશાદિ ૪ સ્પર્શ અનંત પ્રદેશીમાં જ હોય છે. કર્કશ સ્પર્શ પર્યવ પણ એક વચનમાં ચારેયમાંથી એક યુગ્મવાળા હોય છે. બહુવચનમાં ઓઘાદેશથી ચારે યુગ્મમાંથી એક યુગ્મ હોય છે, વિભાગા દેશથી ચારે ય હોય છે.

**પ્રશ્ન–૯ : જીવ અને પુદ્ગલ સંબંધી સકંપ-અકંપનું નિરૂપણ કઈ રીતે છે ?**

**જવાબ :** સમુચ્ચય જીવમાં વાટે વહેતો જીવ અને પ્રથમ સમયવર્તી સિદ્ધ એ સર્વ સકંપ હોય છે. શૈલેશી અણગાર અને અપ્રથમ સમયના સિદ્ધ અકંપ હોય છે. શેષ બધા સંસારી અને અશૈલેશી અણગાર એ દેશકંપ અથવા સર્વકંપ બંને હોય છે. ૨૪ દંડકના જીવ વિગ્રહગતિમાં 'સર્વ સકંપ' અને અન્ય સમયમાં 'દેશ સકંપ' હોય છે.

**પુદ્ગલોમાં–** પરમાણુથી અનંતપ્રદેશી સુધી બધા સકંપ-અકંપ બંને હોય છે. એક વચનની અપેક્ષા તેની સ્થિતિ અને અંતર હોય છે અને બહુવચનમાં બધા સ્કંધ સકંપ-અકંપ શાશ્વત મળે છે. તેથી તેમની સ્થિતિ અથવા અંતર નથી હોતું. એક વચનમાં સકંપની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ. નિષ્કંપની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલની હોય છે.

**અંતર–** સકંપ-અકંપ એક વચનની અપેક્ષા અંતર બે પ્રકારનું હોય છે– સ્વસ્થાન અને પરસ્થાન. **સ્વસ્થાનનો અર્થ છે પરમાણુ, પરમાણુરૂપ રહીને સકંપ-અકંપ બંને અને પરસ્થાનનો અર્થ છે– પરમાણુ દ્વિપ્રદેશી આદિમાં જઈને આવે. સ્વસ્થાનની** અપેક્ષા પરમાણુના સકંપની સ્થિતિ જ અકંપનું અંતર છે અને અકંપની સ્થિતિ સકંપનું અંતર છે. પરસ્થાનની અપેક્ષા સકંપ-અકંપ બંનેનું અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલનું છે અર્થાત્ પરમાણુ ઉત્કૃષ્ટ અસંખ્યકાલ પછી પુનઃ પરમાણુ બને છે. દ્વિપ્રદેશી આદિનું પણ અંતર સ્વસ્થાન-પરસ્થાન ઉક્ત પ્રકારથી જ સમજવું પણ તેમાં પરસ્થાનનું ઉત્કૃષ્ટ અંતર અનંતકાલનું હોય છે અર્થાત્ એ પુનઃ દ્વિપ્રદેશી આદિ બને તેની વચ્ચે અનંતકાલ વીતી શકે છે.

**પ્રશ્ન–૧૦ : પરમાણુથી અનંતપ્રદેશી સુધીના પુદ્ગલોનું તેના સકંપ-અકંપનું તથા દેશકંપ-સર્વકંપનું અલ્પબહુત્વ કઈ રીતે છે ?**

**જવાબ :** પુદ્‌ગલોનું પ્રશ્નગત ત્રણે પ્રકારનું અલ્પબહુત્વ દ્રવ્યથી, પ્રદેશથી, અવગાહનાથી, સ્થિતિથી અને વર્ણાદિથી એમ વિભિન્ન પ્રકારથી અહીં આ ઉદ્દેશકમાં દર્શાવ્યું છે, તે આ પ્રમાણે છે–

**(૧)** પરમાણુ આદિનું દ્રવ્યપ્રદેશથી અલ્પબહુત્વ– (૧) સર્વથી થોડા અનંત પ્રદેશી સ્કંધ દ્રવ્ય(૨) એનાથી દશપ્રદેશી સ્કંધ અનંતગણા (૩) તેનાથી નવ પ્રદેશી સ્કંધ અધિક(વિશેષાધિક) હોય છે. (૪–૧૦) તેનાથી આઠ, સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે પ્રદેશી સ્કંધ ક્રમશઃ અધિક-અધિક હોય છે. (૧૧) તેનાથી પરમાણુ અધિક હોય છે. (૧૨) તેનાથી સંખ્યાતપ્રદેશી સંખ્યાતગણા (૧૩) તેનાથી અસંખ્યપ્રદેશી સ્કંધ દ્રવ્ય અસંખ્યાતગણા હોય છે.

**પ્રદેશની અપેક્ષા–** (૧) સર્વથી થોડા અનંતપ્રદેશી સ્કંધોના પ્રદેશ (૨) તેનાથી પરમાણુ અપ્રદેશરૂપથી અનંતગણા (૩) તેનાથી દ્વિપ્રદેશીના પ્રદેશ અધિક (૪–૧૧) એમ ક્રમશઃ ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશપ્રદેશી અધિક-અધિક હોય છે. (૧૨) તેનાથી સંખ્યાતપ્રદેશીના પ્રદેશ સંખ્યાતગણા (૧૩) તેનાથી અસંખ્યપ્રદેશીના પ્રદેશ અસંખ્યગણા.

**દ્રવ્યપ્રદેશનું સમ્મિલિત અલ્પબહુત્વ–** (૧) સર્વથી અલ્પ અનંતપ્રદેશી દ્રવ્ય (૨) તેના પ્રદેશ અનંતગણા (૩) તેનાથી દશપ્રદેશી દ્રવ્ય અનંતગણા (૪–૧૧) તેનાથી ક્રમશઃ નવ, આઠ, સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે પ્રદેશી દ્રવ્ય અધિક-અધિક (૧૨) તેનાથી પરમાણુ દ્રવ્ય અને અપ્રદેશી અધિક (૧૩) તેનાથી દ્વિપ્રદેશીના પ્રદેશ અધિક (૧૪–૨૧) તેનાથી ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશપ્રદેશીના પ્રદેશ અધિક-અધિક (૨૨) તેનાથી સંખ્યાત પ્રદેશીના સ્કંધ સંખ્યાતગણા (૨૩) તેનાથી તેના પ્રદેશ સંખ્યાતગણા (૨૪) તેનાથી અસંખ્યપ્રદેશી સ્કંધ દ્રવ્ય અસંખ્યગણા (૨૫) તેનાથી તેના પ્રદેશ અસંખ્યગણા.

**અવગાઢ આદિનું અલ્પબહુત્વ–** એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ અલ્પ હોય છે, તેનાથી સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલ સંખ્યાતગણા અને તેનાથી અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલ અસંખ્યગણા હોય છે. આ જ ક્રમ પ્રદેશમાં જાણવો.

દશ પ્રદેશાવગાઢ પુદ્‌ગલથી એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ સુધી ક્રમશઃ વિશેષાધિક હોય છે. પ્રદેશમાં તેનાથી વિપરીત ક્રમ સમજવો. આ જ પ્રકારે સ્થિતિનું સંપૂર્ણ અલ્પબહુત્વ જાણવું.





વર્ણ-ગંધ-રસના એક ગુણ આદિનું અલ્પબહુત્વ પરમાણુથી અનંત પ્રદેશી સુધીના અલ્પબહુત્વ સમાન જાણવું.

કર્કશ સ્પર્શ એક થી દશ ગુણ સુધી ૧૦ બોલ ક્રમશઃ વિશેષાધિક છે, આગળ અનંતગુણ સુધી ક્રમશઃ અધિક-અધિક, અવગાહનાની સમાન છે પરંતુ અનંતગુણનો બોલ અધિક છે તથા એક ગુણ કર્કશથી સંખ્યાતગુણ કર્કશ પુદ્‌ગલ અસંખ્યગણા કહેવા. સંખ્યાતગુણ કર્કશ પુદ્‌ગલોથી તેના પ્રદેશ સંખ્યાતગણા જ કહેવા. કર્કશની સમાન મૃદુ, ગુઢ, લઘુ સ્પર્શ પણ જાણવા. શેષ ચાર સ્પર્શ વર્ણની સમાન હોય છે.

**સકંપ-અકંપ પુદ્‌ગલોનું અલ્પબહુત્વ–** પરમાણુથી અસંખ્યપ્રદેશી સુધી સકંપ અલ્પ હોય છે, નિષ્કંપ અસંખ્યગણા હોય છે. અનંતપ્રદેશીમાં નિષ્કંપ અલ્પ હોય છે, સકંપ અનંતગણા હોય છે. (૧) અનંતપ્રદેશી સ્કંધ નિષ્કંપ અલ્પ હોય છે, તેનાથી (૨) તે જ સકંપ અનંતગણા (૩) પરમાણુ સકંપ અનંતગણા (૪) સંખ્યાતપ્રદેશી સકંપ અસંખ્યગણા (૫) અસંખ્યાતપ્રદેશી સકંપ અસંખ્યગણા (૬) પરમાણુ નિષ્કંપ અસંખ્યગણા (૭) સંખ્યાતપ્રદેશી નિષ્કંપ સંખ્યાતગણા (૮) અસંખ્યાતપ્રદેશી નિષ્કંપ અસંખ્યગણા.

પ્રદેશની અપેક્ષા પણ આ જ ક્રમ છે. પરમાણુનો અપ્રદેશ કહેવા સંખ્યાત પ્રદેશીના નિષ્કંપ અસંખ્યાતગણા કહેવા.

**દ્રવ્યપ્રદેશનું સમ્મિલિત અલ્પબહુત્વ–** (૧) અનંતપ્રદેશી સ્કંધ નિષ્કંપ સર્વથી અલ્પ છે. (૨) તેના પ્રદેશ અનંતગણા (૩) તે જ સકંપ અનંતગણા. (૪) તેના પ્રદેશ અનંતગણા (૫) પરમાણુ સકંપ અનંતગણા. (૬) સંખ્યાતપ્રદેશી સકંપ અસંખ્યગણા. (૭) તે જ પ્રદેશથી સંખ્યાતગણા. (૮) અસંખ્યાતપ્રદેશી સકંપ અસંખ્યગણા. (૯) તેના જ પ્રદેશ અસંખ્યગણા. (૧૦) પરમાણુ નિષ્કંપ અસંખ્યગણા. (૧૧) સંખ્યાતપ્રદેશી નિષ્કંપ અસંખ્યગણા. (૧૨) તેના પ્રદેશ સંખ્યાતગણા. (૧૩) અસંખ્યાતપ્રદેશી નિષ્કંપ અસંખ્યગણા. (૧૪) તેના જ પ્રદેશ અસંખ્યગણા.

**દેશ સર્વ સકંપ–** પરમાણુ સર્વ સકંપ હોય છે. દ્વિ પ્રદેશી આદિ દેશ અને સર્વ બંને સકંપ હોય છે. બહુવચનમાં પણ એમ જ સમજવું. દ્વિપ્રદેશી આદિના દેશ અને સર્વ સકંપની અને પરમાણુના સર્વ સકંપની કાયસ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગની હોય છે. અકંપની

કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલની હોય છે. બહુવચનમાં દેશ સર્વ બધાની કાયસ્થિતિ સર્વદ્ધાકાલની હોય છે. અંતર અને અલ્પબહુત્વ સકંપ-નિષ્કંપની સમાન છે, જેની તાલિકા આ પ્રમાણે છે–

| પુદ્ગલ | કાયસ્થિતિ ઉત્કૃષ્ટ | સ્વસ્થાન અંતર | પરસ્થાન અંતર |
|---|---|---|---|
| સર્વસકંપ પરમાણુ | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | અસંખ્યકાલ | અસંખ્યકાલ |
| સર્વસકંપ દ્વિપ્રદેશી આદિ | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | અસંખ્યકાલ | અનંત કાલ |
| દેશસકંપ દ્વિપ્રદેશી આદિ | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | અસંખ્યકાલ | અનંત કાલ |
| નિષ્કંપ પરમાણુ | અસંખ્યકાલ | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | અસંખ્ય કાલ |
| નિષ્કંપ દ્વિપ્રદેશી આદિ | અસંખ્યકાલ | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | અસંખ્ય કાલ |

**અલ્પબહુત્વ–** (૧) સર્વ સકંપ પરમાણુ અલ્પ છે, તેનાથી નિષ્કંપ પરમાણુ અસંખ્ય ગુણા (૨) સર્વ સકંપ દ્વિપ્રદેશી અલ્પ છે, તેનાથી દેશ સકંપ અસંખ્યગુણા, તેનાથી નિષ્કંપ અસંખ્યગુણા અસંખ્ય પ્રદેશી સુધી આ જ રીતે છે. (૩) અનંતપ્રદેશીમાં સર્વ સકંપ અલ્પ છે, તેનાથી નિષ્કંપ અનંતગુણા, તેનાથી દેશ સકંપ અનંતગુણા છે.

**નોંધ–** ***(૧) દ્વિપ્રદેશીની સમાન જ અનંતપ્રદેશી સુધી સ્થિતિ, અંતર છે. (૨) જઘન્ય બધાની કાયસ્થિતિ અને અંતર એક સમયના જ હોય છે.***

**સમ્મિલિત ૨૦ બોલ પુદ્ગલનું અલ્પબહુત્વ–** પરમાણુના સકંપ અકંપ બે ભેદ છે. સંખ્યાતપ્રદેશીના સર્વ સકંપ, દેશ સકંપ અને નિષ્કંપ એ ત્રણ અને એના પ્રદેશના ત્રણ એમ છ ભેદ છે. એમ જ ૬–૬ ભેદ અસંખ્ય અને અનંત પ્રદેશીના છે. એ કુલ ૬×૩+૨=૨૦ બોલ.

(૧ થી ૬) અનંતપ્રદેશીના છે. તેનો ક્રમ સર્વ સકંપ દ્રવ્ય, પ્રદેશ પછી નિષ્કંપ દ્રવ્ય, પ્રદેશ અને પછી દેશ સકંપ દ્રવ્ય, પ્રદેશ એ બધા ક્રમશઃ અનંત ગણા છે. (૭) અસંખ્યાત પ્રદેશી સર્વ સકંપ અનંતગણા (૮) તેના જ પ્રદેશ અસંખ્યગણા (૯) સંખ્યાતપ્રદેશી સર્વ સકંપ અનંતગણા (૧૦) તેના પ્રદેશ સંખ્યાતગણા (૧૧) પરમાણુ સર્વ સકંપ અસંખ્યગણા (૧૨) સંખ્યાતપ્રદેશી





દેશ સકંપ અસંખ્યગણા (૧૩) તેના પ્રદેશ સંખ્યાતગણા (૧૪) અસંખ્યાત પ્રદેશી દેશ સકંપ અસંખ્યગણા (૧૫) તેના પ્રદેશ અસંખ્યગણા (૧૬) પરમાણુ નિષ્કંપ અસંખ્યગણા (૧૭) સંખ્યાતપ્રદેશી નિષ્કંપ સંખ્યાતગણા (૧૮) તેના પ્રદેશ સંખ્યાતગણા (૧૯) અસંખ્યાતપ્રદેશી નિષ્કંપ અસંખ્યગણા (૨૦) તેના પ્રદેશ અસંખ્યગણા. ॥ ઉદ્દેશક–૪ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૧ : કાલના એકમના સંબંધમાં અને નિગોદના સંબંધમાં અહીં શું નિરૂપણ છે ?**

**જવાબ :** અસંખ્ય સમયની આવલિકા થાય છે યાવત્ સાગરોપમ પણ અસંખ્ય સમયનું થાય છે. પુદ્ગલ પરાવર્તનમાં અનંત સમય હોય છે. સંખ્યાત વર્ષોમાં આવલિકા આદિ સંખ્યાત હોય છે. પલ્યોપમ આદિ અસંખ્યાત વર્ષોમાં અસંખ્ય આવલિકા આદિ હોય છે. પુદ્ગલ પરાવર્તનમાં આવલિકાદિ અનંત હોય છે.

સમયથી લઈને શીર્ષ પ્રહેલિકા સુધી ૪૬ ભેદ છે, ઉત્કૃષ્ટ ૧૯૪ અંક હોય છે. ત્યાં સુધી સંખ્યા ગણના છે, આગળ ઉપમા સંખ્યા છે.

ભૂતકાળ અને ભવિષ્યકાળ અનંત હોવાથી બરાબર હોય છે પરંતુ વર્તમાનનો એક સમય અલગ હોય છે. તેને ભવિષ્ય કાળમાં સમાવિષ્ટ કરવાથી ભવિષ્યકાળ સમયાધિક કહેવાય છે. સર્વદ્ધાકાળ ભૂતકાળથી બે ગણો સાધિક હોય છે.

**નિગોદ–** નિગોદ શરીર અને નિગોદના જીવ એમ બે પ્રકાર છે. પુનઃ સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ એમ બે ભેદ છે. સૂક્ષ્મ નિગોદ ચક્ષુગ્રાહ્ય હોતા નથી. બાદર નિગોદના અસંખ્ય શરીર એકઠા થવાથી ચક્ષુગ્રાહ્ય થાય છે. તેનું વિશેષ વર્ણન, સ્થિતિ આદિ જીવાભિગમ સૂત્રમાં છે. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૨ : 'નિયંઠા' ના કેટલા પ્રકાર છે અને તેના ભેદ-પ્રભેદ કઈ રીતે છે ?**

**જવાબ :** 'નિયંઠા–નિર્ગ્રંથ' આ શબ્દ શ્રમણ, સંયમી, મુનિ અને જૈન સાધુના પર્યાયવાચી શબ્દ છે. પ્રસ્તુત ઉદ્દેશક–૬માં નિર્ગ્રંથ શ્રમણોના ગુણો અને યોગ્યતાનુસાર સાપેક્ષ ૬ વિભાગ દર્શાવ્યા છે અર્થાત્ નિયંઠાના ૬ ભેદોમાં સમસ્ત સંયમી–શ્રમણોનો, ગુણસ્થાન ૬ થી ૧૪ સુધીનો સમાવેશ કરવામાં આવ્યો

છે, તે છ નામ આ પ્રમાણે છે– (૧) પુલાક (૨) બકુશ (૩) પ્રતિસેવના કુશીલ (૪) કષાય કુશીલ (૫) નિર્ગ્રંથ (૬) સ્નાતક.

એ છએમાંથી પ્રત્યેકના પાંચ–પાંચ પ્રકાર કહેવામાં આવ્યા છે, યથા–

**(૧) પુલાકના પાંચ પ્રકાર–** જ્ઞાનપુલાક, દર્શનપુલાક, ચારિત્રપુલાક, લિંગ પુલાક, યથાસૂક્ષ્મ પુલાક.

**(૨) બકુશના પાંચ પ્રકાર–** આભોગબકુશ, અનાભોગબકુશ, સંવુડબકુશ, અસંવુડબકુશ, યથાસૂક્ષ્મબકુશ.

**(૩) પ્રતિસેવના કુશીલના પાંચ પ્રકાર–** જ્ઞાન પ્રતિસેવનાકુશીલ, દર્શન પ્રતિસેવનાકુશીલ, ચારિત્ર પ્રતિસેવનાકુશીલ, લિંગ પ્રતિસેવનાકુશીલ અને યથાસૂક્ષ્મ પ્રતિસેવનાકુશીલ.

**(૪) કષાય કુશીલના પાંચ પ્રકાર–** જ્ઞાનકષાયકુશીલ, દર્શનકષાયકુશીલ, ચારિત્રકષાયકુશીલ, લિંગકષાયકુશીલ, યથાસૂક્ષ્મકષાયકુશીલ.

**(૫) નિર્ગ્રંથના પાંચ પ્રકાર–** પ્રથમ સમયનિર્ગ્રંથ, અપ્રથમ સમયનિર્ગ્રંથ, ચરમ સમયનિર્ગ્રંથ, અચરમ સમયનિર્ગ્રંથ, યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ.

**(૬) સ્નાતકના પાંચ ગુણોનું કથન છે–** અછવિ, અસબલે, અકમ્મંસે, અપરિશ્રાવી, પ્રતિપૂર્ણ જ્ઞાન-દર્શનના ધારક.

**પ્રશ્ન–૧૩ : પુલાક નિર્ગ્રંથનું સ્વરૂપ છત્રીસ દ્વારોથી કેવી રીતે નિરૂપિત કરવામાં આવ્યું છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** પ્રત્યેક સાધકને સંયમ ગ્રહણ કરવાના પ્રારંભમાં કષાય કુશીલ નિયંઠા પ્રાપ્ત થાય છે. તેના કેટલાક સંયમ પર્યાયની વૃદ્ધિ થયા પછી અને ૯ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધા પછી કોઈ સાધકને પુલાક લબ્ધિ(ઉત્પન્ન) પ્રાપ્ત થાય છે. તે જ્યારે કોઈ આવશ્યક પ્રસંગ પર જ્ઞાન, દર્શન, ચારિત્ર સંબંધી પ્રયોજનથી તે લબ્ધિનો પ્રયોગ કરે છે ત્યારે તે લબ્ધિપ્રયોગ અવસ્થામાં અંતર્મુહૂર્તને માટે જે નિયંઠામાં રહે છે તે પુલાક નિયંઠો(નિર્ગ્રંથ)કહેવાય છે.

તે પુલાક નિર્ગ્રંથ કયારે ય પણ સાધુ આદિ પર આવેલી આપત્તિને દૂર કરવા માટે ચક્રવર્તી રાજા જેવાને પણ ભયભીત કરી શકે છે, દંડ આપી શકે





છે અને તે આપત્તિનું નિવારણ કરી શકે છે. એમ કરવામાં તેના સંયમમાં અવશ્ય મૂલગુણ પ્રતિસેવના(દોષ) અથવા ક્યારેક ઉત્તરગુણ પ્રતિસેવના થાય છે. આ નિયંઠાનો સંપૂર્ણ કાલ અંતર્મુહૂર્તનો છે. તેથી તે લબ્ધિપ્રયોગના કાર્યથી અંતર્મુહૂર્તમાં જ નિવૃત્ત થઈ જાય છે અને આલોચના પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ સંયમ દશામાં અર્થાત્ કષાય કુશીલ નિયંઠામાં આવી જાય છે. જો અંતર્મુહૂર્તમાં નિવૃત્ત ન થાય તો અથવા આલોચના આદિના ભાવ ન થાય તો અંતર્મુહૂર્તની સ્થિતિ સમાપ્ત થતાં અસંયમ અવસ્થાને પ્રાપ્ત કરી લે છે. આ લબ્ધિપ્રયોગની અવસ્થામાં ત્રણ શુભ લેશ્યામાંથી જ કોઈ એક લેશ્યા રહે છે, અશુભ લેશ્યા રહેતી નથી. છતાં પણ પ્રવૃત્તિમાં આવેશ અને અક્ષમાભાવ હોવાથી તથા નાના-મોટા કોઈ દોષની નિયમા હોવાથી આ નિયંઠામાં પ્રારંભથી જ સંયમ પર્યવની એટલી બધી ઉણપ આવવા લાગી જાય છે કે બકુશ નિયંઠાના જઘન્ય ચારિત્રપર્યવથી પણ તેના ચારિત્ર પર્યવ અનંતગુણ હીન થઈ જાય છે.

આ નિયંઠો જીવનમાં ઉત્કૃષ્ટ ત્રણ વાર જ આવી શકે છે. લબ્ધિ-પ્રયોગમાં જ્ઞાનદર્શન આદિનું કોઈને કોઈ હેતુ (નિમિત્ત) હોય છે. તે નિમિત્તોની અપેક્ષાથી તેના પાંચ પ્રકાર કહ્યા છે.

**(૧) જ્ઞાનપુલાક–** જ્ઞાન(અધ્યયન)ના સંબંધમાં, કોઈના દ્વારા કોઈ પણ પ્રકારનું વિઘ્ન ઉત્પન્ન કરવા પર, વિકટ પરિસ્થિતિ ઊભી થતાં જો કોઈ પુલાક લબ્ધિનો પ્રયોગ કરે, તો તે **જ્ઞાનપુલાક નિર્ગ્રંથ** કહેવાય છે.

**(૨) દર્શનપુલાક–** દર્શનના સંબંધમાં અર્થાત્ શ્રદ્ધા પ્રરૂપણાના સંબંધમાં કોઈના દ્વારા કોઈ પ્રકારનું વિઘ્ન ઉત્પન્ન કરવા પર વિકટ પરિસ્થિતિ ઊભી થતાં કોઈ નિર્ગ્રંથ પુલાકલબ્ધિનો પ્રયોગ કરે, તે **દર્શનપુલાક નિર્ગ્રંથ** કહેવાય છે.

**(૩) ચારિત્રપુલાક–** સંયમ પાલનની આવશ્યક વિધિઓમાં કોઈ દ્વારા કોઈ પ્રકારનું વિઘ્ન ઉત્પન્ન કરવા પર, વિકટ પરિસ્થિતિ ઊભી થતાં કોઈ પુલાક લબ્ધિનો પ્રયોગ કરે, તો તે **ચારિત્રપુલાક નિર્ગ્રંથ** કહેવાય છે.

**(૪) લિંગપુલાક–** આવશ્યક વેશભૂષા અને ઉપધિના સંબંધમાં કોઈ દ્વારા કોઈ પ્રકારનું વિઘ્ન ઉત્પન્ન કરવા પર, વિકટ પરિસ્થિતિ ઊભી થતાં કોઈ પુલાક લબ્ધિનો પ્રયોગ કરે, તે **લિંગ પુલાક નિર્ગ્રંથ** કહેવાય છે.

**(૫) યથાસૂક્ષ્મપુલાક–** અન્ય વિવિધ કારણોથી અર્થાત્ સંઘ અથવા વ્યક્તિ (સાધુ, શ્રાવક, દીક્ષાર્થી આદિ) કોઈના ઉપર આવેલી આપત્તિ આદિની વિકટ પરિસ્થિતિમાં, કોઈ પુલાકલબ્ધિનો પ્રયોગ કરે, તો તેને **યથાસૂક્ષ્મપુલાક નિર્ગ્રંથ** કહેવાય છે.

આગમમાં ૩૬ દ્વારોથી પુલાકનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, જેના પ્રથમ દ્વારમાં એ પાંચ ભેદ કરીને વ્યાખ્યા કરવામાં આવી છે. આ નિયંઠાના નામથી જ સ્પષ્ટ છે કે આ નિયંઠો પુલાક નામક લબ્ધિનો પ્રયોગ કરવાથી સાધુને પ્રાપ્ત થાય છે.

જોકે ૩૬ દ્વારોથી તેનો એ જ ઉપર કહેલો અર્થ ફલિત થાય છે, છતાં પણ– (૧) પ્રજ્ઞાપના (૨) લેશ્યા (૩) સ્થિતિ (૪) ગતિ (૫) ભવ (૬) આકર્ષ (૭) અંતર (૮) પ્રતિસેવના (૯) લિંગ (૧૦) સંયમપર્યવ (૧૧) સમુદ્ઘાત આદિ દ્વારોથી અત્યંત સ્પષ્ટ થઈ જાય છે કે આ અવસ્થા લબ્ધિપ્રયોગના સમયની છે અન્ય કોઈ પુલાક અવસ્થા સૂત્રકારને અપેક્ષિત કે વિવક્ષિત નથી.

તેથી ટીકાકારો દ્વારા કલ્પિત લબ્ધિપુલાક અને આસેવનાપુલાક એમ બે ભેદ જે પ્રચલિત છે અને તેમાં આસેવના પુલાકના જ એ પાંચ ભેદ છે, એમ કહેવું પણ સૂત્રાનુકૂળ નથી. કારણ કે એવી કોઈ સૂચના ૩૬ દ્વારોમાં કરવામાં આવી નથી અને એવા બે ભેદ પણ મૂલપાઠમાં ક્યાં ય કર્યા નથી. પરંતુ કેવલ લબ્ધિપુલાકને જ આ ભેદમાં વિવક્ષિત કરી સમસ્ત વર્ણન કરવામાં આવ્યું છે અને એવું માનવાથી જ શેષ દ્વારોમાં વર્ણિત વિષયોની સંગતિ સમ્યક પ્રકારે થઈ શકે છે.

**(૨) વેદદ્વાર–** પુરુષવેદી તથા પુરુષ નપુંસકવેદીને પુલાક નિયંઠો પ્રાપ્ત થાય છે. સ્ત્રીવેદી અને સ્ત્રી નપુંસક વેદીને આ નિયંઠો હોતો નથી. કારણ કે તેઓને પૂર્વોનું જ્ઞાન હોતું નથી અને પૂર્વોના જ્ઞાનવાળાઓને જ પુલાક લબ્ધિ પ્રાપ્ત થાય છે. ***(નપુંસકના સ્ત્રી નપુંસક અને પુરુષ નપુંસક એવા બે ભેદ શાસ્ત્રકારે કર્યા છે. એ ભેદ તેઓના યોનિ, લિંગ, સ્તન આદિ અંગોપાંગોની અપેક્ષા હોય છે. એ બંને ભેદ સ્વાભાવિક જન્મથી હોય છે. કૃતનપુંસક અથવા વિકૃતિપ્રાપ્ત નપુંસક બધા મૌલિકરૂપથી પ્રાયઃ પુરુષ જ હોય છે. એ નપુંસકોમાંથી કેવલ સ્ત્રી નપુંસકમાં કોઈ પણ નિયંઠો હોતો નથી. પુરુષ નપુંસકમાં કોઈ-કોઈ નિયંઠો હોય છે.)***





**(૩) રાગદ્વાર–** પુલાક સરાગી હોય છે, વીતરાગી હોતા નથી.

**(૪) કલ્પદ્વાર–** પુલાકમાં સ્થિત-અસ્થિત બંને કલ્પ હોઈ શકે છે અને સ્થવિર કલ્પ હોય છે, જિનકલ્પ અને કલ્પાતીત હોતા નથી. કારણ કે જિનકલ્પી લબ્ધિપ્રયોગ કરતા નથી અને કલ્પાતીત તો પ્રાયઃ વીતરાગી જ હોય છે.

**(૫) ચારિત્રદ્વાર–** પુલાકમાં સામાયિક અને છેદોપસ્થાપનીય બે ચારિત્ર હોય છે. શેષ ત્રણ–પરિહાર વિશુદ્ધ ચારિત્ર, સૂક્ષ્મ સંપરાયચારિત્ર અને યથાખ્યાત ચારિત્રમાં લબ્ધિ પ્રયોગ હોતો નથી. તેથી એ ત્રણે ચારિત્ર પુલાકમાં હોતા નથી.

**(૬) પ્રતિસેવનાદ્વાર–** પુલાક નિયમા પ્રતિસેવી(દોષ સેવી) હોય છે. તેને લબ્ધિપ્રયોગથી સંયમના મૂલગુણમાં અથવા ઉત્તરગુણમાં અવશ્ય દોષ લાગે છે.

**(૭) જ્ઞાનદ્વાર–** પુલાકમાં ૩ જ્ઞાન હોય છે. મતિ, શ્રુત અને અવધિજ્ઞાન. શ્રુતજ્ઞાન–જઘન્ય દેશોન ૯ પૂર્વ, ઉત્કૃષ્ટ ૯ પૂર્વ પૂર્ણ.

**(૮) તીર્થદ્વાર–** પુલાક તીર્થમાં જ હોય છે, અતીર્થમાં હોતા નથી. કોઈ પણ તીર્થંકરનું શાસન ચાલુ હોય, તે સમય તીર્થનો કહેવાય છે. જ્યારે કોઈ તીર્થંકરનું શાસન ન હોય અથવા વિચ્છેદ ગયું હોય તો તે સમય **અતીર્થ** કહેવાય છે.

**(૯) લિંગદ્વાર–** પુલાક દ્રવ્યથી અને ભાવથી સ્વલિંગમાં જ હોય છે. અન્ય લિંગ અને ગૃહસ્થલિંગમાં હોતા નથી. કારણ કે પૂર્વોનું જ્ઞાન તથા પુલાક લબ્ધિ સ્વલિંગમાં જ હોય છે, ગૃહસ્થલિંગ અને અન્યલિંગમાં તે હોતા નથી.

**(૧૦) શરીરદ્વાર–** પુલાકમાં ત્રણ શરીર હોય છે. વૈક્રિય અને આહારક શરીર હોતા નથી, કારણ કે તેની અંતર્મુહૂર્ત માત્રની સ્થિતિ હોય છે.

**(૧૧) ક્ષેત્રદ્વાર–** જન્મની અપેક્ષા અને સદ્ભાવની અપેક્ષા આ ૧૫ કર્મભૂમિમાં જ હોય છે. પુલાક નિર્ગ્રંથના લબ્ધિપ્રયોગ અવસ્થાના અંતર્મુહૂર્તમાં સંહરણ પણ થતું નથી.

**(૧૨) કાલદ્વાર–** પુલાક ઉત્સર્પિણીના ત્રીજા ચોથા આરામાં થાય છે. **અવસર્પિણી**ના ત્રીજા, ચોથા આરામાં જન્મેલાને ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં સદ્ભાવની અપેક્ષા પુલાક લબ્ધિપ્રયોગ હોઈ શકે છે. ઉત્સર્પિણીના

ત્રીજા ચોથા આરામાં જ જન્મ અને સદ્‌ભાવ હોય છે, શેષ આરામાં પુલાક હોતા નથી. પુલાકનું સંહરણ નહિ થવાથી અન્ય કોઈ આરામાં હોતા નથી. નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી કાલમાં અર્થાત્ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં સર્વ (૧૬૦) વિજયોમાં હોઈ શકે છે. સંહરણ નહિ થવાથી દેવકુરુ આદિ મહા-વિદેહના કોઈ પણ વિભાગરૂપ ક્ષેત્રોમાં પુલાક હોતા નથી.

**(૧૩) ગતિદ્વાર–** પુલાક નિર્ગ્રંથ અંતર્મુહૂર્ત માત્ર લબ્ધિ પ્રયોગના સમયમાં હોય છે. તેથી તેની ગતિના કથનમાં પુલાક લબ્ધિથી નિવૃત્ત થઈ ગયા પછીની નજીકની ક્ષણોમાં કાલ કરનારને પણ પુલાકની ગતિ જ લાગુ પડે છે. તે નિકટ સમયમાં કાલ કરવાથી તે પુલાક પ્રથમ દેવલોકથી આઠમા દેવલોક સુધી જાય છે. અન્ય કોઈ ગતિમાં કે ભવનપતિ આદિ દેવોમાં જાતા નથી. નજીકના સમયમાં જો આલોચના પ્રાયશ્ચિત્ત આદિ આરાધનાના પરિણામોમાં કાળ કરે તો ઈન્દ્ર, સામાનિક, ત્રાયત્રિંશક અને લોકપાલ પદમાં ઉત્પન્ન થઈ શકે છે અને આલોચના પ્રતિક્રમણ નહિ કરવારૂપ વિરાધનાના પરિણામોમાં તે નિકટ સમયમાં કાલ કરે તો આઠે ય દેવલોકમાં એ ચાર પદના સિવાય સામાન્ય દેવોમાં ઉત્પન્ન થાય છે.

નિકટની ક્ષણો સિવાય આગળના સમયોમાં પછી તેને પુલાકની ગતિ લાગુ પડતી નથી. તે કષાય કુશીલ આદિ અન્ય જે નિયંઠામાં ચાલ્યો જાય છે તેની ગતિ લાગુ પડે છે. જો તે અસંયમભાવોમાં ચાલ્યો જાય અને નિયંઠો કોઈ પણ ન રહે તો તે અસંયમ ભાવોની કોઈ પણ ગતિ–દંડકમાં જઈ શકે છે. કોઈ પણ નિયંઠામાં રહેતાં અથવા તે નિયંઠાનું પરિવર્તન થઈ જવાના નિકટ સમયમાં પણ તે પૂર્વના નિયંઠાની આરાધક અથવા વિરાધક ગતિ જ આગમમાં કહેવામાં આવે છે અર્થાત્ તે પૂર્વના નિયંઠાની ગતિવાળા વૈમાનિક દેવલોકોમાં જ જાય છે. આરાધનાના પરિણામોમાં ઉપરોક્ત પદવી પ્રાપ્ત કરી શકે છે, વિરાધનાના પરિણામોમાં અન્ય દેવ બને છે પરંતુ વૈમાનિક સિવાય ક્યાંય પણ જતો નથી. નિયંઠો છૂટીને અસંયમમાં પહોંચી જવાથી પછી તે વૈમાનિક સિવાય ક્યાંય પણ જઈ શકે છે. **સ્થિતિ–** વૈમાનિકમાં જઘન્ય ૨ પલ્યોપમ ઉત્કૃષ્ટ ૧૮ સાગરોપમ પ્રાપ્ત કરે છે.

**(૧૪) સંયમ સ્થાનદ્વાર–** સંયમની શ્રેણી–સ્થાન અસંખ્ય હોય છે. તેમાં





આ પુલાક નિર્ગ્રંથની ભાવાત્મક ન્યૂનાધિકતાની અસંખ્ય કક્ષા હોય છે. એ કક્ષાઓ સકષાય અવસ્થા અને છદ્મસ્થતાને કારણે, પરિણામોની વિવિધતા–ચંચલતાથી બને છે. જ્યારે જીવને વીતરાગ દશા ૧૧ મા ૧૨ મા ગુણસ્થાન અને કેવલી અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે ત્યારે આ પ્રકારની વિભિન્નતાઓ રહેતી નથી. જેથી૧૧ માથી ૧૪ મા ગુણસ્થાન સુધી સંયમસ્થાન એક જ હોય છે, અનેક કે સંખ્યાત હોવાનો વિકલ્પ પણ હોતો નથી.

**(૧૫) સંનિકર્ષદ્વાર–** સંનિકર્ષનો અર્થ છે–તુલનામાં. અહીં સંયમ પર્યવની તુલના દર્શાવી છે. સંયમ પર્યવ પુલાક આદિ સર્વ નિયંઠામાં અનંત-અનંત હોય છે. તેઓની પરસ્પર તુલનામાં પુલાકના અનંત સંયમ પર્યવ પણ અન્ય પાંચે ય નિયંઠામાંથી ચારથી તો અનંતગણા હીન જ હોય છે. અન્ય પુલાક-વાળાથી તથા કષાય કુશીલ નિયંઠાવાળાથી હીનાધિક અથવા સમાન બધા વિકલ્પ (છટ્ઠાણવડિયા) હોય છે. અર્થાત્ આપસમાં સમાન પણ હોઈ શકે છે અને અસમાન પણ હોઈ શકે છે. તે અસમાનતા ૬ પ્રકારની હોઈ શકે છે– (૧) સંખ્યાતમો ભાગ હીનાધિક (૨) અસંખ્યાતમો ભાગ હીનાધિક (૩) અનંતમો ભાગ હીનાધિક (૪) સંખ્યાતગણો હીનાધિક (૫) અસંખ્યાતગણો હીનાધિક અને (૬) અનંતગણો હીનાધિક. તેને આગમમાં છટ્ઠાણવડિયા શબ્દથી કહેવામાં આવે છે.

ચૌદમાં દ્વારમાં કહેવામાં આવેલ સંયમસ્થાન કક્ષા–અવસ્થાઓરૂપ છે અને આ પંદરમાં દ્વારમાં કહેલ સંયમપર્યવ તપસંયમ રૂપી ધનની વૃદ્ધિરૂપ અને હાનિરૂપ સ્ટોક–જથ્થો છે. એક પ્રકારની સંયમ-તપથી એકઠી થનાર પૂંજીરૂપ છે. એ પૂંજી વીતરાગી બંને નિયંઠામાં અન્ય ચાર નિયંઠાથી અનંતગણી અધિક હોય છે. જ્યારે કે સંયમસ્થાન તો તે વીતરાગીઓમાં કેવલ એક જ હોય છે. આ સંયમસ્થાન અને સંયમપર્યવમાં ફરક સમજવો જોઈએ.

**(૧૬) યોગદ્વાર–** પુલાક સયોગી હોય છે, એમાં મન, વચન, કાયાના ત્રણે યોગ હોય છે. વિસ્તારની અપેક્ષા ૧૫ યોગમાંથી ૯ યોગ(ચાર મન, ચાર વચન, ઔદારિક કાયયોગ) હોય છે.

**(૧૭) ઉપયોગદ્વાર–** પુલાકમાં સાકાર-અનાકાર બંને ઉપયોગ હોય છે. વિસ્તારથી ૧૨ ઉપયોગમાંથી (૩ જ્ઞાન ૩ દર્શન) ૬ ઉપયોગ હોય છે.

**(૧૮) કષાયદ્વાર–** ચારે ય કષાય હોવાથી પુલાક સકષાયી હોય છે.

**(૧૯) લેશ્યા–** પુલાકમાં ત્રણ શુભ લેશ્યા જ હોય છે અર્થાત્ શુભલેશ્યા, શુભ ઉદ્દેશ્યથી જ આ પુલાક લબ્ધિનો પ્રયોગ કરવામાં આવે છે. અશુભ ઉદ્દેશ્ય કે અશુભ લેશ્યામાં પુલાક નિયંઠો રહેતો નથી, અસંયમની પ્રાપ્તિ થઈ જાય છે કારણ કે તેમાં લબ્ધિપ્રયોગમાં મૂલગુણ અથવા ઉત્તરગુણ કોઈ પણ દોષ થાય છે અને સંયમમાં દોષ જ્યાં પણ થાય છે ત્યાં શુભ લેશ્યા યુક્ત દોષ સેવન થાય, ત્યારે જ નિયંઠા રહે છે. અશુભ લેશ્યા યુક્ત દોષ સેવનમાં કોઈ પણ નિયંઠો રહેતો નથી, છૂટી જાય છે. ત્યારે સાધકનો ભાવ સંયમ અથવા સર્વ વિરતિનું ગુણસ્થાન પણ રહેતું નથી. ઈત્યાદિ કારણોથી અહીં પુલાકમાં ત્રણ શુભ લેશ્યા જ સ્વીકારવામાં આવી છે.

**(૨૦) પરિણામદ્વાર–** પુલાકમાં વર્ધમાન અને હાયમાન પરિણામ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત રહી શકે છે. અવસ્થિત પરિણામ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ સાત સમય રહી શકે છે.

**(૨૧–૨૩) બંધ–ઉદય–ઉદીરણાદ્વાર–** સાત કર્મોનો બંધ થાય છે, વિશિષ્ટ લબ્ધિપ્રયોગમાં આયુષ્યનો બંધ થતો નથી. આઠે ય કર્મોનો ઉદય થાય છે. ઉદીરણા ૬ કર્મોની થાય છે. આયુષ્ય અને વેદનીય કર્મની ઉદીરણા થતી નથી. ***(ઉદીરણાના બે પ્રકાર છે– (૧) સ્વાભાવિક કર્મોની ઉદીરણા (૨) ઔપક્રમિક સ્વ–પરના ઉપક્રમથી ઉદીરણા અર્થાત્ કોઈ મારે કે દુઃખ આપે અથવા સ્વયં મરે કે કષ્ટ પેદા કરે. એમાં બીજા પ્રકારની ઉદીરણા છટ્ઠા ગુણસ્થાન સુધી થાય છે, સાતમા આદિ ગુણસ્થાનોમાં થતી નથી. પુલાકમાં ગુણસ્થાન છટ્ઠું જ હોય છે તોપણ તેને બીજા પ્રકારની ઉદીરણા બે કર્મોની થતી નથી. તેથી અહીં ૬ કર્મોની ઉદીરણા કહી છે. સ્વાભાવિક ઉદીરણા વેદનીય સમુદ્‌ઘાતના સમયે અને મારણાંતિક સમુદ્‌ઘાતના સમયે પુલાકને થવા સંભવ છે. પુલાકમાં સમુદ્‌ઘાત ત્રણ કહેલ હોવાથી અને ઉદીરણા કહેલ નહિ હોવાથી એવું તાત્પર્ય સમજી લેવું જોઈએ.)***

**(૨૪) ઉપસંપદાદ્વાર–** પુલાક પોતાની સ્થિતિ–પ્રવૃત્તિ પૂર્ણ કરીને પછી કષાય કુશીલ નિર્ગ્રંથ અવસ્થા પ્રાપ્ત કરે છે, ધારણ કરે છે, સ્વીકાર કરે છે, તેને ઉપ-સંપદા કહેવામાં આવી છે. અથવા ક્યારેક અસંયમ પણ પ્રાપ્ત કરી શકે છે. તેથી પુલાકની એ બે ઉપસંપદાઓ છે.





**(૨૫) સંજ્ઞાદ્વાર–** પુલાકમાં લબ્ધિપ્રયોગની તલ્લીનતાના કારણે ચારે ય સંજ્ઞા હોતી નથી. તેથી તેને નોસંજ્ઞોપયુક્ત કહેવામાં આવેલ છે.

**(૨૬) આહારદ્વાર–** પુલાક આહારક જ હોય છે, અનાહારક નહિ. કારણ કે ૧,૨,૪ અને ૧૩,૧૪ એ પાંચ ગુણસ્થાનમાં અનાહારક ભાવ હોય છે, શેષ સર્વ ગુણસ્થાન રોમાહારની અપેક્ષા નિરંતર આહારક ભાવમાં જ રહે છે. પુલાકમાં માત્ર છટ્ઠું ગુણસ્થાન જ છે.

**(૨૭–૨૮) ભવ અને આકર્ષદ્વાર–** એક જીવને પુલાક અધિકતમ ત્રણ ભવમાં આવી શકે છે તથા એક ભવમાં ઉત્કૃષ્ટ ત્રણ વાર અને ત્રણ ભવમાં કુલ સાત વાર પુલાક લબ્ધિ પ્રયોગ કરી શકે છે અને ઉત્કૃષ્ટ ત્રણ ભવોમાં લબ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

**(૨૯) કાલસ્થિતિદ્વાર–** પુલાક નિર્ગ્રંથ જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત રહે છે અર્થાત્ એક સમયની સ્થિતિ પણ હોતી નથી અને અંતર્મુહૂર્તથી અધિક પણ એ નિયંઠા રહેતા નથી. પ્રાયઃ એટલા સમયમાં સાધક લબ્ધિપ્રયોગથી નિવૃત્ત થઈ જાય છે, કદાચિત કોઈ અંતર્મુહૂર્ત પછી પણ નિવૃત્ત થાય નહિ તો તેને પુલાક નિયંઠા રહેતા નથી. તે સાધક વાસ્તવમાં અસંયમ દશાને પ્રાપ્ત કરી લે છે, વ્યવહારથી શ્રમણવેશમાં રહે છે પરંતુ જ્ઞાનીઓની દૃષ્ટિથી તે છટ્ઠા ગુણસ્થાનથી પણ ચ્યુત થઈ જાય છે.

પુલાક અનેક સંખ્યામાં લોકમાં હોય તો તે અનેક સંખ્યા જઘન્ય એક સમય પણ રહી શકે છે અર્થાત્ એક સમય પછી પુનઃ એક પુલાક થઈ જાય છે અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પછી અનેકતા સમાપ્ત થઈ જાય છે અર્થાત્ એક પુલાક રહે અથવા એક પણ ન રહે.

**(૩૦) અંતરદ્વાર–** એક સાધક જઘન્ય અંતર્મુહૂર્ત પછી પુનઃ પુલાક લબ્ધિ પ્રયોગ કરી શકે છે અને ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તન પછી પણ પુલાક લબ્ધિનો પ્રયોગ કરી શકે છે. તેથી એક જીવની અપેક્ષા પુલાકનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન અર્ધ પુદ્‌ગલ પરાવર્તન હોય છે. અનેક સંખ્યા રૂપ પુલાક નિર્ગ્રંથોનું અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ છે અર્થાત્ એક સમય પછી ફરી અનેક સંખ્યા થઈ શકે. અધિકતમ સંખ્યાતા વર્ષ પછી પુનઃ અનેક પુલાક સાથે થાય છે.

**(૩૧) સમુદ્ઘાતદ્વાર–** પુલાકમાં વેદનીય, કષાય અને મારણાંતિક એ ત્રણ સમુદ્ઘાત મૂલપાઠમાં કહેલ છે.

**વિચારણા–** (૧) પુલાકમાં વેદનીય અને આયુષ્ય કર્મની ઉદીરણા કહી નથી છતાં પણ અહીં વેદનીય અને મારણાંતિક સમુદ્ઘાત કહેલ છે. તેમાં વિરોધાભાસ જેવું લાગે છે કારણ કે વેદનીય સમુદ્ઘાતમાં વેદનીય કર્મની અને મારણાંતિક સમુદ્ઘાતમાં આયુષ્યકર્મની ઉદીરણા થવાનું માનવા– સમજવામાં આવે છે. એ માટે ઉપર ઉદીરણા દ્વારમાં કંઈક સમાધાન કરવાનો પ્રયત્ન કરેલ છે. (૨) આવા પ્રકારના વર્ણનથી ધારણામાં એવું સ્વીકારવામાં આવે છે કે પુલાક નિર્ગ્રંથ અવસ્થામાં મરણ થતું નથી. વાસ્તવમાં અહીં કેટલા ય દ્વારોના વર્ણનથી પુલાકમાં મૃત્યુ થઈ શકે છે એવું અનુમાન થાય છે અને કેટલા ય દ્વારોના વર્ણનથી પુલાકમાં નહિ મરવાનું પણ અનુમાન થાય છે. આ રીતે ઉભયાત્મક અનુભવના કારણે નિશ્ચયાત્મક અથવા આગ્રહયુક્ત નિરૂપણ નહિ કરવાનું જ યોગ્ય લાગે છે. કારણ કે આગમમાં સ્પષ્ટ શબ્દોમાં કયાંય પણ પુલાકમાં મરવા કે નહિ મરવાનું કથન કરવામાં આવ્યું નથી.

**(૩૧–૩૩) ક્ષેત્રસ્પર્શનાદ્વાર–** પુલાક નિર્ગ્રંથ લોકના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રનું અવગાહન કરે છે અને અવગાહનથી સ્પર્શનાનું ક્ષેત્ર સાધિક હોય છે. છએ દિશાઓમાં અવગાહિત ક્ષેત્રની બહારના એક-એક પ્રદેશોની સ્પર્શના થાય છે.

**(૩૪) ભાવદ્વાર–** નિયંઠા, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક ભાવથી (મોહકર્મના ક્ષય, ઉપશમ, ક્ષયોપશમથી) પ્રાપ્ત થાય છે. જેમાં પ્રારંભના ચાર નિયંઠા ક્ષયોપશમ ભાવથી, પાંચમો નિયંઠો ક્ષાયિક અથવા ઉપશમ ભાવથી તથા છટ્ઠો સ્નાતક નિયંઠો ક્ષાયિક ભાવથી પ્રાપ્ત થાય છે. અર્થાત્ ઉદયભાવથી કે પારિણામિક ભાવથી એ નિયંઠા આવતા નથી.

**(૩૫) પરિમાણદ્વાર–** નવા–પ્રતિપદ્યમાન પુલાક ક્યારેક હોય ક્યારેક ન હોય. જ્યારે હોય તો એક સમયમાં જઘન્ય ૧–૨–૩ ઉત્કૃષ્ટ અનેક સો હોઈ શકે છે. પૂર્વ પ્રતિપન્ન અર્થાત્ પુલાક અવસ્થામાં રહેલા અસ્તિત્વવાળા પુલાક નિર્ગ્રંથ પણ લોકમાં ક્યારેક હોય, ક્યારેક ન હોય, જ્યારે હોય છે તો જઘન્ય ૧–૨–૩ ઉત્કૃષ્ટ અનેક હજાર હોઈ શકે છે.





**(૩૬) અલ્પબહુત્વદ્વાર–** છ નિયંઠામાંથી પુલાક નિર્ગ્રંથ કેવલ પાંચમા નિર્ગ્રંથ નિયંઠાથી સંખ્યાતગણા અધિક હોઈ શકે છે, આ ઉત્કૃષ્ટ સંખ્યાની અપેક્ષા કથન છે. એ બંને અશાશ્વત નિયંઠા હોવાથી ક્યારેક બંને પરસ્પર વધારે કે ઓછા પણ હોઈ શકે છે. શેષ ચારે (બકુશ, પ્રતિસેવના અને કષાય કુશીલ, સ્નાતક) નિયંઠા શાશ્વત છે અને તે પુલાકથી સદા સંખ્યાતગણા જ હોય છે.

**પ્રશ્ન–૧૪ : બકુશ નિયંઠા–નિર્ગ્રંથનું સ્વરૂપ ૩૬ દ્વારોથી કેવી રીતે કહ્યું છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** પુલાકની સમાન આ નિયંઠો પણ સંયમ ગ્રહણ કરવાના પ્રારંભમાં આવતા નથી. કેટલાક સંયમ પર્યાય પછી પુલાકના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવથી અનંતગણા અધિક ચારિત્રપર્યવ થઈ જતાં ઉત્તરગુણના દોષરૂપ શિથિલ પ્રવૃત્તિઓના આચરણથી આ નિયંઠો આવે છે અર્થાત્ શરીર તથા ઉપકરણોની વિભૂષા કરનાર, હાથપગ, મુખ, શય્યા-સંથારા, વસ્ત્રાદિને ખાસ પ્રયોજન વિના ધોનાર અથવા વારંવાર ધોનાર તથા અન્ય પણ અનેક શિથિલ પ્રવૃત્તિઓ પોતાની રુચિ અને આદતથી કરનાર અને સંયમ પરિણામોની જાગઢકતા(પ્રગતિશીલતા)માં ઉણપ લાવનારી પ્રમાદરૂપ અનાવશ્યક પ્રવૃત્તિઓ કરનાર સાધક શુદ્ધ નિર્ગ્રંથ અવસ્થાથી હટીને બકુશ નિર્ગ્રંથ બને છે. એ નિર્ગ્રંથ મુલગુણમાં દોષ લગાડતા નથી. તેના દોષની પ્રવૃત્તિઓ સૂક્ષ્મ કક્ષાની, ઉત્તરગુણ દોષની, સીમા સુધીની તેમજ શિથિલ માનસવૃત્તિની હોય છે. દોષનો દરજ્જો પોતાની સીમા–હદથી આગળ વધી જતા તે નિયંઠો રહેતો નથી. ત્યારે તે સાધક અસંયમમાં અથવા પ્રતિસેવના કુશીલ નિયંઠામાં ચાલ્યો જાય છે. દોષની શુદ્ધિ આલોચના પ્રાયશ્ચિત્ત દ્વારા કરી લે તો ફરી તે દોષવાળા નિયંઠા નહિ રહેતાં, વિશુદ્ધ કષાય કુશીલ નિયંઠા આવી જાય છે. લાગેલા દોષની શુદ્ધિ ન કરે અને કોઈ પ્રવૃત્તિઓ સૂક્ષ્મ દોષની ચાલુ રાખે, તેના સિવાય શુદ્ધ સંયમ આરાધનામાં તત્પર બની જાય અને દોષની કક્ષા તેની સીમા સુધીની હોય તો તે નિયંઠો ઉત્કૃષ્ટ જીવનભર પણ રહી શકે છે. આ નિયંઠો પણ ત્રણ શુભ લેશ્યાના રહેવા પર જ રહે છે. અશુભ લેશ્યાના પરિણામ થતાં જ આ નિયંઠાવાળો અસંયમમાં પહોંચી જાય છે. આ નિર્ગ્રંથના દોષ સેવનમાં જ્ઞાનદર્શન આદિના નિમિત્તની પ્રમુખતા નહિ રહેતાં શિથિલ માનસવૃત્તિની પ્રમુખતા હોય છે. તેથી તેમાં જ્ઞાનાદિના નિમિત્તની અપેક્ષાથી ભેદ નહિ કરીને પ્રવૃત્તિની અપેક્ષા પાંચ ભેદ કહ્યા છે, યથા–

**(૧) આભોગ બકુશ–** સંયમવિધિઓનો, શાસ્ત્રની આજ્ઞાઓનો તથા શિથિલ પ્રવૃત્તિઓનો અને તેની ઉત્પત્તિના સ્વરૂપનો જાણકાર, અનુભવી હોવા છતાં પણ, શિથિલ માનસ કે લાપરવાહીથી શિથિલ પ્રવૃત્તિ કરનાર **આભોગ બકુશ** કહેવાય છે.

**(૨) અનાભોગ બકુશ–** જે ચાલી આવતી પ્રવૃત્તિ અનુસાર, દેખાદેખી, સંગત અનુસાર, શિથિલ પ્રવૃત્તિઓ કરે છે, જેણે શાસ્ત્રાજ્ઞાને સમજી નથી, તેથી પોતાની પ્રવૃત્તિને ઠીક સમજીને અથવા કંઇ પણ સમજ્યા વિચાર્યા વિના કરે છે, તે **અનાભોગ બકુશ** કહેવાય છે.

**(૩) સંવુડ બકુશ–** આ નિયંઠાના દરજ્જાની પ્રવૃત્તિઓ ગુપ્ત રૂપે કરે, વિશેષ પ્રગટ રૂપે ન કરે, તે **સંવુડ બકુશ** કહેવાય છે.

**(૪) અસંવુડ બકુશ–** દુઃસ્સાહસ અને પ્રવૃત્તિના વધી જવાથી જે નિઃસંકોચ બનીને પ્રગટ રૂપે તે પ્રવૃત્તિઓ કરે છે તે **અસંવુડ બકુશ** કહેવાય છે.

**(૫) યથાસૂક્ષ્મ બકુશ–** વિભૂષા આદિની ચાલુ પ્રવૃત્તિઓનું અવિવેક, લજ્જા, દબાણ આદિથી સેવન કરે તથા નિષ્કારણ ઔષધ સેવન, વિગય સેવન અને નશીલા પદાર્થનું સેવન કરે. કોઈ પણ ચીજ પ્રત્યે આસક્તિ રાખે, આલસ-નિદ્રા પ્રમાદમાં અનાવશ્યક અમર્યાદિત સમય વ્યય કરે, સંયમ પ્રવૃત્તિઓને અવિધિ અવિવેક તથા ઉતાવળે કરવાની પ્રવૃત્તિ રાખે. રસાસક્ત બને અને અનાવશ્યક અમર્યાદિત પદાર્થોનું સેવન કરે, ઈત્યાદિ અનેક પ્રવૃત્તિઓ કરનાર **યથાસૂક્ષ્મ બકુશ** કહેવાય છે અર્થાત્ જે પ્રવૃત્તિથી વિનય, વૈરાગ્ય, ઈન્દ્રિય-દમન, ઈચ્છા-નિરોધ, જ્ઞાન, તપ આદિ સંયમ ગુણોના વિકાસમાં અડચણ થતી હોય, તે પ્રવૃત્તિઓ કરનાર **યથાસૂક્ષ્મ બકુશ** કહેવાય છે.

**(૨) વેદદ્વાર–** બકુશ નિયંઠો સ્ત્રી, પુરૂષ અને પુરૂષ નપુંસક ત્રણેને હોઈ શકે છે. **(૩) રાગ–** બકુશ સરાગી હોય છે, વીતરાગી હોતા નથી. **(૪) કલ્પ–** બકુશમાં સ્થિત અને અસ્થિત બંને કલ્પ હોય છે અને જિનકલ્પ અને સ્થવિર કલ્પ પણ હોય છે. બકુશમાં કલ્પાતીત કોઈ હોતું નથી. **(૫) ચારિત્ર–** બકુશમાં સામાયિક, છેદોપસ્થાપનીય બે ચારિત્ર હોય છે, શેષ ત્રણ હોતા નથી. કારણ કે તે ત્રણે ય દોષ રહિત હોય છે અને બકુશ નિયંઠો દોષ સહિત જ હોય છે. **(૬) પ્રતિસેવના–** બકુશ નિયંઠો નિયમા ઉત્તરગુણ પડિસેવી હોય છે.





મૂલગુણરૂપ મહાવ્રતોના દોષ એમાં હોતા નથી. બકુશ નિર્ગ્રંથ જો મૂલગુણમાં દોષ સેવન કરે તો પ્રાયઃ અસંયમમાં ચાલ્યા જાય છે. ક્યારેક કોઈ પ્રતિસેવના કુશીલમાં પણ જઈ શકે છે, જો નિયંઠાની પરિભાષાને અનુરૂપ લક્ષણ હોય તો. **(૭) જ્ઞાન–** બકુશમાં ૩ જ્ઞાન અથવા બે જ્ઞાન હોઈ શકે છે, મનઃપર્યવજ્ઞાન હોતું નથી. શ્રુતજ્ઞાનની અપેક્ષા એમાં જઘન્ય અષ્ટપ્રવચન માતાનું અને ઉત્કૃષ્ટ ૧૦ પૂર્વોનું જ્ઞાન હોઈ શકે છે. ચૌદપૂર્વી અને મનઃપર્યવજ્ઞાની આ નિયંઠામાં હોતા નથી. કારણ કે તેવા સાધક દોષ રહિત ચારિત્રવાળા જ હોય છે. જો કોઈ મનઃપર્યવજ્ઞાની કે ચૌદપૂર્વી કોઈ પણ પ્રકારનો દોષ ચારિત્રમાં સેવન કરે તો તેનું તે જ્ઞાન નષ્ટ થઈ જાય છે. **(૮) તીર્થ–** બકુશ નિયંઠો તીર્થમાં જ હોય છે, અતીર્થમાં હોતા નથી. **(૯) લિંગ–** દ્રવ્યથી સ્વલિંગ, અન્યલિંગ અને ગૃહસ્થ લિંગ ત્રણેમાં હોઈ શકે છે પરંતુ ભાવથી સ્વલિંગમાં અર્થાત્ છટ્ઠા, સાતમા ગુણસ્થાનમાં જ હોય છે. ***(ક્યારેક કોઈ પરિસ્થિતિમાં સાધકને ગૃહસ્થ વેશ અથવા અન્ય મતનો વેશ ધારણ કરીને કોઈ ક્ષેત્ર કે સમય પરિસ્થિતિને પાર કરવાનું જરૂરી બની શકે છે તેથી દ્રવ્યથી બકુશમાં ત્રણે લિંગ કહેલ છે. ભાવથી તો તે સ્વલિંગમાં જ રહે છે.)*** **(૧૦) શરીર–** બકુશમાં ચાર શરીર હોઈ શકે છે, આહારક શરીર હોતું નથી. **(૧૧) ક્ષેત્ર–** જન્મ અને સદ્ભાવ આશ્રી ૧૫ કર્મભૂમિમાં તથા સંહરણ આશ્રી કર્મભૂમિ અને અકર્મભૂમિ બંનેમાં હોય. **(૧૨) કાલ–** જન્મ અને સદ્ભાવ આશ્રી અવસર્પિણીના ત્રીજા, ચોથા, પાંચમા આરામા હોય અને ઉત્સર્પિણીના બીજા, ત્રીજા, ચોથાના જન્મેલાને સદ્ભાવથી ત્રીજા, ચોથા આરામાં હોય. સંહરણ આશ્રી બધા આરામાં હોય. (મહાવિદેહથી ઉપાડીને લાવેલા).

નોઉત્સર્પિણી નોઅવસર્પિણી રૂપ મહાવિદેહ ક્ષેત્રમાં ચોથા આરાના જેવા કાળમાં જન્મ સદ્ભાવની અપેક્ષાએ બકુશ હોય. સંહરણ આશ્રી બધી જગ્યાએ દેવકુરૂ આદિમાં હોય છે. **(૧૩) ગતિ–** બકુશ નિયંઠો વૈમાનિકના ૧૨ દેવલોક સુધી જાય છે. નિકટ સમયમાં કષાય કુશીલ બનીને બકુશ આરાધક બને તો ઈન્દ્ર આદિ પદવી પ્રાપ્ત કરી શકે છે અને બકુશની વિરાધના દશામાં જ કાલ કરે તો ઈન્દ્રાદિ ચારે પદવી સિવાય વૈમાનિક દેવ બને છે. સ્થિતિ જઘન્ય બે પલ્યોપમ ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમ પ્રાપ્ત કરે છે. **(૧૪) સંયમ–** અસંખ્ય સંયમસ્થાન પુલાકની સમાન છે.

**(૧૫) પર્યવ–** પુલાકની સમાન સંયમપર્યવ(સંયમધન સ્ટોક) અનંત છે. બકુશના જઘન્ય પર્યવ પણ પુલાકના ઉત્કૃષ્ટ પર્યવથી અનંતગણા અધિક હોય છે અને બકુશના ઉત્કૃષ્ટ સંયમ પર્યવથી પ્રતિસેવના નિયંઠાના ઉત્કૃષ્ટ પર્યવ અનંતગણા અધિક હોય છે. બકુશના મધ્યમ સંયમ પર્યવ, પ્રતિસેવના અને કષાય કુશીલના મધ્યમપર્યવથી છટ્ઠાણવડિયા હોય છે. જઘન્ય પર્યવમાં બકુશ અને પ્રતિસેવનાવાળા સમાન હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતકના ચારિત્ર પર્યવ બકુશથી અનંતગણા હોય છે. **(૧૬) યોગ–** બકુશ સયોગી હોય છે, તેમાં ત્રણે યોગ હોય છે. વિસ્તારની અપેક્ષા ૧૫ યોગમાંથી ૧૨ યોગ હોય છે. આહારક, આહારક મિશ્ર અને કાર્મણ એ ૩ યોગ હોતા નથી. **(૧૭) ઉપયોગ–** બકુશમાં ઉપયોગ બંને હોય છે. ૧૨ ઉપયોગમાંથી ૬ ઉપયોગ (૩ જ્ઞાન ૩ દર્શન) હોય છે. **(૧૮) કષાય–** બકુશ સકષાયી છે અને તેમાં ચારે કષાય હોય છે. **૧૯) લેશ્યા–** એમાં પુલાકની સમાન જ ત્રણ શુભ લેશ્યા સમજવી. **(૨૦) પરિણામ–** વર્ધમાન, હાયમાન અને અવસ્થિત ત્રણે પરિણામ પુલાકની સમાન સમજવા. **(૨૧–૨૩) બંધ, ઉદય, ઉદીરણા–** બકુશમાં સાત કે આઠ કર્મોનો બંધ થાય છે. આઠે ય કર્મોનો ઉદય થાય છે. ઉદીરણા ૭ અથવા ૮ અથવા ક્યારેક ૬ કર્મોની થાય છે.

**(૨૪) ઉવસંપદા–** બકુશ, બકુશ અવસ્થાને છોડીને સીધા ક્યારેક પ્રતિસેવના કુશીલમાં, ક્યારેક કષાય કુશીલમાં, ક્યારેક સંયમાસંયમમાં અને ક્યારેક અસંયમમાં એમ ચાર સ્થાનમાંથી કોઈને પણ પ્રાપ્ત કરી શકે છે. **(૨૫) સંજ્ઞા–** બકુશમાં ચારે ય સંજ્ઞા હોય છે અને ક્યારેક તે અપ્રમત્તદશામાં નોસંજ્ઞોપયુક્ત પણ હોઈ શકે છે. કારણ કે બકુશ નિયંઠામાં ગુણસ્થાન છટ્ઠું– સાતમું બંને હોય છે. **(૨૬) આહાર–** આ નિયંઠો આહારક જ હોય છે, અનાહારક હોતો નથી. **(૨૭–૨૮) ભવ–આકર્ષ–** બકુશ નિયંઠો એક જીવને ઉત્કૃષ્ટ આઠ ભવોમાં આવી શકે છે, તેનાથી અધિકમાં આવતા નથી. એક ભવમાં આ નિયંઠા જઘન્ય એક વાર, ઉત્કૃષ્ટ અનેક સો વાર આવી શકે છે અને અનેક ભવોમાં જઘન્ય બે વાર, ઉત્કૃષ્ટ અનેક હજારવાર આવી શકે છે. **(૨૯) સ્થિતિ–** બકુશ નિયંઠામાં આ સાધક જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષ પણ રહી શકે છે. અનેક જીવોની અપેક્ષા બકુશ નિયંઠો





શાશ્વત છે અર્થાત્ મહાવિદેહ ક્ષેત્રમાં બકુશ નિર્ગ્રંથ સદા હોય છે. **(૩૦) અંતર–** જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તનનું અંતર પડી શકે છે અર્થાત્ એક જીવ બકુશ નિયંઠાને છોડીને અંતર્મુહૂર્તમાં પાછા ફરીને બકુશમાં આવી શકે છે અને કાલ કરીને અનંતભવ કરે તો ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન પછી મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને બકુશ બની શકે છે. અનેક જીવોની અપેક્ષા બકુશ નિયંઠો શાશ્વત છે તેથી અંતર નથી. **(૩૧) સમુદ્ઘાત–** બકુશમાં પાંચ સમુદ્ઘાત થઈ શકે છે.એમાં આહારક અને કેવલી સમુદ્ઘાત હોતા નથી. **(૩૨–૩૩) ક્ષેત્રસ્પર્શના–** બકુશનું અવગાહન ક્ષેત્ર લોકમાં અસંખ્યાતમા ભાગનું હોય છે અને સ્પર્શના ક્ષેત્ર તેનાથી કંઈક અધિક હોય છે. **(૩૪) ભાવ–** આ નિયંઠો ક્ષયોપશમ ભાવમાં હોય છે, અન્ય ઉપશમ કે ઉદય ભાવોમાં હોતો નથી અર્થાત્ મોહકર્મના ક્ષયોપશમથી આ નિયંઠો આવે છે. **(૩૫) પરિમાણ–** નવા ઉત્પન્ન થવાની અપેક્ષા ક્યારેક તો હોતા નથી, ક્યારેક હોય છે, તો જઘન્ય ૧–૨–૩ અને ઉત્કૃષ્ટ અનેક સો. અસ્તિત્વની અપેક્ષા બકુશ શાશ્વત રૂપથી અનેક સો કરોડ સદા મળે છે. આ સંખ્યા પાંચ મહાવિદેહક્ષેત્રની મુખ્યતાએ છે. **(૩૬) અલ્પબહુત્વ–** બકુશ નિયંઠાવાળા પુલાક અને સ્નાતક નિર્ગ્રંથથી સંખ્યાતગણા હોય છે અને પ્રતિ- સેવનાથી પરસ્પર તુલ્ય હોય છે તથા કષાયકુશીલથી સંખ્યાતમો ભાગ હોય છે. આ કથન ઉત્કૃષ્ટ સંખ્યાઓની અપેક્ષા કરવામાં આવે છે.

**પ્રશ્ન–૧૫ : પ્રતિસેવના નિયંઠાનું સ્વરૂપ ૩૬ દ્વારોથી કેવી રીતે વર્ણિત છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** આ નિયંઠો પણ સંયમ ગ્રહણના પ્રારંભમાં આવતા નથી. કેટલાક સંયમ પર્યાય પછી તેમજ પુલાકના ઉત્કૃષ્ટ સંયમ પર્યાયથી અનંતગણો અધિક સંયમપર્યાય થઈ જતા ક્યારે ય પણ સકારણ મૂલગુણમાં કે ઉત્તરગુણમાં અમુક હદ-સીમાના દોષ સેવન કરવાથી આ નિયંઠો આવે છે. આ નિયંઠાવાળાના દોષ સેવનમાં શિથિલ માનસની મુખ્યતા ન હોઈને કોઈ પ્રકારની લાચારી, અસહ્ય સ્થિતિ અથવા કવચિત્ પ્રમાદ, કુતૂહલ, દર્પ તથા અશુદ્ધ સમજ હોય છે તથા જ્ઞાન આદિ પાંચના નિમિત્તથી દોષનું સેવન કરવામાં આવે છે.

આ નિયંઠાના દોષની કક્ષા બકુશના દોષોની આગળની કક્ષા પણ

હોય છે. પરંતુ શિથિલાચાર માનસરૂપમાં ન હોઈને ઉપરોક્ત લાચારી (વિવશતા) આદિ કારણથી અથવા જ્ઞાનાદિના નિમિત્તથી હોય છે. લાગેલા દોષની શુદ્ધિ કરી લેવાથી આ નિયંઠો રહેતો નથી અને વિશુદ્ધ કષાય કુશીલ નિયંઠો આવી જાય છે. લાગેલા દોષની શુદ્ધિ ન કરે પરંતુ દોષ રહિત શુદ્ધ સંયમના પાલનમાં તત્પર થઈ જાય તો તેના આ નિયંઠો બની રહે છે. લાગેલા દોષની શુદ્ધિ ન કરે અને દોષ પ્રવૃત્તિ પણ ચાલુ રહે પરંતુ તેના સિવાય શુદ્ધ સંયમ આરાધનામાં લાગી જાય; ત્યારે જો દોષની કક્ષા આ નિયંઠાની સીમા સુધીની રહે અને પ્રવૃત્તિમાં શિથિલતાનું માનસ ન હોય તો જીવનભર પણ આ નિયંઠો રહે છે. શુભ ત્રણ લેશ્યાની હાજરીમાં જ આ નિયંઠો રહે છે. અશુભ લેશ્યા આવતા જ આ નિયંઠાવાળાને અસંયમદશા પ્રાપ્ત થઈ જાય છે. એનું કારણ એ છે કે બીજો(ડબલ) ભાર આવવાથી સંયમ નથી રહેતો અર્થાત્ એક તો દોષ સેવન કરવું અને બીજું પરિણામ પણ અશુભ કરવું એ અક્ષમ્ય થઈ જાય છે. એ જ કારણથી એ ત્રણે નિયંઠા પ્રતિસેવી હોવાથી શુભ લેશ્યામાં જ રહી શકે છે. આ પ્રતિસેવના કુશીલ નિયંઠાના પણ પુલાકની સમાન નિમિત્તની અપેક્ષાથી પાંચ પ્રકાર કહ્યા છે–

**(૧) જ્ઞાન પ્રતિસેવના કુશીલ–** જ્ઞાન શીખવું, શીખવવું તેમજ પ્રચાર કરવો ઈત્યાદિ જ્ઞાનના સંબંધિત પ્રસંગો દ્વારા મૂલગુણ અથવા ઉત્તરગુણમાં દોષ લગાડે. યથા– પુસ્તકો આદિ ખરીદે, મંગાવે, દોષયુક્ત ગ્રહણ કરે, સવેતનીક (સાધુને માટે વેતન આપવામાં આવતું હોય એવા) પંડિતથી અભ્યાસ કરે– ભણે. લહિયા આદિથી લખાવે, છપાઈના કાર્યમાં ભાગ લે ઈત્યાદિ અનેક મર્યાદાઓનો જ્ઞાનને માટે ભંગ કરે; એવી દોષ પ્રવૃત્તિઓવાળા શ્રમણ **જ્ઞાન પ્રતિસેવના કુશીલ નિર્ગ્રંથ** કહેવાય છે.

**(૨) દર્શન પ્રતિસેવના કુશીલ–** શુદ્ધ શ્રદ્ધાની પ્રાપ્તિ કે પ્રચારને માટે દર્શન વિષયોના અધ્યયન માટે, જે મૂલગુણ કે ઉત્તરગુણમાં દોષનું સેવન કરે, તે **દર્શન પ્રતિસેવના કુશીલ** કહેવાય છે.

**(૩) ચારિત્ર પ્રતિસેવના કુશીલ–** ચારિત્રની પ્રવૃત્તિઓનું પાલન કરવામાં, પાલન કરાવવામાં અને પાલન કરનારને તૈયાર કરવામાં કોઈ પ્રકારે મૂલગુણ અથવા ઉત્તરગુણનો દોષ લગાડે તથા ચારિત્રપાલનનું સાધન શરીર છે તેનાથી





અધિક સંયમગુણોની વૃદ્ધિ થશે, એવી ભાવનાથી તેના નિમિત્તે દોષ સેવન કરે, આ રીતે ચારિત્રના નિમિત્તથી દોષ સેવન કરનાર શ્રમણ **ચારિત્ર પ્રતિસેવના કુશીલ** નિર્ગ્રંથ કહેવાય છે.

**(૪) લિંગ પ્રતિસેવના કુશીલ–** લિંગ(વેશભૂષા)ના સંબંધથી તથા સાધુ-લિંગના આવશ્યક ઉપકરણ વસ્ત્ર, પાત્ર, રજોહરણ આદિના નિમિત્તથી દોષ લગાડે તથા લિંગ સંબંધી કોઈ પ્રકારની ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન કરે તો તે શ્રમણ **લિંગ પ્રતિસેવના કુશીલ** નિર્ગ્રંથ કહેવાય છે.

**(૫) યથાસૂક્ષ્મ પ્રતિસેવના કુશીલ–** આ પાંચમો ભેદ સર્વ નિયંઠામાં શેષ બચેલા વિષયને સંગ્રહ કરવાની અપેક્ષા કહેલ છે. અર્થાત્ પૂર્વના ચાર ભેદોમાં જે પ્રવૃત્તિઓ, અવસ્થાઓનો સમાવેશ ન હોય તેવી આ નિયંઠાના દરજ્જાની શેષ બધી પ્રવૃત્તિઓ, અવસ્થાઓને કહેનાર આ પાંચમો ભેદ સૂત્રમાં કહેલ છે. જેમ કે–

પૌદગલિક સુખની લાલસાથી, ઈચ્છાપૂર્તિને માટે, કષ્ટ સહન નહિ કરી શકવાથી, પોતાની વાત રાખવા માટે, માનકષાય આદિના પોષણ માટે, ક્ષેત્ર અથવા શ્રાવક આદિરૂપ પરિગ્રહવૃત્તિની ભાવનાથી, બીજાના શરમ, દબાણથી, અશુદ્ધ સમજણથી, જેમ કે **ઉપકાર થશે** ઈત્યાદિ મૂલગુણ કે ઉત્તર ગુણમાં દોષ લગાડે, જિનાજ્ઞાથી વિપરીત પ્રવૃત્તિ કરે, તે **યથાસૂક્ષ્મ પ્રતિસેવના કુશીલ** નિર્ગ્રંથ કહેવાય છે. –***(૨–૩૬) વેદદ્વારથી અલ્પબહુત્વ સુધીનું વર્ણન આગળ ચાર્ટમાં જુઓ.***

**પ્રશ્ન–૧૬ : પુલાક, બકુશ અને પ્રતિસેવના એ ત્રણ નિયંઠા સંબંધી તુલનાત્મક અને પરિશીલનાત્મક સ્વરૂપ કેવા પ્રકારનું છે ?**

**જવાબ :** એ ત્રણે નિયંઠા સંયમ ગ્રહણ કરવાના સમયે આવતા નથી. એ ત્રણે પ્રતિસેવી નિયંઠા છે અર્થાત્ તેઓનો સંયમ શુદ્ધ હોતો નથી. એ ત્રણે નિયંઠામાં પરિણામ લેશ્યા ત્રણ શુભ જ રહે છે. જ્યારે કષાયકુશીલ નિયંઠામાં શુભ-અશુભ છએ લેશ્યામાં સંયમભાવ ટકે છે પરંતુ એ ત્રણે નિયંઠામાં જો ક્યારે ય અશુભ લેશ્યા આવી જાય તો નિયંઠા તત્કાલ અસંયમમાં પરિવર્તિત થઈ જાય છે.

**પુલાક** નિયંઠાવાળા મૂલગુણ કે ઉત્તરગુણમાં દોષ લગાડે તોપણ તેનો સંયમ રહે છે પરંતુ અંતર્મુહૂર્ત પછી પણ દોષ અવસ્થા રહે તો સંયમ રહેતો નથી. **બકુશ** નિયંઠા માત્ર ઉત્તરગુણના દોષ સુધીમાં જીવનભર રહી શકે છે પરંતુ તેના ઉત્તરગુણના દોષોની પણ જે સીમા છે તેનું ઉલ્લંઘન કરી જાય તો તે અસંયમમાં ચાલ્યા જાય છે. કારણ કે આ નિયંઠા શિથિલાચાર પ્રવૃત્તિરૂપ હોય છે. તેથી દોષ લગાડવામાં કોઈ કારણ, પરિસ્થિતિ, અશક્યતા, લાચારી, ખેદ આદિની મુખ્યતા ન હોવાથી તેમાં સૂક્ષ્મ દોષો સુધી જ સંયમ ટકી શકે છે. દોષની સીમા વધવાથી અસંયમ આવી જાય છે. તેથી કેવલ ઉત્તરગુણ પ્રતિસેવનામાં જ આ નિયંઠો ટકે છે.

**બકુશને માટે દષ્ટાંત–** જેમ પાણીની મોટી કોઠી અથવા ટાંકીનો માલિક જો લાપરવાહ વૃત્તિવાળો હોય અને તેમાં બારીક તિરાડો તરડો પડી જાય, પાણી નિરંતર નીકળ્યા કરે તોપણ પાણી સંરક્ષણ અને વિતરણનું કાર્ય બંધ થતું નથી. પરંતુ જો તે તરડો પહોળી-મોટી થઈ જવા છતાં, લાપરવાહી ચલાવે તો પાણી વધુ નીકળી જાય અને બધી વ્યવસ્થા બગડી જાય. એમ જ બકુશના દોષની તરડો મોટી થવા લાગે તો સંયમ અવસ્થા ખરાબ થઈને અસંયમ થઈ જાય.

પ્રતિસેવના કુશીલ નિયંઠો મૂલગુણ અને ઉત્તરગુણ બંને પ્રકારના અમુક સીમાના દોષ સેવન સુધી જીવનભર પણ રહી શકે છે.તેમાં શિથિલતા અને લાપરવાહી રહેતાં કોઈ કારણદશાની મુખ્યતા હોય છે. પરિસ્થિતિ, લાચારી, અશક્યતા અથવા દોષનો ખેદ, ખટકો મનમાં રહેવાથી બકુશની અપેક્ષા કોઈ મોટા(સીમાના)દોષોના સેવનમાં પણ તેનો સંયમ ટકી શકે છે. આ નિયંઠા વાળા દોષ પ્રસંગ સમાપ્ત થતાં જ શુદ્ધિની ભાવના રાખે છે અને શુદ્ધિ કરે છે છતાં પણ ક્યારે ય કોઈ પ્રસંગ, પરિસ્થિતિ, લાંબા સમયને માટે આવી જાય અથવા આજીવન માટે પણ આવી જાય તોપણ તેની સીમા સુધીનો દોષ હોવા પર આ નિયંઠો જીવનભર પણ રહી શકે છે.

**પ્રતિસેવનાને માટે દષ્ટાંત–** તેને માટે છિદ્રવાળી ટાંકીનું દષ્ટાંત સમજવું અર્થાત્ તેમાં બોર, મોસંબી આદિના જેવડા મોટા છિદ્ર થઈ જાય અને તેને સાધન એકઠા કરી ઠીક કરે તેમાં કેટલોક સમય લાગી શકે છે અને પછી છિદ્ર





બંધ કરી દેવાથી ટાંકી પુનઃ વ્યવસ્થિત થઈ જાય અને ઠીક ન કરે તોપણ લાંબા સમય સુધી કામ ચાલી શકે છે. કારણ કે ટાંકીમાં પાણીની આવકની અપેક્ષા નાના-નાના છિદ્રો દ્વારા નીકળનાર પાણી નગણ્ય થઈ જાય છે. તેવી જ રીતે પ્રતિસેવના કુશીલ નિયંઠામાં અન્ય જ્ઞાનદર્શનચારિત્રની અધિક પુષ્ટી ચાલુ રહે તો તેના એ થોડા દોષ સેવન નગણ્ય થઈને સંયમ જળવાઈ રહે છે.

તેથી સંયમમાં કોઈ પણ પ્રકારના નાના કે મોટા દોષ લગાડનારે એટલી સાવધાની રાખવાની આવશ્યકતા છે કે તે દોષ સિવાય તપ, સંયમ, જ્ઞાન આદિની શુદ્ધ આરાધના કરે, પ્રરૂપણા શ્રદ્ધા શુદ્ધ રાખે, ભાવોની પૂર્ણ શુદ્ધિ રાખે, કોઈના પ્રત્યે મલિન વિચાર ન કરે. લેશ્યાઓના સ્વરૂપને સમજીને ત્રણ અશુભ લેશ્યાઓને જરા પણ આવવા ન દે, દોષનો દરજ્જો આગળ ન વધવા પામે તેવું સદા ધ્યાન રાખે, શુદ્ધિ કરવાની ભાવના અને ખેદ રાખે, તો તે સાધક નિયંઠાની કક્ષામાં રહી શકે છે અન્યથા સાવધાન ન રહેવા પર તે અસંયમમાં પહોંચી જાય છે.

ક્રમિક અપેક્ષાથી તો બકુશથી પ્રતિસેવના નિયંઠો ઊંચો હોય છે કારણ કે પુલાકથી બકુશનું ચારિત્રપર્યવ અનંતગણું અધિક છે અને બકુશના ઉત્કૃષ્ટ પર્યવોથી પ્રતિસેવના કુશીલના ઉત્કૃષ્ટ પર્યવ અનંતગણા છે અને અન્ય અપેક્ષાથી બંને આપસમાં **છટ્ઠાણવડિયા** હોવાથી વ્યક્તિગત કોઈ બકુશ કોઈ પ્રતિસેવના કુશીલથી ઊંચા દરજ્જામાં પણ હોઈ શકે છે.

આ બંને નિયંઠાને માટે અસંયમમાં પહોંચવા રૂપ ખતરાની સ્થિતિ સદા બની રહે છે. લેશ્યા અશુભ આવી જાય કે સંયમ પર્યવની વૃદ્ધિ બરાબર ન થાય અથવા પુલાકના ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યવોથી અનંતગણા અધિક ચારિત્ર પર્યવ ન રહે તોપણ અસંયમ દશા આવી જાય છે, દોષની પ્રવૃત્તિ પોતાની સીમાના દોષથી આગળ વધી જાય તોપણ સાધક અસંયમમાં ચાલ્યો જાય છે.

જીવને પ્રારંભમાં એક વાર તો કષાયકુશીલ નિયંઠા આવી જાય પછી જ આ બંને નિયંઠા આવી શકે છે. ત્યાર પછી એ બંનેનું અસંયમમાં સીધા આવવા-જવાનું થઈ શકે છે તથા તે બંને નિયંઠાનું પણ પરસ્પર આવવા-જવાનું થઈ શકે છે. જો સાવધાની બરાબર રહે તો એ નિયંઠાવાળા અસંયમમાં જતા નથી.

દોષનો દરજ્જો સૂક્ષ્મ ઉત્તરગુણ સુધી રહે તો શિથિલ માનસમાં **બકુશ નિયંઠો** રહી જાય છે અને શિથિલ માનસ વિના, પરિસ્થિતિ કે આવશ્યકતાથી સીમિત મૂલગુણ અથવા ઉત્તરગુણના દોષ સુધીમાં **પ્રતિસેવના કુશીલ નિયંઠો** રહી જાય છે.

બકુશના દોષની કક્ષા નાની(સૂક્ષ્મ)હોવાથી શિથિલાચારતા ટકે છે તો પ્રતિસેવનાના દોષની કક્ષા તેનાથી આગળની મોટી હોવાથી શિથિલાચારતા અક્ષમ્ય હોવાથી સંયમ ટકી શકતો નથી, તો પુલાકમાં આવેશની તીવ્રતા આદિ કારણોથી ઉત્તરગુણ દોષ હોય કે મૂલગુણ દોષ હોય, તેને તો તે લબ્ધિપ્રયોગ અવસ્થામાં અંતર્મુહૂર્તથી અધિક સંયમ રહી શકતો નથી.

દોષ સેવન હોવા છતાં પણ એ ત્રણે નિયંઠા પોતાની સીમામાં હોય તો ક્ષમ્ય છે અને આગમકાર તેને નિર્ગ્રંથ તરીકે સ્વીકાર કરે છે. તેથી તે વંદનીય છે. વૈમાનિક સિવાયની કોઈ પણ ગતિમાં તે જતા નથી. સીમિત દોષ સિવાય સંપૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનામાં અને ભગવદ્ આજ્ઞામાં સાવધાન રહેવાથી જીવનભર પણ તે નિર્ગ્રંથ દશામાં રહી શકે છે. ખતરાઓથી સાવધાની નહિ રાખવાથી તેઓના દોષ અક્ષમ્ય બની જતા તેઓ ભાવથી અસંયમમાં પહોંચી જાય છે.

પુલાકના સંયમ પર્યવમાં અત્યધિક ઘટાડો–નાશ થવામાં મશકનું મુખ ખોલવાનું દષ્ટાંત બરાબર ઘટિત થાય છે. બકુશના સંયમ પર્યવ ઘટવામાં પાણીની ટાંકીમાં તિરાડો પડવાનું દષ્ટાંત ઠીક લાગુ થાય છે અને પ્રતિસેવના કુશીલને માટે પાણીની કોઠીમાં છિદ્ર થવાનું દષ્ટાંત બરાબર ઘટિત થાય છે અને તે ત્રણે દષ્ટાંતોથી તેનું સ્વરૂપ સરલતાપૂર્વક સમજમાં આવી જાય છે. ટાંકીના ઉપરના મુખથી પાણી ભરવામાં આવે છે તેમજ બકુશ પ્રતિસેવનામાં સંયમ પર્યવરૂપ પાણી ભરાતું રહે છે. સાથે સાથે થોડું નીકળતું પણ રહે છે. મશકમાં નીચેના મુખથી પાણી શીઘ્ર નીકળી જાય છે અને ઉપરના મુખથી પુનઃ ભરી દેવામાં આવે છે. તે જ રીતે પુલાકમાં શીઘ્ર સંયમ પર્યવ ખાલી થાય છે અને થોડાક શેષ રહેતા સુધીમાં ફરી કષાય કુશીલમાં આવીને સંયમ પર્યવના વધવાનું ચાલુ થઈ જાય છે.

**પ્રશ્ન–૧૭ : કષાયકુશીલ નિયંઠાનું ૩૬ દ્વારોથી સ્વરૂપ કેવી રીતે વર્ણવેલ છે ?**





**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** સંયમ ગ્રહણના પ્રારંભમાં પ્રત્યેક જીવને આ જ નિયંઠો આવે છે. આ નિયંઠાવાળા સંયમમાં કોઈ પ્રકારનો દોષ લગાડતા નથી. કોઈ પણ દોષ લગાડવાથી આ નિયંઠો રહેતો નથી. જો સંયમ ગ્રહણ કરતા સમયથી જ કોઈ મૂલગુણ કે ઉત્તરગુણમાં દોષ લગાડનાર હોય તો તેને આ નિયંઠો પ્રારંભથી જ આવતો નથી અને આ નિયંઠો આવ્યા વિના અન્ય કોઈ પણ નિયંઠો આવતો નથી. તેથી એવો સાધક પ્રારંભથી જ સંયમ રહિત વેશ માત્રનો સાધુ બને છે.

આ કષાય કુશીલ નિર્ગ્રંથ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, સંયમાચારમાં જરા પણ અતિચાર કે અનાચારનું સેવન કરતા નથી. આ નિયંઠામાં કેવલ સીમિત કક્ષાના ક્રોધાદિ કષાય ઉત્પન્ન થાય છે અને તે કષાય તત્કાલ વિનષ્ટ થઈ જાય છે અર્થાત્ સંજ્વલનના કષાયનો ઉદય અપ્રગટ અથવા ક્યારેક શારણા વારણા કે અન્ય પ્રસંગથી પ્રગટ રૂપમાં પણ થઈ જાય છે.

તે કષાય, કષાય સુધી જ સીમિત રહે છે, મહાવ્રત સમિતિ આદિ દોષ સુધી પહોંચતો નથી તથા સંજ્વલનની સીમાનું પણ ઉલ્લંઘન કરતો નથી. સીમા એ છે કે કષાય આવવાના સમયે તે મંદ કે તેજ ગમે તેવો પણ દેખાય પરંતુ અધિક સમય ટકતો નથી પરંતુ પાણીની લીટીના ભૂંસાઈ જવા સમાન શીઘ્ર શાંત થઈ જાય છે. પાણીની લીટી બારીક પણ હોઈ શકે છે અને વિશાળ પણ હોઈ શકે છે પરંતુ તેની વિશેષતા એ જ છે કે તે તરત ભૂંસાય જાય છે. તે જ રીતે દેખાવમાં કષાય ઉગ્ર કે મંદ ગમે તેવો હોય પરંતુ જલ્દી જ મગજ શાંત થઈ જાય, કષાય અવસ્થા હટી જાય, બસ એ જ સંજ્વલનતાની ઓળખ છે.

આ નિયંઠામાં ૬–૭–૮–૯–૧૦ એ પાંચ ગુણસ્થાન હોઈ શકે છે. છટ્ઠા સિવાય તો આગળના અપ્રમત્ત ગુણસ્થાનોમાં પ્રગટ કષાય પણ હોતો નથી પરંતુ અપ્રગટ ઉદય ચાલુ હોવાથી પણ કષાય કુશીલ નિર્ગ્રંથ કહેવાય છે. બકુશ પ્રતિસેવના નિયંઠામાં ગુણસ્થાન બે હોય છે– છટ્ઠું અને સાતમું. પુલાકમાં કેવલ છટ્ઠું ગુણસ્થાન જ હોય છે.

કેટલાક દોષ, દોષ હોવા છતાં પણ ક્ષમ્ય કક્ષાના હોય છે, તેનાથી આ કષાયકુશીલ નિયંઠામાં અડચણ આવતી નથી. યથા– અજાણતા દોષ યુક્ત

આહાર ખાવા-પીવામાં આવી ગયો હોય, રસ્તામાં વરસાદ આવી ગયો હોય, દોષ લગાડનારની સેવા કરી હોય અથવા તેનાથી સંબંધ રાખ્યો હોય ઇત્યાદિ કંઇક અજાણપણું અને પરિસ્થિતિઓના દોષ નગણ્ય થઈ જાય છે અને ત્યાં આ કષાય કુશીલ નિયંઠો રહી પણ શકે છે. તે સિવાય પોત-પોતાના દરજ્જાના દોષથી ક્યારેક બકુશ અને ક્યારેક પ્રતિસેવના નિયંઠો અથવા અસંયમ પણ આ નિયંઠાવાળાને આવી જાય છે. આ નિયંઠાના પણ પાંચ પ્રકાર નિમિત્તની અપેક્ષાએ કહ્યા છે–

**(૧) જ્ઞાનકષાય કુશીલ–** જ્ઞાન શીખવામાં, શીખવવામાં, પ્રેરણા કે પ્રચાર કરવા આદિ કોઈ પણ પ્રસંગથી સંજ્વલનના ઉદયથી પ્રમત્ત દશામાં પ્રગટ રૂપથી સંજ્વલનની કષાય અવસ્થા આવી જાય, તે જ્ઞાન કષાયકુશીલ કહેવાય છે.

**(૨) દર્શનકષાય કુશીલ–** દર્શન શ્રદ્ધાના વિષયોને પરસ્પર સમજવા સમજાવવામાં તેમજ શુદ્ધ શ્રદ્ધાની પ્રેરણા–પ્રરૂપણામાં પ્રસંગવશ સંજ્વલનના ઉદયથી પ્રમત્ત દશામાં પ્રગટ રૂપથી સંજ્વલનની કષાય અવસ્થા આવી જાય, તે દર્શન કષાયકુશીલ કહેવાય છે.

**(૩) ચારિત્રકષાય કુશીલ–** ચારિત્રની પ્રવૃત્તિ અથવા સેવા કાર્ય કરવામાં, કરાવવામાં ઇત્યાદિ ચારિત્ર વિધિના નિયમોના નિમિત્તથી કોઈ પ્રસંગમાં સંજ્વલનના ઉદયથી પ્રમત્ત દશામાં પ્રગટ રૂપથી સંજ્વલનની કષાય અવસ્થા આવી જાય, તે ચારિત્રકષાય કુશીલ કહેવાય છે.

**(૪) લિંગકષાય કુશીલ–** શુદ્ધ લિંગ વેશભૂષામાં સ્વયં રહેવામાં, અન્યોને રાખવામાં ઇત્યાદિ લિંગના સંબંધમાં અથવા તેના ઉપકરણોના સંબંધમાં કોઈ પ્રસંગથી સંજ્વલનના ઉદયથી પ્રમત્ત દશામાં પ્રગટ રૂપથી સંજ્વલનની કષાય અવસ્થા આવી જાય, તે લિંગકષાયકુશીલ કહેવાય છે.

**(૫) યથાસૂક્ષ્મકષાય કુશીલ–** પરિશેષ વિષયની અપેક્ષાએ શાસ્ત્રકાર આ પાંચમો ભેદ કરે છે. તેથી જેનો સમાવેશ ચાર ભેદમાં ન થઈ શકતો હોય તે આ પાંચમા ભેદમાં ગ્રહિત થઈ જાય છે. તદનુસાર જેને કોઈ પણ નિમિત્તથી, પ્રગટ કષાય દશા ન હોય, કેવલ ઉદય માત્રથી અપ્રગટ કષાય





થવાથી છટ્ઠા પ્રમત્ત ગુણસ્થાનવાળા અને ૭–૮–૯–૧૦મા અપ્રમત્ત ગુણસ્થાનોવાળા સર્વ યથાસૂક્ષ્મ કષાય કુશીલ કહેવાય છે. તથા કોઈ પ્રકારના નાના મોટા અનુકૂલ પ્રતિકૂલ પરીષહ ઉપસર્ગ સહન નહિ થવાથી, ખાન-પાન, રહન-સહનમાં પોતાને અનુકૂલિત પ્રવૃત્તિ નહિ થવાથી, પોતાની ઇચ્છા કે આજ્ઞાથી વિપરીત કાર્ય થવાથી, સાથીના નિમિત્તથી અર્થાત્ કોઈનાથી કોઈ ભૂલ થઈ જવાથી ઇત્યાદિ પરિશેષ નિમિત્તોથી કોઈ પ્રસંગમાં સંજ્વલનના ઉદયથી પ્રમત્ત દશામાં પ્રગટ રૂપથી સંજ્વલનની કષાય અવસ્થા આવી જાય, તે યથાસૂક્ષ્મકષાય કુશીલ કહેવાય છે.

આ નિયંઠાનો કષાય સંજ્વલન દશાથી આગળ વધી જાય અથવા આ કષાયના કારણે વિનય, વિવેક, સંયમ પ્રવૃત્તિઓમાં, સમિતિ આદિમાં, દોષની સ્થિતિ થઈ જાય તો આ કષાય કુશીલ નિયંઠો રહી શકતો નથી, તે અન્ય નિયંઠામાં કે અસંયમમાં પરિવર્તિત થઈ જાય છે. વર્તમાન કાલમાં ત્રણ નિયંઠા સંયમ અવસ્થામાં આવી શકે છે, યથા– બકુશ, પ્રતિસેવના અને આ કષાય કુશીલ નિયંઠા. ***–(૨–૩૬) વેદથી અલ્પબહુત્વ સુધીનું વર્ણન આગળ ચાર્ટમાં જુઓ.***

**પ્રશ્ન–૧૮ : નિર્ગ્રંથ નિયંઠાનું ૩૬ દ્વારોથી સ્વરૂપ કેવા પ્રકારનું છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** આ નિયંઠો ૧૧મા ૧૨મા ગુણસ્થાનમાં હોય છે. તેમાં કોઈ પ્રકારનું દોષ સેવન કે કષાય ઉદય કંઇ પણ હોતું નથી. અકષાય દશા હોવાથી તે સાધક વીતરાગ કહેવાય છે અને જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષય ન હોવાથી તથા ઉદય હોવાથી છદ્મસ્થ કહેવાય છે. ચાર નિયંઠાના ૫–૫ ભેદની શૈલીનું અનુકરણ કરીને એના પણ પાંચ ભેદ કર્યા છે પરંતુ ભેદ બનવાનું કોઈ નિમિત્ત પ્રતિસેવના અને કષાય તો અહીં રહેલ નથી. કોઈનો કષાય પૂર્ણ ઉપશાંત છે, કોઈનો પૂર્ણ ક્ષય છે પરંતુ આ નિયંઠો અશાશ્વત છે તેથી તે અપેક્ષાને લઈને તેના પાંચ ભેદ કર્યા છે, તે આ રીતે છે–

**(૧)** કોઈ સમયે એક પણ નિર્ગ્રંથ લોકમાં હોતા નથી અને હોય છે તો કોઈ વિવક્ષિત સમયમાં બધા માત્ર પ્રથમ સમયવર્તી હોય છે. **(૨)** કોઈ વિવક્ષિત સમયમાં બધા માત્ર અપ્રથમ સમયવર્તી હોય છે અથવા **(૩)** કોઈ વિવક્ષિત સમયમાં બધા કેવલ ચરમ સમયવર્તી હોય છે. **(૪)** કોઈ વિવક્ષિત

સમયમાં બધા અચરમ સમયવર્તી જ હોય છે અને **(૫)** કોઈ વિવક્ષિત સમયમાં દ્વિસંયોગી આદિ ભંગથી પણ હોય છે. આ રીતે પાંચ ભેદોનો અર્થ સમજવો જોઇએ.

પાંચની સંખ્યા મેળવવાની શૈલીના ઉપરાંત વ્યક્તિની અપેક્ષાએ પણ તેના અનેક પ્રકારે બે બે ભેદ થઈ શકે છે અને સરલતાથી સમજમાં પણ આવી શકે છે, યથા– (૧) ઉપશાંત કષાય નિર્ગંથ અને (૨) ક્ષીણ કષાય નિર્ગ્રંથ અથવા પ્રથમ સમયના નિર્ગ્રંથ અને અપ્રથમ સમયના નિર્ગ્રંથ. એમ જ ચરમ સમયના નિર્ગ્રંથ અને અચરમ સમયના નિર્ગ્રંથ. આ રીતે વ્યક્તિ-ગત અપેક્ષાથી તો બે બે ભેદ જ બની શકે છે. સૂત્રોક્ત પાંચ ભેદ તો અશાશ્વતતાને ધ્યાનમાં લઈને સંસારના સમસ્ત જીવોની અપેક્ષાએ ઘટે છે, જે ઉપરોક્ત તરીકા–રીતથી બની પણ જાય છે અને સમજમાં પણ આવી જાય છે. તે પાંચ ભેદ આ પ્રમાણે છે– ૧. પ્રથમ સમયવર્તી નિર્ગ્રંથ. ૨. અપ્રથમ સમયવર્તી નિર્ગ્રંથ. ૩. ચરમ સમયવર્તી નિર્ગ્રંથ. ૪. અચરમ સમયવર્તી નિર્ગ્રંથ. ૫. યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ અર્થાત્ દ્વિસંયોગી, ત્રણ સંયોગી આદિ અવસ્થાઓ. *–(૨–૩૬) વેદ દ્વારથી અલ્પબહુત્વ સુધીનું વર્ણન આગળ ચાર્ટથી જુઓ.*

**પ્રશ્ન–૧૯ : સ્નાતક નિયંઠાનું સ્વરૂપ ૩૬ દ્વારોથી કેવી રીતે વર્ણિત છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** ચાર ઘાતીકર્મના સંપૂર્ણ ક્ષય થઈ જવાથી આ નિયંઠો આવે છે અને કેવલજ્ઞાન, કેવલદર્શન યુક્ત બે ગુણસ્થાન (૧૩–૧૪)માં રહે છે. આમાં ભેદ બનવામાં કોઈ દોષનું નિમિત્ત પણ નથી. કષાયનું નિમિત્ત પણ નથી તથા અશાશ્વતતા પણ નથી અર્થાત્ આ નિયંઠા શાશ્વત છે. આ નિયંઠાવાળામાં એક જ સંયમ સ્થાન સમાન રૂપે હોય છે, આત્મગુણજ્ઞાન દર્શન પણ સર્વના સમાન હોય છે. તેથી ભેદ બનવામાં કોઈ પણ કારણ નથી. છતાં પણ પાંચની સંખ્યા શૈલીનું અનુસરણ કરીને શાસ્ત્રકારે પાંચ પ્રકાર કહ્યા છે, તો તે અલગ-અલગ પાંચ ગુણોના સંગ્રાહક રૂપમાં જ છે પરંતુ ભેદ રૂપ નથી. યથા– (૧) અછવિ–યોગનિરોધ અવસ્થામાં કાયયોગના અભાવમાં આ ગુણ પ્રગટ થાય છે. (૨) અસબલે– આ નિયંઠામાં સંપૂર્ણ દોષ રહિત સંયમ અવસ્થા જ પ્રારંભથી હોય છે. (૩) અકમ્મંસે–





ચાર ઘાતીકર્મથી રહિત અવસ્થા પ્રારંભથી જ હોય છે. (૪) સંસુદ્ધણાણ દંસણધરે– પ્રારંભથી વિશુદ્ધ જ્ઞાન દર્શનના ધારક હોય છે. (૫) અપરિશ્રાવી– યોગ નિરોધ કર્યા પછી જ્યારે શાતા વેદનીયનો બંધ પણ રોકાઈ જાય છે ત્યારે અક્રિય અવસ્થા પ્રાપ્ત થાય છે. ***–(૨–૩૬) વેદ દ્વારથી અલ્પબહુત્વ સુધીનું વર્ણન આગળ ચાર્ટમાં જુઓ.***

**પ્રશ્ન–૨૦ : આ નિયંઠા પ્રકરણમાં સંક્ષિપ્તમાં કેવા પ્રકારની જ્ઞેય, હેય, ઉપાદેય શિક્ષા મળે છે અને તેમાં ગુણસ્થાન કયા કયા હોય છે ?**

**જવાબ :** પ્રસ્તુત વર્ણનમાં એ બતાવવામાં આવ્યું છે કે બકુશ અને પ્રતિસેવના બંને દોષ લગાડનાર નિયંઠા લોકમાં શાશ્વત રહે છે અને ઓછામાં ઓછા અનેક સો કરોડ સદા મળે છે.

તેથી સ્પષ્ટ થાય છે કે મહાવિદેહક્ષેત્રમાં પણ મૂલગુણ અને ઉત્તરગુણમાં દોષ લગાડનાર નિર્ગ્રંથ ઓછામાં ઓછા અનેક સો કરોડ શાશ્વત મળે છે. જેને આ ભગવતી આગમ નિર્ગ્રંથરૂપમાં સ્વીકાર કરે છે અને જે નિર્ગ્રંથ હોય છે તેઓમાં છઠ્ઠું ગુણસ્થાન અથવા તેનાથી ઉપરનું કોઈ પણ ગુણસ્થાન હોય છે. તેથી તેઓ સર્વ મૂલગુણ–ઉત્તરગુણના દોષી નિર્ગ્રંથ પણ વંદનીય નિર્ગ્રંથ છે, જોકે તેઓ ઉપરોક્ત બકુશ, પ્રતિસેવના નિર્ગ્રંથની સૂક્ષ્મ અને સ્થૂલ સર્વ પરિભાષાઓમાં સત્ય સિદ્ધ થતા હોય. તેથી પ્રત્યેક સાધકે આ વિશદ વિવેચનથી સત્ય સમજીને આત્મ નિરીક્ષણ કરવું જોઇએ અને સાચું પ્રરૂપણ જ કરવું જોઇએ, ખોટી રીતે કોઈને સાધુ કે અસાધુની છાપ લગાવી દેવી જોઈએ નહિ. સાથે જ સંયમ આરાધના કરવી હોય તો આ વિશદ વિવેચનમાં સૂચિત સાવધાનીઓનું સતર્કતાથી આચરણ કરવું જોઇએ.

**ગુણસ્થાન–** (૧) પુલાકમાં છઠ્ઠું ગુણસ્થાન હોય છે. (૨–૩) બકુશ પ્રતિસેવનામાં છઠ્ઠું–સાતમું બે ગુણસ્થાન હોય છે. (૪) કષાય કુશીલમાં ૬ થી ૧૦ સુધીના પાંચ ગુણસ્થાન હોય છે. (૫) નિર્ગ્રંથમાં ૧૧ મું ૧૨ મું બે ગુણસ્થાન હોય છે. (૬) સ્નાતકમાં ૧૩ મું ૧૪મું બે ગુણસ્થાન હોય છે.

મૂલપાઠમાં ગુણસ્થાન દ્વાર કહ્યું નથી છતાં પણ ૩૬ દ્વારોના વર્ણનથી આ પ્રકારે ફલિત થાય છે.

## છ નિયંઠાનું ૩૬ દ્વારોથી સંક્ષિપ્ત વિવરણ :–

**સૂચના–** ચાર્ટમાંનો કોઈ નિર્દેશ સમજમાં ન આવે તો ઉપરોક્ત પ્રશ્નોને પુનઃ ધ્યાનપૂર્વક વાંચી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા ચાર્ટ નીચેની ટિપ્પણી પણ વાંચીને સમજવાનો પ્રયત્ન કરવો.

| દ્વાર | પુલાક | બકુશ | પ્રતિસેવના | કષાય કુશીલ | નિર્ગ્રન્થ | સ્નાતક |
|---|---|---|---|---|---|---|
| ૧ પ્રજ્ઞાપના ભેદ[1] | જ્ઞાનાદિ ૫ | આભોગાદિ ૫ | જ્ઞાનાદિ ૫ | જ્ઞાનાદિ ૫ | પઢમ વિગેરે ૫ | ૫ ગુણ |
| ૨ વેદ | ૨ | ૩ | ૩ | ૩+અવેદી | અવેદી | અવેદી |
| ૩ રાગ | સરાગી | સરાગી | સરાગી | સરાગી | વીતરાગી | વીતરાગી |
| ૪ કલ્પ[2] | ૩ | ૪ | ૪ | ૫ | ૩ | ૩ |
| ૫ ચારિત્ર[3] | ૨ | ૨ | ૨ | ૪ | ૧ | ૧ |
| ૬ પ્રતિસેવના[4] | ૨ | ૧ | ૨ | અપ્રતિસેવી | = | = |
| ૭ જ્ઞાન | ૩ | ૩ | ૩ | ૪ | ૪ | ૧ |
| ૭ શ્રુત[5-6] | ૯ પૂર્વમાં ન્યૂન/પૂર્ણ | ૧૦ પૂર્વ | ૧૦ પૂર્વ | ૧૪ પૂર્વ | ૧૪ પૂર્વ | શ્રુત વ્યતિરિકત |
| ૮ તીર્થ | તીર્થમાં | તીર્થમાં | તીર્થમાં | બન્નેમાં | બન્નેમાં | બન્નેમાં |
| ૯ લિંગ દ્રવ્ય/ભાવ | ૧/૧ | ૩/૧ | ૩/૧ | ૩/૧ | ૩/૧ | ૩/૧ |
| ૧૦ શરીર | ૩ | ૪ | ૪ | ૫ | ૩ | ૩ |
| ૧૧ ક્ષેત્ર જન્મ | ૧ (કર્મભૂમિ) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૧ સંહરણ | નહીં[7] | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૧૨ કાળ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૧૨ અવ–સર્પિણી[9] જન્મ/સદભાવ | ૩-૪ આરા ૩–૪–૫ | ૩–૪–૫ | ૩–૪–૫ | ૩–૪–૫ | ૩–૪ ૩–૪–૫ | ૩–૪ ૩–૪–૫ |
| ૧૨ ઉત્સર્પિણી/ જન્મ/સદભાવ | ૨–૩–૪/ ૩–૪ | = | = | = | = | = |





| દ્વાર | પુલાક | બકુશ | પ્રતિસેવના | કષાય કુશીલ | નિર્ગ્રન્થ | સ્નાતક |
|---|---|---|---|---|---|---|
| ૧૨ સંહરણ | × | સર્વત્ર | = | = | = | = |
| ૧૨ નો ઉત્સર્પિણી૦[9] જન્મ/સંહરણ | ૧(મહા વિદેહ)/ × | ૧/૪ પલિભાગ | = | = | = | = |
| ૧૩ ગતિ | ૧ થી ૮ દેવલોક | ૧ થી ૧૨ દેવલોક | = | વૈમાનિક બધા | ૫ અણુત્તર દેવ | મોક્ષ |
| ૧૩ સ્થિતિ | ૨ પલ્ય/ ૧૮ સાગર | ૨ પલ્ય/ ૨૨ સાગર | ૨ પલ્ય ૨૨ સાગર | ૨ પલ્ય ૩૩ સાગર | ૩૩ સાગર | સાદિ અનંત |
| ૧૩ પદવી | ૪ | ૪ | ૪ | ૫ | ૧ | × |
| ૧૪ સંયમ સ્થાન | અસંખ્ય | = | = | = | ૧ | ૧ |
| ૧૪ અલ્પ બહુત્વ | ૨અસંખ્યાત ગુણા | ૩ = | ૪ = | ૫ = | ૧ અલ્પ | ૧ અલ્પ |
| ૧૫ પર્યવ | અનંત | = | = | = | = | = |
| ૧૫ પુલાકપર્યવ | છઠ્ઠાણ[10] વડિયા | અનંતમો ભાગ | = | છઠ્ઠાણ વડિયા | અનંતમો ભાગ | = |
| ૧૫ બકુશ– પ્રતિસેવના પર્યવ | અનંત ગુણ | છઠ્ઠાણ વડિયા | = | = | અનંતમો ભાગ | = |
| ૧૫ કષાય– કુશીલ | છઠ્ઠાણ વડિયા | = | = | = | અનંતમો ભાગ | અનંતમો ભાગ |
| ૧૫ નિર્ગ્રન્થ– સ્નાતક | અનંત ગુણ | = | = | = | સરખા | સરખા |
| ૧૫ અલ્પબહુત્વ[11] | ૧/૨ | ૩/૪ | ૩/૫ | ૧/૬ | ૭ અનંત ગુણા | = |
| ૧૬ યોગ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩/અયોગી |
| ૧૭ ઉપયોગ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૧૮ કષાય | ૪ | ૪ | ૪ | ૪,૩,૨,૧ | અકષાયી | = |
| ૧૯ લેશ્યા | ૩ | ૩ | ૩ | ૬ | ૧ | ૧/અલેશી |
| ૨૦ પરિણામ | ૩ | ૩ | ૩ | ૩ | ૨ | ૨ |

| દ્વાર | પુલાક | બકુશ | પ્રતિસેવના | કષાય કુશીલ | નિર્ગ્રન્થ | સ્નાતક |
|---|---|---|---|---|---|---|
| ૨૦ વર્ધમાન સ્થિતિ | ૧ સમય/ અંતર્મુહૂર્ત | = | = | = | અંતર્મુહૂર્ત | = |
| ૨૦ હાયમાન સ્થિતિ | ૧ સમય/ અંતર્મુહૂર્ત | = | = | = | × | × |
| ૨૦ અવસ્થિત સ્થિતિ | ૧ સમય/ ૭ સમય | = | = | = | ૧ સમય/ અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત જ. દેશોન કરોડ પૂર્વ –ઉ. |
| ૨૧ કર્મ બંધ | ૭ | ૭–૮ | ૭–૮ | ૭–૮–૬ | ૧ | ૧/અબંધ |
| ૨૨ ઉદય (વેદન) | ૮ | ૮ | ૮ | ૮ | ૭ | ૪ |
| ૨૩ ઉદીરણા[૧૨] | ૬ | ૭,૮,૬ | ૭,૮,૬ | ૭,૮,૬,૫ | ૫,૨ | ૨/અનુદીરણ |
| ૨૪ ઉવસંપદા (ગત) સંયમ વિગેરેમાં | ૨ | ૪ | ૪ | ૬ | ૩ | મોક્ષ |
| ૨૫ સંજ્ઞા | નો સંજ્ઞો- પયુક્ત | ૫ | ૫ | ૫ | નો સંજ્ઞો પયુક્ત | = |
| ૨૬ આહાર | આહારક | = | = | = | = | બન્ને |
| ૨૭ ભવ જ/ઉ | ૧/૩ | ૧/૮ | ૧/૮ | ૧/૮ | ૧/૩ | ૧/મોક્ષ |
| ૨૮ આકર્ષ ૧ ભવમાં | ૧/૩ વખત | ૧/અનેક સો વખત | = | = | ૧/૨ | ૧ |
| અનેક ભવમાંવખત | ૨/૭ | ૨/અનેક હજાર | = | = | ૨/૫ | ૧ |
| ૨૯ સ્થિતિ ૧ જીવ | અંતર્મુહૂર્ત | ૧ સમય/ દેશોન કરોડ પૂર્વ | = | = | ૧ સમય અંતર્મુહૂર્ત | અંત/ દેશોન કરોડપૂર્વ |
| અનેક જીવ | ૧ સમય અંતર્મુહૂર્ત | શાશ્વત | = | = | ૧ સમય/ અંતર્મુહૂર્ત | શાશ્વત |
| ૩૦ અંતર એક જીવ | જ. અંતર્મુ૰ ઉ. અર્ધ પુદ્ગલ | = | = | = | = | × |





| દ્વાર | પુલાક | બકુશ | પ્રતિસેવના | કષાય કુશીલ | નિર્ગ્રન્થ | સ્નાતક |
|---|---|---|---|---|---|---|
| અનેક જીવ | જ. એક સમય ઉ. સંખ્યાત વર્ષ | × | × | × | જ. ૧ સમય ઉ.૬ માસ | × |
| ૩૧ સમુદ્ઘાત | ૩ ક્રમશઃ | ૫ | ૫ | ૬ | × | ૧ |
| ૩૨ ક્ષેત્ર (અવગાહન) | અસંખ્યાશ લોક | = | = | = | = | સર્વ લોક આદિ અસં૰ લોક |
| ૩૩ સ્પર્શના | અસંખ્યાંશ લોક સાધિક | = | = | = | = | સર્વ લોક આદિ અસંખ્યાંશ લોક |
| ૩૪ ભાવ | ક્ષયોપશમ ભાવ | = | = | = | ૨ ભાવ | ક્ષાયિક ભાવ |
| ૩૫ પરિમાણ નવા | ૦/૧/ અનેક સો[૧૩] | = | = | ૦/૧/ અનેક હજાર | ૦/૧/ ૧૬૨ | ૦/૧/ ૧૦૮ |
| ૩૫ નવા જુના | ૦/અનેક હજાર | અનેક સો કરોડ | = | અનેક હજાર કરોડ | ૦/૧/ અનેક સો. | અનેક કરોડ |
| ૩૬ અલ્પ બહુત્વ | ૨ સંખ્ય ગુણા | ૪ = | ૫= | ૬= | ૧ અલ્પ | ૩ સંખ્ય ગુણા |

***ટિપ્પણ :– (૧) પુલાક આદિના ૫–૫ પ્રકાર ઉપરના પ્રશ્ન–૧૩ થી ૨૦ સુધીમાં સમજાવવામાં આવ્યા છે. (૨) પુલાકમાં સ્થિત, અસ્થિત અને સ્થવિર એ ત્રણ કલ્પ છે. નિર્ગ્રંથ સ્નાતકમાં–સ્થિત,અસ્થિત અને કલ્પાતીત એ ત્રણ કલ્પ છે. જ્યાં ચાર કલ્પ છે ત્યાં કલ્પાતીત નથી. (૩) જ્યાં બરાબર(=)નું ચિહ્ન છે તેનો અર્થ છે તેના પૂર્વવર્તી નિયંઠાની સમાન છે, યથા– પ્રતિસેવના દ્વારમાં નિર્ગ્રંથના કોલમમાં બરાબરનું ચિહ્ન છે તો તે કષાય કુશીલની સમાન અપ્રતિસેવી જાણવું. આ જ રીતે સર્વત્ર સર્વ ચાર્ટોમાં એમ સમજવું. (૪) ચારિત્રદ્વારમાં જે પણ સંખ્યા છે, તે ચારિત્ર ક્રમશઃ જાણવા. (૫) પુલાકના જઘન્ય શ્રુતજ્ઞાન ૯ મા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ (ત્રીજું અધ્યયન) છે અર્થાત્ ૮ પૂર્વનું જ્ઞાન સંપૂર્ણ અને ૯મા પૂર્વનું અધ્યયન***

*ચાલતું હોય તેને પુલાક લબ્ધિ થઈ શકે છે. ઉત્કૃષ્ટ સંપૂર્ણ ૯ પૂર્વના જ્ઞાનવાળા પુલાક લબ્ધિનો પ્રયોગ કરી શકે છે. ૯ પૂર્વથી અધિક જ્ઞાનવાળા પુલાક લબ્ધિપ્રયોગ કરતા નથી અને કરે તો ૯ પૂર્વથી અધિકનું ક્ષયોપશમિક જ્ઞાન ઘટીને ૯ પૂર્વમાં આવી જાય છે. (૬) બકુશ આદિમાં જઘન્ય શ્રુત આઠ પ્રવચન માતાનું છે. ચાર્ટમાં કેવલ ઉત્કૃષ્ટ જ આપ્યું છે. (૭) પુલાકનું સંહરણ થતું નથી, તેનું તાત્પર્ય એ છે કે અકર્મભૂમિ અથવા અન્ય અકર્મક આરાના સ્થાન પર પુલાક લબ્ધિ સંપન્ન સાધુનું સંહરણ કરી પણ દે તો ત્યાં લબ્ધિપ્રયોગનો પ્રસંગ એટલે પુલાક નિયંઠાનો પ્રસંગ આવતો નથી એ અપેક્ષા સંહરણનો નિષેધ સમજવો જોઈએ. પરંતુ કોઈ પુલાકલબ્ધિ સંપન્ન અણગારને ભરતક્ષેત્રના એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં કોઈ દેવ સંહરણ કરીને રાખી દે તો ત્યાં આવશ્યક હોય તો તે અણગાર પુલાક લબ્ધિનો પ્રયોગ કરી શકે છે. નિષેધ કરવાનો આશય લબ્ધિપ્રયોગના અયોગ્ય અન્ય ક્ષેત્ર અને આરા છે. તેની અપેક્ષાએ સમજવું જોઈએ. તેમજ લબ્ધિપ્રયોગ યુક્તના અંતર્મુહૂર્ત કાલમાં સંહરણ થતું નથી. (૮) સંહરણની અપેક્ષા 'સર્વત્ર' એમ કહેવાનો આશય છે– છએ આરા અને ચારે પલિભાગમાં પ્રાપ્ત થાય. (૯) નોઉત્સર્પિણીનો અર્થ, નોઉત્સર્પિણી નોઅવસર્પિણી=મહાવિદેહક્ષેત્ર અને ૬ અકર્મભૂમિના ત્રણ પલિભાગ. (૧૦) છટ્ઠાણવડિયાનો અર્થ ઉપર પ્રશ્ન–૧૪ માં આપવામાં આવ્યો છે. ૧૫મા પર્યવદ્વારના ચાર્ટમાં છએ નિયંઠાની છએ નિયંઠાથી પર્યાયની સરખામણી અલગ-અલગ બતાવી છે. દ્વારના કોલમમાં કહેલ પુલાક આદિ છએ કોલમમાં કહેવામાં આવેલ પુલાક આદિથી એવું સમજવું. (૧૧) પંદરમાં દ્વારમાં પર્યવનું અલ્પબહુત્વ કહ્યું છે. ત્યાં ૧/૨ નું તાત્પર્ય જઘન્ય પર્યવ/ઉત્કૃષ્ટ પર્યવ છે અર્થાત્ પુલાકનું જઘન્ય સર્વથી અલ્પ છે અને ઉત્કૃષ્ટ બીજા ક્રમમાં અનંતગણું છે. ૧/૬નો હેતુ છે કષાય કુશીલના જઘન્ય પર્યવ સર્વથી અલ્પ છે અને પુલાકના જઘન્યથી તુલ્ય છે અને ઉત્કૃષ્ટ પર્યવનો અલ્પબહુત્વમાં છઠ્ઠો નંબર છે અને અનંતગણું તો સ્વતઃ જ સમજી લેવું. એ જ રીતે ૩/૪ અને ૩/૫ નો હેતુ પણ સમજી લેવો. જે ૧ કે ૩ અથવા ૭ બબ્બે વાર અંક આપવામાં આવે છે, તેનો અર્થ છે કે તે આપસમાં તુલ્ય છે, તેના અલ્પબહુત્વનો નંબર એક સમાન છે. (૧૨) ઉદીરણામાં ૭ કર્મ=આયુષ્ય નહિ. ૬ કર્મ= વેદનીય પણ નહિ. ૫ કર્મ = મોહનીય પણ નહિ. ૨ કર્મ = નામ અને ગોત્ર કર્મ. (૧૩) પરિમાણ દ્વારમાં ૦/૧ અનેકસો= એમાં શૂન્યનો મતલબ છે કે ક્યારેક તે નિયંઠામાં એક પણ હોતા નથી. એકનો મતલબ જઘન્ય ૧–૨–૩ અને અનેક સોનો મતલબ ઉત્કૃષ્ટ એટલા હોઈ શકે છે. નવાનો મતલબ = પ્રતિપદ્યમાન એટલે તે નિયંઠામાં નવો પ્રવેશ કરનાર. નવા-જૂનાનો મતલબ= પૂર્વ પ્રતિપન્ન અર્થાત્ કુલ કેટલા હોય છે. નવા જૂનામાં જ્યાં શૂન્ય નથી તે તેટલા સદા શાશ્વત મળે છે. ॥ ચાર્ટગત ટિપ્પણ સમાપ્ત ॥*





**પ્રશ્ન–૨૧ : કલ્પદ્વારમાં ૨+૩=૫ કલ્પ કહ્યા છે. તે પાંચેયનું સ્વરૂપ શું છે ?**

**જવાબ : (૧) સ્થિતકલ્પ–** આ કલ્પમાં ૧૦ કલ્પોનું પૂર્ણ રૂપે નિયમથી પાલન કરાય છે. **(૨) અસ્થિતકલ્પ–** આ કલ્પમાં ચાર કલ્પોનું પૂર્ણ રૂપે પાલન કરાય છે અને શેષ ૬ કલ્પોનું વૈકલ્પિક પાલન કરાય છે અર્થાત્ કોઈ કલ્પની કંઈક અલગ વ્યવસ્થા હોય છે અને કોઈ કલ્પનું પાલન ઐચ્છિક નિર્ણય પર હોય છે. **(૩) સ્થવિરકલ્પ–** આ કલ્પમાં સંયમના સર્વ નાના-મોટા નિયમ-ઉપનિયમોનું ઉત્સર્ગ રૂપથી (સામાન્યતઃ) પૂર્ણ પાલન કરાય છે અને વિશેષ પરિસ્થિતિમાં ગીતાર્થ-બહુશ્રુતની સ્વીકૃતિથી અપવાદ સેવન કરાય છે અર્થાત્ સકારણ સંયમ મર્યાદાથી બાહ્ય આચરણ કરીને તેનું આગમોક્ત પ્રાયશ્ચિત્ત લેવામાં આવે છે અને પરિસ્થિતિ સમાપ્ત થતાં પુનઃ શુદ્ધ સંયમનું પાલન કરાય છે. એવા ઉત્સર્ગ અને અપવાદના વૈકલ્પિક આચરણવાળો આ કલ્પ સ્થવિરકલ્પ છે. આ કલ્પમાં ગીતાર્થ બહુશ્રુતની આજ્ઞાથી શરીર અને ઉપધિનું પરિકર્મ પણ કરી શકાય છે. **(૪) જિનકલ્પ–** જિનનો અર્થ થાય છે રાગદ્વેષના વિજેતા વીતરાગ. તેથી જે કલ્પમાં શરીર પ્રત્યે પૂર્ણ વીતરાગતા સમાન આચરણ થાય છે તે જિનકલ્પ કહેવાય છે. આ કલ્પમાં સંયમના નિયમ ઉપનિયમોમાં કોઈ પણ પ્રકારના અપવાદનું સેવન કરવામાં આવતું નથી. એ ઉપરાંત આ કલ્પમાં શરીર અને ઉપકરણોનું કોઈ પ્રકારનું પરિકર્મ પણ કરી શકાતું નથી. અર્થાત્ નિર્દોષ ઔષધ-ઉપચાર કરવા, કપડા ધોવા, સીવવા આદિ પણ કરવામાં આવતું નથી. રોગ આવી જાય, રક્ત વહે, તોપણ કોઈ ઉપચાર કરવામાં આવતા નથી. એવી શારીરિક વીતરાગતા જેમાં ધારણ કરવામાં આવે છે તે **જિનકલ્પ** છે. **(૫) કલ્પાતીત–** જે શાસ્ત્રાજ્ઞાઓ મર્યાદાઓ પ્રતિબંધોથી દૂર થઈ જાય છે, મુક્ત થઈ જાય છે. પોતાના જ જ્ઞાન અને વિવેકથી આચરણ કરવું જેઓનો ધર્મ થઈ જાય છે. એવા પૂર્ણ યોગ્યતા સંપન્ન સાધકોનો આચાર **કલ્પાતીત** (અર્થાત્ ઉક્ત ચારે ય કલ્પોથી મુક્ત) કહેવાય છે.**તીર્થંકર** અને ઉપશાંત વીતરાગ, ક્ષીણ વીતરાગ(૧૧, ૧૨, ૧૩, ૧૪મા ગુણસ્થાનવાળા) આદિ કલ્પાતીત હોય છે. તીર્થંકર ભગવાનના સિવાય છદ્મસ્થ, મોહકર્મ યુક્ત કોઈ પણ સાધક કલ્પાતીત હોતા નથી, આગમ વિહારી હોઈ શકે છે.

**દશ કલ્પ–** સ્થિતકલ્પવાળાઓના દશ કલ્પ આ પ્રમાણે છે– **(૧) અચેલ કલ્પ–** મર્યાદિત અને અલ્પ મૂલ્યવાળા સફેદ વસ્ત્ર રાખવા તથા પાત્ર આદિ

અન્ય ઉપકરણ પણ મર્યાદિત રાખવા અર્થાત્ જે ઉપકરણની ગણતરી અને માપ જે પણ સૂત્રોમાં દર્શાવેલ છે, તેનું પાલન કરવું અને જેનું માપ સૂત્રોમાં સ્પષ્ટ નથી તેનું બહુશ્રુતો દ્વારા નિર્દિષ્ટ મર્યાદાનુસાર પાલન કરવું એ **અચેલ કલ્પ** છે.

**(૨) ઔદ્દેશિક–** સમુચ્ચય સાધુ સમૂહના નિમિત્તે બનેલી વસ્તુ(આહાર, મકાન આદિ) ઔદ્દેશિક હોય છે. વ્યક્તિગત સાધુના નિમિત્તવાળી વસ્તુ આધાકર્મી હોય છે. જે કલ્પમાં ઔદ્દેશિકનો ત્યાગ કરવાનું પ્રત્યેક સાધકને માટે આવશ્યક હોય છે તે ઔદ્દેશિક કલ્પ કહેવાય છે.

**(૩) રાજપિંડ–** મુગટબંધ અન્ય રાજાઓ દ્વારા અભિષિક્ત હોય એવા મોટા રાજાઓના ઘરનો આહાર રાજપિંડ કહેવાય છે તથા તેઓના અન્ય પણ અનેક પ્રકારના રાજપિંડ નિશીથ સૂત્ર આદિમાં બતાવવામાં આવેલ છે, તેને ગ્રહણ કરવો નહિ, એ રાજપિંડ નામનો ત્રીજો કલ્પ છે.

**(૪) શય્યાતરપિંડ–** જેના મકાનમાં શ્રમણ-શ્રમણી રોકાય છે, તે શય્યાતર કહેવાય છે. તેના ઘરનો આહાર, વસ્ત્ર આદિ શય્યાતર પિંડ કહેવાય છે, તેને ગ્રહણ કરવો નહિ તે શય્યાતર પિંડ કલ્પ છે.

**(૫) માસકલ્પ–** શ્રમણ એક ગ્રામાદિમાં ૨૯ દિવસથી અધિક ન રહે અને શ્રમણી ૫૮ દિવસથી વધુ ન રહે, તેને માસકલ્પ કહે છે.

**(૬) ચૌમાસકલ્પ–** અષાઢી પૂનમથી કાર્તિક પૂનમ સુધી આગમોક્ત કારણ વિના વિહાર કરવો નહિ પરંતુ એક જ સ્થાને સ્થિરતાપૂર્વક રહેવું, એ ચૌમાસ-કલ્પ છે.

**(૭) વ્રતકલ્પ–** પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજન વ્રતનું પાલન કરવું અથવા ચાતુર્યામ ધર્મનું પાલન કરવું વ્રતકલ્પ છે.

**(૮) પ્રતિક્રમણ–** સવાર-સાંજ બંને વખત નિયમિત પ્રતિક્રમણ કરવું એ પ્રતિક્રમણ કલ્પ છે.

**(૯) કૃતિકર્મ–** દીક્ષા પર્યાયથી વડીલને પ્રતિક્રમણ આદિ યથાસમય વંદન કરવા, તે કૃતિકર્મ કલ્પ છે.

**(૧૦) પુરુષ જ્યેષ્ઠકલ્પ–** કોઈ પણ શ્રમણ(પુરુષ) કોઈ પણ શ્રમણી (સ્ત્રી)ને માટે, જ્યેષ્ઠ જ હોય છે અર્થાત્ વંદનીય જ હોય છે. તેથી નાના-મોટા





સર્વ શ્રમણ-સાધ્વીને માટે મોટા જ માનવામાં આવે છે અને તદનુસાર જ યથાસમય વિનય, વંદન-વ્યવહાર કરવામાં આવે છે અને સાધુ કોઈ પણ દીક્ષા પર્યાયવાળા હોય તે સાધ્વીને વ્યવહાર વંદન કરતા નથી, એ પુરુષજ્યેષ્ઠ નામનો દસમો કલ્પ છે. એ દશ કલ્પનું પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં પાલન કરવાનું આવશ્યક છે અર્થાત્ તે શ્રમણોને એ ઉકત દશે નિયમ પૂર્ણ રૂપે લાગુ થાય છે. શેષ ૨૨ મધ્યમ તીર્થંકરોના શાસનમાં અને મહાવિદેહમાં ૬ કલ્પ વૈકલ્પિક હોય છે, તેની વ્યવસ્થા આ રીતની છે–

**(૧) અચેલ કલ્પ–** સ્વમતિ નિર્ણય અનુસાર વસ્ત્ર પાત્ર હીનાધિક માત્રામાં અલ્પમૂલ્ય, બહુમૂલ્ય જેવા પણ સમય અનુસાર મળે અને લેવા ઈચ્છે તો લઈ શકે છે. આ સંદર્ભમાં રંગીન વસ્ત્ર લેવાનું કથન અયોગ્ય છે, તેવો અર્થ નહિ કરવો જોઈએ કારણ કે એવું કરવામાં સ્વલિંગતામાં અવ્યવસ્થા થાય છે અન્ય ધર્મમાં પણ સાધુના ભગવા રંગ આદિ કોઈપણ એક જ પ્રકારના વસ્ત્ર હોય છે.

**(૨) ઔદ્દેશિક–** અનેક સાધુ સમૂહના ઉદ્દેશ્યથી બનેલ આહાર વ્યક્તિગત કોઈ શ્રમણ લેવા ઈચ્છે તો લઈ શકે છે. જો તેના માટે જ કોઈએ બનાવેલો હોય એવો આધાકર્મી લઈ શકાતો નથી.

**(૩) રાજપિંડ–** ઈચ્છા અનુસાર યથાપ્રસંગ લઈ શકે છે.

**(૪) માસકલ્પ–** આવશ્યક લાગે તો ૨૯ દિવસથી અધિક પણ ઈચ્છાનુસાર રોકાઈ શકે છે.

**(૫) ચૌમાસકલ્પ–** આવશ્યક લાગે તો ભાદરવા શુદ પાંચમના પહેલા સુધી વિહાર કરી શકે છે. પંચમીના દિવસથી કારતક શુદ ૧૫ સુધી વિહાર કરવો નહિ એટલા નિયમનું પાલન કરે છે.

**(૬) પ્રતિક્રમણ–** આવશ્યક લાગે તો સવાર-સાંજ પ્રતિક્રમણ કરી લેવું અને આવશ્યક ન લાગે તો નહિ કરવું પરંતુ પાખી, ચૌમાસી, સંવત્સરીના દિવસે સાંજનું પ્રતિક્રમણ અવશ્ય કરવું.

આ પ્રકારની વ્યવસ્થાવાળા એ ૬ વૈકલ્પિક કલ્પ છે. મધ્યમ તીર્થંકરના સાધુઓનો આ રીતે વૈકલ્પિક–**અસ્થિત કલ્પ** કહેલ છે અને પ્રથમ-અંતિમ તીર્થંકરના શ્રમણોના એ દશેય કલ્પોનું પાલન આવશ્યક હોવાને **સ્થિત કલ્પ**

કહેલ છે. **અસ્થિતકલ્પ**વાળાને માટે **ચાર** આવશ્યક કરણીય કલ્પ આ રીતના છે– **૧. શય્યાતર પિંડ–** મકાન માલિકના આહારાદિ લેવા નહિ. **૨. વ્રત–** મહાવ્રત ચાતુર્યામ અને અન્ય વ્રત નિયમ સમિતિ ગુપ્તિ આદિનું યથાર્થ પાલન કરવું. **૩. કૃતિકર્મ–** દીક્ષાપર્યાયના ક્રમથી વિનય, વંદન-વ્યવહાર કરવાનું આવશ્યક હોય છે. **૪. પુઢષ જ્યેષ્ઠ–** શ્રમણીઓને માટે સર્વ શ્રમણોને જ્યેષ્ઠ પૂજનીય માનીને વિનય, વંદન-વ્યવહાર કરવો આવશ્યક હોય છે. શ્રમણોએ પણ પુઢષ જ્યેષ્ઠ કલ્પનું ધ્યાન રાખીને જ સાધ્વીઓ સાથે યોગ્ય સન્માન સમાદરનો વ્યવહાર કરવાનો હોય છે પરંતુ વ્યાવહારિક વંદન કરવામાં આવતા નથી.

એ દશે ય કલ્પ અહીં ભગવતી સૂત્રમાં સ્થિતકલ્પમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૨૨ : પુઢષ જ્યેષ્ઠ નામના ચોથા કલ્પની(મોટી સાધ્વી નાના સાધુને વંદન કરે) એકાંતિકતા ઉચિત છે શું ?**

**જવાબ :** આ આર્ય સંસ્કૃતિનો અનાદિ નિયમ છે. ભારતીય ધર્મ સિદ્ધાંતોમાં ક્યાંય પણ શ્રમણીઓ શ્રમણોને માટે વંદનીય કહી નથી. તેથી આ ભારતીય સંસ્કૃતિનો લૌકિક વ્યવહાર છે. એ જ કારણથી આ નિયમને મધ્યમ તીર્થંકરોના શાસનમાં પણ વૈકલ્પિક નહિ બતાવીને આવશ્યક નિયમોમાં બતાવેલ છે. તેથી પુઢષ જ્યેષ્ઠનો વ્યવહાર કરવાનો અનાદિ ધર્મ સિદ્ધાંત જ લૌકિક વ્યવહારને સમ્મત–અનુગત છે. એવું જ સર્વજ્ઞોએ ઉપયુક્ત–યોગ્ય જોયું છે. આ જ સિદ્ધાંતથી લોક વ્યવહાર અને વ્યવસ્થા સુંદર ઢંગથી ચાલી આવે છે. આ આગમિક સિદ્ધાંતનું તાત્પર્ય એ નથી કે સાધ્વી સંઘનો આદર થતો નથી.

શ્રમણ નિર્ગ્રંથો ગૃહસ્થની કોઈ પ્રકારની સેવા કરી શકતા નથી પરંતુ શ્રમણીની આવશ્યકતાની સ્થિતિમાં તે દરેક સેવા માટે તત્પર રહે છે. તે સેવા ''ગોચરી લાવવી, સંરક્ષણ કરવું, ઉઠાવીને અન્યત્ર પહોંચાડી દેવું, ક્યાંય પડતા, આખડતા, ગભરાતા સમયે સહારો આપવો અથવા પાણીમાં સાધ્વી તણાથી હોય તો તરીને બહાર ખેંચી લાવવી'' આદિ સૂત્રોમાં અનેક પ્રકારની કહેવામાં આવી છે. એવા અનેક કાર્યોની શાસ્ત્રમાં આજ્ઞા છે અને ભાવ વંદન-નમસ્કારમાં શ્રમણ પણ સર્વ શ્રમણીઓને નમસ્કાર મંત્રમાં વંદન-નમસ્કાર





કરે છે. પુઢષ જ્યેષ્ઠકલ્પ માત્ર લૌકિક વ્યવહારને માટે જ તીર્થંકરો દ્વારા નિર્દિષ્ટ છે, તેની અવહેલના–અવજ્ઞા કરવી શ્રદ્ધાળુ બુદ્ધિમાનોને માટે યોગ્ય હોતું નથી. વ્યવહાર વ્યવહારના સ્થાને છે અને નિશ્ચય(ભાવ)ના સ્થાને નિશ્ચય (ભાવ) છે. આ જ પુઢષ જ્યેષ્ઠ કલ્પને સમજવાનો સાર છે.

આર્ય સંસ્કૃતિમાં લગ્ન-વિવાહ થતાં સ્ત્રી, પુઢષના ઘેર આવે છે પરંતુ સ્ત્રીના ઘેર પર પુઢષ જતો નથી. તેને જ યોગ્ય સમજીને પાલન કરવામાં આવે છે પરંતુ તેને સ્ત્રીની સાથે અન્યાય ગણાતો નથી. તે જ રીતે પુઢષ-જ્યેષ્ઠકલ્પને સ્ત્રીની સાથે અન્યાય નહિ કહીને જિનાજ્ઞા સમજીને શ્રદ્ધાપૂર્વક પાલન કરવામાં આવે છે, તે ઉચિત જ છે.

**પ્રશ્ન–૨૩ : છઠ્ઠું પ્રતિસેવના દ્વાર, બારમું કાલદ્વાર, તેરમું ગતિદ્વાર, ચૌદમું સંયમદ્વાર, પંદરમું સંનિકર્ષદ્વાર, ચોવીસમું ઉપસંપદાદ્વાર અને બત્રીસમું ક્ષેત્રદ્વાર ઈત્યાદિ એ દ્વારોનું તાત્પર્ય અને પ્રાસંગિકતા શું છે ?**

**જવાબ :** છઠ્ઠું પ્રતિસેવનાદ્વાર– સંયમના મૂલગુણ–પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન ત્યાગ વ્રત છે. ઉત્તરગુણમાં–સ્વાધ્યાય, તપ અને નિયમોપનિયમ છે. તે મૂલગુણ આચારમાં દોષ લગાડવો અને ઉત્તરગુણની મર્યાદાઓનો ભંગ કરવો **પ્રતિસેવના–**વિપરીત આચરણ કહેવાય છે. આ રીતની પ્રતિસેવના બે પ્રકારની છે– ૧. મૂલગુણ પ્રતિસેવના ૨. ઉત્તરગુણ પ્રતિસેવના. કોઈ પણ મર્યાદાનો ભંગ કરવો નહિ, દોષ લાગાડવો નહિ તે **અપ્રતિસેવના** કહેવાય છે. એવા સાધક અથવા તેના નિયંઠાચારિત્ર **અપ્રતિસેવી** કહેવાય છે.

**બારમું કાલદ્વાર–** તેના ત્રણ પ્રકાર છે– ૧. ઉત્સર્પિણી ૨. અવસર્પિણી ૩. નોઉત્સર્પિણી નોઅવસર્પિણી. તેના પુનઃ ક્રમશઃ ૬–૬ અને ચાર ભેદ છે અર્થાત્ ઉત્સર્પિણીના ૬ આરા છે. અવસર્પિણીના પણ ૬ આરા છે. નોઉત્સર્પિણી નોઅવસર્પિણીના ૪ પ્રકાર– ૧. પહેલા આરાના પ્રારંભની સમાન, ૨. બીજા આરાના પ્રારંભની સમાન, ૩. ત્રીજા આરાના પ્રારંભની સમાન, ૪. ચોથા આરાના પ્રારંભની સમાન કાલ અને ભાવ જ્યાં હોય, તે ચાર પ્રકારના ક્ષેત્ર ક્રમશઃ એ છે– ૧. દેવકુઢ-ઉત્તરકુઢ ૨. હરિવાસ-રમ્યગ્વાસ ૩. હેમવત-હેરણ્યવત ૪. મહાવિદેહક્ષેત્ર. એ ક્ષેત્રોમાં જન્મ, સદ્ભાવ(હોવો) અને સંહરણ એમ ત્રણ અપેક્ષાથી નિર્ગ્રંથ કે સંયતનું વર્ણન કરવામાં આવે છે.

**તેરમું ગતિદ્વાર–** આ દ્વારમાં ૩ વિભાગ છે– (૧) ક્યાં જાય ? – સર્વ નિયંઠા વૈમાનિકમાં જ જાય (૨) કેટલી સ્થિતિ પ્રાપ્ત કરે ?– બે પલ્યોપમ અથવા અનેક પલ્યોપમથી લઈને ૩૩ સાગર સુધીની યથાયોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરે છે. (૩) કેટલી પદવી પ્રાપ્ત કરે ?– ઈન્દ્ર, સામાનિક, ત્રાયત્રિંશક, લોકપાલ અને અહમેંદ્ર એ પાંચ-પાંચ પદવીઓ છે. તેમાંથી આરાધનાવાળાને જ યથાયોગ્ય પદવી પ્રાપ્ત થાય છે, વિરાધના કરનારને એ પદવીઓ પ્રાપ્ત થતી નથી.

નિર્ગ્રંથની ગતિની પૃચ્છા છતાં પણ આરાધના વિરાધનાનો વિકલ્પ નિકટતમ ભૂત અથવા ભવિષ્યકાલની અપેક્ષા સમજવો જોઈએ અર્થાત્ નિયમસર પ્રતિસેવી કહેલ નિયંઠા અંતિમ સમયમાં શુદ્ધિ કરી લે તો તે નિયંઠામાં આરાધનાનો વિકલ્પ સમજવો અને અપ્રતિસેવી નિર્ગ્રંથ અંતિમ સમયે કોઈ પ્રતિસેવના અવસ્થામાં આવી જાય, તો તે તે અપ્રતિસેવી નિયંઠાની વિરાધનાનો વિકલ્પ ગણાશે. આ આરાધના-વિરાધનાનો વિકલ્પ પદવી પ્રાપ્તિના પ્રશ્નના ઉત્તરમાં છે. મૂલ પૃચ્છામાં નિર્ગ્રંથોની ગતિ કેવલ વૈમાનિકની જ કહી છે. તેથી આરાધના-વિરાધનાના વિકલ્પવાળા પણ નિર્ગ્રંથ તો છે જ, તેને નિર્ગ્રંથ અવસ્થાથી બહારના સમજી શકાતા નથી કારણ કે ત્રણ ગતિ અને ત્રણ જાતિના દેવોનો સ્પષ્ટ નિષેધ સૂત્રમાં પહેલાથી જ કરી દેવામાં આવ્યો છે. ત્યાર પછી જ પદવીની પૃચ્છા છે. તેથી વિરાધનાના વિકલ્પમાં પદવી રહિત અવસ્થા પણ વૈમાનિક દેવોની જ સમજવી. ભવનપતિ આદિ આ નિર્ગ્રંથોની ગતિના અવિષયભૂત છે, તેથી તેઓને અહીં નહિ સમજવા જોઈએ.

**ચૌદમું સંયમસ્થાનદ્વાર–** સંયમની શુદ્ધિ અને અધ્યવસાયોની ભિન્નતાઓથી સંયમની તારતમ્યતા હોય છે. તેની અનેક કક્ષાઓ બને છે. તે સંયમની વિભિન્ન કક્ષાઓને જ **સંયમસ્થાન** કહેલ છે. કુલ સંયમ સ્થાન અસંખ્ય હોય છે. કષાય રહિત અવસ્થા થઈ ગયા પછી સંયમ સ્થાન સ્થિર થઈ જાય છે અર્થાત્ અકષાય-વાળાઓનું એક જ સંયમસ્થાન હોય છે. તેથી નિર્ગ્રંથ અને સ્નાતકનું સંયમ સ્થાન એક જ હોય છે.

**પંદરમું સંનિકર્ષ(પર્યવ)દ્વાર–** સંયમના પર્યાયને **નિકર્ષ** કહેલ છે. સંયમ પરિણામોના વિભાગો–દરજ્જાને પૂર્વદ્વારમાં **સંયમ સ્થાન** કહેવામાં આવેલ છે અને સંયમધનનો, સંયમગુણોનો, સંયમભાવોનો જે સંચય આત્મામાં થાય છે તે **સંયમના પર્યવ** કહેવાય છે અર્થાત્ સંયમથી ઉપલબ્ધ આત્મવિકાસને,





આત્મગુણોની ઉપલબ્ધિ અને તેના સંચયને જ પર્યવ કહેવામાં આવે છે. એવા સંયમ પર્યવ અનંત હોય છે. તેમાં પણ પ્રત્યેક નિયંઠાના જઘન્ય અને ઉત્કૃષ્ટ પર્યવ હોય છે. તે અનંતમાં પણ અનંતગણું અંતર હીનાધિકતા હોઈ શકે છે, જેને **છટ્ઠાણવડિયા** કહેવાય છે. છટ્ઠાણવડિયા આદિનો અર્થ પ્રજ્ઞાપના પદ–૫ સારાંશમાં બતાવવામાં આવેલ છે અને અહીં પણ આ શતકના પ્રશ્ન–૧૪માં **છટ્ઠાણવડિયાનું** સ્પષ્ટીકરણ આપ્યું છે.

**અલ્પબહુત્વ–** કષાય કુશીલના જઘન્ય પર્યવ સર્વથી અલ્પ હોય છે. (નવી દીક્ષાના સમયે). પુલાકના જઘન્ય પર્યવ પણ તેટલા જ હોય છે. તેનાથી પુલાકના ઉત્કૃષ્ટ પર્યવ અનંતગણા. તેનાથી બકુશ–પ્રતિસેવનાના જઘન્ય પર્યવ અનંતગણા અને પરસ્પર તુલ્ય હોય છે. તેનાથી બકુશના ઉત્કૃષ્ટ પર્યવ અનંતગણા, તેનાથી પ્રતિસેવના કુશીલ નિર્ગ્રંથના ઉત્કૃષ્ટ પર્યવ અનંતગણા, તેનાથી કષાયકુશીલ નિર્ગ્રંથના ઉત્કૃષ્ટ પર્યવ અનંતગણા. તેનાથી નિર્ગ્રંથ સ્નાતકના અજઘન્ય અનુત્કૃષ્ટ(એક સમાન)પર્યવ અનંતગણા છે. પૂર્વના ચાર નિયંઠાના પર્યવ સ્વયંની અપેક્ષા અને પરસ્પરની અપેક્ષા પણ છટ્ઠાણવડિયા હોય છે. અંતિમ બે નિયંઠાના પર્યવ આપસમાં તુલ્ય હોય છે અને પૂર્વના ચારે નિયંઠાથી અનંતગણા હોય છે.

**ચોવીસમું ઉપસંપદાદ્વાર–** પ્રત્યેક નિર્ગ્રંથ પોતાની નિર્ગ્રંથ અવસ્થાને છોડે તો કઈ-કઈ અવસ્થાને પ્રાપ્ત કરે છે ? તે પ્રાપ્ત કરવાના આઠ સ્થાન કહ્યા છે– ૧. અસંયમ ૨. સંયમાસંયમ ૩–૭. પાંચ નિયંઠા ૮. સિદ્ધિ. છ નિયંઠામાંથી સ્વયંનો એક નિયંઠો ગણ્યો નથી કારણ કે તેને તો છોડવાની પૃચ્છાનો જ ઉત્તર છે. માટે પાંચ નિયંઠા અહીં ગણાય છે. આ રીતે આ દ્વારમાં નિયંઠાની આપસમાં ગતિ બતાવી છે. એ નિયંઠાવાળા એક બીજામાં જતાં-આવતાં રહે છે. સ્નાતક કેવલ સિદ્ધગતિમાં જ જાય છે. શેષ પાંચે ય નિયંઠાવાળા કાલ કરીને તો અસંયમમાં જ જાય છે. આપસમાં અનંતર શેમાં જાય છે તે આ પ્રમાણે છે– ૧. પુલાક– કષાય કુશીલમાં જાય. ૨. બકુશ અને પ્રતિસેવના– કષાયકુશીલ, સંયમાસંયમ, અસંયમમાં અને બકુશ-પ્રતિસેવના બંને પરસ્પરમાં જાય. ૩. કષાયકુશીલ– સ્નાતક અને સિદ્ધને છોડીને સર્વમાં જાય. નિર્ગ્રંથ– કષાયકુશીલ અને સ્નાતક બે માં જાય. સ્નાતક– સિદ્ધમાં જ જાય.

**બત્રીસમું ક્ષેત્રદ્વાર–** લોકનો કયો ભાગ અવગાહન કરવામાં આવે છે ?

પાંચ નિર્ગ્રંથોના શરીર લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. કેવલીનું શરીર કેવલી સમુદ્ઘાત આશ્રી સંપૂર્ણ લોકમાં અથવા લોકના અનેક અસંખ્ય ભાગમાં અથવા અસંખ્યાતમાં ભાગમાં રહે છે.

**પ્રશ્ન–૨૪ : સંજયા–સંયત કેટલા છે અને તેના ભેદ-પ્રભેદ કયા છે ?**

**જવાબ :** પ્રસ્તુત સાતમા ઉદ્દેશકમાં **સંજયા–સંયત** આ શબ્દપ્રયોગ પણ શ્રમણ, મુનિ,નિર્ગ્રંથ સાધકોને માટે જ પ્રયુક્ત થયો છે. છટ્ઠા ઉદ્દેશકમાં મુનિઓના દોષ સહિત, દોષ રહિત આચારની અપેક્ષાને મુખ્ય કરીને ૬ પ્રકારના નિર્ગ્રંથ, પુલાક આદિનું નિરૂપણ છે અને પ્રસ્તુત સાતમા ઉદ્દેશકમાં તે જ શ્રમણ મુનિઓના કલ્પ–સમાચારી, વિધિ–વિધાનની મુખ્યતાએ પાંચ સંયતોનું વર્ણન કર્યું છે. તેને શાસ્ત્રમાં પાંચ ચારિત્ર પણ કહ્યા છે. તે પાંચ સંયત–ચારિત્ર આ પ્રકારે છે– (૧) સામાયિક સંયત(ચારિત્ર) (૨) છેદોપસ્થાપનીય સંયત (૩) પરિહાર વિશુદ્ધ સંયત (૪) સૂક્ષ્મ સંપરાય સંયત (૫) યથાખ્યાત સંયત. એ પ્રત્યેક સંયતના બે–બે પ્રકાર કહ્યા છે, યથા– (૧) ઈત્વરિક સામાયિક સંયત (ચારિત્ર)અને યાવત્કથિત સામાયિક સંયત. (૨) સાતિચાર છેદોપસ્થાપનીય સંયત અને નિરતિચાર છેદોપસ્થાપનીય સંયત. (૩) નિર્વિશ્યમાન પરિહાર વિશુદ્ધ સંયત અને નિર્વિષ્ટ કાયિક પરિહાર વિશુદ્ધ સંયત. (૪) વિશુદ્ધયમાન સૂક્ષ્મસંપરાય સંયત અને સંક્લિશ્યમાન સૂક્ષ્મસંપરાય સંયત. (૫) છદ્મસ્થ યથાખ્યાત સંયત અને કેવલી યથાખ્યાત સંયત.

**પ્રશ્ન–૨૫ : સામાયિક સંયતનું સ્વરૂપ ૩૬ દ્વારોથી કેવી રીતે કહ્યું છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** આ ચારિત્ર પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં અલ્પકાલીન હોય છે, જે જઘન્ય સાત દિવસનું, ઉત્કૃષ્ટ છ મહિનાનું હોય છે અર્થાત્ એટલા સમયમાં એ ચારિત્રને પુનઃ મહાવ્રતારોપણ કરીને છેદોપસ્થાપનીય ચારિત્રમાં પરિવર્તિત કરી દેવામાં આવે છે. આ કારણથી બે તીર્થંકરોના શાસનવર્તી શ્રમણોનું સામાયિક ચારિત્ર ઈત્વરિક–ઈત્વરકાલિક હોય છે. શેષ મધ્યમ તીર્થંકરોના શાસનવર્તી શ્રમણોનું અને સર્વે ય તીર્થંકરોનું, તેમજ સ્વયંબુદ્ધ આદિનું ગ્રહણ કરવામાં આવેલ સામાયિક ચારિત્ર આજીવનનું હોય છે. આ રીતે સામાયિક ચારિત્રના બે ભેદ હોય છે– ઈત્વરિક સામાયિક ચારિત્ર અને યાવત્કથિત–આજીવન સામાયિક ચારિત્ર.**(૨) વેદદ્વાર–**





સામાયિક સંયત સ્ત્રીવેદી, પુરુષવેદી અને પુરુષ નપુંસકવેદી એમ ત્રણે તથા અવેદી પણ હોય છે. સ્ત્રી નપુંસક કોઈ પણ સંયત હોતા નથી. **(૩) રાગ–** સામાયિક સંયત સરાગી જ હોય છે, વીતરાગી હોતા નથી. **(૪) કલ્પ–** સામાયિક સંયતમાં પાંચે ય કલ્પ હોય છે. **(૫) નિયંઠા–** સામાયિક સંયતમાં પ્રારંભના ૪ નિયંઠા ક્રમશઃ હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતક બે અંતિમ નિયંઠા હોતા નથી. **(૬) પ્રતિ સેવના–** સામાયિક સંયત મૂલગુણ પ્રતિસેવી, ઉત્તરગુણ પ્રતિસેવી અને અપ્રતિસેવી એમ ત્રણ પ્રકારના હોય છે.

**(૭) જ્ઞાન–** સામાયિક સંયતમાં ૨–૩–૪ જ્ઞાન હોય છે. શ્રુતજ્ઞાનમાં જઘન્ય અષ્ટ પ્રવચન માતા, ઉત્કૃષ્ટ દ્વાદશાંગી સંપૂર્ણ–૧૪ પૂર્વનું જ્ઞાન હોય છે. **(૮) તીર્થ–** સામાયિક સંયત તીર્થ-અતીર્થ બંનેમાં હોય છે. **(૯) લિંગ–** દ્રવ્યથી ત્રણે લિંગમાં અને ભાવથી સ્વલિંગમાં જ હોય છે. **(૧૦) શરીર–** સામાયિક સંયતમાં પાંચે ય શરીર હોઈ શકે છે. **(૧૧) ક્ષેત્ર–** જન્મ–સદ્ભાવથી ૧૫ કર્મભૂમિમાં હોય છે અને સંહરણની અપેક્ષા કર્મભૂમિ અકર્મભૂમિ સર્વત્ર હોય છે. **(૧૨) કાલ–** અવસર્પિણીના ૩–૪–૫માં આરામાં જન્મ સદ્ભાવ બંનેથી સામાયિક સંયત હોય છે; ઉત્સર્પિણીમાં જન્મ ૨–૩–૪ આરામાં તથા જન્મ અને સદ્ભાવથી ત્રીજા ચોથા આરામાં સામાયિક સંયત હોય છે. સંહરણ આશ્રી સર્વ ૬ આરાઓમાં હોય છે. નોઉત્સર્પિણી નોઅવસર્પિણીમાં જન્મ સદ્ભાવ મહાવિદેહ ક્ષેત્રની ૧૬૦ વિજયોમાં અને સંહરણ આશ્રી ચારે પલિ-ભાગમાં અર્થાત્ ચારે ય આરાઓ જેવા ભાવવાળા ક્ષેત્રોમાં હોય છે. **(૧૩) ગતિ–** સમાયિક સંયત પ્રથમ દેવલોકથી પાંચ અનુત્તર વિમાન સુધી કિલ્વિષીને છોડીને બધા વૈમાનિક દેવોમાં જાય છે. આરાધનાની અપેક્ષાએ અહમેંદ્ર સહિત પાંચ પદવી પ્રાપ્ત કરી શકે છે અને કોઈ પ્રકારની વિરાધના દશામાં સંયમ ભાવમાં કાલ કરે તો પાંચ પદવી સિવાય દેવ બને છે. સ્થિતિ જઘન્ય અનેક(બે) પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ પ્રાપ્ત કરી શકે છે. **(૧૪) સંયમસ્થાન–** એમાં અસંખ્ય સંયમ સ્થાન, સંયમ દશજ્જા હોય છે. જે છેદોપસ્થાપનીયથી તુલ્ય હોય છે. શેષ ત્રણ સંયતથી અસંખ્યગણા અધિક હોય છે. **(૧૫) સંયમ પર્યવ–** એમાં સંયમધન રૂપ સ્ટોક અનંત હોય છે. માટે સંયમપર્યવ અનંત કહ્યા છે. જે સામાયિક, છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધથી ક્યારેક તુલ્ય, ક્યારેક હીન, અધિક અર્થાત્ છ સ્થાન પતિત=છ પ્રકારથી હીનાધિક હોય છે.

સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતના ચારિત્રપર્યાયથી અનંતગણો હીન એક જ પ્રકાર હોય છે. **(૧૬) યોગ–** ત્રણ અને કાર્મણ કાયયોગ સિવાય ૧૪ હોય છે. **(૧૭) ઉપયોગ–** બંને અને વિસ્તારથી ૭ હોય છે. **(૧૮) કષાય–** ચાર અથવા ત્રણ કે બે હોય છે. નવમા ગુણસ્થાનની અપેક્ષા **(૧૯) લેશ્યા–** છએ હોય છે. **(૨૦) પરિણામ–** ત્રણે હોય છે. તેની સ્થિતિ પુલાકની સમાન હોય છે. **(૨૧–૨૨–૨૩) બંધ–** ૭ કે ૮ કર્મોનો, **ઉદય–**૮ કર્મોનો, **ઉદીરણા–**૬,૭ અથવા ૮ કર્મોની બકુશની સમાન હોય છે. **(૨૪) ઉપસંપદા–** ચારની. છેદોપસ્થાપનીય, સૂક્ષ્મ સંપરાય, અસંયમ, સંયમાસંયમની. કાલ કરે તો માત્ર અસંયમમાં જાય. **(૨૫) સંજ્ઞા–** ચારે તથા નોસંજ્ઞોપયુક્ત પણ **(૨૬) આહારક–** એક માત્ર આહારક જ હોય. **(૨૭–૨૮)** ભવ+આકર્ષ– જઘન્ય એક ભવમાં, ઉત્કૃષ્ટ આઠ ભવમાં સામાયિક સંયત થઈ શકે છે. એક ભવમાં જઘન્ય એક વાર, ઉત્કૃષ્ટ અનેક સો વાર આવી શકે છે. અનેક ભવોમાં જઘન્ય બે વાર, ઉત્કૃષ્ટ અનેક હજાર વાર આવી શકે છે. **(૨૯) કાલસ્થિતિ–** સામાયિક સંયતની સ્થિતિ એક જીવની અપેક્ષા જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષની હોય છે. અનેક જીવની અપેક્ષા સામાયિક સંયત સદા(અનેક હજાર કરોડ) શાશ્વત મળે છે. **(૩૦) અંતર–** એક જીવની અપેક્ષા જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન. અનેક જીવોની અપેક્ષા સામાયિક સંયત શાશ્વત હોવાથી અંતર પડતું નથી. **(૩૧) સમુદ્ઘાત–** સામાયિક સંયતમાં ૬ સમુદ્ઘાત હોઇ શકે છે. એક કેવલી સમુદ્ઘાત સામાયિક સંયતમાં હોતો નથી. **(૩૨–૩૩) ક્ષેત્ર અને સ્પર્શના–** સામાયિક સંયતનું અવગાહન ક્ષેત્ર લોકના અસંખ્યામા ભાગનું છે અને સ્પર્શના કિંચિત્ વિશેષાધિક હોય છે. **(૩૪) ભાવ–** સામાયિક ચારિત્ર ક્ષયોપશમ ભાવથી થાય છે. **(૩૫) પરિમાણ–** પ્રતિપદ્યમાન–નવા હોવાની અપેક્ષા સામાયિક સંયત જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ અનેક હજાર હોઇ શકે છે. પૂર્વ પ્રતિપન્ન–સામાયિક સંયત અવસ્થામાં વિદ્યમાન, જઘન્ય-ઉત્કૃષ્ટ અનેક હજાર કરોડ સદા શાશ્વત હોય છે. **(૩૬) અલ્પબહુત્વ–** સામાયિક સંયત શેષ ચારે સંયતોથી સંખ્યાતગણા હોય છે.

**પ્રશ્ન–૨૬ : છેદોસ્થાપનીય સંયતનું સ્વરૂપ ૩૬ દ્વારોથી કેવી રીતે કહ્યું છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** પૂર્વ પ્રત્યાખ્યાન કૃત જે સામાયિક ચારિત્ર છે, તેનું છેદન કરીને પુનઃ મહાવ્રતારોપણ–મહાવ્રતમાં સ્થાપિત કરવામાં આવે





છે, તે ઉપસ્થાપન કર્યું કહેવાય છે. આ નવા ઉપસ્થાપિત કરવામાં આવેલ ચારિત્રને જ છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. તે બે પ્રકારના હોય છે– (૧) નવદીક્ષિતને ૭ દિવસ પછી અથવા ૬ મહિના સુધીમાં સૈદ્ધાંતિક વૈધાનિક રૂપે આપવામાં આવતું આ ચારિત્ર **નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર** કહેવાય છે. (૨) કોઈ પ્રકારનો ગુઢતર–ભારે દોષ લગાડવાથી જ્યારે પૂર્વ ચારિત્રનો પૂર્ણ છેદ કરવાનું પ્રાયશ્ચિત્ત આવે છે ત્યારે તે સાધકના સંપૂર્ણ પૂર્વ દીક્ષા પર્યાયનું છેદન કરીને પુનઃ મહાવ્રતારોપણ કરાય છે. તે **સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર** કહેવાય છે. પહેલું સૈદ્ધાંતિક અર્થાત્ શાસનના નિયમથી થાય છે અને બીજું દોષ સેવનથી સંયમશુદ્ધિ માટે થાય છે.

સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રમાં વિશિષ્ટ વ્યવહારિક મર્યાદાઓનું અને કલ્પોનું અંતર હોય છે. છેદોપસ્થાપનીયમાં ૧૦ કલ્પ આવશ્યક હોય છે તેથી તેઓ સ્થિત કલ્પવાળા કહેવાય છે. સામાયિકમાં ૬ કલ્પ વૈકલ્પિક હોય છે તેથી તેઓ અસ્થિતકલ્પવાળા કહેવાય છે. એ સિવાય બંને ચારિત્રોમાં સંયમ સ્થાન, પર્યાય, ગતિ આદિ કેટલી ય સમાનતાઓ હોય છે. તેથી આરાધના, ભાવચારિત્ર અને ગતિની અપેક્ષા બંનેની કક્ષા સમાન જ છે. ***(૨ થી ૩૬) વેદથી અલ્પબહુત્વ સુધીના દ્વારોનું વર્ણન ચાર્ટમાં જુઓ.***

**પ્રશ્ન–૨૭ : પરિહાર વિશુદ્ધ સંયતનું સ્વરૂપ ૩૬ દ્વારોથી કેવી રીતે છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** આ એક પ્રકારની વિશિષ્ટ તપ સાધનાના કલ્પવાળું ચારિત્ર છે. મૂલમાં એ છેદોપસ્થાપનીય ચારિત્રવાળા જ હોય છે. એવી સાધનાને માટે પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં શ્રમણોને માટે વિશિષ્ટ વ્યવસ્થા હોય છે. સામૂહિક સંઘમાં વિવિધ વક્ર-જડ સાધુ પણ હોય છે. તેથી આ સાધનાની અલગ વ્યવસ્થા હોય છે. અન્ય તીર્થંકરોના શાસનમાં એવા તપ અને એથી પણ વિશિષ્ટ તપસાધના સમૂહમાં રહીને જ કરાય છે. તેથી આ વિશિષ્ટ તપ સાધનાનું પરિહાર વિશુદ્ધ ચારિત્ર પ્રથમ અને અંતિમ તીર્થંકરોના શાસનમાં જ હોય છે.

**વિધિ–** આ સાધનાને માટે ૯ સાધક એક સાથે આજ્ઞા લઈને અલગ વિચરણ કરે છે. તેમાં સર્વપ્રથમ ચાર સાધક તપ કરે છે, ચાર તેઓની આવશ્યક સેવા-પરિચર્યા કરે છે અને એક સાધક ગણની પ્રમુખતા સ્વીકારે છે. ત્યાર પછી સેવા કરનાર ચારે ય સાધક તપ કરે છે, તપ કરનાર ચારે સેવા કરે છે.

તેના પછી ગણ પ્રમુખ સાધક તપ કરે છે; સાત વ્યક્તિ સેવા આદિ કરે છે, એક સાધક પ્રમુખતા સ્વીકાર કરે છે. પ્રમુખ વ્યક્તિ જવાબદારીનું અને વ્યવહારનું તથા ધર્મપ્રચારના કર્તવ્યોનું, આચરણોનું પાલન કરે છે. શેષ પોતાની મૌન-ધ્યાન સાધના, સ્વાધ્યાય, સેવા, તપ આદિમાં સંલગ્ન રહે છે. તપ કરનાર નિયમિત સમય આગમ નિર્દિષ્ટ તપ આવશ્યક રૂપે કરે છે; તેનાથી ઓછું કરતા નથી પરંતુ અધિક તપ કરી શકે છે.

તપસ્વી ઉનાળામાં ઉપવાસ, છઠ, અઠ્ઠમ કરે છે. શિયાળામાં છઠ, અઠ્ઠમ, ચોલું કરે છે. વર્ષાકાલમાં અઠ્ઠમ, ચોલું, પંચોલું કરે છે. પારણામાં આયંબિલ કરે છે. એ તપ નિરંતર ચાલે છે. અર્થાત્ એક આયંબિલ પછી પુનઃ તપસ્યા ચાલુ રહે છે. પ્રત્યેક છ મહિના પછી સાધકોનો નંબર(વારો) બદલતો રહે છે. ૧૮ મહિનામાં બધાનો તપમાં વારો આવી જાય છે. અઢાર મહિના પછી એ તપસ્વી સાધકો પોતાની તે સાધનાને પૂરી કરીને ગુઢ સેવામાં આવી શકે છે અને આગળ વધવા ઇચ્છે તો તે જ ક્રમથી ૬–૬ મહિને બદલતા રહી તેમ કરી શકે છે.

આ રીતે આ ચારિત્ર ઓછામાં ઓછા ૧૮ મહિના માટે ધારણ કરાય છે, ઉત્કૃષ્ટ તેમાં જીવનભર રહી શકાય છે. તેમાંથી કોઈ સાધક વચમાં આયુષ્ય પૂર્ણ કરી શકે છે અને વિશિષ્ટ પ્રસંગવશ કોઈ સાધક વચમાં આવીને જોડાઇ પણ શકે છે. આ સાધના પૂર્વજ્ઞાનના ધારક શ્રમણ જ કરે છે; દશ પૂર્વથી ઓછા જ્ઞાનવાળા અને ૯મા પૂર્વની ત્રીજી આચાર વસ્તુથી ઉપરના જ્ઞાનવાળા ધારણ કરે છે. તેનાથી ઓછા જ્ઞાનવાળાને આજ્ઞા દેવામાં આવતી નથી અને અધિક જ્ઞાનવાળાને એવી ગચ્છ મુક્ત કોઈ પણ પ્રકારની સાધનાઓની આવશ્યકતા જ રહેતી નથી. આ તપને ઓછામાં ઓછા ૨૦ વર્ષની દીક્ષાપર્યાયવાળા જ ધારણ કરી શકે છે. ભેદની અપેક્ષાએ આ ચારિત્રના બે વિભાગ કરવામાં આવ્યા છે, યથા– નિર્વિશ્યમાન અને નિર્વિષ્ટકાયિક. તપ વહન કરનાર તથા ગણની મુખ્યતા સ્વીકારનાર નિર્વિશ્યમાન હોય છે અને છ મહિના તપ કરી ચૂકેલ નિર્વિષ્ટકાયિક હોય છે, એવી શાસ્ત્રકારની અપેક્ષા સમજાય છે. આ ચારિત્રમાં છઠ્ઠું-સાતમું બે ગુણસ્થાન હોય છે. અન્ય અનેક વિષય કોષ્ટક—ચાર્ટમાં સ્પષ્ટ કરેલ છે.

**(૨) વેદ–** પુરુષ અને પુરુષ નપુંસક એ બે વેદ. સાધ્વીઓ પરિહાર વિશુદ્ધ





ચારિત્ર ધારણ કરતી નથી. ***–(૩–૩૬) શેષ સર્વ દ્વારોનું વર્ણન ચાર્ટમાં જુઓ.***

**પ્રશ્ન–૨૮ : સૂક્ષ્મ સંપરાય સંયતનું સ્વરૂપ ૩૬ દ્વારોથી કેવી રીતે સમજાવ્યું છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપના દ્વાર–** ઉપરોક્ત ચારિત્રનું પાલન કરતાં જ્યારે મોહનીય કર્મની ૨૭ પ્રકૃત્તિઓનો ક્ષય કે ઉપશમ થઈ જાય છે, કેવલ સૂક્ષ્મ સંજ્વલન લોભનો ઉદય માત્ર અવશેષ રહે છે, સાધકની તે અવસ્થાને **સૂક્ષ્મ સંપરાય ચારિત્ર** કહેવાય છે. ભેદની અપેક્ષાએ આ ચારિત્રના બે વિભાગ કરવામાં આવ્યા છે, યથા– વિશુદ્ધ્યમાન અને સંક્લિશ્યમાન. ગુણસ્થાનમાં આગળ વધનાર વિશુદ્ધ્યમાન કહેવાય છે અને નીચે જનાર સંક્લિશ્યમાન કહેવાય છે. આ ચારિત્રમાં દશમું ગુણસ્થાન હોય છે. ***–(૨–૩૬) શેષ સર્વ દ્વારોનું વર્ણન ચાર્ટમાં જુઓ.***

**પ્રશ્ન–૨૯ : યથાખ્યાત સંયતનું સ્વરૂપ ૩૬ દ્વારોથી કેવી રીતે દર્શાવ્યું છે ?**

**જવાબ : (૧) પ્રજ્ઞાપનાદ્વાર–** સૂક્ષ્મ સંપરાય ચારિત્રથી આગળ વધીને સાધક આ ચારિત્રમાં પ્રવેશ કરે છે અર્થાત્ અવશેષ સંજ્વલન લોભ મોહ કર્મનો પૂર્ણપણે ઉપશમ કે ક્ષય થવાથી યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તેના **બે વિભાગ** છે– ઉપશાંત મોહ યથાખ્યાત અને ક્ષીણ મોહ યથાખ્યાત. ઉપશાંત મોહ યથાખ્યાત ચારિત્ર અસ્થાયી હોય છે, તે અંતર્મુહૂર્ત પછી સમાપ્ત થઈ જાય છે. ત્યારે સાધક પુનઃ સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં પહોંચી જાય છે. ક્ષીણ મોહ યથાખ્યાત ચારિત્રવાળા આગળ વધીને અંતર્મુહૂર્તમાં જ અવશેષ ઘાતી કર્મોને ક્ષય કરી કેવલજ્ઞાન કેવલદર્શન પ્રાપ્ત કરે છે. ઉપશાંતમોહ યથાખ્યાત ચારિત્રમાં એક અગિયારમું ગુણસ્થાન છે અને ક્ષીણ મોહયથાખ્યાત ચારિત્રમાં ૧૨,૧૩,૧૪ ત્રણ ગુણસ્થાન છે. આ રીતે કુલ ૪ ગુણસ્થાન યથાખ્યાત ચારિત્રમાં છે. જેમાં બે છદ્મસ્થ ગુણસ્થાન છે, બે કેવલી ગુણસ્થાન છે. ૧૩ મા ૧૪મા ગુણસ્થાનમાં ચાર અઘાતીકર્મ રહે છે– વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય ત્રણ ઘાતીકર્મનો ૧૨મા ગુણસ્થાનના અંતમાં ક્ષય થાય છે અને અવશેષ ચાર અઘાતી કર્મનો ૧૪મા ગુણસ્થાનના અંતિમ સમયમાં પૂર્ણ

રૂપે ક્ષય થાય છે. ત્યારે યથાખ્યાત ચારિત્રવાળા સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે. જ્યાં યથાખ્યાત ચારિત્ર પણ રહેતું નથી કારણ કે ચારિત્ર ઈહભવિક (મનુષ્યભવિક) જ છે. ***–(૨–૩૬) શેષ સર્વ દ્વારોનું વર્ણન ચાર્ટમાં જુઓ.***

**પાંચ સંયતનું ૩૬ દ્વારોથી સંક્ષિપ્ત વિવરણ :–**

| દ્વાર | સામાયિક | છેદોપસ્થાપનીય | પરિહાર વિશુદ્ધ | સૂક્ષ્મ સંપરાય | યથાખ્યાત |
|---|---|---|---|---|---|
| ૧ પ્રજ્ઞાપના | ૨ પ્રકાર | ૨ પ્રકાર | ૨ પ્રકાર | ૨ પ્રકાર | ૨–૨–૨ પ્રકાર |
| ૨ વેદ | ૩/અવેદી | ૩/અવેદી | ૨(સ્ત્રી નહીં) | અવેદી | અવેદી |
| ૩ રાગ | સરાગી | = | = | = | વીતરાગી |
| ૪ કલ્પ | ૫ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૫ નિયંઠા | ૪ | ૪ | ૧ | ૧ | ૨ |
| ૬ પ્રતિસેવના | ૩ | ૩ | ૧ | ૧ | ૧ |
| ૭ જ્ઞાન | ૪ | ૪ | ૪ | ૪ | ૫ |
| શ્રુતભણે | ૧૪ પૂર્વ | = | દેશોન દશ પૂર્વ | ૧૪ પૂર્વ | ૧૪ પૂર્વ |
| ૮ તીર્થ | બન્નેમાં | તીર્થમાં | તીર્થમાં | બન્નેમાં | બન્નેમાં |
| ૯ લિંગ | ૩/૧ | ૩/૧ | ૧/૧ | ૩/૧ | ૩/૧ |
| ૧૦ શરીર | ૫ | ૫ | ૩ | ૩ | ૩ |
| ૧૧ ક્ષેત્ર(જન્મ) | ૧૫ કર્મભૂમિ | ૧૦ કર્મભૂમિ | ૧૦ કર્મભૂમિ | ૧૫ કર્મભૂમિ | ૧૫ કર્મભૂમિ |
| સંહરણ | સર્વત્ર | સર્વત્ર | × | સર્વત્ર | સર્વત્ર |
| ૧૨ કાળ | ૩ | ૨ | ૨ | ૩ | ૩ |
| અવસર્પિણી જન્મ/ સદ્ભાવ | આરા ૩-૪-૫ | આરા ૩-૪-૫ | આરા ૩-૪/ ૩-૪-૫ | = | = |
| ઉત્સર્પિણી જન્મ/સદ્ભાવ | ૨-૩-૪/ ૩-૪ | = | = | = | = |
| સંહરણ | સર્વત્ર | સર્વત્ર | × | સર્વત્ર | સર્વત્ર |
| નો ઉત્સર્પિણી જન્મ/સંહરણ | ૧/૪ | ×/૪ | × | ૧/૪ | ૧/૪ |





| દ્વાર | સામાયિક | છેદોપસ્થાપનીય | પરિહાર વિશુદ્ધ | સૂક્ષ્મ સંપરાય | યથાખ્યાત |
|---|---|---|---|---|---|
| ૧૩ ગતિ | વૈમાનિક બધા | = | ૮ મા દેવલોક સુધી | અનુત્તર વિમાન | અનુત્તર વિમાન |
| સ્થિતિ | ૨ પલ્ય/ ૩૩ સાગર | = | ૨ પલ્ય/ ૧૮ સાગર | ૩૩ સાગર | ૩૩ સાગર |
| પદવી | ૫ | ૫ | ૪ | ૧ | ૧ |
| ૧૪ સંયમ સ્થાન | અસંખ્ય | = | = | = | ૧ |
| અલ્પ બહુત્વ | ૪ અસંખ્ય ગુણા | ૪= | ૩= | ૨= | ૧ અલ્પ |
| ૧૫ પર્યવ | અનંત | = | = | = | = |
| ૧૫ સામાયિક | છટ્ઠાણવડિયા | = | = | અનંતમોભાગ | = |
| છેદોપસ્થા-પનીય | છટ્ઠાણવડિયા | = | = | અનંતમોભાગ | = |
| પરિહાર-વિશુદ્ધ | છટ્ઠાણવડિયા | = | = | અનંતમો ભાગ | = |
| સુક્ષ્મસંપરાય | અનંતગુણા | = | = | છટ્ઠાણવડિયા | અનંતમોભાગ |
| યથાખ્યાત | અનંતગુણા | = | = | = | સરખા |
| અલ્પબહુત્વ | ૧/૪ | ૧/૪ | ૨/૩ | ૫/૬ | ૭ અનંતગુણા |
| ૧૬ યોગ | ૩ | ૩ | ૩ | ૩ | ૩/અયોગી |
| ૧૭ ઉપયોગ | ૨ | ૨ | ૨ | ૧ | ૨ |
| ૧૮ કષાય | ૪/૩/૨ | ૪/૩/૨ | ૪ | ૧ | અકષાયી |
| ૧૯ લેશ્યા | ૬ | ૬ | ૩ | ૧ | ૧/અલેશી |
| ૨૦ પરિણામ | ૩ | ૩ | ૩ | ૨ | ૨ |
| વર્ધમાન-સ્થિતિ | ૧ સમય/ અંતર્મુહૂર્ત | = | = | = | અંતર્મુહૂર્ત |
| હાયમાન-સ્થિતિ | ૧ સમય/ અંતર્મુહૂર્ત | = | = | = | × |
| અવસ્થિત-સ્થિતિ | ૧ સમય/ ૭ સમય | = | = | × | દેશોન કરોડ પૂર્વ.ઉ. અંતર્મુહૂર્ત જ. |
| ૨૧ કર્મ બંધ | ૭-૮ | ૭-૮ | ૭-૮ | ૬ | ૧/અબંધ |

| દ્વાર | સામાયિક | છેદોપસ્થાપનીય | પરિહાર વિશુદ્ધ | સૂક્ષ્મ સંપરાય | યથાખ્યાત |
|---|---|---|---|---|---|
| ૨૨ ઉદય | ૮ | ૮ | ૮ | ૮ | ૭/૪ |
| ૨૩ ઉદીરણા | ૭-૮-૬ | ૭-૮-૬ | ૭-૮-૬ | ૬/૫ | ૫/૨/× |
| ૨૪ ઉવસંપદાગત | ૪ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૨૫ સંજ્ઞા | ૫ | ૫ | ૫ | નોસંજ્ઞોપયુક્ત | નોસંજ્ઞોપયુક્ત |
| ૨૬ આહાર | ૧(આહારક) | ૧ | ૧ | ૧ | બન્ને |
| ૨૭ ભવ જ/ઉ. | ૧/૮ | ૧/૮ | ૧/૩ | ૧/૩ | ૧/૩ |
| ૨૮ આકર્ષ ૧ ભવમાં | ૧/અનેક સો | ૧/૧૨૦ | ૧/૩ | ૧/૪ | ૧/૨ |
| ૨૮ અનેક ભવમાં | ૨/અનેક હજાર | ૨/૯૬૦ | ૨/૭ | ૨/૯ | ૨/૫ |
| ૨૯ સ્થિતિ એકની | ૧ સમય/ દેશોન– કરોડપૂર્વ | = | =(૨૯ વર્ષ ઓછા) | ૧ સમય/ અંતર્મુહૂર્ત | ૧ સમય/ દેશોન– કરોડપૂર્વ |
| ૨૯ સ્થિતિ અનેકોની | શાશ્વત | જ. ૨૫૦ વર્ષ ઉ. ૧/૨ ક્રોડા ક્રોડી સાગર | ૧૪૨ વર્ષ ૫૮ વર્ષ ઓછા બે.ક્રો.પૂર્વ | ૧ સમય/ અંતર્મુહૂર્ત | શાશ્વત |
| ૩૦ અંતર એક જીવ/ અનેક જીવ | જ.અંતર્મુ૰ ઉ.અર્દ્ધ પુદ્. /નહીં. | =/૬૩૦૦૦ વર્ષ સાધિક જ–૧૮ક્રો.ક્રો. સાગર–ઉ. | =/૮૪૦૦૦ વર્ષ સાધિક ૧૮ ક્રો.ક્રો. સાગર | =/જ.૧ સમય ઉ-૬ માસ | =/× |
| ૩૧ સમુદ્ઘાત | ૬ ક્રમશઃ | ૬ | ૩ | × | ૧ |
| ૩૨ ક્ષેત્ર (અવ ગાહન) | અસંખ્યાંશ લોક | = | = | = | સર્વ લોક આદિ |
| ૩૩ ક્ષેત્ર સ્પર્શના | અસંખ્યાંશ સાધિક | = | = | = | સર્વ લોક વિગેરે |
| ૩૪ ભાવ | ક્ષયોપશમ | = | = | = | ઉપશમ-ક્ષાયિક |
| ૩૫ પરિમાણ નવા | ૦/૧/ અનેક હજાર | ૦/૧/ અનેક સો. | = | ૦/૧/૧૬૨ | = |
| ૩૫ નવા જુના | અનેક હજાર કરોડ | ૦/૧/અનેક સો કરોડ ૭ | ૦/૧/અનેક હજાર | ૦/૧/ અનેક સો | અનેક કરોડ |
| ૩૬ અલ્પબહુત્વ | ૫ | ૪ | ૨ સંખ્યાતગણા | ૧ અલ્પ | ૩ |





***ટિપ્પણ– (૧)તપ કરવાવાળા અને તપ કરેલા એમ બે ભેદ પરિહાર વિશુદ્ધિના છે. સંક્લિષ્યમાન અને વિશુદ્ધયમાન(પડતા-ચઢતા) એમ બે ભેદ સૂક્ષ્મ સંપરાયના છે. યથાખ્યાતના ત્રણ પ્રકારે બે–બે ભેદ છે–(૧) ઉપશાંત મોહ, ક્ષીણ મોહ (૨) છદ્મસ્થ, કેવળી (૩) સયોગી, અયોગી.***

***(૨) છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં અસ્થિતકલ્પ અને કલ્પાતીત બે નહીં હોવાથી ત્રણ કલ્પ છે. સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાતમાં સ્થિત, અસ્થિત અને કલ્પાતીત આ ત્રણ કલ્પ હોય છે. જિનકલ્પ અને સ્થવિરકલ્પ તેમાં હોતા નથી.***

***(૩) સામાયિક, છેદોપસ્થાપનીયમાં– મૂળ ગુણ અને ઉત્તર ગુણ પ્રતિસેવના એ બે અને ત્રીજો અપ્રતિસેવના એ ત્રણ ભેદ છે. શેષ ત્રણ ચારિત્રમાં અપ્રતિસેવી એક જ વિકલ્પ છે.***

***(૪) સામાયિક ચારિત્ર એક ભવમાં સેંકડો વાર આવી શકે છે પણ છેદોપસ્થાપનીયમાં એવું હોતું નથી. તે તો ઉત્કૃષ્ટ ૧૨૦ વાર જ આવી શકે છે. જેમાં પણ પરિહાર વિશુદ્ધથી અનેક વાર આવવું, સામાયિકથી આવવું અને અસંયમમાં જઈ આવવું વિગેરે નો સમાવેશ છે. આઠ ભવની અપેક્ષા ઉત્કૃષ્ટ ૯૬૦ વાર આવે છે.***

***(૫) ઓગણત્રીસ (૨૯) વર્ષની ઉંમર પહેલાં પરિહાર વિશુદ્ધ ચારિત્ર ગ્રહણ કરી શકાતું નથી. ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકરના શાસનની અપેક્ષા છેદોપસ્થાપનીયના ૨૫૦ વર્ષ જઘન્ય કાળ છે અને અવસર્પિણીના પ્રથમ તીર્થંકરના શાસનની અપેક્ષા અર્ધા ક્રોડાક્રોડ સાગરોપમ ઉત્કૃષ્ટ કાલ છે. પરિહાર વિશુદ્ધ ચારિત્રના બે પાટ પરંપરાની અપેક્ષા જઘન્ય ૧૪૨ વર્ષ થાય છે. ઉત્કૃષ્ટ ૫૮ વર્ષ ન્યૂન, બે કરોડ પૂર્વ વર્ષ થાય છે.***

***(૬) એક જીવની અપેક્ષા અંતર (જઘન્ય અને ઉત્કૃષ્ટ) પાંચેય ચારિત્રના સરખા છે. અનેક જીવની અપેક્ષા બે ચારિત્ર શા✓ત છે. સૂક્ષ્મ સંપરાયમાં ઉત્કૃષ્ટ ૬ મહિના સુધી કોઈ થતા નથી. છેદોપસ્થાપનીય–૨૧૦૦૦ ના ત્રણ આરા (છટ્ઠો, પહેલો, બીજો) સુધી થશે નહિ. પરિહાર વિશુદ્ધ જઘન્ય ૨૧૦૦૦ વર્ષના ચાર આરાના ૮૪૦૦૦ વર્ષ (૫,૬,૧,૨ આરા) સુધી થતા નથી. ઉત્કૃષ્ટ યુગલિયા કાળના ૬ આરા સુધી થતા નથી. જેથી (૨+૩+૪+૪+૩+૨ =) ૧૮ ક્રોડાક્રોડ સાગર કાળ થઈ જાય છે.***

***(૭) છેદોપસ્થાપનીયમાં પૂર્વ પ્રતિપન્ન (નવા જુના) કયારેક હોય છે. કયારેક હોતા નથી. ભરત, ઐરાવતમાં જ હોય છે. મહાવિદેહમાં હોતા નથી. ભરતમાં પણ કોઈ આરામાં થાય, કોઈ આરામાં થતા નથી. જ્યારે થાય છે ત્યારે જઘન્ય ૧.૨.૩. ઉત્કૃષ્ટ અનેક સો કરોડ થઈ શકે છે. અહીં મૂળ પાઠમાં લિપિ દોષથી અથવા કોઈ કારણથી***

***જઘન્યનો પાઠ एगो वा दोण्णि वा तिण्णि वा એટલો છૂટી ગયો હોવાથી જઘન્ય-ઉત્કૃષ્ટ અનેક સો કરોડ હોવાનો પાઠ ઉપલબ્ધ થાય છે. જે પાઠ અશુદ્ધ છે. કારણ કે જ્યારે એક પણ થતા નથી ત્યારે નવા એક સાથે ઉત્કૃષ્ટ અનેક સો જ ઉત્પન્ન થઈ શકે છે. ત્યારે પહેલા જ સમયમાં અનેક સો ઉત્પન્ન થતા સીધા અનેક સો કરોડ કેવી રીતે થઈ શકે ? અર્થાત્ એવું બનવું અસંભવ છે. તેથી તે પાઠ અશુદ્ધ છે. તેમ આ સૂત્ર પ્રમાણથી જ સ્પષ્ટ થઈ જાય છે. તે માટે પૂર્વ પ્રતિપન્નમાં પણ જઘન્ય ૧.૨.૩ ઉત્કૃષ્ટ અનેક સો યાવત્ અનેક સો કરોડ વગેરે માનવું જ ઉપયુક્ત છે.***

***(૮) પુલાક, નિર્ગ્રન્થ, સ્નાતક તથા પરિહારવિશુદ્ધ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત ચારિત્ર, આ છએ અવસર્પિણીના પાંચમા આરામાં જન્મ લેવાવાળાને પ્રાપ્ત થવાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે પરંતુ ઉત્સર્પિણીના બીજા આરામાં જન્મ લેનારને આ પુલાક વગેરે છએ ત્રીજા આરામાં થઈ શકે છે. બન્ને "દુખમ" આરાની આ પ્રકારની વિશેષતા છે.***

***(૯) બાકી ટિપ્પણ, (નોંધ) સૂચનાઓ પૂર્વ નિયંઠાના ચાર્ટ અનુસાર સમજી લેવા.***

***।। ચાર્ટગત ટિપ્પણ સમાપ્ત ।।***

**પ્રશ્ન–૩૦ : આ સંજયા–નિયંઠા પ્રકરણમાં અલ્પબહુત્વ કોનું કોનું અને કેવી રીતે કહેવામાં આવ્યું છે ?**

**જવાબ :** છ નિયંઠાના સંયમ સ્થાનોનું, પર્યાય સ્થાનોનું તથા એ નિયંઠાની ઉપલબ્ધ થનાર ઉત્કૃષ્ટ સંખ્યાનું સમ્મિલિત અલ્પબહુત્વ દર્શાવવામાં આવ્યું છે. એ જ પ્રકારે પાંચ સંયત–સંજયાના પણ સંયમસ્થાન, પર્યાયસ્થાન તથા ઉપલબ્ધ સંખ્યાનું અલ્પબહુત્વ બતાવ્યું છે, તે આ પ્રમાણે છે–

**(૧) સંયમસ્થાન–** નિયંઠામાં સર્વથી અલ્પ નિર્ગ્રંથ અને સ્નાતકના સંયમ-સ્થાન છે. કારણ કે તેમાં કષાય નહિ હોવાથી એક જ પ્રકારનું સંયમસ્થાન હોય છે. તેનાથી પુલાકના સંયમ સ્થાન અસંખ્યગણા, તેનાથી બકુશના સંયમ સ્થાન અસંખ્યગણા, તેનાથી પ્રતિસેવના કુશીલના અને તેનાથી કષાય કુશીલના સંયમસ્થાન–દરજ્જા અસંખ્યગણા હોય છે.

**સંયતોમાં–** સર્વથી અલ્પ સંયમસ્થાન યથાખ્યાતમાં છે કારણ કે તેના સંયમ-સ્થાન કષાય નહિ હોવાથી એક જ દરજ્જાના હોય છે. તેનાથી સૂક્ષ્મ સંપરાય સંયતના સંયમસ્થાન અસંખ્યગણા, તે અંતર્મુહૂર્તના સમયતુલ્ય હોય છે. તેનાથી પરિહાર વિશુદ્ધ સંયતના સંયમસ્થાન અસંખ્યગણા, તેનાથી સામાયિક-છેદો-પસ્થાપનીયના સંયમસ્થાન પરસ્પર તુલ્ય અને અસંખ્યાતગણા હોય છે.





**(૨) પર્યાયોનું જઘન્ય ઉત્કૃષ્ટ અલ્પબહુત્વ–** નિયંઠામાં સર્વથી અલ્પ પુલાકના તથા કષાયકુશીલના જઘન્ય ચારિત્રપર્યવ એ બંને પરસપર તુલ્ય હોય છે. તેનાથી પુલાકના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવ અનંતગણા. તેનાથી બકુશ-પ્રતિસેવના કુશીલના જઘન્ય ચારિત્રપર્યવ અનંતગણા અને પરસ્પર તુલ્ય. તેનાથી બકુશના ઉત્કૃષ્ટ પર્યવ અનંતગણા. તેનાથી પ્રતિસેવના કુશીલના ઉત્કૃષ્ટ પર્યવ અનંત ગણા. તેનાથી કષાયકુશીલના ઉત્કૃષ્ટ પર્યવ અનંતગણા. તેનાથી નિર્ગ્રંથ અને સ્નાતકના અજઘન્ય અનુત્કૃષ્ટ પર્યવ અનંતગણા અને પરસ્પર બંનેના પર્યવ તુલ્ય હોય છે.

**સંયતોમાં–** સર્વથી અલ્પ સામાયિક-છેદોપસ્થાપનીયના જઘન્ય ચારિત્ર પર્યવ (પરસ્પર બંને તુલ્ય). તેનાથી પરિહાર વિશુદ્ધ સંયતના જઘન્ય ચારિત્ર પર્યવ અનંતગણા. તેનાથી તેના જ ઉત્કૃષ્ટ પર્યવ અનંતગણા. તેનાથી સામાયિક છેદો-પસ્થાપનીયના ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યવ અનંતગણા અને પરસ્પર તુલ્ય હોય છે. તેનાથી સૂક્ષ્મ સંપરાય સંયતના જઘન્ય ચારિત્ર પર્યવ અનંતગણા, તેનાથી તેના જ ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યવ અનંતગણા. તેનાથી યથાખ્યાત ચારિત્રના પર્યવ અનંતગણા હોય છે. યથાખ્યાત સંયતમાં પર્યવ જઘન્ય-ઉત્કૃષ્ટ હોતા નથી એક જ પ્રકારના અનંત હોય છે.

**(૩) ઉપલબ્ધ થનારી સંખ્યાનું અલ્પબહુત્વ–** નિર્ગ્રંથોમાં સર્વથી અલ્પ નિર્ગ્રંથ નિયંઠાવાળા, તેનાથી પુલાક સંખ્યાતગણા, તેનાથી સ્નાતક સંખ્યાતગણા. તેનાથી બકુશ સંખ્યાતગણા. તેનાથી પ્રતિસેવના સંયત સંખ્યાત ગણા. તેનાથી કષાયકુશીલ નિયંઠાવાળા સંખ્યાતગણા.

**સંયતોમાં–** સર્વથી અલ્પ સૂક્ષ્મસંપરાય સંયત. તેનાથી પરિહાર વિશુદ્ધ સંયત સંખ્યાતગણા. તેનાથી યથાખ્યાત સંયત સંખ્યાતગણા. તેનાથી છેદોપસ્થાપનીય સંયત સંખ્યાતગણા. તેનાથી સામાયિક સંયત સંખ્યાતગણા હોય છે. આ અલ્પબહુત્વ ઉત્કૃષ્ટ સંખ્યાની અપેક્ષાએ જ કહેલ છે.

**।। સંજયા નિયંઠા પ્રકરણ સમાપ્ત ।।**

**પ્રશ્ન–૩૧ : અહીં છટ્ઠા સાતમા ઉદ્દેશકમાં નિયંઠા-સંજયા પ્રકરણ સિવાય શું વર્ણન છે ?**

**જવાબ :** પ્રસ્તુત સાતમા ઉદ્દેશકમાં સંયત પ્રકરણ પછી દોષ પ્રતિસેવના,

આલોચના, પ્રાયશ્ચિત્ત, સમાચારી અને તપ સંબંધી વિસ્તારથી કથન છે. જેમાંથી અનેક વિષય સ્થાનાંગસૂત્રમાં અને અન્ય શાસ્ત્રોમાં વર્ણિત છે. તે વિષયોની પ્રશ્નોત્તર ચર્ચા યથાસ્થાન આપવામાં આવશે.

**પ્રશ્ન–૩૨ : તપસંબંધી ભેદ-પ્રભેદ અને તેનું વિશ્લેષણ આગમોમાં કેવી રીતે કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** નવ તત્ત્વોમાં સાતમા નિર્જરા તત્ત્વમાં બાર પ્રકારના તપનો સ્વીકાર કરેલ છે. તે બાર પ્રકારના તપને કર્મનિર્જરાનું અર્થાત્ કર્મ ક્ષય કરવાનું મુખ્ય સાધન કહ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં તપમાર્ગ નામનું ૩૦મું અધ્યયન છે. જેમાં ૧૨ પ્રકારના તપનું કાવ્ય રૂપે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ઔપપાતિક સૂત્રમાં અણગારોના ગુણવર્ણન પ્રસંગથી ૧૨ ભેદે તપસ્યા કરનાર તે અણગાર હતા, આ રીતે નિરૂપણ કરતાં દ્વાદશવિધ તપનું સવિસ્તાર વર્ણન ગદ્યમય શૈલીમાં કર્યું છે. સ્થાનાંગ સૂત્રમાં સંખ્યા પ્રસંગથી યથાસ્થાન તપના અનેક ભેદ–પ્રભેદ આપેલ છે.

પ્રસ્તુત શતક–૨૫ના સાતમા ઉદ્દેશકના સંજયા નિયંઠા પ્રકરણ પછીના વિષયોમાં યથાસ્થાન વિસ્તાર સહિત ૧૨ પ્રકારના તપના ભેદ-પ્રભેદ દર્શાવ્યા છે. જેમાં અનશનથી લઈને ધ્યાન અને વ્યુત્સર્ગ સુધીના સર્વ તપનું વિશ્લેષણ કર્યું છે.

**તપના ૧૨ પ્રકાર–** આગમોમાં તપના મૌલિક બે ભેદ કહ્યા છે– **(૧) બાહ્ય તપ** અને **(૨) આભ્યંતર તપ.** પુનઃ બંનેના ૬–૬ ભેદ કહ્યા છે. **બાહ્યતપ–** (૧) અનશન (૨) ઊણોદરી (૩) ભિક્ષાચરી (૪) રસપરિત્યાગ (૫) કાયક્લેશ (૬) પ્રતિસંલીનતા. **આભ્યંતર તપ–** (૭) પ્રાયશ્ચિત્ત (૮) વિનય (૯) વૈયાવૃત્ય (૧૦) સ્વાધ્યાય (૧૧) ધ્યાન (૧૨) વ્યુત્સર્ગ.

બંને પ્રકારના તપમાં શરીર અને આધ્યાત્મભાવ બંનેનો પૂર્ણ સહયોગ રહેલ છે. છતાં પણ અપેક્ષા વિશેષથી બાહ્યતપમાં બાહ્યવ્યવહારની પ્રમુખતા સ્વીકારવામાં આવી છે અને આભ્યંતર તપમાં આધ્યાત્મભાવોની પ્રમુખતા સ્વીકારી છે.

તાત્પર્ય એ છે કે એ આભ્યંતર અને બાહ્યતપ સાપેક્ષ છે, એકાંતિક





નથી અર્થાત્ કાયાના સહયોગ વિના વૈયાવૃત્ય આદિ આભ્યંતર તપ થઈ શકતા નથી અને ભાવોની ઉચ્ચતા વિના બાહ્યતપમાં કરવામાં આવેલ પરાક્રમ પણ આગળ વધી શકતું નથી. તેથી તપની આભ્યંતરતા અને બાહ્યતા સાપેક્ષ છે. એકાંતિકતાનો આગ્રહ રાખવો જોઈએ નહિ તથા બંને પ્રકારના તપનું મહત્વ, મોક્ષ સાધનામાં સુમેલયુક્ત સ્વીકાર કરવું જોઈએ.

**(૧) અનશન–** નવકારશીથી લઈને ઉપવાસ આદિ છમાસી તપ સુધીની વિવિધ તપ સાધનાઓ, ઈત્વરિક(અલ્પકાલિક)તપસ્યા છે અને આજીવન સંથારો ગ્રહણ કરવો, જીવનપર્યંતનું તપ છે. આજીવન અનશનના ભક્ત પ્રત્યાખ્યાન અને પાદપોપગમન એમ બે ભેદ કહ્યા છે.

**ભક્ત પ્રત્યાખ્યાનમાં** ત્રણ આહાર અથવા ચાર આહારનો ત્યાગ કરવામાં આવે છે. એમાં શરીરનું પરિકર્મ સેવા આદિ સ્વયં કરી શકાય છે, કરાવી શકાય છે. **નિહારિમ–** મૃત્યુ પછી શરીરના દાહસંસ્કાર થાય અને ન પણ થાય. એ સાગારી પણ હોય છે, ઉપદ્રવ આવે ત્યારે અથવા રાત્રિમાં સૂવા સમયે **સાગારી** કરવામાં આવે છે.

આચારાંગ આદિ સૂત્રમાં આજીવન અનશનનો ત્રીજો પ્રકાર **ઈંગિની મરણ** કહેલ છે. તે મધ્યમ પ્રકારનું છે અર્થાત્ પાદપોપગમન અનશનની અપેક્ષા એમાં કેટલીક સીમિત છૂટ છે. યથા– મર્યાદિત ક્ષેત્રમાં હાથપગનો સંકોચ વિસ્તાર કરવો, કેટલોક સમય ઉભા રહેવું અથવા બેસવું, ચંક્રમણ કરવું, ટહેલવું આદિ.

પાદપોપગમનમાં નિશ્ચેષ્ટ થઈને ધ્યાનમાં લીન બની રહેવાનું હોય છે. એમાં હલન-ચલન પણ કરવામાં આવતું નથી. પરંતુ લઘુનીત, વડીનીતનો પ્રસંગ આવે તો ઉઠીને યથાસ્થાન જવું આવવું કરી શકાય છે. કારણ કે સંથારાના સ્થાન પર રહીને જ મળમૂત્ર કરવામાં આવતા નથી. આ નિહારિમ-અનિહારિમ બંને પ્રકારનો હોય છે. ઉપસર્ગ આવવાથી પણ પાદપોપગમન સંથારો કરી શકાય છે.

**સંલેખનાનો કાલક્રમ–** અંતિમ સમય અતિ નિકટ ન હોય તો આ ક્રમિક સંલેખના કરવામાં આવે છે. મુનિ અનેક વર્ષો સુધી અથવા યથાસમય પર્યંત સંયમનું પાલન કરી, આ ક્રમિક તપથી પોતાના આત્માની સંલેખના કરે. આ

સંલેખના, સંથારો કરવાથી પહેલા કરવામાં આવે છે. સંલેખના ઉત્કૃષ્ટ બાર વર્ષ, મધ્યમ એક વર્ષ તથા જઘન્ય છ માસની હોય છે.

બાર વર્ષની સંલેખના કરનાર મુનિ પહેલાં ચાર વર્ષમાં વિગયોનો ત્યાગ કરે, બીજા ચાર વર્ષોમાં છૂટક-છૂટક વિચિત્ર-વિવિધ તપનું આચરણ કરે.

પછી બે વર્ષ સુધી એકાંતર તપ કરે તેમજ પારણાના દિવસે આયંબિલ કરે. અગિયારમાં વર્ષના પહેલા છ મહિનામાં કઠિન તપ ન કરે. એ પૂરા વર્ષમાં પારણાના દિવસે **આયંબિલ** કરે. બારમા વર્ષમાં મુનિ કોટિ સહિત(નિરંતર) આયંબિલ કરે પછી પક્ષ અથવા માસનું અનશન તપ કરે.(ઉત્તરા.અધ્ય.૩૬)

જ્યારે આયુષ્યનો અંતિમ સમય કે અલ્પ સમય અચાનક ઉપસ્થિત થઇ જાય ત્યારે સંક્ષેપમાં સંલેખના કરી શકાય છે અથવા સંલેખના ક્રમ વિના તત્કાલ સંથારો પણ કરી શકાય છે.

**(૨) ઊણોદરી**– ઈચ્છા તેમજ ભૂખથી ઓછું ખાવું, ઓછા ઉપકરણ રાખવા, ઓછી વસ્તુઓનો ઉપયોગ કરવો **ઊણોદરી** તપ છે.

આહાર ઊણોદરીમાં થોડીક ઊણોદરી, અર્ધી, પા, પોણી ઊણોદરી પણ કરી શકાય છે અને ખાદ્યપદાર્થ સીમિત કરી શકાય છે. એક પાત્ર, એક વસ્ત્ર(એક ચાદર) રાખવું ઉપકરણ ઊણોદરી છે અથવા ગૃહસ્થે ઉપયોગ કરેલ ઉપકરણ ગ્રહણ કરવા, એ પણ ઉપકરણ ઊણોદરી છે. **ભાવઊણોદરી**ના કથનમા– કલહ, કષાય, બોલાચાલી(વાગ્યુદ્ધ)આદિના પ્રસંગમાં ગમ ખાવી, શાંત રહેવું, મૌન રાખવું વગેરેને ભાવઊણોદરી કહેલ છે.ગુસ્સા, ઘમંડ, કપટ, લોભ, લાલચથી આત્માને બચાવવો–સુરક્ષિત રાખવો એ પણ ભાવઊણોદરી તપ કહેવામાં આવ્યું છે.

**(૩) ભિક્ષાચરી**– ગોચરીમાં વિવિધ અભિગ્રહ કરવા, ૭ પિંડેષણા, ૭ પાણેષણાના સંકલ્પથી ગોચરી જવું. આઠ પ્રકારની પેટી, અર્ધપેટી ઈત્યાદિ આકારવાળી ભ્રમણ વિધિમાંથી કોઈ વિધિનો સંકલ્પ કરવો. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ સંબંધી અભિગ્રહ કરવો. **દ્રવ્યથી**– ખાદ્યપદાર્થોની સંખ્યા, દત્તિસંખ્યા આદિ નિર્ધારિત કરવી. **ક્ષેત્રથી**– ભિક્ષાના ઘરોની સંખ્યા, ક્ષેત્ર, દિશા આદિની સીમા કરવી. **કાલથી**– સમયની મર્યાદા કરવી, તેટલા સમયમાં જ ભિક્ષા લાવવી–ખાવું. **ભાવથી**– દાતા સંબંધી દેય વસ્તુસંબંધી, રંગવ્યવહાર આદિનો





અભિગ્રહ કરવો. શુદ્ધ એષણા સમિતિથી પ્રાપ્ત કરવાનો દઢ સંકલ્પ કરીને ગોચરી કરવી એ પણ ભિક્ષાચરી તપ કહેલ છે. આ સંકલ્પમાં નવો અભિગ્રહ તો નથી હોતો પરંતુ એષણા નિયમોમાં અપવાદનું સેવન કરી શકાતું નથી. મૌનપૂર્વક ગોચરી કરવી એ પણ ભિક્ષાચરી તપ કહ્યું છે. ભિક્ષાચરી તપને અભિગ્રહ તપ અથવા વૃત્તિસંક્ષેપ તપ પણ કહી શકાય છે. સર્વ મળીને સંખ્યાની દષ્ટિએ ૩૦ પ્રકારના અભિગ્રહ કહ્યા છે.

**ભિક્ષાચર્યા(અભિગ્રહ)ના ૩૦ પ્રકાર– (૧) દ્રવ્ય**– દ્રવ્યો સંબંધી નિયમ કે અભિગ્રહ કરીને આહાર લેવો. **(૨) ક્ષેત્ર**– ગ્રામાદિ ક્ષેત્રોમાંથી કોઈ એક ક્ષેત્ર સંબંધી વાસ, પરા, શેરી, ઘર આદિનો અભિગ્રહ કરીને આહાર લેવો. **(૩) કાલ**– દિવસના અમુક ભાગમાં આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૪) ભાવ**– અમુક વય, વસ્ત્ર કે વર્ણવાળાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૫) उक्खित्तचरए**– કોઈ વાસણમાંથી ભોજન કાઢનારાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૬) णिक्खित्तचरए**– કોઈ વાસણમાં ભોજન નાખવા–ઠાલવવાવાળાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૭) उ.णि.चरए**– કોઈ એક વાસણમાં ભોજન લઈને બીજા વાસણમાં મૂકવાવાળાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૮) णि.उ.चरए**– કોઈ એક વાસણમાં કાઢેલ ભોજનને બીજા વાસણમાં મૂકવાવાળાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૯) वटिज्जमाणचरए**– કોઈને માટે થાળીમાં પીરસેલ આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૦) साहरिज्जमाणचरए**– અન્યત્ર ક્યાંય પણ લઈ જનારથી અથવા ભોજન પીરસવા માટે જનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૧) उवणीयचरए**– આહારની પ્રશંસા કરીને દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૨) अवणीय चरए**– આહારની નિંદા કરીને દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. (૧૩) ઉવ.અવ.ચરએ– જે પહેલા આહારની પ્રશંસા કરીને પછી નિંદા કરે તેનાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૪) अव.उव.चरए**– જે આહારની પહેલા નિંદા કરે પછી પ્રશંસા કરે તેનાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૫) स सट्ठचरए**– લિપ્ત ખરડાયેલા હાથ, પાત્ર કે ચમચાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૬) अस सट्ठ चरए**– અલિપ્ત હાથ, પાત્ર કે ચમચાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. એમાં દાતા અને વસ્તુનો વિવેક રાખવામાં આવે છે જેથી પશ્ચાત્કર્મ દોષ ન

લાગે. **(૧૭) तज्जाय स सट्ठ चरए–** આપવાના પદાર્થથી લિપ્તહાથ, પાત્ર કે ચમચા દ્વારા આપનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૮) अण्णायचरए–** અજ્ઞાતસ્થાન(જ્યાં ભિક્ષુની પ્રતીક્ષા ન કરતા હોય ત્યાં) થી આહાર લેવાનો અભિગ્રહ કરવો. પોતાની જાતિ, કુળ બતાવ્યા વિના આહાર લેવો. અજ્ઞાત, અપરિચિત વ્યક્તિઓના ઘરોથી આહાર લેવો. **(૧૯) मोण चरए–** મૌન રાખીને આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૦) दिट्ठचरए–** દેખાતો હોય અર્થાત્ સામે રાખેલ આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૧) अदिट्ठचरए–** નહિ દેખાતો, અન્યત્ર રાખેલ, કબાટ આદિમાં રાખેલ આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૨) पुट्ठचरए–** તમારે શું જોઈએ છે ? એમ પૂછીને દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૩) अपुट्ठ चरए–** પૂછયા વિના દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો.**(૨૪) भिक्ख- लाभिए– મને ભિક્ષા આપો** એવું કહેવાથી એટલે યાચના કરવા પર દે, તેના પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો.**(૨૫) अभिक्खलाभिए– ભિક્ષા આપો** આદિ કંઈપણ કહ્યા વિના સ્વતઃ દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૬) अण्णगिलायए–** આજનો બનાવેલ તેમજ મનોજ્ઞ અહારાદિ નહિ લેવાનો અભિગ્રહ કરવો. એટલે કે અમનોજ્ઞ, તુચ્છ–સામાન્ય આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૭) ओवणिहिए–** દાતાની સમીપમાં પડેલ અહાર લેવાનો અભિગ્રહ કરવો. એટલે કે ઊઠવું–બેસવું આદિ ક્રિયા કર્યા વગર ભિક્ષા આપનારથી આહાર ગ્રહણ કરવો. **(૨૮) परिमिय पिंडवाइए–** પરિમિત દ્રવ્યો લેવાનો અભિગ્રહ કરવો. **(૨૯) सुद्धेसणिए–** એષણામાં કોઈ પણ અપવાદ સેવન ન કરવાનો અભિગ્રહ કરવો. **(૩૦) स खादत्तिए–** દત્તિનું પરિમાણ નિશ્ચિત કરીને આહાર લેવાનો અભિગ્રહ કરવો. આ ૩૦ સંખ્યાની ગણતરી ભગવતી સૂત્ર અને ઔપપાતિક સૂત્રમાં દર્શાવવામાં આવી છે.

**ઠાણાંગસૂત્ર–**ભિન્નપિંડપાતિક–ટુકડા-ટુકડા કરેલ પદાર્થોની ભિક્ષા લેનાર, અખંડ પદાર્થ મગ, ચણા આદિ નહિ લેનાર–***ઠાણાંગ સૂત્ર, સ્થાન–૫માં આ એક વિશેષ નિયમ દર્શાવેલ છે.***

**(૪) રસ પરિત્યાગ–** વિગયોનો, મહાવિગયોનો ત્યાગ કરવો, સ્વાદિષ્ટ મનોજ્ઞ પદાર્થોનો ત્યાગ કરવો. વિવિધ ખાદ્યપદાર્થોનો ત્યાગ કરવો, ખાદિમ–





સ્વાદિમનો ત્યાગ કરવો, અન્ય પણ મનોજ્ઞ ઈચ્છિત વસ્તુઓ ખાવાનો ત્યાગ કરવો, **રસ પરિત્યાગ તપ** છે. આમ પણ સંયમ સાધક રસાસ્વાદને માટે કોઈપણ આહાર કરતા નથી પરંતુ સંયમ મર્યાદા અને જીવન નિર્વાહ માટે જ મર્યાદિત આહાર કરે છે છતાં પણ વિશિષ્ટ ત્યાગની અપેક્ષા આ તપ હોય છે. સંખ્યા દષ્ટિથી તેના ૯ પ્રકાર દર્શાવ્યા છે.

**રસપરિત્યાગ તપના નવ વિશિષ્ટ પ્રકાર–** (૧) નિર્વિકૃતિક–વિગય રહિત આહાર કરવો (૨) પ્રણીત રસપરિત્યાગ–અતિસ્નિગ્ધ અને સરસ આહારનો ત્યાગ કરવો, સાદું ભોજન કરવું. (૩) આયંબિલ–મીઠું આદિ છ રસ તથા વિગય રહિત એક દ્રવ્યને અચિત્ત પાણીમાં ભિંજાવીને દિવસમાં એક જ વાર ખાવું (૪) આયામ સિકથભોજી–અત્યલ્પ(કણ માત્ર) પદાર્થ લઈને આયંબિલ કરવી (૫) અરસાહાર–મરચાં, મસાલા વિનાનો આહાર કરવો (૬) વિરસા- હાર– ઘણા પુરાણા અન્નથી બનેલો આહાર કરવો (૭) અન્તાહાર– ભોજન પછી બચેલો આહાર કરવો (૮) પ્રાન્તાહાર– તુચ્છ ધાન્યોથી બનેલો આહાર કરવો (૯) રૂક્ષાહાર–રૂખો-સૂકો આહાર કરવો.

**(૫) કાયક્લેશ–** આસન કરવા, લાંબા સમય સુધી સ્થિર આસનથી રહેવું, ઊભા રહેવું, શયનાસનનો ત્યાગ કરવો, વીરાસન આદિ કષ્ટપ્રદ આસન કરવા, આતાપના લેવી, શિયાળામાં ઠંડી સહન કરવી, નિર્વસ્ત્ર રહેવું, અચેલધર્મ સ્વીકાર કરવો, એ કાયક્લેશ તપ છે. સંયમવિધિના આવશ્યક નિયમ–પાદ વિહાર(પગપાળા), લોચ કરવો, સ્નાન નહિ કરવું, ઔષધ ઉપચાર નહિ કરવો, ભૂમિ શયન કરવું આદિ પણ કાયક્લેશ તપ રૂપ જ છે. આમ આ તપના ચાર વિભાગ થાય છે– (૧) આસન (૨) આતાપના (૩) વિભૂષા ત્યાગ (૪) પરિકર્મ– શરીર સુશ્રૂષા ત્યાગ. વિસ્તારની અપેક્ષા અહીં આસન આદિ અનેક પ્રકારે દર્શાવેલ છે.

**કાયક્લેશ તપના નવ વિશેષ પ્રકાર–** (૧) સ્થાનસ્થિતિક–એક આસને સ્થિર ઊભા રહેવું, બેસવું નહિ. (૨) ઉત્કુટુકાસનિક– પુટ્ઠોને ભૂમિ પર નહિ ટેકાવી કેવલ ઉભડક બેસીને મસ્તક પર અંજલી કરવી. (૩) પ્રતિમાસ્થાયી– એક રાત્રિ આદિનો સમય નિશ્ચિત કરી કાયોત્સર્ગ કરવો. (૪) વીરાસનિક– ખુરશી પર બેઠેલ વ્યક્તિની નીચેથી ખુરશી ખેંચી લેવાથી જે સ્થિતિ થાય, તે આસનથી સ્થિર રહેવું. (૫) નૈષધિક– પુટ્ઠે ટેકવી પલાંઠી વાળીને બેસવું

અને સમયની મર્યાદા કરવી. (૬) આતાપક– તડકા આદિની આતાપના લેવી. (૭) અપ્રાવૃતક–શરીરને કપડા આદિથી ઢાંકવું નહિ, ખુલ્લા શરીરે રહેવું (ચોલપટક પહેરી શેષ શરીરથી ઉઘાડા રહેવું. (૮) અકણ્ડૂયક– ખંજવાળ આવવા છતાં પણ શરીરને ખંજવાળવું નહિ. (૯) અનિષ્ઠીવક– થૂંક, કફ વગેરે આવે તો પણ થૂંકવું નહિ. દસમો ભેદ **સર્વ-ગાત્ર-પરિકર્મ અને વિભૂષા વિપ્રમુક્ત**– શરીરના સર્વ સંસ્કાર તથા વિભૂષા–શૃંગાર આદિ કરવાથી મુક્ત રહેવું.

**(૧) દંડાયતિક**– દંડની સમાન સીધા લાંબા પગ કરીને સૂવું. **(૨) લગંડસાઈ**– પડખાભર સૂઈને હથેળી પર મસ્તક ટેકવીને એક ઉભા પગના ગોઠણ પર બીજા પગની એડી રાખવી. એ આસનમાં મસ્તક ટેકવેલ હાથની કોણી જમીન પર રહે છે અને એક પગનો પંજો ભૂમિ પર રહે છે, એક કરવટ– વાળેલો હાથ ભૂમિ પર રહે છે. **(૩) સમપાદપુતા**– બંને પગને અને નિતંબને ભૂમિ પર ટેકવીને બેસવું. **(૪) ગોદોહિકા**– ગાય દોહવાની જેમ બેસવું. **(૫) અપ્રતિશાયી**– શયન કરવું નહિ, ઊભા રહેવું અથવા કોઈ પણ આસનથી બેસી રહેવું. આ પાંચ પ્રકાર પણ સ્થાનાંગ સૂત્રમાં દર્શાવેલ છે.

**(૬) પ્રતિસંલીનતા તપ**– (૧) ઈન્દ્રિયોને પોતાના વિષયમાં જવા દેવી નહિ અને સહજ ઈન્દ્રિય પ્રાપ્ત વિષયોમાં રાગદ્વેષ કરવા નહિ, એ **ઈન્દ્રિય પ્રતિસંલીનતા** તપ છે. (૨) ગુસ્સા, ઘમંડ, કપટ, લોભ, લાલચને ઉત્પન્ન જ થવા દેવા નહિ, સાવધાન રહેવું અને ઉદયની પ્રબળતાથી ઉત્પન્ન થઈ જાય તો તેને તત્કાલ વિફલ કરી દેવા અર્થાત્ જ્ઞાનથી, વૈરાગ્યથી પોતાના કર્તવ્યનું ચિંતન કરી, આત્મ સુરક્ષાના લક્ષ્યને પ્રાધાન્ય આપી, પરદોષ દર્શન દષ્ટિને નષ્ટ કરી, સ્વદોષ દર્શનને મુખ્ય ગણી, ઐહિક સ્વાર્થોને ગૌણ બનાવી, આધ્યાત્મ વિકાસને પ્રધાનતા આપી, તે કષાયોને ટકવા જ નહિ દેવા, **એ કષાય પ્રતિસંલીનતા** તપ છે. નકામા સંકલ્પ-વિકલ્પ ઉત્પન્ન જ થવા દેવા નહિ, સારા, ઊંચા સંકલ્પોને વધારતા રહી અને મનને એકાગ્ર કરવાની ટેવ પાડવી અર્થાત્ ધીરે-ધીરે સંકલ્પ- વિકલ્પોથી મુક્ત થવું, એ સર્વ **મનયોગ પ્રતિસંલીનતા** છે. આવી રીતે ખરાબ વચનનો ત્યાગ અથવા અપ્રયોગ, સારા વચનોનો પ્રયોગ, ઉચ્ચારણ અને મૌનનો અધિકતમ અભ્યાસ, એ **વચનયોગ પ્રતિસંલીનતા** છે. હાથપગ આદિ શરીરના અંગ-ઉપાંગોને પૂર્ણ સંયમિત,





સંકુચિત રાખવા, સ્થિરકાય રહેવું, ચાલવું, ઉઠવું, બેસવું, અંગસંચાલન આદિ પ્રવૃત્તિઓ પર, વિવેક અને યતનાની વિધિનો અભ્યાસ રાખીને અયતના પર પૂર્ણ અંકુશ કેળવવો, **એ કાય પ્રતિસંલીનતા** છે. હાથ, પગ, મસ્તક, અસ્ત-વ્યસ્ત અને ચંચળતાથી ચલાવ્યે રાખવા, અનાવશ્યક પ્રવર્તન કરવું **કાય અપ્રતિસંલીનતા** છે. એકાંત સ્થાનોમાં રહેવું, બેસવું, સૂવું આદિ ચોથું **વિવિક્ત શયનાસન** પ્રતિસંલીનતા તપ છે.

**(૭) પ્રાયશ્ચિત્ત તપ**– પ્રમાદથી, પરિસ્થિતિથી અથવા ઉદયાધીન થવાથી લાગેલા દોષોની આલોચના આદિ કરવી; સરલતા, નમ્રતા, લઘુતાથી યુક્ત થઈને પૂર્ણ શુદ્ધિ કરવી; યથાયોગ્ય પ્રાયશ્ચિત સ્વીકાર કરવું, મિથ્યા દુષ્કૃત દેવું આદિ **પ્રાયશ્ચિત્ત** તપ છે.

**(૮) વિનય તપ**– વિનયનો સામાન્ય અર્થ–નમ્રતા, વંદના, નમસ્કાર, આજ્ઞા પાલન, આદર કરવો, સન્માન કરવું, ભક્તિભાવયુક્ત વ્યવહાર કરવો, એ સર્વે ય પ્રવર્તન **સામાન્ય વિનય તપ** છે.

**વિશેષ વિનય**– આત્માના કર્મોને દૂર કરવા માટે જ્ઞાન, દર્શન, ચારિત્રનું આરાધન કરી શ્રુતભક્તિ અને અનાશતનાનો વ્યવહાર કરવો; મન, વચન, કાયાને પ્રશસ્ત રાખી કર્મબંધથી આત્માને વિશેષ રૂપે દૂર રાખી; અપ્રશસ્ત મન, વચન, વ્યવહાર નહિ કરવો, એ પણ વિનય છે. વિનયના ક્ષેત્ર કાલ સંબંધી નિયમ અનુષ્ઠાનોનું, વ્યવહારનું પાલન કરવું એ પણ **વિનય તપ** છે. કાયિક પ્રવૃત્તિઓ યતનાપૂર્વક કરવી, પ્રત્યેક વ્યક્તિ અથવા પ્રાણીની સાથે સદ્વ્યવહાર કરવો ઇત્યાદિ વિશેષ વિનયના સાત પ્રકાર છે, યથા– (૧) જ્ઞાનવિનય (૨) દર્શનવિનય (૩) ચારિત્ર વિનય (૪) મનવિનય (૫) વચનવિનય (૬) કાયવિનય (૭) લોકોપચાર વિનય છે.

કાયાથી ઉપયોગપૂર્વક ગમનાગમન ઉલ્લંઘન-પ્રલંઘન, બેસવું, ઊઠવું પણ વિનયમાં ગણાવ્યું છે. અવિવેકી પ્રવૃત્તિઓ નહિ કરવી પણ વિનય છે અર્થાત્ સર્વ પ્રકારની વિવેકયુક્ત અનાશ્રવી વૃત્તિથી વ્યવહાર કરનાર ગુણસંપન્ન વ્યક્તિ વિનીત કહેવાય છે. આ રીતે અપેક્ષાએ સર્વ ઉન્નત ગુણોને વિનય કહી શકાય છે. જેનો ઉક્ત સાત ભેદોમાં સમાવેશ થઈ જાય છે.

આ અપેક્ષાથી ઉત્તરાધ્યયન સૂત્રના પહેલા અને અગિયારમા અધ્યયનમાં અનેક ગુણોવાળાને વિનીત કહેલ છે.

**સંક્ષેપમાં–** મોક્ષ સાધકને માટે આત્મશુદ્ધિ, વિનય વિના સંભવ નથી. વિનય વ્યક્તિને અહંકારથી મુક્ત કરે છે અને એ સ્પષ્ટ છે કે આત્મગત દોષોમાં અહંકાર જ સર્વાધિક મહત્વપૂર્ણ દોષ છે. જૈનાગમોમાં વિનય શબ્દનું તાત્પર્ય આચારના નિયમોથી પણ છે. તેના અનુસાર આચારના નિયમોનું સમ્યકરૂપે પાલન કરવું એ પણ વિનય છે. બીજા અર્થમાં વિનય વિનમ્રતાનો સૂચક છે. આ બીજા અર્થનું તાત્પર્ય વરિષ્ટ અને ગુઢજનોનું સન્માન કરતા થકાં તેઓની આજ્ઞાઓનું પાલન કરવું તેમજ તેઓનો આદર આપવો.

**(૯) વૈયાવૃત્ય તપ–** આચાર્ય આદિ ૧૦ સંયમવાન મહાપુઢષોની યથાયોગ્ય સેવા કરવી વૈયાવૃત્ય છે. (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) સ્થવિર (૪) તપસ્વી (૫) રોગી (૬) નવદીક્ષિત (૭) કુલ (૮) ગણ (૯) સંઘ (૧૦) સાધર્મિક શ્રમણ. તેઓને આહાર-પાણી, ઔષધ, વસ્ત્ર-પાત્ર પ્રદાન કરીને શારીરિક શાતા પહોંચાડવી, વચન-વ્યવહારથી માનસિક સમાધિ પહોંચાડવી, વૈયાવૃત્ય તપ છે.

**(૧૦) સ્વાધ્યાય તપ–** એના પાંચ પ્રકાર છે– (૧) વાચના (૨) પૃચ્છા (૩) પરિવર્તના–કંઠસ્થ જ્ઞાનનું પુનરાવર્તન (૪) અનુપ્રેક્ષા (૫) ધર્મકથા. ઢચિપૂર્વક આગમોનું જિનવાણીનું, ભગવદ્ સિદ્ધાંતોનું, કંઠસ્થ અધ્યયન કરવું; વાંચન કરવું; મનન, ચિંતન, અનુપ્રેક્ષણ કરવું; પ્રશ્ન-પ્રતિપ્રશ્નોથી અર્થ-પરમાર્થને સમજવા અને ઉક્ત સ્વાધ્યાય આદિથી પ્રાપ્ત અનુભવને ભવ્યજીવોના પથ-પ્રદર્શન માટે પ્રસારિત-પ્રચારિત કરવા અર્થાત્ પ્રવચન આપવું; ઉપસ્થિત પરિષદને યોગ્ય હિતાવહ ઉદ્બોધન આપવું; તેઓને ધર્મમાર્ગમાં ઉત્સાહિત કરવા; એ સર્વ સ્વાધ્યાય તપ છે.

**(૧૧) ધ્યાન તપ–** સ્વાધ્યાય આદિથી પ્રાપ્ત અનુભવ જ્ઞાન દ્વારા આત્માનુલક્ષી, વૈરાગ્યવર્ધક અનિત્ય ભાવના, અશરણ ભાવના, સંસાર ભાવના એકત્વભાવના, અશુચિ ભાવના આદિ દ્વારા આત્મધ્યાનમાં, આધ્યાત્મભાવમાં લીન બની જવું અને જ્ઞાન, વૈરાગ્ય અને આત્મભાવમાં એક-મેક બની જવું; ચિત્ત-ચિંતન સર્વ એક જ આધ્યાત્મ વિષયમાં એકાગ્ર, સ્થિર, સ્થિરતમ થઈ જવા; આત્મ-વિકાસના આત્મગુણોના પૂર્ણ રૂપથી ક્ષીર નીરવત્ મળી જવું ; આ રીતે સમભાવપૂર્વક આત્મવિષયમાં એકાગ્રચિત થઈ જવું. બાહ્ય સંકલ્પોથી





પૂર્ણરૂપેણ હટીને આધ્યાત્મ વિષયોમાં આત્મસાત્ થઈ જવું, તલ્લીન બની જવું **ધ્યાન તપ** છે.

સ્વાધ્યાયના ચોથા ભેદરૂપ અનુપ્રેક્ષા અને ધ્યાનની અનુપ્રેક્ષા બંને ય અનુપ્રેક્ષા છે પરંતુ છે બંને અલગ-અલગ. એક તત્ત્વાનુપ્રેક્ષા છે તો બીજી આત્માનુપ્રેક્ષા છે. પ્રસ્તુતમાં ધ્યાનના ચાર ભેદ કહ્યા છે, યથા–(૧) આર્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન (૪) શુક્લધ્યાન.

***નોંધ– ધ્યાન સ્વરૂપ અને તેના ભેદ-પ્રભેદ તથા તત્સંબંધી વિસ્તૃત વિચારણા ગુજરાતી આગમ સારાંશ ભાગ–૩, પૃષ્ટ–૨૨૩ થી ૨૪૦ પરિશિષ્ટમાં જુઓ.***

**(૧૨) વ્યુત્સર્ગ તપ–** સ્વાધ્યાય અને ધ્યાનમાં વચન કે મનનો પ્રયોગ હોય છે પરંતુ વ્યુત્સર્જન તપ તો ત્યાગ પ્રધાન છે. આ અંતિમ અને પરાકાષ્ટા કક્ષાનું તપ છે. તેમાં ત્યાગ જ ત્યાગ કરવાનો હોય છે. ત્યાં સુધી કે સ્વાધ્યાય અને ધ્યાનનો પણ ત્યાગ કરવામાં આવે છે, કારણ કે સ્વાધ્યાય, ધ્યાનમાં યોગપ્રવર્તન છે, અનુપ્રેક્ષા કરવી એ પણ યોગ પ્રવૃત્તિ છે. આ વ્યુત્સર્ગ તપમાં તો મન, વચન, કાયાના યોગોનો દેશ–સર્વ શક્ય ત્યાગનું જ મુખ્ય લક્ષ હોય છે. **દ્રવ્ય–** દ્રવ્ય ઉત્સર્ગના ચાર પ્રકાર કર્યા છે, યથા– (૧) સામુહિકતાનો અર્થાત્ ગચ્છનો ત્યાગ કરી એકલ વિહાર ધારણ કરવો **ગણ વ્યુત્સર્ગ તપ** છે. (૨) શરીરનો ત્યાગ કરી કાયોત્સર્ગ કરવો અર્થાત્ ત્રણે યોગનું શક્ય વ્યુત્સર્જન કરવું, **કાયોત્સર્ગ તપ** છે. (૩) ઉપધિનો ક્રમિક અથવા પૂર્ણતઃ ત્યાગ કરવારૂપ દેશ અચેલત્વ કે પૂર્ણ અચેલત્વ સ્વીકાર કરવું **ઉપધિ વ્યુત્સર્ગ તપ** છે. (૪) અહાર-પાણીનો પૂર્ણપણે ક્રમિક ત્યાગ કરવો **ભક્ત-પાન વ્યુત્સર્જન તપ** છે.

**ભાવ–** કષાય ત્યાગ, કર્મબંધ નિવારણ અને સંસાર ભ્રમણનો નિરોધ, એ ભાવ વ્યુત્સર્ગના ત્રણ પ્રકાર છે.

**વિશેષ વિચારણા–** કાયોત્સર્ગમાં જે લોગસ્સ આદિના જાપ વગેરેની પ્રવૃત્તિ ચાલી રહી છે તે પૂર્ણ વ્યુત્સર્જન નથી. સાચા અર્થમાં વ્યુત્સર્જન તે છે જેમાં વચન અને કાય યોગના ત્યાગની સાથે નિર્વિકલ્પતાની સાધના થાય છે અર્થાત્ તેમાં મનોયોગના વ્યાપારનો પણ નિરોધ કરવાનું પૂર્ણ લક્ષ હોય છે, અનુપ્રેક્ષાનો

પણ ત્યાગ હોય છે, તે જ પૂર્ણ કાયોત્સર્ગરૂપ વ્યુત્સર્ગ તપની સાધના છે. આ ધ્યાનની પછીનું તપ છે. ધ્યાનથી પણ તેની શ્રેણી વિશિષ્ટ દરજ્જાની સાધના વાળી છે.

આજકાલ આ સાધનાને પણ ધ્યાનના નામથી પ્રચારિત કરવામાં આવે છે. યથા– નિર્વિકલ્પ ધ્યાન, ગોયંકાધ્યાન, પ્રેક્ષાધ્યાન આદિ. આ વ્યવહાર સત્ય ધ્યાન બની ગયું છે પરંતુ વાસ્તવિક સત્ય નથી.

કેટલાક લોકોનું એમ વિચારવાનું છે કે નિર્વિકલ્પતા છદ્મસ્થને થઈ શકતી નથી પરંતુ તેઓનો એવો એકાંતિક વિચાર અયોગ્ય છે. મનોયોગનું અંતર પણ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે. પ્રગાઢ નિદ્રામાં પણ મનોયોગ અવરુદ્ધ થાય જ છે અને વ્યુત્સર્ગ તપમાં યોગોનું વ્યુત્સર્જન કરવું એ પણ આગમમાં તપ રૂપ કહ્યું છે. તેથી તેનો એકાંત નિષેધ કરવો અનુપયુક્ત છે, ધ્યાનની સાધનાથી આ વ્યુત્સર્જનની સાધના કંઈક વિશેષ કઠિન અવશ્ય છે પરંતુ તેને અસાધ્ય માની લેવી જોઈએ નહિ.

એ સર્વ પ્રકારના તપ, જ્ઞાનદર્શનચારિત્રની ભૂમિકાની સાથે જ મહત્ત્વપૂર્ણ હોય છે અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અથવા ચારિત્રાચારિત્ર નથી તો તે ભૂમિકા વિનાનું તપ આત્મ ઉત્થાનમાં, મોક્ષ આરાધનામાં મહત્ત્વપૂર્ણ થઈ શકતું નથી. તેથી કોઈપણ નાના કે મોટા તપમાં જ્ઞાન-શ્રદ્ધાન અને વિરતિભાવની ઉપેક્ષા થવી જોઈએ નહિ. ચાહે ભલે તે ઉચ્ચ ધ્યાન હોય અથવા પરમ તપ વ્યુત્સર્ગ હોય. ***(તે સંબંધી કેટલુંક સ્પષ્ટીકરણ ધ્યાન પરિશિષ્ટમાં ગુજરાતી સારાંશ ભાગ–૩, પૃષ્ટ– ૨૨૩ થી ૨૪૦ સુધી કરવામાં આવેલ છે.)***

ચતુર્વિધ મોક્ષ માર્ગની સાપેક્ષ સાધના જ મોક્ષ ફળ આપનાર બની શકે છે. તે સાધનાના ચાર અંગ છે– (૧) સમ્યગ્જ્ઞાન (૨) સમ્યકશ્રદ્ધાન (૩) સમ્યકચારિત્ર (૪) સમ્યકતપ. યથા– **ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન– ૨૮, ગાથા–૩ ॥**

**ણાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।**
**એયં મગ્ગં અણુપત્તા, જીવા ગચ્છંતિ સોગ્ગઈ ॥**

ભાવાર્થ– જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ આ ચતુર્વિધ મોક્ષ માર્ગને પ્રાપ્ત





કરીને, તેની આરાધના કરનાર જીવ, મોક્ષ રૂપી સદ્ગતિને પ્રાપ્ત કરે છે.
॥ ઉદ્દેશક–૭ સંપૂર્ણ ॥

## પ્રશ્ન–૩૩ : જીવના આયુબંધ અને પરભવ ગમન સંબંધમાં અહીં કયો સિદ્ધાંત બતાવ્યો છે ?

**જવાબ :** પ્રસ્તુત ઉદ્દેશક–૮માં આ વિષયક અનેક મહત્વપૂર્ણ તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, યથા– (૧) જીવ પોતાના જ અધ્યાવસાય અને યોગ, મન, વચન, કાયાની પ્રવૃત્તિના સંમિશ્રણથી તદનુરૂપ પરભવના આયુષ્યનો બંધ કરે છે. (૨) આયુક્ષય– ભવસ્થિતિનો ક્ષય થવાથી જીવ પરભવને માટે પ્રસ્થાન કરે છે. આયુ=આયુષ્ય કર્મદલિક, તેનો ક્ષય. ભવક્ષય=ભવ નિબંધક અવગાહના આદિ ૬ બોલ, તેનો ક્ષય. સ્થિતિક્ષય=આયુષ્ય, ઉંમર, તેની સમાપ્તિ. એ ત્રણેના ક્ષય માટે મૂલપાઠમાં **આઉક્ખએણં ભવક્ખએણં ઠિઈક્ખએણં** ત્રણ શબ્દોનો પ્રયોગ અનેક સ્થાને આવે છે. (૩) આયુષ્ય ક્ષય થતા જીવની જે ગતિ સ્થૂલ શરીરના વિના થાય છે, તે શીઘ્રગામી ગતિ હોય છે અર્થાત્ ૧–૨–૩ સમયમાં તો ૧૪ રાજુલોક જેટલા દૂર ક્ષેત્રમાં પહોંચી જાય છે. (૪) એકેંદ્રિયથી એકેંદ્રિયમાં ઉત્પન્ન થનારાની ઉત્કૃષ્ટ ચાર સમયની ગતિ હોય છે. ત્રસમાં ઉત્પન્ન થનારની ઉત્કૃષ્ટ ત્રણ સમયની ગતિ હોય છે. એકેંદ્રિયમાં કવચિત્ પાંચ સમયની ગતિનું કથન પણ ગ્રંથોમાં મળે છે, આગમમાં તેનું કથન નથી. (૫) જીવની આ પરભવિક ગતિને પ્લવક ગતિ કહેલ છે. અર્થાત્ કૂદવાની જેમ જીવ એક સ્થાનેથી ચાલે છે, વચમાં રોકાયા વિના સીધો એક–બે સમયમાં ગંતવ્ય સ્થાનમાં પહોંચી જાય છે. (૬) જીવ સ્વયં પોતાની ઋદ્ધિ, કર્મ અને પ્રયોગથી પરભવમાં જાય છે. એમાં અન્ય કોઈનું (ઈશ્વર આદિનું) પ્રયોગ કે કર્મ કંઈ કામ આવતું નથી. (૭) સમુચ્ચય જીવની સમાન જ ૨૪ દંડકના જીવોને માટે અને ભવી, અભવી, સમદષ્ટિ, મિથ્યાદષ્ટિને માટે પણ ઉપરોક્ત સિદ્ધાંત સમજી લેવો. ॥ ઉદ્દેશક ૮ થી ૧૨ સંપૂર્ણ ॥

# શતક–૨૬ : ઉદ્દેશક–૧ થી ૧૧

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આમાં ૧૧ ઉદ્દેશકોના માધ્યમથી ત્રણે કાલ સંબંધી જીવના આઠ કર્મોના બંધ અથવા અબંધ સંબંધી વિચારણા, ૧૧ દ્વારના ૪૭ બોલના અવલંબનથી, સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના સંબંધમાં કરવામાં આવી છે. સંક્ષેપમાં કર્મ સંબંધી તત્ત્વજ્ઞાનનું એમાં ચૌભંગી દ્વારા નિરૂપણ છે. તત્ત્વજ્ઞાન ક્ષેત્રમાં આ પ્રકરણ **૪૭ બોલની બંધી** એ નામથી મહત્વપૂર્ણ થોકડાના રૂપમાં કંઠસ્થ કરવામાં આવે છે. આ શતકનું નામ પણ **બંધી શતક** પ્રસિદ્ધ છે.

આ શતકના પ્રારંભમાં વિષય વર્ણનના ૧૧ દ્વાર ગાથા રૂપે કહેલ છે પરંતુ ૧૧ ઉદ્દેશકોનું સૂચન કરનાર ગાથા અહીં નથી. તોપણ તે ઉદ્દેશકોના સ્વતંત્ર વિષય આ પ્રમાણે છે–

**પ્રથમ ઉદ્દેશક**– સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના સામાન્ય જીવો પર ૪૭ બોલોના માધ્યમથી કર્મોના ત્રિકાલ બંધ સંબંધી ચૌભંગીના કેટલા ભંગ કોનામાં હોય છે, તે સંબંધી નિરૂપણ છે.

**ઉદ્દેશક–૨,૪,૬ અને ૮**– એ ચાર ઉદ્દેશકોમાં ક્રમશઃ અનંતરોત્પન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક અને અનંતરપર્યાપ્તક જીવો પર ઉપરોક્ત ત્રિકાલિક કર્મ સંબંધી ચૌભંગી દ્વારા નિરૂપણ છે.

**ઉદ્દેશક–૩,૫,૭ અને ૯**– એ ચાર ઉદ્દેશકોમાં ક્રમશઃ પરંપરોત્પન્નક, પરંપરાવગાઢ, પરંપરાહારક અને પરંપરપર્યાપ્તક જીવો પર ઉપરોક્ત ત્રિકાલિક કર્મ બંધની ચૌભંગી દ્વારા નિરૂપણ છે.

**ઉદ્દેશક–૧૦,૧૧**– ચરમ જીવ = પોતાના સ્થાનમાં પાછા કદિ નહિ આવનાર અર્થાત્ એક, બે અથવા કેટલાક ભવ કરીને મોક્ષ ચાલ્યા જનાર જીવોનું દશમા ઉદ્દેશકમાં અને અચરમ જીવ = પાછા પોતાના સ્થાનમાં ભવિષ્યમાં જન્મ ધારણ કરનાર જીવોનું અગિયારમા ઉદ્દેશકમાં ઉપરોક્ત કર્મબંધ સંબંધી નિરૂપણ છે.

**પ્રશ્ન–૨ : આ 'બંધીશતક'માં વર્ણનના માધ્યમભૂત ૧૧ દ્વાર અને ૪૭ બોલ કયા છે અને તેમાંથી ૨૪ દંડકમાં કેટલા કેટલા બોલ હોય છે ?**

**જવાબ :** શતકના પ્રારંભમાં પ્રાપ્ત ગાથા અનુસાર અને સમસ્ત વર્ણન અનુસાર





**૧૧ દ્વાર અને તેના ૪૭ ભેદ રૂપ બોલ આ પ્રમાણે છે–**

| ક્રમ | દ્વાર | ભેદ ખુલાસા | ભેદ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જીવદ્વાર | સમુચ્ચય જીવ | ૧ |
| ૨ | લેશ્યાદ્વાર | સલેશી, ૬ લેશ્યા, અલેશી | ૮ |
| ૩ | પક્ષ | કૃષ્ણપક્ષી, શુક્લપક્ષી | ૨ |
| ૪ | દષ્ટિ | ત્રણ દષ્ટિ | ૩ |
| ૫ | અજ્ઞાન | સમુચ્ચય અજ્ઞાન, ૩ અજ્ઞાન | ૪ |
| ૬ | જ્ઞાન | સમુચ્ચય જ્ઞાન, ૫ જ્ઞાન | ૬ |
| ૭ | સંજ્ઞા | ચાર સંજ્ઞા, નોસંજ્ઞોપયુક્ત | ૫ |
| ૮ | વેદ | સવેદી, ૩ વેદ, અવેદી | ૫ |
| ૯ | કષાય | સકષાયી, ૪ કષાય, અકષાયી | ૬ |
| ૧૦ | યોગ | સયોગી, ૩ યોગ, અયોગી | ૫ |
| ૧૧ | ઉપયોગ | સાકાર, અનાકાર | ૨ |
| | | **કુલ બોલ** | **૪૭** |

**૨૪ દંડકમાં પ્રાપ્ત થનાર બોલ–**

| જીવ | બોલ | વિવરણ |
|---|---|---|
| નારકીમાં | ૩૫ | ચાર લેશ્યા, ૨ જ્ઞાન, નો સંજ્ઞા, ૩ વેદ, અકષાય, અયોગ આ ૧૨ ઓછા થયા |
| ભવનપતિ વ્યંતરમાં | ૩૭ | એક લેશ્યા અને એક વેદ વધ્યા |
| જ્યોતિષી અને બે દેવલોક | ૩૪ | ૩૭ માં ત્રણ લેશ્યા ઓછી |
| ત્રીજાથી ગ્રૈવેયક સુધી | ૩૩ | ૩૪ માં એક વેદ ઓછો |
| પાંચ અણુત્તર વિમાન | ૨૬ | કૃષ્ણ પક્ષ, ૨ દષ્ટિ, ૪ અજ્ઞાન ઓછા ૩૩ માં |
| પૃથ્વી, પાણી, વનસ્પતિ | ૨૭ | જીવ, ૫ લેશ્યા, ૨ પક્ષ, ૧ દષ્ટિ ૩ અજ્ઞાન, ૪ સંજ્ઞા, ૨ વેદ, ૫ કષાય, ૨ યોગ, ૨ ઉપયોગ = ૨૭ |
| તેઉ વાયુ | ૨૬ | ૨૭ માં તેજો લેશ્યા ઓછી |
| ત્રણ વિકલેન્દ્રિય | ૩૧ | સમદષ્ટિ, ૩ જ્ઞાન, ૧ વચન યોગ ૨૬ માં વધ્યા. |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૪૦ | અલેશી. અવેદી, અકષાયી, અયોગી, નો સંજ્ઞા, ૨ જ્ઞાન, આ ૭ ઓછા |
| મનુષ્ય | ૪૭ | બધા |

**પ્રશ્ન–૩ : ત્રણે કાલ સંબંધી બંધ-અબંધના ચાર ભંગ કયા છે અને તે પ્રત્યેક કર્મમાં કેવી રીતે જોવા મળે છે ?**

**જવાબ :** ત્રણે કાલમાં બંધ-અબંધની ચૌભંગી–

(૧) પૂર્વે કર્મ બાંધ્યા હતા, વર્તમાનમાં બાંધે છે, ભવિષ્યમાં બાંધશે.

(૨) બાંધ્યા હતા, બાંધે છે, નહિ બાંધશે.

(૩) બાંધ્યા હતા, બાંધતા નથી, બાંધશે.

(૪) બાંધ્યા હતા, બાંધતા નથી, બાંધશે નહિ.

**કર્મોમાં બંધીના ૪ ભંગોનું અસ્તિત્વ–**

| કર્મ | પહેલો ભંગ | બીજો ભંગ | ત્રીજો ભંગ | ચોથો ભંગ |
|---|---|---|---|---|
| ૧ પાપ કર્મ મોહ કર્મમાં | અભવી વિગેરે ની અપેક્ષા | ક્ષપક શ્રેણીના ૯મા ગુણ૦સુધી | ઉપશમ શ્રેણી | ૧૨–૧૩–૧૪ ગુણસ્થાનમાં |
| ૨ જ્ઞાનવરણીય વિગેરે ૫ માં | ૧૦ મા ગુણ ના દ્વિ ચરમ સમય સુધી | ચરમ સમયમાં | અગિયારમા ગુણસ્થાનમાં | ૧૨–૧૩–૧૪ ગુણસ્થાનમાં. |
| ૩ વેદનીય કર્મ | તેરમા ગુણ દ્વિ ચરમ સમય સુધી | તેરમા ગુણ ના ચરમ સમયમાં | × | ૧૪ મા ગુણ સ્થાનમાં |
| ૪ આયુષ્ય કર્મ | અભવી વિગેરેની ની અપેક્ષા | આગલા ભવમાં મોક્ષગામી | અચરમ શરીરી ૨/૩ આયુષ્ય સુધી | ચરમ શરીરી અથવા મનુષ્યાયુ બાંધેલા જીવમાં |

**વિશેષ :–** અહીં પાપકર્મથી સમુચ્ચય આઠે ય કર્મોનું એક સાથે કથન છે, તેમાં મોહકર્મની મુખ્યતા હોય છે. તેથી સમુચ્ચય પાપકર્મનું કથન અને મોહકર્મનું કથન સમાન હોવાથી કોષ્ટકમાં બંનેના કથન સાથે દીધા છે. સૂત્રપાઠમાં પહેલા પાપકર્મની પૃચ્છા છે અને બાદમાં જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોની ક્રમશઃ પૃચ્છા છે. કોષ્ટકોમાં સરખા વર્ણનને સાથે લેવા માટે કર્મોનો ક્રમ જાળવવામાં આવતો નથી. એ કારણથી પાંચ કર્મોનું કથન સાથે કરેલ છે, શેષ ત્રણ કર્મોના કથન અલગ આગળ-પાછળ કરેલ છે.

**પ્રશ્ન–૪ : ચોવીસ દંડકમાં પ્રાપ્ત થનાર ત્રૈકાલિક કર્મબંધનું સ્વરૂપ કેવી રીતે બતાવ્યું છે ?**





**જવાબ : ૨૪ દંડકના બોલોમાં પ્રત્યેક કર્મના ત્રૈકાલિક ભંગ–**

| કર્મ | જીવ | બોલ | ભંગ |
|---|---|---|---|
| મોહકર્મ (પાપકર્મ) | જીવ, મનુષ્ય | ૨૦ (જીવ, સલેશી, શુક્લલેશી, શુક્લપક્ષી, સમ્યગ્દષ્ટિ, ૫ જ્ઞાન, નોસંજ્ઞોપયુક્ત, અવેદી, સકષાયી, લોભ, ૪ યોગ, ૨ ઉપયોગ=૨૦) | ૪ |
| | | ૩ (અલેશી, કેવલી, અયોગી) માં | ૧ (ચોથો) |
| | | ૧ (અકષાયી)માં | ૨ (૩,૪) |
| | | ૨૩ (શેષ બોલ બધા)માં | ૨ (૧,૨) |
| | ૨૩ દંડક | યથાયોગ્ય(જેમાં જેટલા બોલ હોય તેમાં) | ૨ (૧,૨) |
| પાંચકર્મ | જીવ,મનુષ્ય | ૧૮(૨૦માં સકષાયી અને લોભ અલ્પ) | ૪ |
| | | ૩ (અલેશી, કેવલી અયોગી)માં | ૧(ચોથો) |
| | | ૧ (અકષાયી) માં | ૨ (૩,૪) |
| | | ૨૫ (શેષ બધા) | ૨ (૧,૨) |
| | ૨૩ દંડક | યથાયોગ્ય બોલોમાં | ૨ (૧,૨) |
| વેદનીયકર્મ | જીવ,મનુષ્ય | ૧૨ (જીવ, સલેશી, શુક્લલેશી, શુક્લપક્ષી, સમદષ્ટિ, સણાણી, કેવલજ્ઞાની, નોસંજ્ઞોપયુક્ત અવેદી, અકષાયી, બે ઉપયોગ, આ ૧૨)માં | ૩(૧,૨,૪) |
| | | ૨ (અલેશી, અયોગી)માં | ૧(ચોથો) |
| | | ૩૩ બોલ(શેષ બધા)માં | ૨ (૧,૨) |
| | ૨૩ દંડક | યથાયોગ્ય બોલોમાં | ૨ (૧,૨) |
| આયુષ્યકર્મ | જીવ | ૧ કૃષ્ણપક્ષીમાં | ૨ (૧,૩) |
| | | ૩ મિશ્રદષ્ટિ, અવેદી, અકષાયીમાં | ૨ (૩,૪) |
| | | ૩ અલેશી, કેવલી, અયોગી માં | ૧(ચોથો) |
| | | ૨ મનઃપર્યવ, નોસંજ્ઞોપયુક્તમાં | ૩(૧,૩,૪) |
| | | ૩૮ (શેષ બધા)માં | ૪ ભંગ |
| આયુષ્યકર્મ | નરક, દેવમાં | ૨ (કૃષ્ણલેશી, કૃષ્ણપક્ષી)માં | ૨ (૧,૩) |
| | | ૧ (મિશ્રદષ્ટિ)માં | ૨ (૩,૪) |

| | | | |
|---|---|---|---|
| આયુકર્મ | નરક, દેવમાં | શેષ બોલોમાં | ૪ ભંગ |
| | સર્વાર્થસિદ્ધ | યથાયોગ્ય બધામાં | ૩ (૨,૩,૪) |
| | પૃથ્વી,પાણી, વનસ્પતિ | ૧ તેજોલેશ્યામાં | ૧ (ત્રીજો) |
| | | ૧ કૃષ્ણપક્ષીમાં | ૨ (૧,૩) |
| | | ૨૫ (શેષ બધા)માં | ૪ ભંગ |
| | તેઉ,વાયુ | યથાયોગ્ય (બધા)માં | ૨ (૧,૩) |
| | વિકલેન્દ્રિય | ૪ (સમદષ્ટિ ૩ જ્ઞાન)માં | ૧ (ત્રીજો) |
| | | ૨૭ (શેષ બધા) માં | ૨ (૧,૩) |
| | તિર્યંચ પંચેન્દ્રિય | ૧ કૃષ્ણપક્ષી | ૨ (૧,૩) |
| | | ૧ મિશ્રદષ્ટિ | ૨ (૩,૪) |
| | | ૫ (સમદષ્ટિ ૪ જ્ઞાન) | ૩ (૧,૩,૪) |
| | | ૩૩ (શેષ બધા) માં | ૪ ભંગ |
| | મનુષ્ય | ૩ (અલેશી, કેવલી, અયોગી) માં | ૧ (ચોથો) |
| | | ૩ (મિશ્રદષ્ટિ, અવેદી, અકષાયી) માં | ૨ (૩,૪) |
| | | ૭ (સમદષ્ટિ, ૫ જ્ઞાન, નોસંજ્ઞોપયુક્ત)માં | ૩ (૧,૩,૪) |
| | | ૧ (કૃષ્ણપક્ષી)માં | ૨ (૧,૩) |
| | | ૩૩ (શેષ બોલ)માં | ૪ ભંગ |

॥ ઉદ્દેશક– ૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૫ : અનંતરોત્પન્નક આદિ જીવોમાં કર્મબંધના ત્રૈકાલિક ભંગ કેવી રીતે હોય છે ?**

**જવાબ :** (૧) અનંતરોત્પન્નક (૨) અનંતરાવગાઢ (૩) અનંતરાહારક અને (૪) અનંતરપર્યાપ્તક(આહાર પર્યાપ્તક) એ ચારે પ્રકારના જીવ જન્મના પ્રારંભિક (પ્રથમાદિ) સમયમાં અસ્તિત્વવાળા છે. તેથી તેમાં (૧) આયુષ્ય કર્મનો બંધ થતો નથી (૨) સાત કર્મ નિયમા બંધાય છે (૩) અપર્યાપ્તમાં પ્રાપ્ત નહિ થનાર અર્થાત્ માત્ર પર્યાપ્તમાં જ પ્રાપ્ત થનાર બોલ તેમાં હોતા નથી. યથા– મિશ્રદષ્ટિ, મનયોગ, વચનયોગ, તિર્યંચમાં વિભંગજ્ઞાન, અવધિજ્ઞાન અને મનુષ્યમાં ઉપરના ગુણસ્થાનવાળા કેટલાય બોલ હોતા નથી. તેથી ૨૪ દંડકમાં પ્રાપ્ત થનાર બોલમાં થોડાક-થોડાક ઓછા હોય





છે, તે આ પ્રમાણે છે–

**અનંતરોત્પન્નક આદિ ચારેયમાં ૪૭ બોલ–**

| જીવ | બોલ | વિવરણ |
|---|---|---|
| નારકીમાં | ૩૨ | (મિશ્ર દષ્ટિ, ૨ યોગ ઓછા– ૩૫ માં) |
| ભવનપતિ વ્યંતર | ૩૪ | ૩૭ માં ત્રણ ઓછા |
| જયોતિષી ૨ દેવલોક | ૩૧ | ૩૪ માં ત્રણ ઓછા |
| ૩ દેવલોકથી ગ્રૈવયક | ૩૦ | ૩૩ માં ત્રણ ઓછા |
| ૫ અનુત્તર દેવ. | ૨૪ | ૨૬ માં બે યોગ ઓછા |
| પાંચ સ્થાવર | ૨૭/૨૬ | પૂર્વવત્ |
| ત્રણ વિકલેન્દ્રિય | ૩૦ | ૩૧ માં વચન યોગ ઓછો |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૩૫ | ૪૦ માં મિશ્ર દષ્ટિ, વિભંગ, અવધિ, ૨ યોગ આ પંચ ઓછા |
| મનુષ્ય | ૩૬ | ૩ (અલેશી, કેવલી, અયોગી) ૩ (મિશ્રદષ્ટિ, અવેદી, અકષાયી) ૨ (મનઃપર્યવ નો સંજ્ઞા) ૨ યોગ, ૧ વિભંગ, આ ૧૧ ઓછા થયા ૪૭માં |

**સાતકર્મ–** અનંતરોત્પન્નક આદિ ચારેયમાં **સાતકર્મ** અવશ્ય બાંધે છે. તેથી ૨૪ દંડકમાં પ્રાપ્ત થનાર સર્વ બોલોમાં ચાર ભંગમાંથી વર્તમાનમાં બાંધવાના બે ભંગ(પહેલો–બીજો) જ હોય છે અને વર્તમાનમાં નહિ બાંધનાર બે ભંગ (ત્રીજો–ચોથો) હોતા નથી.

**થનાર બે ભંગ–** (૧) સાતે ય કર્મ બાંધ્યા હતા, બાંધે છે અને બાંધશે. (૨) સાતેય કર્મ બાંધ્યા હતા, બાંધે છે અને બાંધશે નહિ. એમાંથી પ્રથમ ભંગ અભવીની અપેક્ષા અને બીજો ભંગ ભવીની અપેક્ષા હોય છે.

**નહિ થનાર બે ભંગ–** (૧) સાતે ય કર્મ બાંધ્યા હતા, બાંધતા નથી અને બાંધશે. (૨) સાતે ય કર્મ બાંધ્યા હતા, બાંધતા નથી અને બાંધશે નહિ. એ બંનેમાં વર્તમાનમાં નહિ બાંધવાનું કથન છે. જ્યારે કે અનંતરોત્પન્નક આદિ જીવ તો નિયમા સાતે ય કર્મ વર્તમાનમાં બાંધે જ છે. તેથી બંને ભંગ થઈ શકતા નથી.

**આયુષ્યકર્મ–** અનંતરોત્પન્નક આદિ ચારે **આયુષ્યકર્મ** બાંધતા જ નથી કારણ કે ઉત્પત્તિ પછી અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત વીત્યા પછી જ જીવ આયુષ્ય બાંધી શકે છે. તેથી આયુષ્ય કર્મના સંબંધમાં વર્તમાનમાં બાંધવાના બે ભંગ (પહેલો-બીજો)તેમાં હોતો નથી. ત્રીજો ભંગ– આયુષ્ય બાંધ્યું હતું, બાંધતા નથી અને બાંધશે. આ એક ભંગ જ ૨૩ દંડકના જીવોમાં હોય છે અને મનુષ્યોમાં મોક્ષગામી જીવોની અપેક્ષા ચોથો ભંગ(બાંધ્યુ હતું, બાંધતા નથી, બાંધશે નહિ) પણ થઈ શકે છે. તેથી અનંતરોત્પન્નક મનુષ્યોમાં ત્રીજો-ચોથો બે ભંગ આયુષ્ય કર્મમાં થઈ શકે છે. મનુષ્યમાં પ્રાપ્ત થનાર સર્વ બોલવાળા ચરમશરીરી મોક્ષગામી હોઈ શકે છે. કેવલ એક કૃષ્ણપક્ષી બોલવાળા જીવ મોક્ષગામી હોતા નથી તેથી તેમાં એક ત્રીજો ભંગ જ કહ્યો છે, ચોથો ભંગ થતો નથી.

**અનંતરોત્પન્નક ૨૪ દંડકમાં આઠ કર્મ સંબંધી ભંગ–**

| | | | |
|---|---|---|---|
| ૭ કર્મ | ૨૪ દંડક | યથા યોગ્ય બધા બોલોમાં | ૨ (૧. ૨) |
| આયુ કર્મ | ૨૩ દંડક | યથા યોગ્ય બધા બોલોમાં | ૧ (૩) |
| | મનુષ્ય | ૧ કૃષ્ણ પક્ષમાં | ૧ (૩) |
| | | ૩૫ બાકી બધામાં | ૨ (૩–૪) |

॥ ઉદ્દેશક–૨,૪,૬,૮ સંપૂર્ણ ॥

## પ્રશ્ન–૬ : પરંપરોત્પન્નક આદિ જીવોમાં કર્મબંધના ત્રૈકાલિક ભંગ કેવી રીતે હોય છે ?

**જવાબ :** (૧) પરંપરોત્પન્નક (૨) પરંપરાવગાઢ (૩) પરંપરાહારક (૪) પરંપરપર્યાપ્તક. એ ચારે જીવ ઉત્પત્તિના પ્રારંભિક સમયને છોડીને સંપૂર્ણ જીવનભર હોય છે. આખા ભવમાં હોવાથી એ ચારે ય બોલોના સંપૂર્ણ કર્મબંધ સંબંધી વર્ણન પ્રથમ ઉદ્દેશકની સમાન જ છે, સર્વત્ર પરંપરોત્પન્નક આદિ વિશેષણ લગાવી દેવાનું છે. યથા– પરંપરોત્પન્નક નારકી આદિ, પરંપરાવગાઢ નારકી આદિ. એમ ચારેયનું કથન કરવાથી ચાર ઉદ્દેશક પૂર્ણ થઈ જાય છે. સમુચ્ચય જીવ અનંતર-પરંપર કંઈપણ હોતા નથી તેથી તેનું





કથન માત્ર પ્રથમ ઉદ્દેશકમાં જ હોય છે, શેષ ઉદ્દેશકોમાં તેનું કથન હોતું નથી. ॥ ઉદ્દેશક–૩,૫,૭,૯ સંપૂર્ણ ॥

## પ્રશ્ન–૭ : ચરમ અને અચરમના કર્મસંબંધી વર્ણન કેવી રીતે છે ?

**જવાબ : ચરમ–** ૨૩ દંડકના જીવોમાં જે પોતાના દંડકમાં પાછા આવી જન્મશે નહિ, ત્યાંથી નીકળ્યા પછી ગમે ત્યારે મોક્ષ ચાલ્યા જશે, તે ૨૩ દંડકના જીવ ચરમ કહેવાય છે. મનુષ્યમાં ચરમજીવ મનુષ્યના લગાતાર(આઠભવ) કરે, અન્ય દંડકમાં ન જાય તો તે મનુષ્યના ચરમ કહેવાય છે. અર્થાત્ ૧,૨ યાવત્ ૮ મનુષ્યના ભવોથી મોક્ષગામી બને તે મનુષ્યના ચરમ છે.

તેથી ચરમના આ ઉદ્દેશકમાં ૨૪ દંડકમાં પ્રાપ્ત થનાર સર્વ બોલોનું કર્મબંધ સંબંધી વર્ણન અને ભંગ પ્રથમ ઉદ્દેશકની સમાન છે. છતાંપણ કૃષ્ણપક્ષીનો એક બોલ ચરમ હોઈ શકતો નથી. તેથી સર્વ દંડકમાં પ્રાપ્ત થનાર બોલોમાં એક બોલ ઓછો કરીને શેષ બોલોમાં કર્મબંધનું વર્ણન પ્રથમ ઉદ્દેશકની સમાન કરાય છે. ॥ ઉદ્દેશક–૧૦ સંપૂર્ણ ॥

**અચરમ–** અન્ય દંડકમાં જઈને પાછા પોતાના દંડકમાં આવનાર જીવોને અહીં અચરમ કહેલ છે. તેથી અચરમના આ વર્ણનમાં કંઈક ભિન્નતા છે; યથા–

નિયમા(નિયમતઃ) મોક્ષગામી બોલ–અલેશી,કેવલી,અયોગીનું કથન આમાં હોતું નથી. તેથી ૪૭–૩=૪૪ બોલનું કથન છે. સર્વાર્થસિદ્ધમાં જીવ પાછો જતો નથી. તેથી તેનું અહીં અચરમમાં કથન હોતું નથી. બંધીના ચાર ભંગમાં ચોથો ભંગ(કર્મ બાંધ્યા હતા, બાંધતો નથી, બાંધશે નહિ) અચરમમાં પ્રાપ્ત થતો નથી. કારણ કે અચરમ તો ભવિષ્યમાં આઠે ય કર્મ બાંધશે જ, મોક્ષ જનાર નહિ હોવાથી. માટે ત્રણ ભંગોની અપેક્ષા જ કથન કરવું.

આ વિશેષતાઓ સિવાય અચરમનું પણ સંપૂર્ણ વર્ણન પ્રથમ ઉદ્દેશકની સમાન છે. વિશેષ જાણકારી માટે આગળ ચાર્ટમાં જુઓ–

ooooo

## ૨૪ દંડકના અચરમ જીવોમાં બોલ અને ભંગ–

| કર્મ | જીવ | બોલ વિવરણ | ભંગ |
|---|---|---|---|
| પાપકર્મ અને મોહકર્મ | મનુષ્ય | ૨૦ બોલ=જીવ,સલેશી, શુક્લલેશી, શુક્લપક્ષી, સમ્યગ્દષ્ટિ, સજ્ઞાની, ૪ જ્ઞાન, નોસંજ્ઞોપયુક્ત, અવેદી, સકષાયી, લોભકષાયી, સયોગી, ત્રણયોગી, બંને ઉપયોગ . | ૧,૨,૩ |
| | | ૧–અકષાયી | ૧ ત્રીજો |
| | | ૩–અલેશી, કેવલી, અયોગી, આ (ત્રણબોલ)હોતા નથી. | × |
| | | ૨૩ શેષ = ૫ લેશ્યા, કૃષ્ણપક્ષી, મિથ્યાદષ્ટિ, ૪ અજ્ઞાન, ૪ સંજ્ઞા, ૪ વેદ, ૩ કષાય, મિશ્રદષ્ટિ | ૧,૨ |
| | ૨૩ દંડકમાં | યથાયોગ્ય બોલોમાં | ૧,૨ |
| ૫ કર્મ– જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, નામ, ગોત્ર, અંતરાય | મનુષ્ય | ૧૮= ઉપરોક્ત ૨૦માંથી સકષાયી અને લોભકષાય ઓછા થયા | |
| | | ૧–અકષાયી | ત્રીજો |
| | | ૩–અલેશી,કેવલી, અયોગી (ત્રણબોલ)હોતા નથી. | × |
| | | ૨૫ શેષ બોલમાં | ૧,૨ |
| | ૨૩ દંડક | યથા યોગ્ય બોલોમાં | ૧,૨ |
| વેદનીયકર્મ | ૨૪ દંડક | યથાયોગ્ય બોલોમાં | ૧,૨ |
| આયુષ્યકર્મ | નૈરયિક | ૩૪ બોલોમાં | ૧,૩ |
| | | ૧–મિશ્રદષ્ટિમાં | ૧ ત્રીજો |
| | ભવનપતિ, વ્યંતર | ૩૬ બોલોમાં | ૧,૩ |
| | | ૧–મિશ્રદષ્ટિમાં | ૧ ત્રીજો |
| | જ્યોતિષી, ૨ દેવલોક | ૩૩ બોલોમાં | ૧,૩ |
| | | ૧ મિશ્રદષ્ટિમાં | ૧ ત્રીજો |
| | નવગ્રૈવેયક તક | ૩૨ બોલોમાં | ૧,૩ |
| | | ૧ મિશ્રદષ્ટિમાં | ૧ ત્રીજો |
| | ૪અનુત્તર વિ. | ૨૬ બોલોમાં | ૧,૩ |





| | | | |
|---|---|---|---|
| | પૃથ્વી પાની વનસ્પતિ | ૨૬ બોલોમાં | ૧,૩ |
| | | ૧ તેજોલેશ્યામાં | ૧ ત્રીજો |
| | તેઉ–વાયુમાં | ૨૬ બોલોમાં | ૧,૩ |
| | ત્રણ વિકલેન્દ્રિય | ૨૭ બોલોમાં | ૧,૩ |
| | | ૪ બોલમાં = સમ્યગ્દષ્ટિ, ૩ જ્ઞાન | ૧ ત્રીજો |
| | તિર્યંચ પંચેન્દ્રિય | ૩૯ બોલોમાં | ૧,૩ |
| | | ૧ મિશ્રદષ્ટિમાં | ૧ ત્રીજો |
| | મનુષ્ય | ૪૧ બોલોમાં | ૧,૩ |
| | | ૩ અવેદી, અકષાયી, મિશ્રદષ્ટિમાં | ૧ ત્રીજો |

### પ્રશ્ન–૮ : જન્મનપુંસક મનુષ્ય શું એ જ ભવમાં મોક્ષગામી થઈ શકે છે ?

**જવાબ :** અનંતરોત્પન્નકના ઉદ્દેશકમાં મનુષ્યમાં કૃષ્ણપક્ષીના સિવાય પ્રાપ્ત થનાર સર્વ બોલોમાં આયુષ્ય કર્મ બાંધવામાં ચોથો ભંગ લીધો છે અર્થાત્ કૃષ્ણપક્ષી સિવાય પ્રથમ સમયવાળા સર્વ બોલોમાં મનુષ્ય, ચતુર્થ ભંગ અનુસાર 'આયુષ્ય કર્મ તે સમયે પણ બાંધતો નથી અને ભવિષ્યમાં પણ બાંધશે નહિ;' તો સંપૂર્ણ ભવમાં આયુષ્ય નહિ બાંધવાથી સર્વ બોલવાળા મનુષ્યોનું મોક્ષ જવાનું પણ સિદ્ધ થાય છે. અનંતરોત્પન્નક જીવમાં કૃષ્ણ–પક્ષી સિવાયના બોલોમાં ત્રણે વેદ પણ સમાવિષ્ટ છે. તેથી જન્મ સમયના ત્રણે વેદવાળામાં આયુષ્ય કર્મ બંધનો ચોથો ભંગ હોવાથી તે મનુષ્ય 'આયુષ્ય કર્મ બાંધતા નથી અને બાંધશે નહિ' એવો ભંગ હોવાથી તેઓ મોક્ષગામી બની શકે છે.

આ રીતે આ શતકના બીજા ઉદ્દેશકના આયુષ્યબંધના વર્ણનથી જન્મ નપુંસકનું પણ ચરમ શરીરી હોવું, મોક્ષગામી બનવું સ્પષ્ટ થાય છે.

# શતક–૨૭ : ઉદ્દેશક–૧ થી ૧૧

**પ્રશ્ન–૧ : આ શતકમાં કર્મસંબંધી વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** છવ્વીસમા શતકમાં કર્મબંધ સંબંધી નિરૂપણ જેવી રીતે કર્યું છે તે જ રીતે આ શતકમાં **કર્મોને પુષ્ટ કરવા સંબંધી** વર્ણન ૧૧ દ્વારોના ૪૭ બોલોમાં સમુચ્ચય જીવ અને ૨૪ દંડક પર પાપકર્મ અને આઠ કર્મોના ચાર ભંગોનું નિરૂપણ પ્રથમ ઉદ્દેશકમાં કરવામાં આવ્યું છે. બીજાથી અગિયારમા ઉદ્દેશક સુધી અનંતરોત્પન્નકથી લઈને અચરમ જીવોનું કથન પણ ૨૬મા શતકની સમાન છે. એ સર્વ અગિયાર ઉદ્દેશોમાં કર્મબંધના સ્થાન પર **કર્મ પુષ્ટ કરવાનો** શબ્દપ્રયોગ કરેલ છે. પુષ્ટ કરવાના અર્થની પ્રધાનતાથી આ શતકનું નામ 'કરિંશુ શતક' છે. છવ્વીસમા શતકનું નામ **બંધી શતક** છે.

# શતક–૨૮ : ઉદ્દેશક–૧ થી ૧૧

**પ્રશ્ન–૧ : આ શતકમાં કર્મસંબંધી વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** આ શતકમાં બહુવચનથી વિવક્ષિત અનેક જીવોને માટે 'ભૂતકાલમાં ૪ ગતિમાંથી કયા કર્મોનું સમાર્જન(ઉપાર્જન) અને તેનું આચરણ(ભોગવટો)કર્યું' એ વિષયમાં ચારે ય ગતિઓને લઈને આઠ ભંગ કર્યા છે– (૧) વિવક્ષિત ઘણા જીવોએ માત્ર તિર્યંચ ગતિમાં ભૂતકાલમાં કર્મ સમાર્જન અને સમાચરણ કર્યું છે અર્થાત્ તે જીવો અત્યાર સુધી અનાદિથી તિર્યંચ ગતિમાં જ રહ્યા છે, અન્ય ગતિમાં ભવ અથવા કર્મ ઉપાર્જન કર્યા નથી, તેની અપેક્ષા આ પ્રથમ ભંગ બને છે. ***(આ ભંગવાળા જીવોની અપેક્ષાએ જ અવ્યવહાર રાશીની સિદ્ધિ થાય છે.)*** (૨) અથવા વિવક્ષિત અનેક જીવોએ તિર્યંચ અને નરકમાં કર્મ સમાર્જન અને સમાચરણ કરેલ છે. (૩) અથવા વિવક્ષિત અનેક જીવોએ તિર્યંચ તથા મનુષ્યમાં કર્મ સમાર્જન અને સમાચરણ કર્યું છે. આ રીતે (૪) તિર્યંચ અને દેવગતિમાં (૫) તિર્યંચ, નરક અને મનુષ્યમાં (૬) તિર્યંચ, નરક, દેવમાં (૭) તિર્યંચ, મનુષ્ય, દેવમાં (૮) અથવા તિર્યંચ, નરક, મનુષ્ય અને દેવ ચારે ગતિમાં વિવક્ષિત અનેક જીવોએ કર્મોનું સમાર્જન અને સમાચરણ કર્યું છે. આ જ રીતે ૪૭ બોલોમાં, ૨૪





દંડક અને તેમાં પ્રાપ્ત થનાર બોલોમાં પાપકર્મ અને આઠે ય કર્મના ભૂતકાલમાં ઉપાર્જન અને ફળ ભોગવવાના આઠ વિકલ્પ સર્વત્ર હોય છે. ૨૬મા શતકમાં કર્મબંધના ત્રૈકાલિક ૪ ભંગોમાંથી ઓછા-અધિક ભંગ થાય છે અને આ શતકના પ્રકરણમાં સર્વત્ર કોઈ વિકલ્પ વિના આઠે ય ભંગ થાય છે.

અનંતરોત્પન્નક આદિ અચરમ સુધીના બધા ઉદ્દેશકમાં જ્યાં જે બોલ ૨૬મા શતકમાં કહ્યા છે, જે પ્રકારે અલ્પાધિક કહ્યા છે તે જ રીતે સર્વ પૃચ્છાનું અહીં હીનાધિક કરીને કથન કરવામાં આવ્યું છે. ભંગોનો ફરક જે ૨૬મા શતકમાં હોય છે, તેવો અહીં હોતો નથી. સર્વત્ર ભંગ તો ૮ જ થાય છે. બોલોનો ફરક આદિ ૨૬મા શતકની સમાન અહીં પણ છે જ. માત્ર ભંગની સંખ્યા સર્વત્ર ૧૧ ઉદ્દેશક સુધીના બોલોમાં **આઠ જ** સ્થિરતાપૂર્વક કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે ૨૬મા શતકમાં વર્તમાન અને ભવિષ્યકાલ પણ સાથે અપેક્ષિત છે પરંતુ આ ૨૮મા શતકમાં કેવલ ભૂતકાલની જ પૃચ્છા છે, વર્તમાન અને ભવિષ્યની પૃચ્છા નથી.

# શતક–૨૯ : ઉદ્દેશક–૧ થી ૧૧

**પ્રશ્ન–૧ : આ શતકમાં કર્મસંબંધી વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** આમાં વિવક્ષિત અનેક જીવોનું (બહુવચનથી) વિવક્ષિત એક ભવમાં કર્મોના વેદન પ્રારંભ અને તે ગતિમાં કર્મવેદનની સમાપ્તિનું કથન છે કે– શું આ કર્મવેદન પ્રારંભ અને વેદન સમાપ્તિ તે વિવક્ષિત જીવોની તે વિવક્ષિત ગતિમાં સાથે પ્રારંભ થઈને સાથે જ સમાપ્ત થાય છે કે અલગ–અલગ પ્રારંભ થઈને અલગ અલગ પણ સમાપ્ત થાય છે ? ઉત્તરમાં ચારે ય ભંગ સ્વીકારવામાં આવેલ છે, યથા– (૧) કેટલાક જીવ સાથે કર્મવેદન પ્રારંભ કરીને એક સાથે સમાપ્ત કરે છે. (૨) કેટલાક જીવ સાથે પ્રારંભ કરીને અલગ-અલગ સમયમાં સમાપ્ત કરે છે. (૩) કેટલાક જીવ પ્રારંભ અલગ અલગ સમયે કરીને સાથે સમાપ્ત કરે છે. (૪) કેટલાક જીવ અલગ-અલગ પ્રારંભ કરીને સમાપ્ત પણ અલગ-અલગ કરે છે. આ ચારે ય ભંગ બનવાનું કારણ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. યથા– **(૧) સમાઉયા–સમોવવણ્ણગા–** સાથે ઉત્પન્ન થનાર(આયુષ્ય પ્રારંભ કરનાર) અને આયુષ્ય સમાન હોવાથી સાથે જ મરનાર(આગામી ભવમાં સાથે જન્મનાર) જીવોમાં પહેલો ભંગ થાય છે. **(૨) સમાઉયા–વિસમોવવણ્ણગા–** સાથે

ઉત્પન્ન થાય અને અલગ અલગ સમયે મરે; આ બીજો ભંગ(તે ભવસંબંધી સમસ્ત કર્મવેદન પ્રારંભ સાથે અને સમાપ્તિ અલગ) થાય છે. **(૩) વિસમાઉયા–સમોવવણગા–** અલગ સમયે આ ભવમાં ઉત્પન્ન થાય અને આગામી ભવમાં એક જ સમયે ઉત્પન્ન થાય અર્થાત્ આ ભવમાં એક સાથે મરે, તેમાં ત્રીજો ભંગ (તે ભવ સંબંધી સમસ્ત કર્મવેદન પ્રારંભ અલગ અને સમાપ્તિ સાથે) થાય છે. **(૪) વિસમાઉયા–વિસમોવવણગા–** અલગ સમયમાં (આ ભવમાં) ઉત્પન્ન થનાર અને અલગ–અલગ સમયમાં મરીને આગામી ભવમાં અલગ–અલગ સમયે ઉત્પન્ન થાય તેમાં ચોથો ભંગ (કર્મવેદન પ્રારંભ પણ અલગ અને કર્મવેદન સમાપ્તિ પણ અલગ) થાય છે.

આ રીતે ૧૧ દ્વાર, ૪૭ બોલ, ૮ કર્મ, ૨૪ દંડક સંબંધી ઉક્ત વર્ણનમાં એ ચારે ય ભંગ કહેવા. પછી અનંતરોત્પન્નક આદિ ચાર ઉદ્દેશકોમાં બે ભંગ જ કહેવા. પરંપરોત્પન્નક આદિ શેષ સર્વ (૬) ઉદ્દેશામાં ચાર ભંગ કહેવા, અનંતરોત્પન્નક આદિમાં બધા જીવ સાથે જ જન્મે છે, અલગ-અલગ સમયે જન્મવાનો વિકલ્પ ત્યાં હોતો નથી, તેથી ચાર ભંગ નહિ બનતાં બે ભંગ જ બને છે.

## શતક–૩૦ : ઉદ્દેશક–૧ થી ૧૧

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકનું નામ **સમવસરણ** છે. **સમવસરણ** શબ્દ અહીં વાદી અને સિદ્ધાંત અર્થમાં પ્રયુક્ત છે. સમવસરણ ચાર કહ્યા છે અર્થાત્ અહીં ચાર સિદ્ધાંતવાદીનું કથન ૨૬મા શતકવાળા ૧૧ દ્વાર ૪૭ બોલમાં કર્યું છે. એ ૪૭ બોલના સંભવિત સમવસરણમાં આયુષ્યબંધ અને ભવી-અભવીનું નિરૂપણ છે. ૧૧ ઉદ્દેશકોનું વિભાજન ૨૬મા શતકની સમાન અનંતરોત્પન્નક આદિ રૂપમાં કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન–૨ : ચાર સમવસરણ અને તેનું વિશ્લેષણ કેવી રીતે છે ?**

**જવાબ :** (૧) ક્રિયાવાદી (૨) અક્રિયાવાદી (૩) અજ્ઞાનવાદી (૪) વિનયવાદી એ ચારે ય અહીં સમવસરણ સંજ્ઞાથી વર્ણિત છે.

ક્યાંક એ ચારે ય વાદીઓના ભેદ એકાંતવાદી રૂપમાં કહીને સર્વને મિથ્યાદષ્ટિ ગણ્યા છે. ત્યાં એ ચારેયના ૩૬૩ ભેદ(૧૮૦+૮૪+૬૭+૩૨) માન્યા





છે. પરંતુ પ્રસ્તુત પ્રકરણમાં ક્રિયાવાદીથી સમ્યગ્દષ્ટિ અને જ્ઞાનક્રિયાના સુમેળ વાળા, સ્યાદ્વાદમય સમ્યક સિદ્ધાંતનું ગ્રહણ કરવામાં આવ્યું છે અને શેષ ત્રણે ય એકાંતવાદી મિથ્યાદષ્ટિરૂપમાં સ્વીકારવામાં આવેલ છે. તેમાં (૧) અક્રિયાવાદી– જ્ઞાનથી જ કલ્યાણ હોવાનું માને છે, ક્રિયાનો નિષેધ કરે છે. (૨) અજ્ઞાનવાદી– જ્ઞાનનું ખંડન કરે છે, અજ્ઞાન અને શૂન્યતાથી મુક્તિ માને છે. (૩) વિનયવાદી– કેવલ વિનયથી જ મુક્તિ માને છે, જ્ઞાન–ક્રિયા બંનેનો નિષેધ કરે છે. તેઓ એમ માને છે કે જે પણ દેખાય, જે પણ મળે, તેને પ્રણામ કરતા જાઓ, કેવલ નમ્રતા– વિનયથી જ કલ્યાણ થઈ જશે, જ્ઞાન અને ક્રિયાનો શ્રમ કરવો વ્યર્થ છે.

**પ્રશ્ન–૩ : ચાર સમવસરણ, આયુબંધ, ભવી-અભવી આદિનું વર્ણન સમુચ્ચય જીવ અને ૨૪ દંડકમાં કેવી રીતે કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** સમુચ્ચય જીવના ૪૭ બોલોમાં સમવસરણ કેટલા, ૨૪ દંડકમાં પ્રાપ્ત થનાર બોલોમાં સમવસરણ કેટલા અને સમવસરણમાં કઈ ગતિનો આયંબંધ થાય છે ઈત્યાદિ વર્ણન અહીં કોષ્ટક દ્વારા દર્શાવીએ છીએ–

**સમુચ્ચય જીવમાં સમવસરણ અને આયુબંધ–**

| ૪૭ બોલ | સમવસરણ | આયુબંધ |
|---|---|---|
| કૃષ્ણપક્ષી, મિથ્યાદષ્ટિ, ૪અજ્ઞાન | ૩ | ૪ ગતિના |
| મિશ્રદષ્ટિ | અજ્ઞાનવાદી<br>વિનયવાદી | બંને વાદીમાં અબંધ |
| સમ્યગ્દષ્ટિ, ચાર જ્ઞાન | ૧ ક્રિયાવાદી | ૨ દેવ, મનુષ્યના |
| ત્રણ અશુભ લેશ્યા | ૪ | ક્રિયાવાદી–મનુષ્ય/અબંધ<br>૩ સમવસરણ–૪ ગતિના |
| ત્રણ શુભ લેશ્યા | ૪ | ક્રિયાવાદી–દેવ, મનુષ્યના<br>૩–સમવસરણ–૩ ગતિના |
| મનઃપર્યવ જ્ઞાન નો સંજ્ઞોપયુક્ત | ૧ | વૈમાનિક દેવના |
| અવેદી, અકષાયી, અયોગી અલેશી, કેવલી | ૧ | અબંધ |
| શેષ ૨૨ બોલ | ૪ | ક્રિયાવાદી– ૨ ગતિના<br>૩ સમવસરણ–૪ ગતિના |

**વિશેષ–** ત્રણ અશુભ લેશ્યામાં **ક્રિયાવાદી** નારકી અને દેવતા બંને ય મનુષ્યાયુનો બંધ કરે છે અને મનુષ્ય-તિર્યંચ બંને ય તે લેશ્યાઓમાં આયુબંધ કરતા નથી. ત્રણ શુભ લેશ્યામાં ક્રિયાવાદી દેવતા, મનુષ્યાયુનો બંધ કરે છે અને તેમાં મનુષ્ય-તિર્યંચ બંને ય દેવાયુનો બંધ કરે છે.

**૨૪ દંડકમાં સમવસરણ આદિ–**

| દંડક | ૪૭ બોલ | સમવસરણ | આયુબંધ |
|---|---|---|---|
| નરક | કૃષ્ણ પક્ષી વિ. ૬ બોલ | ૩ | ૨ (મનુષ્ય તિર્યંચના) |
| નરક | મિશ્ર દષ્ટિ | ૨ | અબંધ |
| નરક | સમ્યગ્દષ્ટિ ૪ જ્ઞાન | ૧ | મનુષ્યના |
| નરક | બાકી ૨૩ બોલ | ૪ | ક્રિયાવાદી–મનુષ્યના ૩ સમવસરણ–બન્નેના |
| દેવગ્રૈવેયકસુધી | કૃષ્ણ પક્ષી વિગેરે ૬ બોલ | ૩ | મનુષ્ય તિર્યંચના |
| | મિશ્રદષ્ટિ | ૨ | અબંધ |
| | સમ્યગ્દષ્ટિ ૪ જ્ઞાન | ૧ | મનુષ્યના |
| | બાકી ૨૩ બોલ | ૪ | ક્રિયાવાદી–મનુષ્યના ૩ સમવસરણ બંનેના નવમા દેવલોકથી આગળ કેવળ મનુષ્યાયુના |
| અણુત્તર દેવ | ૨૬ બોલ | ૧ | મનુષ્યાયુ |
| ત્રણ સ્થાવર | તેજોલેશ્યા | ૨ અક્રિયા અજ્ઞાન | અબંધ |
| ત્રણ સ્થાવર | બાકી ૨૬ બોલ | ૨ અક્રિયા અજ્ઞાન | મનુષ્ય તિર્યંચ. |
| તેઉ વાયુ. | ૨૬ બોલ | ૨ અક્રિયા અજ્ઞાન | ૧ તિર્યંચ આયુ |
| વિકલેન્દ્રિય | સમ્યગ્દષ્ટિ ૩ જ્ઞાન | ૧ | અબંધ |
| વિકલેન્દ્રિય | ૨૭ બોલ (બાકી) | ૨ ઉપરવત્ | બન્ને |
| તિર્યંચ પંચેન્દ્રિય | કૃષ્ણપક્ષી વિગેરે ૬ | ૩ | ૪ (ચારે આયુ) |
| | | | |





| દંડક | ૪૭ બોલ | સમવસરણ | આયુબંધ |
|---|---|---|---|
| તિર્યંચ પંચેન્દ્રિય | મિશ્રદષ્ટિ | ૨ અજ્ઞાન વિનય | અબંધ |
| તિર્યંચ પંચેન્દ્રિય | સમ્યગ્દષ્ટિ ૪ જ્ઞાન | ૧ | વૈમાનિક દેવોના |
| તિર્યંચ પંચેન્દ્રિય | ત્રણ લેશ્યા કૃષ્ણાદિ | ૪ | ક્રિયાવાદી – અબંધ ૩ સમવસરણ–૪ ગતિના |
| તિર્યંચ પંચેન્દ્રિય | ત્રણ શુભ લેશ્યા | ૪ | ક્રિયાવાદી–વૈમાનિકના ૩ સમવસરણ–૩ ગતિના |
| તિર્યંચ પંચેન્દ્રિય | (શેષ બોલ) ૨૨ | ૪. | ક્રિયાવાદી–વૈમાનિકના ૩ સમવસરણ–૪ ગતિના |
| મનુષ્ય | ૧૮ બોલ | તિર્યંચ પંચેન્દ્રિય સમાન.... | |
| મનુષ્ય | મનઃ પર્યવ જ્ઞાન, નો સંજ્ઞા | ૧ | વૈમાનિકના |
| મનુષ્ય | અવેદી વિગેરે ૫ | ૧ | અબંધ |
| મનુષ્ય | બાકી ૨૨ બોલ | ૪ | ક્રિયાવાદી વૈમાનિકના ૩ સમવસરણ–૪ ગતિના |

**નોંધ–** ચાર્ટમાં ત્રણ સમવસરણ જ્યાં કહ્યા છે ત્યાં ક્રિયાવાદી નથી.

**પ્રશ્ન–૪ : અહીં સમવસરણમાં ભવી-અભવીનું કથન કેવી રીતે છે ?**

**જવાબ :** ક્રિયાવાદી સમવસરણ જેટલા પણ બોલમાં હોય તે સર્વ એકાંત ભવી હોય છે. મિશ્રદષ્ટિ(વિનયવાદી અજ્ઞાનવાદી) છે તો તે પણ એકાંતભવી હોય છે. શુક્લપક્ષીમાં ચારે ય સમવસરણ છે તો તે પણ સર્વ એકાંતભવી હોય છે. તેના સિવાય શેષ બોલોમાં ભવી-અભવી બંને હોય છે. કુલ મળીને એકાંતભવીના ૧૪ બોલ છે– (૧) અલેશી (૨) શુક્લપક્ષી (૩) સમ્યગ્દષ્ટિ (૪) મિશ્રદષ્ટિ (૫–૧૦) સજ્ઞાની, ૫ જ્ઞાન (૧૧) નોસંજ્ઞોપયુક્ત (૧૨) અકષાયી (૧૩) અવેદી (૧૪) અયોગી. શેષ ૪૭–૧૪=૩૩ બોલમાં ક્રિયાવાદી એકાંતભવી, શેષ ત્રણ સમવસરણ ભવી–અભવી બંને.

**પ્રશ્ન–૫ : અહીં અનંતરોત્પન્નક આદિ ઉદ્દેશકોમાં વર્ણન કેવી રીતે છે ?**

**જવાબ :** અનંતરોત્પન્નક આદિ ચાર ઉદ્દેશકમાં ૨૬મા શતકની સમાન ૪૭ બોલમાંથી પ્રાપ્ત થનાર બોલ કહેવા. તે સર્વ બોલોમાં સમવસરણ ઉપરોક્ત ચાર્ટ અનુસાર જાણવા. વિશેષ એ છે કે– ચાર્ટમાં કહેલ બોલોમાં મન, વચન, યોગ અને મિશ્રદષ્ટિ એ ત્રણ જ્યાં પણ છે તેને કાઢી લેવા અને તે સિવાય પ્રાપ્ત થતા બધા બોલોમાં આયુષ્યનો અબંધ કહેવો. કારણ કે તે અનંતરોત્પન્નક આદિ ચારે ય (પ્રથમ સમયોત્પન્નક હોવાથી) આયુષ્ય બાંધતા નથી. પરંપરોત્પન્નક આદિ શેષ ૬ ઉદ્દેશક પ્રથમ ઉદ્દેશકની સમાન છે અર્થાત્ ચાર્ટની સમાન ૨૪ દંડકમાં કહેવાના છે.

૪૭ બોલોમાંથી બોલ છોડવા આદિનું ૨૬મા શતકની સમાન ધ્યાન રાખવું અર્થાત્ પાછલા દશે ઉદ્દેશકમાં સમુચ્ચય જીવ નહિ કહેતા ૨૪ દંડક જ કહેવા, અચરમ ઉદ્દેશકમાં અલેશી, કેવલી, અયોગી એ ત્રણ બોલ નહિ કહેવા અને સર્વાર્થસિદ્ધની પૃચ્છા નહિ કરવી ઈત્યાદિ.

## શતક–૩૧, ૩૨ : ઉદ્દેશક–૨૮-૨૮

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં માત્ર નરકમાં ઉત્પન્ન થનાર જીવોની સંખ્યાનું કથન **કૃતયુગ્મ** આદિના માધ્યમથી છે. જે વર્ણન સમુચ્ચય નારકી પછી ત્રણ લેશ્યા વાળા નારકી એમ ચાર ઉદ્દેશામાં છે. ત્યાર પછી ૨ પક્ષ, ૨ ભવી, ૨ દષ્ટિ એમ છએમાં પુનઃ ચાર-ચાર ઉદ્દેશક હોવાથી કુલ ૪+૨૪=૨૮ ઉદ્દેશકોથી ઉત્પત્તિનું વર્ણન છે તે કારણે આ ૩૧મા શતકનું નામ **ઉપપાત શતક** છે. ૩૨મા શતકમાં એ જ ૨૮ ઉદ્દેશકોમાં જીવોના ઉદ્વર્તન–મરણનું વર્ણન **કૃતયુગ્મ** આદિ સંખ્યાથી લેશ્યા, ભવી, દષ્ટિ અને પક્ષના માધ્યમથી પૂર્વવત્ કર્યું છે. તેથી આ ૩૨મા શતકનું નામ **ઉદ્વર્તના શતક** છે.

**પ્રશ્ન–૨ : પ્રસ્તુતમાં લઘુયુગ્મનું સ્વરૂપ શું દર્શાવ્યું છે તથા તેમાં ઉત્પન્ન થવા સંબંધી શું શું નિરૂપણ છે ?**

**જવાબ :** 'યુગ્મ'નું સ્વરૂપ શ.૧૮, ઉદ્દે.૪માં અને શતક–૨૫, ઉદ્દેશક–૩માં બતાવ્યું છે. ત્યાં ઔઘિક યુગ્મનું જ કથન છે. અહીં તેને જ ક્ષુલ્લક–લઘુયુગ્મ





કહેલ છે. કારણ કે આગળ શતક ૩૫ થી ૪૦ સુધીમાં મહાયુગ્મ કહ્યા છે. શતક–૧૮, ઉદ્દેશક–૪ ના વર્ણનની સમાન ૪,૮,૧૨,૧૬ સંખ્યાત અસંખ્યાત અનંતની સંખ્યા **લઘુકૃતયુગ્મ** છે. ૩,૭,૧૧,૧૫ યાવત્ અનંતની સંખ્યા લઘુ તેઓગ–ત્રયોજયુગ્મ છે. ૨,૬,૧૦,૧૪ યાવત્ અનંતની સંખ્યા **લઘુદ્વાપર–** દાવર યુગ્મ છે. ૧,૫,૯,૧૩ યાવત્ અનંતની સંખ્યા **લઘુકલ્યોજ યુગ્મ** છે.

પૂર્વ શતક અનુસાર આ શતકમાં ૧૧ દ્વાર અને ૪૭ બોલનું કથન નથી. સર્વપ્રથમ સમુચ્ચય નરકમાં આવનાર જીવોનું કથન છે.

નારકીમાં એ ચારે ય લઘુયુગ્મથી જીવ ઉત્પન્ન થાય તો જઘન્ય ઉક્ત સંખ્યા અનુસાર અને ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્પન્ન થાય છે. ક્યાંથી આવીને ઉત્પન્ન થવાના ઉત્તરમાં પ્રજ્ઞાપના પદ ૬ અનુસાર આગતિ સ્થાન કહેવું જોઈએ. ઉત્પન્ન થનાર જીવ શતક ૨૫ ઉદ્દેશક–૮ અનુસાર પ્લવકની સમાન આવીને ઉત્પન્ન થાય છે અને અધ્યવસાય–યોગ નિમિત્ત, સ્વકર્મ, સ્વઋદ્ધિ આદિથી ઉત્પન્ન થવાનું પણ ૨૫ મા શતક અનુસાર સમજી લેવું જોઈએ.

આ રીતે આ સમુચ્ચય નારકીનો ઉદ્દેશક થાય છે. ત્યાર પછી નારકીમાં પ્રાપ્ત થનાર ત્રણ લેશ્યામાં ઉત્પત્તિની ચારે ય યુગ્મ સંખ્યા, આગતિ સ્થાનના આધારે કહેવી. જે નરકમાં જે લેશ્યા હોય તે જ કહેવી. આમ ત્રણ લેશ્યા સહિત એ ચાર ઉદ્દેશક સમુચ્ચય જીવના થાય છે. આ જ રીતે ૨ પક્ષ ૨ ભવી ૨ દષ્ટિ એ ૬ થી પણ ઉપરોક્ત લેશ્યા સહિતના ચાર-ચાર ઉદ્દેશક થાય છે. કુલ ૨૮ ઉદ્દેશક થાય છે.

એકત્રીસમાં શતકમાં ઉત્પન્ન થવાની અપેક્ષા જે વર્ણન છે તે જ સંપૂર્ણ વર્ણન ૩૨મા શતકમાં ઉદ્વર્તન–મરવાની અપેક્ષા છે. પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા પદમાં કહેલી ગતિ(ગત)અનુસાર ઉદ્વર્તન સ્થાનોને સમજી લેવા.

**વિશેષ–** સાતમી નરકની આગતિ અને ગતિમાં દષ્ટિ એક જ (મિથ્યાદષ્ટિ) કહેવી. કારણ કે ત્યાં સમ્યગ્દષ્ટિ ઉપજતા, મરતા નથી.

એ બંને શતકોમાં નરકની અપેક્ષા જ કથન કરવામાં આવ્યું છે. શેષ દંડકને માટે ક્યારેક ભલામણ પાઠ રહેલ હશે જે લિપિ પ્રમાદથી છૂટી ગયાનો સંભવ લાગે છે. તેથી નરકની સમાન શેષ ૨૩ દંડકનું કથન પણ સમજી લેવું.

જેની ઉદ્દેશક સંખ્યા બંને શતકોમાં આ પ્રમાણે થશે– ભવનપતિ

વ્યંતરમાં– ૧૧×૫×૭=૩૮૫×૨=૭૭૦. જ્યોતિષીમાં– ૨×૭=૧૪×૨=૨૮ વૈમાનિકમાં– ૪×૭=૨૮×૨=૫૬. ત્રણ સ્થાવરમાં– ૩×૫×૭=૧૦૫+(૩×૪×૭=)૮૪=૧૮૯, તેઉ, વાયુમાં– ૨×૪×૭=૫૬×૨=૧૧૨. ત્રણ વિકલેન્દ્રિયમાં– ૩×૪×૭=૮૪×૨=૧૬૮. તિર્યંચમાં– ૭×૭=૪૯×૨ =૯૮. મનુષ્યમાં પણ–૯૮. કુલ : ૫૬+૭૭૦+૨૮+૫૬+૧૮૯+૧૧૨+૧૬૮+૯૮+૯૮ = ૧૫૭૫ ઉદ્દેશક થાય છે. પરંતુ બંને શતકમાં પાંચ સ્થાવરમાં દૃષ્ટિ એક હોવાથી તેના ૪૩ (૧૫+૧૨+૮+૮) ઉદ્દેશક ઓછા થશે. ત્રણ વિકલેન્દ્રિયમાં ગતમાં દૃષ્ટિ એક છે જેથી ૧૨ બત્રીસમા શતકમાં ઓછા થયા, એ કુલ ૪૩+૧૨=૫૫ ઓછા થવાથી ૧૫૭૫–૫૫ = ૧૫૨૦ ઉદ્દેશક બંને શતકમાં ૨૪ દંડકના થાય છે.

## શતક–૩૩ : એકેન્દ્રિય શતક

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં ૧૨ અવાંતર શતક છે અને પ્રત્યેક શતકમાં ૨૬મા શતકની સમાન ૧૧–૧૧ ઉદ્દેશક છે. જેમાં એકેંદ્રિયના ભેદ-પ્રભેદ કરીને તેમાં આઠ કર્મનું અસ્તિત્વ, આઠનો બંધ અને વેદનમાં– આઠકર્મ+૪ ઈન્દ્રિયની અંતરાય +૨ વેદની અંતરાય એમ ૧૪(બોલ)સંખ્યારૂપ વર્ણન છે. એકેંદ્રિય સંબંધી ઉક્ત વર્ણન સિવાય કોઈ પણ જીવોનું વર્ણન નહિ હોવાથી એનું નામ **એકેંદ્રિય શતક** છે.

**પ્રશ્ન–૨ : આ શતકમાં અવાંતર શતક અને ઉદ્દેશક તથા એકેંદ્રિયના ભેદ-પ્રભેદ યુક્ત વર્ણન કેવી રીતે છે ?**

**જવાબ :** આ શતકના–૧૨ અવાંતર શતક આ પ્રમાણે છે– સમુચ્ચય એકેંદ્રિય અને ત્રણ લેશ્યા(અહીં તેજોલેશ્યા ગણી નથી) નગણ્ય કરી છે. એ ચાર શતક થયા. પછી ૪ ભવીના, ૪ અભવીના એમ કુલ ૧૨ શતક થયા.

છવ્વીસમા શતક અનુસાર એમાં પણ ૧૧–૧૧ ઉદ્દેશક હોય છે પરંતુ અભવીના ૪ શતકોમાં ચરમ અચરમ બે ઉદ્દેશક નહિ હોવાથી(૪×૨) આઠ ઉદ્દેશક ઓછા હોય છે અર્થાત્ ૧૨×૧૧=૧૩૨–૮ = ૧૨૪ ઉદ્દેશક આ શતકમાં છે.





એકેંદ્રિયના કુલ ભેદ ૨૦ છે. પાંચ સ્થાવરના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ચાર-ચાર ભેદ કરવાથી ૫×૪=૨૦ થયા. એ વીસ ભેદોમાં આઠે ય કર્મની સત્તા છે, ૭ અથવા ૮ કર્મનો બંધ થાય છે.

આઠ કર્મ ચાર ઈન્દ્રિયનું આવરણ અને ૨ વેદનું આવરણ એમ ૧૪ બોલ(કર્મ)નું વેદન બતાવ્યું છે.

આ પ્રમાણે એકેંદ્રિયના ૨૦ ભેદોમાં ૮ કર્મની સત્તા, ૭–૮ કર્મનો બંધ, ૧૪ બોલ(કર્મ)ના વેદનું વર્ણન છે. એમ આ પ્રથમ ઔઘિક ઉદ્દેશક છે.

શેષ પરંપરોત્પન્નક આદિના ૬ ઉદ્દેશક આ જ રીતે કહેવા. અનંત-રોત્પન્નક આદિના ચાર ઉદ્દેશોમાં એકેંદ્રિયના ભેદ ૧૦ (અપર્યાપ્તના) અને કર્મબંધ ૭ નો કહેવો. શેષ વર્ણન ઔઘિક ઉદ્દેશકની સમાન છે.

૧૨ શતકોના અનંતરોત્પન્નક આદિ ચાર-ચાર ઉદ્દેશોમાં ૧૨×૪= ૪૮માં ૧૦–૧૦ જીવના ભેદ છે અને શેષ ૭૬ ઉદ્દેશોમાં ૨૦–૨૦ જીવના ભેદ છે. તેથી જીવ ભેદની અપેક્ષા ૧૨૪ ઉદ્દેશકોમાં ૨૦૦૦ આલાપક હોય છે, યથા– $\underline{૪૮×૧૦}+\underline{૭૬×૨૦}$=૪૮૦+૧૫૨૦= ૨૦૦૦.

## શતક–૩૪ : શ્રેણી શતક

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં એકેન્દ્રિય જીવોનું (૨૦ ભેદોનું ) રત્નપ્રભા આદિ નરક પૃથ્વીના એક દિશાના ચરમાંતથી બીજી દિશાના ચરમાંતમાં ઉત્પન્ન થવાનું, તેમાં લાગતા સમયનું તથા સાત શ્રેણીઓનું, તેનાથી જીવ–પુદ્ગલની ગતિનું વર્ણન છે. ત્યાર પછી લોકના ચરમાંતથી ચરમાંતમાં ઉત્પન્ન થવાનું, આયુષ્ય અને ઉત્પન્ન થવાની ચૌભંગીનું અને તે ભંગોમાં સમ-વિષમ કર્મબંધનું ઈત્યાદિ સર્વ વર્ણન એકેંદ્રિય સંબંધી છે. વળી અનંતરોત્પન્નક આદિના ૧૧ ઉદ્દેશક છે. એમ એક શતક પૂર્ણ થાય છે. પાછા ત્રણ લેશ્યાના ૩ શતક હોવાથી ૪ શતક સમુચ્ચય જીવના હોય છે. પછી ૪ ભવીના લેશ્યા સહિત અને ૪ અભવીના લેશ્યા સહિતના એમ કુલ ૧૨ શતક અને ૧૧–૧૧ ઉદ્દેશકોથી એકેંદ્રિયનું વર્ણન છે.

**પ્રશ્ન–૨ : અહીં જીવોના વિકલ્પ અને દિશાઓના વિકલ્પ કેવી રીતે કર્યા છે ?**

**જવાબ :** આ શતકમાં પણ પૂર્વોક્ત ક્રમથી ૧૨ અવાંતર શતક અને ૧૨૪ ઉદ્દેશક છે. પૃથ્વી આદિ પાંચ સ્થાવરના ૨૦ ભેદમાંથી પ્રત્યેક જીવ રત્નપ્રભા પૃથ્વીના એક પૂર્વી ચરમાંતથી બીજા પશ્ચિમી ચરમાંતમાં તે જ ૨૦ ભેદોમાં ઉત્પન્ન થાય છે, જેના ૨૦×૨૦=૪૦૦ વિકલ્પ હોય છે.

પૂર્વી ચરમાંતથી પશ્ચિમ, ઉત્તર, પૂર્વ અને દક્ષિણ એમ ૪ વિકલ્પ એક દિશાના હોય છે. તેથી ચાર દિશાઓથી ૧૬ વિકલ્પ થાય છે.

રત્નપ્રભા પૃથ્વીની સમાન સાતે ય પૃથ્વીના ચરમાંતોથી ૨૦ જીવોમાંથી દરેક જીવના ૨૦ જીવોમાં જવાના વિકલ્પો હોય છે.

વીસ ભેદોમાં બાદર તેઉકાયના પર્યાપ્ત-અપર્યાપ્ત એ બે ભેદ અઢી દ્વીપમાં જ હોય છે. તેથી એ બંને જીવોના જવા અથવા આવવા સંબંધી સર્વ આલાપક અઢીદ્વીપથી કહેવા અર્થાત્ પૂર્વ-પશ્ચિમ રત્નપ્રભા આદિના ચરમાંતથી ૧૮ ભેદ જ કહેવા(તેઉ–વાયુના બે ભેદ બાદ કરતાં).

**પ્રશ્ન–૩ : સાત શ્રેણીઓ કઈ છે તેમાં જીવને કઈ શ્રેણીની ગતિમાં ક્યાં કેટલો સમય લાગે છે ?**

જવાબ : જીવો અને પુદ્ગલોનું ગમનાગમન શ્રેણીઓ(આકાશમાર્ગ)થી થાય છે. તે શ્રેણીઓ સાત પ્રકારની છે– (૧) ઋજુઆયતા– વિના વળાંકની સીધી શ્રેણી. (૨) એક વળાંક વાળી (૩) બે વળાંકવાળી (૪) એક તરફ સ્થાવર નાલ વાળી (૫) બંને તરફ સ્થાવર નાલવાળી (૬) ચક્રવાલ (૭) અર્ધ ચક્રવાલ. અંતિમ બંને શ્રેણી ગતિ કેવલ પુદ્ગલની જ હોય છે, ચક્રવાલ ગતિ જીવની હોતી નથી. (૧) પ્રથમ ઋજુશ્રેણીથી જીવ અને પુદ્ગલ એક સમયમાં ગતિ કરે છે. (૨) એક વળાંકવાળીમાં વિગ્રહ ગતિથી જનાર જીવને બે સમય લાગે છે. (૩) બે વળાંક વાળીમાં ત્રણ સમય લાગે છે. (૪) એક તરફ સ્થાવર નાલમાં જવાથી ૧–૨–૩ સમય લાગે છે. (૫) બંને તરફ સ્થાવર નાલમાં જનારને ત્રણ અથવા ચાર સમય લાગે છે અર્થાત્ સ્થાવર નાલમાં સમ દિશામાં ત્રણ અને વિષમ દિશામાં ચાર સમય લાગે છે.

પૂર્વથી પશ્ચિમમાં ૧–૨–૩ સમય. પૂર્વથી પૂર્વમાં ૧–૨–૩ સમય





અને પૂર્વથી ઉત્તર અથવા દક્ષિણમાં ૨–૩ સમય વિગ્રહ ગતિમાં લાગે છે. મનુષ્યલોકથી રત્નપ્રભા પૃથ્વીના ચરમાંતમાં જીવને જવા આવવામાં ૧–૨–૩ સમય લાગે છે.

પહેલી નરક પૃથ્વીપિંડની સમાન બીજી પૃથ્વીનું વર્ણન કહેવું પરંતુ ત્યાં મનુષ્ય ક્ષેત્રથી સંબંધિત વિગ્રહ ગતિમાં ૨–૩–૪ સમય લાગે છે. ઉપર,નીચે,ત્રાંસુ(તિરછું) વિદિશ વિષમ શ્રેણીમાં ૨–૩–૪ સમય લાગે છે અને સમ શ્રેણીમાં ૧–૨–૩ સમય લાગે છે.

ત્રસનાલથી ત્રસનાલમાં ૧–૨–૩ સમય લાગે છે. સ્થાવર નાલથી ત્રસ નાલમાં ૧–૨–૩ સમય લાગે છે. સ્થાવરનાલથી સ્થાવર નાલમાં ૧–૨–૩ સમય લાગે છે પરંતુ વિષમ શ્રેણીમાં કે વિદિશામાં અથવા વિદિશા વિષમ ઉપર, નીચે, તિરછામાં ૨–૩ સમય અથવા ૨–૩–૪ સમય કે ૩–૪ સમય લાગે છે.

નીચે સ્થાવર નાલથી ત્રસનાલમાં થઈને બીજી તરફ ઉપર સ્થાવર નાલમાં જવામાં સમશ્રેણીથી સમશ્રેણી હોય તો ત્રણ સમય અને એક તરફ વિષમ વિદિશા હોય તો ઓછામાં ઓછા ચાર સમય લાગે છે. ***સ્થાવર નાલમાં એક તરફ વિદિશાનો વળાંક લેવામાં આવે છે. બંને તરફ વળાંક લેવાની આવશ્યકતા હોતી નથી.*** એટલા માટે લોકમાં સ્થાવર કે ત્રસ નાલમાં ક્યાંયથી પણ જીવને, ક્યાંય પણ જવું હોય તો ચાર સમયમાં પોતાના જન્મસ્થાન પર જીવ પહોંચી શકે છે. પાંચ શ્રેણીઓની ગતિમાં લોકમાં જીવ અને પુદ્ગલને ઉત્કૃષ્ટ ચાર સમય જ પહોંચવામાં લાગે છે, તેનાથી અધિક વળાંક જીવ, અજીવની ગતિમાં બનતા નથી. ત્યારે સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થનાર ભાષા આદિના પુદ્ગલ, અચિત્ત મહાસ્કંધ અને કેવલી સમુદ્ઘાતમાં આત્મપ્રદેશોને ચાર સમય જ લાગે છે.

પાંચ સમયની વિગ્રહગતિની કલ્પના પણ જો કોઈ જીવને માટે કરે તો તે સિદ્ધાંત સાપેક્ષ નથી, મનકલ્પિત અને ભ્રમપૂર્ણ છે. કારણ કે ત્રણ સમયમાં તો સંપૂર્ણ આત્મપ્રદેશ પણ સારાએ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. કેવલ નગણ્ય સ્થાન=ખૂણા–લોકાંત નિષ્કૂટ અવશેષ રહે છે, જે ચોથા સમયમાં પૂરાઈ જાય છે. તેથી પાંચ સમયની કલ્પના તો અસત્કલ્પના જ છે.

ચક્રવાલ કે અર્ધચક્રવાલ ગતિથી પણ પુદ્ગલ ગંતવ્ય સ્થાનમાં જઈ

શકે છે. સાત નરકપૃથ્વીની સમાન લોકના ચરમાંતથી ચરમાંત પણ કહેવા, એમાં ૧–૨–૩–૪ અથવા ૨–૩–૪ કે ૩–૪ સમયની વિગ્રહ ગતિ હોય છે.

**પ્રશ્ન–૪ : આયુષ્ય અને ઉત્પન્ન થવાની ચૌભંગીથી સ્થિતિ અને કર્મ સંબંધમાં શું સમજાવવામાં આવ્યું છે ?**

**જવાબ :** આયુષ્ય અને ઉત્પન્ન થવાની ચૌભંગી આ પ્રમાણે છે– (૧) સમાન આયુષ્યવાળા અને સાથે ઉત્પન્ન. (૨) સમાન આયુષ્યવાળા અને વિષમ ઉત્પન્ન. (૩) વિષમ આયુષ્યવાળા અને સાથે ઉત્પન્ન. (૪) વિષમ આયુષ્ય વાળા અને વિષમ ઉત્પન્ન. આ ચૌભંગી છે.

પ્રથમ ભંગવાળા તુલ્ય સ્થિતિવાળા હોય છે તથા તુલ્ય અને વિશેષાધિક કર્મબંધ કરે છે. બીજા ભંગવાળા તુલ્ય સ્થિતિવાળા હોય છે પરંતુ કર્મબંધ વિમાત્રામાં વિશેષાધિક કરે છે. ત્રીજા ભંગવાળા અસમાન ઉંમરવાળા હોય છે પરંતુ સાથે ઉત્પન્ન થયા હોવાથી તુલ્ય અને વિશેષાધિક કર્મબંધ કરે છે. ચોથા ભંગવાળા અસમાન ઉંમરવાળા હોય છે અને વિમાત્રાથી વિશેષાધિક કર્મબંધ કરે છે.

**પ્રશ્ન–૫ : આ શતકમાં અનંતરોત્પન્નક આદિ ૧૦ ઉદ્દેશક અને પછી અવાંતર શતક ૧૨ કઈ રીતે થાય છે ?**

**જવાબ :** અનંતરોત્પન્નક આદિ ચાર ઉદ્દેશકનું વર્ણન પણ ઉક્ત વિધિથી જાણવું પરંતુ તેમાં એકેંદ્રિય જીવના ભેદ દશ જ કહેવા, વીસ નહિ. ૭ કર્મનો બંધ જ કહેવો, આઠનો બંધ કહેવો નહિ. સમુદ્ઘાત ત્રણ જ હોય છે, ચાર નહિ. ચૌભંગીના પણ બે ભંગ જ હોય છે–પહેલો અને બીજો. કારણ કે અનંતરોત્પન્ન કહેવાતા બધા સાથે જ ઉત્પન્ન થાય છે. એક દિશાથી બીજી દિશામાં ઉત્પન્ન થવાના વિકલ્પો સંબંધી વર્ણન અહીં કહેવું નહિ કારણ કે એ મરતા નથી. પરંપરોત્પન્નક બન્યા પછી જ મરે છે.

પરંપરોત્પન્નક આદિ શેષ ૬ ઉદ્દેશકોનું સંપૂર્ણ વર્ણન ઔઘિક પ્રથમ ઉદ્દેશકની સમાન જાણવું.

લેશ્યા, ભવી, અભવીના વિકલ્પથી કુલ ૧૨ અવાંતર શતક અને તેના ૧૧–૧૧ અને ૯–૯ ઉદ્દેશા ૩૩મા શતકની સમાન હોય છે. વિષય વર્ણન પ્રસ્તુત પ્રકરણના ઉદ્દેશકો અનુસાર જાણવું.





# શતક–૩૫ : એકેંદ્રિય મહાયુગ્મ

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** શતક–૩૧માં ચાર લઘુયુગ્મોનું વર્ણન છે અને અહીં મહાયુગ્મોનું વર્ણન છે. એ મહાયુગ્મ ૧૬ હોય છે. એક-એક મહાયુગ્મથી ઉત્પન્ન થનાર જીવોનું ૩૩ દ્વારોથી વર્ણન છે. પછી ૨ થી ૧૧ ઉદ્દેશક– પઢમ-અપઢમ, ચરમ-અચરમ દ્વારા નવી પદ્ધતિ(ઢંગ)થી બન્યા છે. તેમાં પણ ૩૩ દ્વાર કંઈક વિશેષતા-વાળા છે. આ રીતે આ શતકમાં પણ ૧૨અવાંતર શતક દ્વારા એકેંદ્રિય માત્રનું વર્ણન હોવાથી તેનું નામ **એકેંદ્રિય મહાયુગ્મ શતક** છે.

**પ્રશ્ન–૨ : સોળ મહાયુગ્મોની સંખ્યા કેવી કેવી રીતે થાય છે ?**

**જવાબ :** (૧) કૃતયુગ્મ કૃતયુગ્મ–૧૬–૩૨–૪૮–૬૪ આદિ. (૨) કૃતયુગ્મ ત્રયોજ– ૧૯–૩૫ આદિ. (૩) કૃતયુગ્મ દ્વાપર– ૧૮–૩૪ આદિ. (૪) કૃતયુગ્મ કલ્યોજ– ૧૭–૩૩ આદિ. (૫) ત્રયોજ કૃતયુગ્મ–૧૨–૨૮–૪૪–૬૦ આદિ. (૬) ત્રયોજ–ત્રયોજ–૧૫–૩૧–૪૭–૬૩ આદિ. (૭) ત્રયોજ દ્વાપર– ૧૪–૩૦–૪૬–૬૨ આદિ. (૮) ત્રયોજ કલ્યોજ–૧૩–૨૯–૪૫–૬૧ આદિ. (૯) દ્વાપર કૃતયુગ્મ–૮–૨૪–૪૦–૫૬ આદિ. (૧૦) દ્વાપર ત્રયોજ–૧૧–૨૭–૪૩–૫૯ આદિ. (૧૧) દ્વાપર દ્વાપર–૧૦–૨૬–૪૨–૫૮ આદિ. (૧૨) દ્વાપર કલ્યોજ= ૯–૨૫–૪૧–૫૭ આદિ.

(૧૩) કલ્યોજ કૃતયુગ્મ– ૪–૨૦–૩૬–૫૨ આદિ. (૧૪) કલ્યોજ ત્રયોજ–૭–૨૩–૩૯–૫૫ આદિ. (૧૫) કલ્યોજ દ્વાપર–૬–૨૨–૩૮–૫૪ આદિ. (૧૬) કલ્યોજ કલ્યોજ–૫–૨૧–૩૭–૫૩ આદિ.

**પ્રશ્ન–૩ : એ સોળ મહાયુગ્મોથી (સંખ્યાથી) ઉત્પન્ન થનાર એકેંદ્રિયનું વર્ણન કેવી રીતે કર્યું છે ?**

**જવાબ :** પ્રસ્તુતમાં પ્રત્યેક મહાયુગ્મ સંખ્યાથી ઉત્પન્ન થનાર એકેંદ્રિય સંબંધી ૩૩ દ્વારોનું ક્રમશઃ વિવરણ કરવામાં આવ્યું છે અર્થાત્એક મહાયુગ્મ સંખ્યાનું વિસ્તૃત વર્ણન ૩૩ દ્વારોથી પૂર્ણ કરીને પછી બીજા આદિ મહાયુગ્મ સંખ્યાનું

વર્ણન સંક્ષિપ્ત કહ્યું છે. ૩૩ દ્વારોનું વિવરણ પણ અધિકતમ ઉત્પલ ઉદ્દેશકની સમાન જાણવાનો નિર્દેશ છે. અહીં કહેલા ૩૩ દ્વાર આ પ્રકારે છે– (૧) ઉપપાત (આગતિ) (૨) પરિમાણ (૩) અપહાર સંખ્યા (૪) અવગાહના (૫) આઠ કર્મબંધ (૬) વેદના (૭) ઉદય (૮) ઉદીરણા (૯) લેશ્યા (૧૦) દૃષ્ટિ (૧૧) જ્ઞાન (૧૨) યોગ (૧૩) ઉપયોગ (૧૪) વર્ણ (૧૫) ઉશ્વાસ (૧૬) આહારક (૧૭) વિરતિ (૧૮) ક્રિયા (૧૯) બંધક (૨૦) સંજ્ઞા (૨૧) કષાય (૨૨) વેદ (૨૩) વેદબંધ (૨૪) સંજ્ઞી (૨૫) ઈંદ્રિય (૨૬) અનુબંધ–યુગ્મોની સ્થિતિ, જઘન્ય–૧ સમય ઉત્કૃષ્ટ અનંતકાલ. (૨૭) કાયસંવેધ (૨૮) આહાર–૨૮૮ પ્રકારનો. (૨૯) સ્થિતિ (આયુષ્ય) (૩૦) સમુદ્ઘાત (૩૧) મરણ (બે પ્રકાર) (૩૨) ચ્યવન–ગતિ. (૩૩) ઉપપાત–સર્વ જીવ ઉત્પન્ન પૂર્વ.

ઉદીરણા ૮–૭–૬ કર્મની, જેમાં આયુષ્ય અને વેદનીયની ભજના, ત્રણે વેદનો બંધ કરે છે. વર્ણાદિ–શરીરની અપેક્ષા ૨૦ અને ૧૬, અવિરત છે, સક્રિય છે, શેષ સર્વ દ્વારોનું વર્ણન ઉત્પલ ઉદ્દેશક આદિથી જાણવું. સમુચ્ચય એકેંદ્રિયનું વર્ણન હોવાથી કાયસંવેધ કહી શકાતો નથી. આ જ રીતે ૧૬ મહાયુગ્મો પર એ ૩૩–૩૩ દ્વાર સમજી લેવા.

આ ઔઘિક ઉદ્દેશક પૂર્ણ થયો. શેષ–૧૦ ઉદ્દેશક નવી રીતના આ પ્રમાણે છે– (૨) પઢમ–પ્રથમ સમયોત્પન્નક. (૩) અપઢમ–શેષ સમય વાળા. (૪) ચરમ સમયવાળા (૫) અચરમ સમયવાળા (૬) પઢમ-પઢમ (૭) પઢમ-અપઢમ (૮) પઢમ-ચરમ (૯) પઢમ-અચરમ (૧૦) ચરમ-ચરમ (૧૧) ચરમ-અચરમ. એ દ્વિસંયોગી નામવાળા ઉદ્દેશોમાં પહેલો શબ્દ વિવક્ષિત યુગ્મ બનવાના સમયનો સૂચક છે, બીજો શબ્દ ઉત્પત્તિના સમયનો સૂચક છે.

**પઢમ** નામના બીજા ઉદ્દેશકમાં ૧૦ બોલ(દ્વાર)માં વિશેષતા હોય છે. (૧) અવગાહના જઘન્ય (૨) આયુ અબંધ (૩) આયુ અનુદીરક, ૬ કે ૭ ના ઉદીરક છે. (૪) નો ઉશ્વાસ નિશ્વાસવાળા છે. (૫) સપ્તવિધ બંધક જ છે (૬) આયુષ્ય જઘન્ય (૭) અનુબંધ આયુની સમાન (૮) સમુદ્ઘાત બે હોય છે– વેદનીય, કષાય. (૯) મરણ નહિ (૧૦) ચ્યવન ગતિ નહિ.

ત્રીજો અને પાંચમો ઉદ્દેશક પહેલા ઉદ્દેશકની સમાન છે, શેષ સર્વ





ઉદ્દેશક બીજા ઉદ્દેશકની સમાન છે. ચોથા, આઠમા, દશમા ઉદ્દેશકના વર્ણનમાં દેવ ઉત્પન્ન થતા નથી અને લેશ્યા ત્રણ હોય છે.

એનું કારણ એ છે કે પહેલો ત્રીજો અને પાંચમો ઉદ્દેશક લગભગ આખા ભવસ્વરૂપ છે. શેષ એક-એક સમયની સ્થિતિવાળા છે. તેના બે વિભાગ છે– પ્રથમ સમયવાળા અને ચરમ સમયવાળા. ચરમ સમયવાળા ત્રણ છે– ચોથો, આઠમો, દશમો, એ એક સમયની અપેક્ષાવાળા અને ચરમ છે તેથી દેવોને આવવાનો નિષેધ છે અર્થાત્ અહીં તેજોલેશ્યા નહિ રહેવાથી દેવત્વભાવને પણ ગૌણ કરેલ છે અને તેજોલેશ્યા અને દેવત્વ બંનેનો નિષેધ કરવામાં આવેલ છે. શેષ પાંચ ઉદ્દેશક પ્રથમ સમયવર્તી એક સમયવાળા છે. એ દેવથી તત્કાલ આવેલ હોઈ શકે છે તેથી તેમાં દેવ અને તેજોલેશ્યાને ગૌણ કરવામાં આવેલ નથી. આ એક મહાયુગ્મની અપેક્ષા વર્ણન છે. એ જ રીતે ૧૬ મહાયુગ્મોની અપેક્ષા પણ ૧૦ ઉદ્દેશક સમજી લેવા. આ પ્રથમ અંતરશતકના ૧૧ ઉદ્દેશક થયા. લેશ્યા, ભવી, અભવીથી ૧૨ અંતરશતક અને ૧૩૨ ઉદ્દેશક પૂર્વવત્ જાણવા.

# શતક–૩૬-૩૯ : વિકલેંદ્રિય

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** શતક–૩૫માં કહેલ એકેંદ્રિય સરખા સમસ્ત મહાયુગ્મ સહિત ૩૩ દ્વારોનું કથન આ ચારે ય શતકમાં ક્રમશઃ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયને માટે કરવામાં આવ્યું છે. ચારેયમાં ૧૨ અંતરશતક અને ૧૨×૧૧=૧૩૨ ઉદ્દેશક છે.

**વિશેષતા–** અવગાહના, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, અપહાર સંખ્યા, સ્થિતિ, આહાર, સમુદ્ઘાત બેઈંદ્રિય આદિમાં જેટલા જેટલા હોય છે, તેટલા તેટલા સમજવા.

બીજા ઉદ્દેશકમાં વચનયોગ વિશેષ ન્યૂન થશે. શેષ વર્ણન એકેંદ્રિય અનુસાર જ છે અને ૧૦ ણાણત્તા(ફરક)પૂર્વવત્ છે. ચોથા, આઠમા અને દશમા ઉદ્દેશકમાં સમ્યગ્દષ્ટિ અને જ્ઞાન કહેવા નહિ.

ભવી અભવીના અંતર શતકોમાં સર્વ જીવ ઉત્પન્ન થઈ ચૂકયા છે, આ બોલનું કથન કરવું નહિ. આ વાતનું ૩૫ થી ૩૯ સુધીના બધા શતકોમાં ધ્યાન રાખવું જોઈએ. વિકલેંદ્રિયોમાં સંચિટ્ઠણા–સંખ્યાતકાલ છે અને અસંજ્ઞી પંચેંદ્રિયમાં અનેક કરોડ પૂર્વ છે.

# શતક–૪૦ : સંજ્ઞી મહાયુગ્મ

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** પહેલાના મહાયુગ્મ શતકોની સમાન જ આ સંજ્ઞી મહાયુગ્મ શતકમાં સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય અને સંજ્ઞી મનુષ્ય બંનેનો સમાવેશ કરતું વર્ણન છે. એમાં અંતર શતક–૨૧ છે કારણ કે લેશ્યા–૬ હોવાથી એક ઔઘિક+૬ લેશ્યાના = ૭ તથા ૭, ૭ ભવી-અભવીના એમ ૭×૩=૨૧ અંતરશતક હોય છે. તેના ઉદ્દેશક = ૨૧×૧૧=૨૩૧ હોય છે.

**પ્રશ્ન–૨ : આ શતકમાં સંજ્ઞી પંચેંદ્રિયને માટે ૩૩ દ્વારોનું વર્ણન કેવી રીતે છે ?**

**જવાબ :** સામાન્ય રીતે વર્ણન પૂર્વ શતકોની સમાન છે. વિશેષતાઓ આ પ્રમાણે છે– આ સંજ્ઞી શતકમાં ૧૨મા ગુણસ્થાન સુધીના સર્વ પંચેંદ્રિય એટલે તિર્યંચ-મનુષ્ય આદિનો સમાવેશ થાય છે. તેથી કેટલાક દ્વારોના વર્ણનમાં વિશેષતા છે. **આગતિ**–સર્વ જીવ સ્થાનોથી. **કર્મબંધ**–૭ની ભજના, વેદનીયની નિયમા(૧૨ ગુણસ્થાન જ છે તે માટે). **કર્મઉદય**–૭ની નિયમા, મોહનીયની ભજના. **ઉદીરણા**–૭ કર્મની ભજના, નામ-ગોત્રની નિયમા. **જ્ઞાન**–ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન. **વિરતિ**–ત્રણે છે. **ક્રિયા** સક્રિય જ છે. **બંધક**– સપ્તવિધ, અષ્ટવિધ, ષડ્વિધ અને એકવિધ બંધક પણ છે, અબંધક નથી. **સંજ્ઞા**–૫. **કષાય**–૫ (અકસાયી સહિત). **વેદ**–અવેદી સહિત ચાર. **વેદના**– બંધક, અબંધક બંને છે. **ઈન્દ્રિય**–સઈન્દ્રિય છે, અનિંદ્રિય નથી. **યોગ**–ત્રણે છે, અયોગી નથી. **અનુબંધ**– અનેક સો સાગર સાધિક છે. **કાયસંવેધ**–સમુચ્ચય પંચેંદ્રિય હોવાથી કાયસંવેધ હોતો નથી, એક દંડક હોય તો કાયસંવેધ હોય છે. **સમુદ્ઘાત**–૬. **ગતિ**–સર્વત્ર.





**પ્રશ્ન–૩ : આમાં 'પઢમ' આદિ બીજાથી અગિયારમા ઉદ્દેશકનું વર્ણન કેવી રીતે છે ?**

**જવાબ :** બીજા ઉદ્દેશકમાં ૧૭ બોલમાં ફરક(ણાણત્તા) હોય છે, યથા– અવગાહના જઘન્ય હોય છે, આયુષ્યનો અબંધ, ૭નો બંધ (૩) વેદના–બંને (૪) ઉદય– આઠેય કર્મનો (૫) ઉદીરણા–આયુષ્યની નહિ. વેદનીયની ભજના, શેષ ૬ નિયમા (૬) દષ્ટિ–૨ (૭) યોગ–૧ (૮) નોઉશ્વાસ–નિશ્વાસ (૯) અવિરત જ હોય છે (૧૦) સપ્તવિધ બંધક જ છે (૧૧) સંજ્ઞા–૪ (૧૨) કષાય–૪ (૧૩) વેદ–૩ (૧૪) અનુબંધ–૧ સમય જ (૧૫) સ્થિતિ–૧ સમય (૧૬) સમુદ્ઘાત–૨ (૧૭) ત્રણ વેદના બંધક છે, અબંધક નથી (૧૮) મરણ નથી (૧૯) ગતિ પણ નથી.

પહેલો, ત્રીજા, પાંચમો ઉદ્દેશક એક સમાન છે, શેષ ૮ ઉદ્દેશક એક સમાન છે અર્થાત્ ચોથા આઠમા દશમામાં પણ કોઈ અંતર નથી.

એક મહાયુગ્મની સમાન ૧૬ મહાયુગ્મ કહેવા પરંતુ પરિમાણ દ્વારમાં પોતપોતાની રાશિનું ભિન્ન પરિમાણ કહેવું. આ રીતે પ્રથમ અંતર શતક પૂર્ણ થાય છે.

**પ્રશ્ન–૪ : લેશ્યા આદિના અંતર શતકોનું વર્ણન કેવી રીતે છે ?**

**જવાબ :** કૃષ્ણલેશી અંતર શતકના પ્રથમ ઉદ્દેશકમાં ૧૨ દ્વારમાં ફરક હોય છે, યથા– (૧) બંધ (૨) વેદક (૩) ઉદય (૪) ઉદીરણા (૫) લેશ્યા (૬) બંધક (૭) સંજ્ઞા (૮) કષાય (૯) વેદ બંધક. એ ૯ દ્વાર બેઈંદ્રિય સમાન છે. (૧૦) અવેદી નહિ, ત્રણ વેદ. (૧૧–૧૨) અનુબંધ સ્થિતિ ૧ સમય અને ૩૩ સાગર. શેષ દ્વાર સંજ્ઞીના પ્રથમ અંતરશતક સમાન છે. આ બીજા અંતર શતકનો પ્રથમ ઉદ્દેશક થયો.

બીજા ઉદ્દેશકમાં–૧૩ દ્વારમાં ફરક(ણાણત્તા) હોય છે– તે પ્રથમ અંતર શતકના બીજા ઉદ્દેશકની સમાન જાણવું. તે દ્વારોના નામ– (૧) અવગાહના (૨) બંધ (૩) ઉદીરણા (૪) દષ્ટિ (૫) યોગ (૬) શ્વાસ (૭) વિરતિ (૮) બંધક (૯) સ્થિતિ (૧૦) અનુબંધ (૧૧) સમુદ્ઘાત (૧૨) મરણ (૧૩) ગતિ. શેષ વર્ણન પ્રથમ અંતર શતક સમાન છે.

કૃષ્ણલેશ્યાની સમાન નીલલેશ્યાનું શતક છે પરંતુ તેની સ્થિતિ અનુબંધ જઘન્ય ૧ સમય, ઉત્કૃષ્ટ ૧૦ સાગર સાધિક છે. અહીં સાધિક સ્થિતિમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક છે અને અનુબંધમાં અંતર્મુહૂર્ત અધિક છે, જે તેમાં જ સમાવિષ્ટ છે.

કાપોતલેશ્યાના શતકમાં સ્થિતિ, અનુબંધ જઘન્ય ૧ સમય, ઉત્કૃષ્ટ ૩ સાગર સાધિક છે. સાધિકનો અર્થ ઉપરવત્ સમજવો.

તેજોલેશ્યા શતકમાં સ્થિતિ અનુબંધ જઘન્ય એક સમય છે, ઉત્કૃષ્ટ ૨ સાગર સાધિક છે. શેષ વર્ણન કૃષ્ણલેશ્યાની સમાન છે પરંતુ તેમાં નોસંજ્ઞોપ-યુક્ત પણ હોય છે. સાધિકનો અર્થ ઉપરવત્ છે.

પદ્મલેશ્યાના શતકમાં અનુબંધ ઉત્કૃષ્ટ ૧૦ સાગર, અંતર્મુહૂર્ત અધિક છે. સ્થિતિ ઉત્કૃષ્ટ ૧૦ સાગરની હોય છે.

શુક્લલેશ્યાનું શતક પ્રથમ અંતર શતકની સમાન જ કહેવું પરંતુ શુક્લલેશ્યાનું કથન કરવું, સ્થિતિ ઉત્કૃષ્ટ ૩૩ સાગરની. અનુબંધ ૩૩ સાગર અંતર્મુહૂર્ત સાધિક કહેવું.

આ જ રીતે સાત ભવીના શતક છે પરંતુ તેમાં સર્વ જીવ ઉત્પન્ન થવાનું દ્વાર કહેવું નહિ.

અભવીમાં ૯ દ્વારમાં ફરક હોય છે– (૧) આગતિ– અણુત્તરવિમાન નહિ, (૨) દષ્ટિ–૧, (૩) જ્ઞાન નહિ, અજ્ઞાન ૩ છે, (૪) અવિરત છે, (૫) સ્થિતિ ૧ સમય અને ૩૩ સાગર, (૬) સમુદ્ઘાત–૫, (૭) અનુબંધ ૧ સમય અને અનેક સો સાગર અધિક, (૮) લેશ્યા–૬, (૯) ગતિ–અનુત્તર વિમાનમાં નહિ. સર્વ જીવ ઉત્પન્ન થવાનું દ્વાર કહેવું નહિ.

ભવી-અભવીના લેશ્યા શતકોમાં સ્થિતિ ઔઘિકના (૬ લેશ્યાઓના) બીજા થી સાતમા શતકની સમાન કહેવી. એમ ૨૧ અંતર શતકના ૨૧×૧૧ = ૨૩૧ ઉદ્દેશક પૂર્ણ થયા.





# શતક–૪૧ : રાશિ શતક

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ ભગવતી સૂત્રનું અંતિમ શતક છે. એમાં અંતર શતક નથી, કેવલ ઉદ્દેશક જ છે જેની સંખ્યા ૧૯૬ છે, તે આ પ્રમાણે છે– (૧) સમુચ્ચય (૨) ભવી (૩) અભવી (૪) સમ્યગ્દષ્ટિ (૫) મિથ્યાદષ્ટિ (૬) કૃષ્ણપક્ષી (૭) શુક્લપક્ષી. તેમાં છ લેશ્યા હોવાથી ૭–૭ ઉદ્દેશક છે. તેથી ૭×૭=૪૯ ઉદ્દેશક થયા. તેને **ચાર રાશિયુગ્મથી** ગુણવાથી ૪૯×૪=૧૯૬ ઉદ્દેશક થાય છે.

રાશિયુગ્મ ચાર આ પ્રમાણે છે– (૧) કૃતયુગ્મ (૨) ત્ર્યોજ (૩) દ્વાપર (૪) કલ્યોજ. સામાન્ય યુગ્મની સમાન જ આ રાશિયુગ્મ છે અને તેની સંખ્યા પણ સામાન્ય યુગ્મની સમાન જ છે.

**પ્રશ્ન–૨ : ચોવીસ દંડક યુક્ત વિષય વર્ણન અહીં કેવી રીતે છે ?**

**જવાબ :** રાશિયુગ્મ નૈરયિકની આગતિ–પૂર્વવત્(પ્રજ્ઞાપનાવત્) છે. એક સમયમાં ૪–૮–૧૨ ઉત્પન્ન થાય છે. સાંતર નિરંતર બંને ઉત્પન્ન થાય છે. સાંતરમાં જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્ય સમયનું અંતર હોય છે. નિરંતર જઘન્ય બે સમય ઉત્કૃષ્ટ અસંખ્ય સમય સુધી ઉત્પન્ન થાય છે. એક સમયમાં કોઈ પણ એક યુગ્મ જ થાય છે. બીજું યુગ્મ સાથે થતું નથી. પ્લવકની ગતિથી અને આત્મઋદ્ધિથી ઉત્પન્ન થાય છે, એ આત્મ અસંયમથી ઉત્પન્ન થાય છે અને અસંયમથી જ જીવે છે. સલેશી અને સક્રિય હોય છે. તેથી સિદ્ધ થતા નથી.

એવી જ રીતે ૨૩ દંડક પણ જાણવા અને વનસ્પતિમાં ૪–૮ યાવત્ અનંત ઉત્પન્ન થાય છે. શેષ સર્વમાં અસંખ્ય ઉત્પન્ન થાય છે.

મનુષ્યમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા અથવા અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. આત્મ અસંયમથી ઉત્પન્ન થાય છે પરંતુ આત્મ અસંયમ અને આત્મ સંયમ બંનેથી જીવે છે. એ જ રીતે સલેશી-અલેશી અને સક્રિય-અક્રિય

બંને હોય છે. અક્રિય નિયમા સિદ્ધ બને છે, શેષ ભજનાથી સિદ્ધ બને છે.

વૈમાનિક દેવ આત્મ સંયમથી પણ ઉત્પન્ન થાય છે, અસંયમથી પણ ઉત્પન્ન થાય છે. આ પહેલો ઉદ્દેશો પૂર્ણ થયો. બીજો, ત્રીજો, ચોથો ઉદ્દેશો ત્રયોજ, દ્વાપર, કલ્યોજ યુગ્મના રાશિયુગ્મનો છે. ઉપપાત સંખ્યામાં અંતર છે. શેષ વર્ણન ૨૪ દંડકના પ્રથમ ઉદ્દેશકની સમાન છે.

લેશ્યા, દૃષ્ટિ આદિ જ્યાં જેટલી હોય તે દંડકમાં તેટલી પૃચ્છા કરવી. જેનાથી દંડક અને જીવના બોલ ઓછા અધિક થશે પરંતુ પ્રત્યેક લેશ્યાના ઉદ્દેશક ૪–૪ હોય છે અને ચાર સમુચ્ચય ઉદ્દેશક છે, એમ કુલ ૬×૪+૪=૨૮ ઉદ્દેશક થયા. ભવીના પણ ૨૮ ઉદ્દેશક આ જ રીતે છે. અભવીમાં મનુષ્ય અને નરકનું કથન સમાન છે, કેવલ ઉત્કૃષ્ટ સંખ્યાત અસંખ્યાતાનો ફરક છે.

સમ્યગ્દષ્ટિનું કથન પહેલા ઉદ્દેશકની સમાન છે. ૨૮ ઉદ્દેશા ભવીની સમાન છે. મિથ્યાદષ્ટિનું વર્ણન અભવીની સમાન ૨૮ ઉદ્દેશોમાં છે. કૃષ્ણપક્ષીના ૨૮ ઉદ્દેશા અભવીની સમાન છે. શુક્લપક્ષીના ભવીની સમાન ૨૮ ઉદ્દેશા છે. એમ કુલ ૨૮×૭=૧૯૬ ઉદ્દેશક પૂર્ણ થાય છે. આ ૪૧ મું શતક પૂર્ણ થયું.

**પ્રશ્ન–૩ : એ અંતિમ શતકોની (૩૧ થી ૪૧સુધીની) શું વિશેષતા છે ?**

**જવાબ :** શતક–૩૧ થી ૪૧ સુધી યુગ્મ, શ્રેણી, મહાયુગ્મ અને રાશિ-યુગ્મના કથનની સાથે અનેક દ્વારોથી વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તત્ત્વ વિષય તેમાં અધિકતમ ઉક્તપૂર્વ છે. નવું તત્ત્વ પણ છે પરંતુ પૂર્વ શતકોની અપેક્ષા એ ૧૧ શતકોમાં તે ઘણું ઓછું છે. વિશેષ પદ્ધતિથી યુગ્મ આદિના અવલંબનથી પ્રાયઃ ઉક્તપૂર્વ વિષયોનો બોધ કરાવવામાં આવ્યો છે. તેથી તેમાં તે વિશેષ પદ્ધતિ, શતક ઉદ્દેશકોનો હિસાબ, યુગ્મ-મહાયુગ્મ આદિનું ગણિત ધ્યાન રાખીને સમજવા યોગ્ય છે. તેને સમજવાથી કંઈક નૂતન તત્ત્વ સહજ પ્રાપ્ત થઈ શકે છે. તે જ આ શતકોની વિશેષતા છે.

૩૨ શતક પછી ૩૩ થી ૩૯ સુધી ૭ શતકમાં અંતર શતક ૧૨–૧૨ છે. ૪૦મા શતકમાં ૨૧ અંતર શતક છે. ૪૧મા શતકમાં અંતર શતક નથી. આ રીતે ૩૨+(૧૨×૭=)૮૪+૨૧+૧=૧૩૮ કુલ શતક છે. જેમાં ૪૧ મૂલ શતક છે.





ઉદ્દેશકોની સંખ્યા ૧૦,૧૨, ૩૪,૧૧ આદિ છે. બધી મળીને ૧૯૨૫ સંખ્યા કહી છે પરંતુ ઉપલબ્ધ ૧૯૨૩ જ થાય છે. બે સંખ્યાનું લિપિ પ્રમાદ અથવા કાલદોષથી અથવા સમજભ્રમથી અંતર પડી ગયું છે.

ગોશાલક વર્ણનના શતક–૧૫નું એક દિવસમાં અધ્યયન કરવું જોઈએ, શેષ રહી જાય તો બીજા દિવસે આયંબિલ કરીને વાંચવું જોઈએ છતાં પણ બાકી રહી જાય તો ત્રીજા દિવસે પણ આયંબિલ કરીને વાંચવું જોઈએ.

એ પાછળના ૧૦ શતકોમાં એકેંદ્રિય, વિકલેંદ્રિયનું સ્વતંત્ર કથન છે પરંતુ ૪૧મા શતકમાં સમુચ્ચય જીવ અને બધા દંડકોના યુગ્મોનું સમ્મિલિત વર્ણન યુગ્મ સંખ્યાથી છે તેથી આ શતકને **રાશિયુગ્મ** કહેલ છે.

**નોંધ–** વિશેષ જાણકારી માટે અન્ય વિવેચન યુક્ત ભગવતી સૂત્રના પ્રકાશનોનું અધ્યયન કરવું જોઈએ તથા બીકાનેરથી પ્રકાશિત ભગવતી સૂત્રના થોકડાના ૯ ભાગોનું અધ્યયન પણ કરવું જોઈએ.

॥ શતક–૪૧ સંપૂર્ણ ॥

॥ ભગવતી સૂત્ર ઉત્તરાર્ધ સંપૂર્ણ ॥

॥ જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ–૪ સંપૂર્ણ ॥

# પરિશિષ્ટ–૧ : શંકા–સમાધાન

**પ્રશ્ન–૧ : જુગલિયાનું શરીર કેટલું અને આહાર કેટલો હોય ? શું બોર જેટલો આહાર હોય છે ?**

**જવાબ :** ભગવતીસૂત્ર શતક–૧, ઉદ્દેશક–૨ થી સ્પષ્ટ થાય છે કે મહાશરીરી મનુષ્ય-તિર્યંચને નારકીની સમાન જ અધિક-અધિક પુદ્‌ગલોનો આહાર હોય છે. નારકીથી તે મહાશરીરી મનુષ્ય-તિર્યંચોમાં તફાવત એટલો જ છે કે નારકીનો વારંવાર આહાર કહેલ છે અને મનુષ્ય-તિર્યંચમાં જે મહાશરીરી જુગલિયા હોય છે તેની અપેક્ષા મનુષ્યનો આહાર વારંવાર નહીં કહેતાં બે-ત્રણ દિવસના અંતરથી હોય છે તેમ કહેલ છે. તાત્પર્ય એ છે કે ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિ અને ૬ ગાઉની અવગાહનાવાળા તિર્યંચ યુગલિયાને બે દિવસથી આહારની ઈચ્છા થાય અને ત્રણ પલ્યોપમની ઉંમરના અને ત્રણ ગાઉની અવગાહના વાળા મનુષ્ય યુગલિયાને ત્રણ દિવસે આહારેચ્છા થાય છે. પરંતુ અહાર તો વિશાળ શરીરવાળા ઘણા પુદ્‌ગલોનો એટલે કે ઝાઝો આહાર જ કરે છે. **બોર જેટલો** વગેરે કથન અન્ય ગ્રંથોના આધારે ચાલી ગયેલું છે. તે નકલ ઉચિત નથી, ખોટો પ્રવાહ ચાલી ગયેલ છે. કારણ કે તેવું ક્યાંય આગમમાં કહેલ નથી.

**પ્રશ્ન–૨ : નારકીને તેજસ સમુદ્‌ઘાત ક્યારે હોય ?**

**જવાબ :** નૈરયિકોને દુઃખ દેનારા પરમાધામી દેવ તો નારકીની સંખ્યા આગળ સમુદ્રની સામે પાણીના એક ટીપા બરાબર છે. માટે નારકીમાં પરસ્પર જ દ્વંદ્વ લડાઈ-ઝગડા ચાલતા રહે છે. તેઓ ઘણું કરીને વૈક્રિય શરીરનો પ્રયોગ કરી-કરીને લડતા રહે છે અને ક્યારેક કોઇ બહુ હેરાન-પરેશાન કે અતિ રૌદ્રભાવમાં આવી જાય ત્યારે તેજસ સમુદ્‌ઘાતના માધ્યમથી એક બીજાને અતિ કષ્ટ આપે છે. આ રીતે નારકીમાં તેજસ સમુદ્‌ઘાતનો પ્રયોગ આખા જીવનમાં ક્યારેક-ક્યારેક કોઈને થતો રહે છે અને કોઈને આખા જીવનમાં ન પણ થાય. વૈક્રિય શક્તિનો પ્રયોગ તો બધાને થાય જ છે.

**પ્રશ્ન–૩ : નરક પૃથ્વીની નીચેના આકાશાંતર અને ઘનવાય-તનુવાયમાં કોણ વિશાળ છે ?**





**જવાબ :** નરક પૃથ્વીની નીચે સાત આકાશાંતર છે તે દરેક એક રાજુમાં થોડાક ઓછા હોય છે. લોક ૧૪ રાજુપ્રમાણ છે માટે તે આકાશાંતર લોકના સંખ્યાતમા ભાગમાં છે. જ્યારે નરક પૃથ્વીની નીચેના ઘનવાય-તનુવાય અસંખ્યાતા યોજનના અને એક રાજુના પણ અસંખ્યાતમા ભાગના હોય છે. માટે તે ઘનવાય-તનુવાયને લોકના અસંખ્યાતમા ભાગમાં કહ્યા છે. આ રીતે ઘનવાય-તનુવાય બંને આકાશાંતરોથી બહુ નાના એટલે અસંખ્યાતમા ભાગ જેટલા હોય છે.

**પ્રશ્ન–૪ : ચમરેન્દ્રે શક્રેન્દ્રથી ભયભીત થઈને કેવું રૂપ બનાવ્યું હતું ?**

**જવાબ :** શક્રેન્દ્રના વજરત્નથી ગભરાયેલો ચમરેન્દ્ર ધ્યાનમાં ઉભેલા ભગવાન મહાવીરના બંને પગની વચ્ચે સંતાઈને રહ્યો હતો. શાસ્ત્રના આ કથનથી સ્પષ્ટ થાય છે કે બંને પગની વચ્ચે સંતાવા માટે તેમણે બહુ નાનું શરીર તો બનાવ્યું જ હતું. મૂલપાઠમાં તેનો ખુલાસો નથી. વ્યાખ્યા-ગ્રંથોમાં જે કંઈ પણ નાના શરીર માટે ખુલાસો મળે તે ઉચિત જ છે અને શાસ્ત્રાનુકૂળ છે તેમ સમજવું જોઈએ. તીર્થંકર ચરિત્રમાં ચમરેન્દ્ર દ્વારા **કંથવાનું રૂપ** બનાવી ભગવાનના બંને પગ વચ્ચે સંતાઈ જવાનું કથન મળે છે.

**પ્રશ્ન–૫ : તામલી તાપસને શું તાપસી દીક્ષા હતી તો તે બીજા દેવલોકમાં કેમ ઉત્પન્ન થયો ?**

**જવાબ :** કંદમૂલ ખાનાર તાપસની ગતિ ઉત્કૃષ્ટ જ્યોતિષી સુધીની હોય છે. પરિવ્રાજકોની ગતિ પાંચમા દેવલોક સુધી હોય છે.

ભગવતીસૂત્રના મૂલપાઠમાં તામલીને ક્યાંય પણ તાપસ કહેલ નથી. અને તેણે કંદમૂલ ખાવાવાળી તાપસી દીક્ષા લીધી નહોતી પરંતુ તેણે તો પ્રાણામા પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી. માટે તે તાપસ નહિ પણ પરિવ્રાજક હતો; ભિક્ષાજીવી મહાન તપસ્વી સાધક હતો. તે કારણે તેને શાસ્ત્રમાં બાલતપસ્વી કહેલ છે. પણ તેને તામલી તાપસ કહેવાની આપણી પ્રણાલી પડી ગઈ છે, તે અશુદ્ધ છે. ખરેખર શાસ્ત્રની ભાષામાં તે ***'તામલી મૌર્યપુત્ર બાલ તપસ્વી ભિક્ષાજીવી પરિવ્રાજક'*** હતો.

તામલી બાલતપસ્વી પોતાને પ્રાપ્ત થયેલી ભિક્ષાના ખાદ્યપદાર્થને ૨૧ વાર ધોઈને નીરસ બનાવીને ખાતો હતો. તેણે નિરંતર આખી જિંદગી છઠ-છઠને પારણે ૬૦ હજાર વર્ષ સુધી આ રીતે આહાર કર્યો હતો. તેની તે

ચર્યા પ્રવ્રજ્યા રૂપ હતી. માટે તે પરિવ્રાજક હતો, કંદમૂલ ખાનારો તાપસ હતો નહીં. તેથી પરિવ્રાજકની ગતિના કારણે તે બીજા દેવલોકમાં ઉત્પન્ન થયો હતો. પરિવ્રાજકની ઉત્કૃષ્ટ પાંચમા દેવલોકની ગત કહી છે તો મધ્યમમાં તેઓ ૧ થી ૪ દેવલોકમાં પણ જઈ શકે છે. તાપસી દીક્ષાવાળા ભિક્ષા લાવતા નથી, તેઓ જંગલમાંથી કંદમૂળ વગેરે મેળવીને પોતે આહાર બનાવીને ખાય છે.

**પ્રશ્ન–૬ : ઇન્દ્રિયોના ઉત્કૃષ્ટ વિષયોને સમજવા માટે ઉદાહરણો શું છે ?**

**જવાબ : (૧) શ્રોતેન્દ્રિય–** ભેરીનો, બેન્ડવાજાઓનો કે વાદળ ગરજવાનો અવાજ ઘણી જ દૂરથી સંભળાઈ શકે છે. **(૨) ચક્ષુ ઇન્દ્રિય–** એક લાખ યોજનનું વૈક્રિય શરીર મનુષ્ય બનાવી શકે છે તે અપેક્ષાએ ચક્ષુનો વિષય ૧ લાખ યોજન જોઈ શકવાનો છે. **(૩) ઘ્રાણેન્દ્રિય–** કોઈની ઘ્રાણશક્તિ બહુ તીવ્ર હોય તો ઉત્કૃષ્ટ દૂરીથી આવેલા પુદ્ગલ ગ્રહણ કરી શકે છે. તીવ્ર દુર્ગંધ કે તીવ્ર સુગંધી પદાર્થને વિષે તેમ બની શકે છે. (૪) હુક્કા પીનારા લોકો લાંબી નળીથી તેનું આસ્વાદન કરે છે તેમ **રસનેન્દ્રિય**નો ઉત્કૃષ્ટ વિષય સમજવો.

શ્રોતેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને રસનેન્દ્રિય સ્પૃષ્ટ પુદ્ગલોને વિષય કરે છે. તેનું તાત્પર્ય એ છે કે મૌલિક ગંધદ્રવ્ય એટલું(શાસ્ત્રમાં કહેલ ૯ યોજન વગેરે) દૂર હોય, મૂલ અવાજનું સ્થળ એટલું દૂર હોય, તેમજ મૂલ ખાદ્યવસ્તુ એટલી દૂર હોય ત્યારે ત્યાંથી પુદ્ગલ આગળ-આગળ પરિવાસિત થતાં કે પરિસૃષ્ટ થતાં અથવા આકૃષ્ટ થઈને ઇન્દ્રિયમાં પ્રવિષ્ટ થાય અને સ્પૃષ્ટ થાય છે. કારણ કે તે ત્રણે ય ઇન્દ્રિયો સ્પૃષ્ટ પુદ્ગલને જ વિષયભૂત કરી શકે છે.

આ રીતે ઉત્કૃષ્ટ વિષય જે બતાવેલ છે તે મૂલ વસ્તુના સ્થળની અપેક્ષાએ અને મૂલ વસ્તુની અપેક્ષાએ છે. પછી ભલેને તે પુદ્ગલ પરંપર પરિવાસિત થાય કે આકૃષ્ટ થાય એટલે કોઈપણ રીતે ઇન્દ્રિય સુધી પહોંચી શકે છે. ***[આઠ કોટી મોટીપક્ષ કચ્છ સંપ્રદાયના આગમજ્ઞશ્રી સુરેશમુનિજી મ.સા.ના સુરતથી પૂછાયેલા પ્રશ્નો અને રાજકોટથી મોકલાવેલ ઉત્તરો આ પરિશિષ્ટ રૂપે આપેલ છે.]***

***॥ શંકા–સમાધાન પરિશિષ્ટ સંપૂર્ણ ॥***